॥ શ્રીહરિઃ ॥

॥ શ્રીવાક્પતયે નમઃ ॥

શ્રી બેઠક ચરિત્ર પ્રકાશ

(સચિત્ર)

(ભાગ : ૧)

લેખક

શ્રી રમેશભાઈ પરીખ

પ્રકાશક

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપિંગ સેન્ટર,
બી. કે. સિનેમા સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

SHRI BETHAK CHARITRA-I (PICTORIAL)
by Prof. Rameshbhai V. Parikh

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- શ્રી વિજયભાઇ એમ. દેસાઇ, **(માત્ર રૂબરૂમાં)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
  ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ - ૪૦૦ ૦૦૨.
  ફોન : (૦૨૨) (ઓ) ૨૨૦૧૦૦૮૪ (ઘર) ૨૩૬૯૩૮૨૧
  ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
- શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ **(રૂબરૂ અને પોસ્ટ દ્વારા)**
  હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપિંગ સેન્ટર,
  બી. કે. સિનેમા સામે, મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨ (નકલ ૩૪૦૦૦)
બીજી આવૃત્તિ : ૨૦૦૪ (નકલ ૧૫૦૦)

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૩૦/-

મુદ્રક : પુષ્ટિ પ્રિન્ટ્સ
પ્લોટ નં.૧૩, જી.આઈ.ડી.સી., દેદીયાસણ, મહેસાણા.

આદર સમર્પણ



શ્રી બેઠકચરિત્ર સપ્તાહના પ્રવક્તા

અને

આ ગ્રંથના લેખક

શ્રી રમેશભાઈ પરીખને

આ ગ્રંથ સાદર સમર્પણ.

પ્રસ્તાવના

ઈ.સ. ૧૯૮૩માં પવિત્રા બારસના પુનિત દિવસે જેનું વિધિવત્ પ્રકાશન શરૂ થયેલું તે 'વૈષ્ણવ પરિવાર' માસિક આજે ઈ.સ. ૨૦૦૨માં તેના અઢાર વર્ષ પૂર્ણ કરી ઓગણીસમાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આ વર્ષો દરમ્યાન 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને દર વર્ષે એક ભેટ પુસ્તક આપવાની પરંપરા રહી છે. પ્રભુ કૃપાથી અવિરત ચાલેલી આ પરંપરામાં આજે એક અતિ ઉપયોગી, સુંદર, સચિત્ર ગ્રંથ સર્વ ગ્રાહકોને ભેટ તરીકે અપાઈ રહ્યો છે, અને તે છે **શ્રી રમેશભાઈ પરીખ** લિખિત **'શ્રી બેઠક-ચરિત્ર-પ્રકાશ (સચિત્ર) ભાગ-૧'** પુષ્ટિમાર્ગના ઈતિહાસની આ એક વિરલ ઘટના છે કે કોઈ એક ગ્રંથની ૩૫૦૦૦ નકલો છપાઈ હોય અને બધીજ ભેટ અપાઈ હોય.

શ્રીહરિ-ગુરુની કૃપા તેમજ દ્રવ્ય સહાયક મનોરથી વૈષ્ણવોના પૂર્ણ સહયોગના પરિણામ સ્વરૂપ આ કાર્ય સિદ્ધ થયું છે અને તેનો આપણને સૌને આનંદ છે. આ પરંપરામાં આવતા વર્ષે આ જ ગ્રંથનો બીજો ભાગ ભેટ પુસ્તક તરીકે આપવાનો મનોરથ છે. મને આશા છે કે તેના પ્રકાશન માટે પણ પ્રભુકૃપાથી મનોરથી જરૂરથી મળી રહેશે.

આ પ્રથમ ભાગમાં શ્રીબેઠક ચરિત્ર માહાત્મ્ય, બેઠકજીમાં આપણે કેવી રીતે વર્તીશું અને શ્રીમહાપ્રભુજીનું નિત્યલીલામાં પ્રાગટ્ય - આ ત્રણ વિસ્તૃત લેખો તેમજ શ્રીમહાપ્રભુજીનાં દક્ષિણ ભારત અને ગુજરાતમાં સ્થિત ૪૦ બેઠકજીઓનાં ચરિત્રોનો સમાવેશ થયો છે. આ ચરિત્રો બેઠકજીઓના ક્રમમાં નહિ પરંતુ શ્રીમહાપ્રભુજીના અલૌકિક ચરિત્ર સાથે સંગતિ થાય તે ક્રમમાં લેવાયાં છે. ઉપરાંત શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીઓનાં સરનામાં અને ઉપલબ્ધ ફોન નંબર, બેઠકજીઓના નકશા વગેરે પણ પરિશિષ્ટમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે.

હવે બીજા ભાગમાં શ્રીમહાપ્રભુજીનાં વ્રજમાં અને ઉત્તર-પૂર્વ ભારતમાં સ્થિત બીજાં ૪૪ બેઠકજીઓ, શ્રીગુસાંઈજીનાં, શ્રી સાત લાલજીનાં, શ્રીહરિરાયજીનાં, શ્રીદામોદરદાસજીનાં અને શ્રીનાથજીનાં બેઠકજીઓનાં દિવ્ય ચરિત્રો વગેરેનો સમાવેશ થશે.

વડોદરામાં પૂ.ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયા દ્વારા નિર્મિત શ્રીગિરિરાજ-બાવાના મંદિરના પાટોત્સવ પ્રસંગે સંવત ૨૦૩૫ના વૈશાખ વદ ૧૧ થી જેઠ સુદ ૫ સુધી શ્રી બેઠક-ચરિત્ર સપ્તાહનું આયોજન આપશ્રીએ કરેલું. આ પ્રકારની સપ્તાહનું આયોજન પ્રથમવાર જ થયેલું. આ સપ્તાહના પ્રવક્તા તરીકે શ્રી રમેશભાઈએ શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીઓનાં દિવ્ય ચરિત્રો શ્રીમહાપ્રભુજીના અલૌકિક ચરિત્રની સંગતિ સાથે તે સમયે રજૂ કરેલાં.

આ પ્રવચનોની કેસેટો ઉપરથી શ્રી રમેશભાઈએ આ ગ્રંથ તૈયાર કરેલો અને પૂજ્ય શ્રી જીજીએ સંવત ૨૦૩૭માં તે પ્રકાશિત કરેલો. તેની બીજી આવૃત્તિ પણ થઈ, છતાં ટૂંક સમયમાં તે ગ્રંથ અપ્રાપ્ય બન્યો. શ્રીવલ્લભચરિત્ર અને શ્રીબેઠકચરિત્ર જાણવા માટે વૈષ્ણવોને અતિ ઉપયોગી બનેલા આ ગ્રંથ માટે બેઠકયાત્રાએ જનાર વૈષ્ણવો તરફથી સતત માગણી થતી રહી. વૈષ્ણવોની પ્રેમભરી વારંવારની માગણીથી પ્રેરાઈ શ્રી રમેશભાઈએ આ ગ્રંથનું પુનઃ પ્રકાશન કરવાની તૈયારી કરેલી. તેમનો મનોરથ હવે આ ગ્રંથને સચિત્ર અને વધુ ઉપયોગી બનાવવાનો હતો.

તે માટે તેમણે બેઠકજીઓના ફોટોગ્રાફ્સ, ચિત્રો વગેરે તૈયાર કરાવવા માંડ્યા. પૂ.ગો. શ્રી ઈંદિરાબેટીજી મહોદયા તેમજ પૂ.ગો. શ્રી નિકુંજલતાબેટીજી મહોદયાએ કૃપા કરી ૮૪ બેઠકજીની લીલાનાં ૮૪ સુંદર ચિત્રજી પધરાવી આપ્યાં. તે ઉપરાંત વિદેશમાં વસવાટ કરતા એક યુવાન વૈષ્ણવ દંપતીએ તેમની બેઠકયાત્રા દરમ્યાન, બેઠકજીમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીના ફોટોગ્રાફ્સ, નિત્ય ઘેર બેઠાં દર્શન - ચરણસ્પર્શ કરવાની ભાવનાથી લીધેલા, તે સર્વ વૈષ્ણવોના લાભાર્થે આ ગ્રંથમાં પ્રકાશિત કરવા મોકલી આપ્યા; પરંતુ ગ્રંથનું પ્રકાશન થાય તે પહેલાં શ્રી રમેશભાઈનો ગોલોકવાસ થતાં આ કાર્ય પૂર્ણ થઈ શક્યું નહિ.

શ્રી હરસાનીજી ટ્રસ્ટે અપૂર્ણ રહેલા આ કાર્યને પૂર્ણ કરી, શ્રી રમેશભાઈની સ્મૃતિમાં ગ્રંથનું પ્રકાશન કરી, 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને ભેટ પુસ્તક તરીકે આપવાનો મનોરથ કર્યો. ગ્રંથ લગભગ ૪૦૦ પાનાનો બને તેવી શક્યતા હોવાથી તેને બે ભાગમાં પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેના ખર્ચને પહોંચી વળવા વૈષ્ણવોને મનોરથી બની દ્રવ્ય સહાય કરવા માટે ટહેલ નાખવામાં આવી. દેશ વિદેશના વૈષ્ણવોએ આ ટહેલ ઉપાડી લઈ, મનોરથી બની કાર્યને સરળ બનાવ્યું.

ગ્રંથના પુનઃપ્રકાશન માટે **પૂ.ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયા**ની આજ્ઞા અને આશીર્વાદ પ્રાપ્ત થયા છે તે માટે હું આપશ્રીની અત્યંત ઋણી છું. આપશ્રી તેમજ **પૂ.ગો. શ્રી નિકુંજલતા બેટીજી મહોદયા**એ ૮૪ બેઠકજીની લીલાનાં સુંદર ચિત્રજી પ્રાપ્ત કરી આપ્યાં છે તે માટે હું આપ બંનેનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરું છું.

શ્રીમહાપ્રભુજીનાં જેટલાં બેઠકજી પ્રગટ બિરાજે છે તેમાંથી શક્ય તેટલાં બેઠકજીઓમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીના ફોટોગ્રાફ્સ તેમજ જે બેઠકો ગુપ્ત સ્વરૂપે બિરાજે છે ત્યાં ભાવનાથી ધોતી ઉપરણા ધરી, તિલક કરી, માળાજી ધરી લીધેલા

ફોટોગ્રાફસ જે યુવાન વૈષ્ણવ દંપતીએ મોકલ્યા છે, તેમનો પણ અંતઃકરણ પૂર્વક આભાર માની તેમની આ ગુપ્ત સેવા બદલ તેમને ધન્યવાદ આપું છું. નિત્ય ઘેર બેઠાં દરેક બેઠકજીમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું ચિંતન, દર્શન, ચરણસ્પર્શ કરવાની તેમની ભાવનાને વંદન કરું છું. જે બેઠકજીઓના ફોટોગ્રાફસ પ્રાપ્ત થઈ શક્યા નથી ત્યાં માત્ર બેઠકજીનું પ્રતીક મૂકવામાં આવ્યું છે. ચિત્રજી નીચે (*) નિશાની દ્વારા તે પ્રતીક સૂચવ્યું છે, તેની સૌને નોંધ લેવા વિનંતી છે.

આ ગ્રંથના મનોરથી **શ્રી જયેન્દ્રભાઈ કનુભાઈ દેસાઈ પરિવાર અમદાવાદ (ગોધરાવાળા)** જેઓ પોતાની દૈવી સંપત્તિનો વિનિયોગ શ્રીવલ્લભની આ નામસેવામાં કરી કૃતાર્થ થયા છે, તેમના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરી તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. **અન્ય સર્વ મનોરથી વૈષ્ણવો** કે જેમની દૈવી સંપત્તિનો વિનિયોગ આ ગ્રંથના પ્રકાશનમાં થયો છે તે સર્વના પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી તેમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. શ્રીવલ્લભની નામસેવાની તેમની ભાવનાને વંદન કરું છું.

ગ્રંથના સુચારુ અને ઝડપી મુદ્રણ માટે શ્રી રાજનભાઈ કડિયાનો પણ આભાર માની વિરમું છું.

- વસંતબહેન ર. પરીખ

બીજી આવૃત્તિ પ્રસંગે

'શ્રી બેઠક ચરિત્ર પ્રકાશ' (સચિત્ર) ભાગ-૧ 'વૈષ્ણવ પરિવાર'ના વર્ષ ૨૦૦૧-૦૨ના સર્વ ગ્રાહકોને ભેટપુસ્તક રૂપે આપવામાં આવેલું. તે સમયે આ પુસ્તકની ૩૪૦૦૦ નકલો ભેટરૂપે અપાઇ હતી. છતાં બેઠકયાત્રાએ જનારા વૈષ્ણવોની વારંવારની માગણીને કારણે ટૂંક સમયમાં જ તેની બીજી આવૃત્તિનું પ્રકાશન થઇ રહ્યું છે.

બીજી આવૃત્તિમાં બેઠકજીનાં નામ-સરનામાની યાદી સુધારા-વધારા કરી તૈયાર કરી છે. તે સિવાય પ્રથમ આવૃત્તિનું જ આ પુનઃ મુદ્રણ છે.

- વસંતબહેન ર. પરીખ

અનુક્રમણિકા

૧. શ્રી મહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીનાં સરનામાં ix
૨. બેઠકજીઓનો નકશો.
૩. પ્રકરણ - ૧ : શ્રી બેઠક ચરિત્ર માહાત્મ્ય ૧
૪. પ્રકરણ - ૨ : શ્રી બેઠકજીમાં આપણે કેવી રીતે વર્તીશું? ૧૩
૫. પ્રકરણ - ૩ : શ્રી મહાપ્રભુજીનું નિત્ય લીલામાં પ્રાગટ્ય ૩૦
૬. પ્રકરણ - ૪ : શ્રી મહાપ્રભુજીનાં બેઠકોનાં દિવ્ય ચરિત્રો ૩૫
  (૧) શ્રી ચંપારણ્યનાં પ્રાકટ્યનાં બેઠકજી ૩૫
  (૨) શ્રી ચંપારણ્યનાં છઠ્ઠીનાં બેઠકજી ૪૯
  (૩) શ્રી વિદ્યાનગરનાં બેઠકજી ૫૩
  (૪) શ્રી પમ્પા સરોવરનાં બેઠકજી ૫૮
  (૫) શ્રી લક્ષ્મણબાલાજીનાં બેઠકજી ૬૧
  (૬) શ્રી વિષ્ણુકાંચીનાં બેઠકજી ૬૫
  (૭) શ્રી શ્રીરંગજીનાં બેઠકજી ૬૬
  (૮) શ્રી રામેશ્વરનાં બેઠકજી ૬૮
  (૯) શ્રી દર્ભશયનનાં બેઠકજી ૭૨
  (૧૦) શ્રી તામ્રપર્ણી નદી પરનાં બેઠકજી ૭૪
  (૧૧) શ્રી ત્રિલોકભાનજીનાં બેઠકજી ૭૬
  (૧૨) શ્રી તોતાદ્રિ પર્વત પરનાં બેઠકજી ૭૮
  (૧૩) શ્રી પદ્મનાભજીનાં બેઠકજી ૮૦
  (૧૪) શ્રી જનાર્દનક્ષેત્રનાં બેઠકજી ૮૪
  (૧૫) શ્રી મલયાચલ પર્વતનાં બેઠકજી ૮૫
  (૧૬) શ્રી કૃષ્ણા નદી પરનાં બેઠકજી ૮૮
  (૧૭) શ્રી પન્નાનૃસિંહજીનાં બેઠકજી ૯૧
  (૧૮) શ્રી લોહગઢ (ગોવા)નાં બેઠકજી ૯૨
  (૧૯) શ્રી પંઢરપુરનાં બેઠકજી ૯૫
  (૨૦) શ્રી નાસિકનાં બેઠકજી ૯૯
  (૨૧) શ્રી સુરતનાં બેઠકજી ૧૦૨
  (૨૨) શ્રી ભરૂચનાં બેઠકજી ૧૦૩

(૨૩) શ્રી ગોધરાનાં બેઠકજી તેમજ ૧૦૫
શ્રી કાવી, જંબુસર (ભાનુક્ષેત્ર-ડાભા), ડાકોરનાં બેઠકજી
(૨૪) શ્રી નરોડાનાં બેઠકજી ૧૧૨
(૨૫) શ્રી તગડીનાં બેઠકજી ૧૧૪
(૨૬) શ્રી જૂનાગઢનાં બેઠકજી ૧૨૦
(૨૭) શ્રી પ્રભાસ પાટણનાં બેઠકજી ૧૨૩
(૨૮) શ્રી ગુપ્તપ્રયાગનાં બેઠકજી ૧૨૪
(૨૯) શ્રી માધવપુરનાં બેઠકજી ૧૨૭
(૩૦) શ્રી પીંડતારકનાં બેઠકજી ૧૩૧
(૩૧) શ્રી દ્વારિકા (હરિકુંડ)નાં બેઠકજી ૧૩૧
(૩૨) શ્રી બેટ શંખોદ્ધારનાં બેઠકજી ૧૩૬
(૩૩) શ્રી ગોપીતળાવનાં બેઠકજી ૧૩૭
(૩૪) શ્રી મૂળગોમતાનાં બેઠકજી ૧૪૦
(૩૫) શ્રી જામખંભાળીયાનાં બેઠકજી ૧૪૬
(૩૬) શ્રી જામનગરનાં બેઠકજી ૧૪૮
(૩૭) શ્રી મોરબીનાં બેઠકજી ૧૪૯
(૩૮) શ્રી નારાયણ સરોવરનાં બેઠકજી ૧૫૨
(૩૯) શ્રી ખેરાળુનાં બેઠકજી ૧૫૪
(૪૦) શ્રી સિદ્ધપુરનાં બેઠકજી ૧૫૬

શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીનાં સરનામાં

૧. શ્રીમદ્ ગોકુળ ગોવિંદઘાટનાં બેઠકજી
શ્રીમહાપ્રભુજીની બેઠક (બ્રહ્મ-સંબંધનાં બેઠકજી), શ્રીગોવિંદઘાટ,
મુ. ગોકુળ-૨૮૧૩૦૩ જી. મથુરા (ઉ.પ્ર.)

૨. શ્રી બડી બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. ગોકુળ-૨૮૧૩૦૩, જી. મથુરા (ઉ.પ્ર.)

૩. શ્રી શય્યામંદિરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં
મુ. ગોકુલ-૨૮૧૩૦૩, જી. મથુરા (ઉ.પ્ર.)

૪. શ્રી વૃંદાવન બંસીબટની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, બંસીબટ, વૃંદાવન-૩૮૧૧૨૧, જી. મથુરા (ઉ.પ્ર.)

૫. શ્રી વિશ્રામઘાટની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, વિશ્રામઘાટ, મથુરા-૨૮૧૦૦૧ (ઉ.પ્ર.)

૬. શ્રી મધુવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. મહોલી-૨૮૧૧૪૧ જી. મથુરા (ઉ.પ્ર.)

૭. શ્રી કમોદવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પો. ઉસપાર, જી. મથુરા (ઉ.પ્ર.)

૮. શ્રી બહુલાવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પો. બાટીગાંવ, જી. મથુરા (ઉ.પ્ર.)

૯. શ્રી રાધાકૃષ્ણકુંડની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પો. રાધાકુંડ-૨૮૧૫૦૪, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૦. શ્રી માનસીગંગાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ચકલેશ્વર મહાદેવ પાસે, વલ્લભઘાટ,
માનસી ગંગા, પો. ગોવર્ધન-૨૮૧૫૦૪, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૧. શ્રી ચંદ્રસરોવરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ચંદ્રસરોવર-પરાસોલી,
પો. ગોવર્ધન-૨૮૧૫૦૪, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૨. શ્રી આન્યોરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, સદુ પાંડેના મકાનમાં, પો. આન્યોર-૨૮૧૫૦૨,
જી. મથુરા, (ઉ.પ્ર.) ફોન નં. : ૦૫૬૫-૮૧૫૫૪૭, ૮૧૫૦૫૯

૧૩. શ્રી ગોવિંદકુંડની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ગોવિંદકુંડ, શ્રીગિરિરાજજીની સામે,
પો. આન્યોર-૨૮૧૫૦૨, જી. મથુરા (ઉ.પ્ર.), ફોન નં. : ૦૫૬૫-૮૧૫૭૩૧

૧૪. શ્રી સુંદરશીલાની બેઠક
શ્રીગિરિરાજજી સન્મુખ, શ્રીગિરિરાજજીની તળેટીમાં,
પો. જતીપુરા-૨૮૧૫૦૨, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૫. શ્રી ગિરિરાજજીની બેઠક (ગુપ્ત બેઠક)
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીનાથજીના મંદિરમાં, શ્રીગિરિરાજજી ઉપર,
પો. જતીપુરા-૨૮૧૫૦૨, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૬. શ્રી કામવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીકુંડ ઉપર, કામવન
પો. કામા-૩૨૧૦૨૨, જી. ભરતપુર (રાજસ્થાન)

૧૭. શ્રી ગહવરવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીરાધાજીના મંદિરથી આગળ, મોરકુટી નીચે,
પો. બરસાના, જી. મથુરા (ઉ.પ્ર.)

૧૮. શ્રી સંકેતવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, બગીચામાં, કૃષ્ણકુંડ, **પો. બરસાના,** જી. મથુરા (ઉ.પ્ર.)

૧૯. શ્રી નંદગામની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પાનસરોવર, સડકની સામે પાર,
પો. નંદગામ-૨૮૧૪૦૩, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૦. શ્રી કોકિલાવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, કોકિલાવન પો. બઠેલ, **મુ. જાવ,** જી. મથુરા (ઉ.પ્ર.)

૨૧. શ્રી ભાંડીરવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીયમુનાજીના સામા કિનારે,
મુ. ભાંડીરવન, તા. માંટ, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૨. શ્રી માનસરોવરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીયમુનાજીના સામા કિનારે,
માનસરોવર (માખન), પો. માંટ, જી. મથુરા (ઉ.પ્ર.)

૨૩. શ્રી સુકરક્ષેત્ર (સોરમજી)ની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, સૌરભઘાટ (ગંગાતીરે), પોસ્ટ - સૌરો-૨૦૭૪૦૩,
જી. એટાહા (ઉ.પ્ર.), ફોન નં. : ૦૫૭૪૪-૩૩૬૭૩

૨૪. શ્રી ચિત્રકૂટની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. કામતા - ચિત્રકૂટ - પોસ્ટ-પીલીકોડી - ૪૮૫૩૩૬,
જી. સતના, (મ.પ્ર.)

૨૫. શ્રી અયોધ્યાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, રામઘાટ રોડ, મુ. અયોધ્યા-૨૨૪૧૨૩, જી. ફૈઝાબાદ, (ઉ.પ્ર.)

૨૬. શ્રી નૈમિષારણ્યની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, વેદવ્યાસ આશ્રમ સામે,
મુ. નૈમિષારણ્ય, તા. મિશ્રક, જી. સીતાપુર, (ઉ.પ્ર.)

૨૭. શ્રી કાશીમાં પુરુષોતમદાસ શેઠના ઘરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શેઠ પુરુષોતમદાસજીનું ઘર, ચૈતન્ય રોડ સામેના ખાંચામાં,
જતનવડ, મુ. વારાણસી (કાશી)-૨૨૧૦૦૧, (ઉ.પ્ર.)

૨૮. શ્રી કાશીમાં હનુમાનઘાટપરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, હનુમાનઘાટ, મુ. વારાણસી-**૨૨૧૦૦૧,** (ઉ.પ્ર.)

૨૯. શ્રી હરિહરક્ષેત્રની બેઠક (હાજીપુર)
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીમહાદેવજીના મંદિર પાસે,
મગરહટ્ટા ચોક, મુ. હાજીપુર-૮૪૪૦૦૧, જી. વૈશાલી, (બિહાર)

૩૦. શ્રી જનકપુરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ભગવાનદાસના બગીચામાં,
માણેકતળાવ, મુ. જનકપુર, જી. વૈશાલી, (બિહાર)

૩૧. શ્રી ગંગાસાગરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, કપીલ આશ્રમ પાસે, કપીલકુંડ ઉપર,
કાકદ્વીપ બેટ - (પ. બંગાળ) (કલકત્તાથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર)

૩૨. શ્રી ચંપારણ્યની પ્રાગટ્યની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. ચંપારણ્ય-૪૯૩૮૮૫,
વાયા-રાજીમ, જી. રાયપુર
(છત્તીસગઢ), ફોન નં. : ૦૭૭૦૧-૭૭૧૨૧, ૭૭૧૪૨

૩૩. શ્રી ચંપારણ્યની છઠ્ઠીની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, છઠ્ઠીના બેઠકજી,
મુ. ચંપારણ્ય-૪૯૩૮૮૫, વાયા-રાજીમ, જી. રાયપુર, (છત્તીસગઢ)

૩૪. શ્રી જગન્નાથપુરીની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, હરજીમલ દૂધવાળાની ધર્મશાળા પાસે,
ગ્રાન્ટ રોડ, પુરી-૭૫૨૦૦૧, (ઓરિસ્સા)

૩૫. શ્રી પંઢરપુરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ચંદ્રભાગા નદીના સામા કિનારે, મુ. શેગાંવદુમાલા-
પીન-૪૧૩૩૦૪, તા. પંઢરપુર, (મહારાષ્ટ્ર), ફોન : ૦૨૧૨૬-૬૭૨૬૩, ૬૭૨૬૪

૩૬. શ્રી નાસિક તપોવનની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પરસરામ પુરીયા માર્ગ, પંચવટી,
મુ. નાસિક-૪૨૨૦૦૧, (મહારાષ્ટ્ર)

૩૭. શ્રી પન્ના નૃસિંહજીની બેઠક (ગુપ્ત બેઠક)
શ્રીમહાપ્રભુજીની બેઠક, મંગલગિરિ સ્ટેશન,
શ્રીપન્નાનૃસિંહજીનું મંદિર, મુ. વિજયવાડા (આંધ્રપ્રદેશ)

૩૮. શ્રી લક્ષ્મણબાલાજીની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક શ્રી વલ્લભાચાર્યજી મઠ, શ્રી લક્ષ્મણબાલાજી,
રીંગ રોડ, શંકરમઠ પાસે, મુ. તીરુમાલા-૫૧૭૫૦૪, (આંધ્રપ્રદેશ)
ફોન નં. : ૦૮૫૭૪-૭૭૩૧૭

૩૯. શ્રી શ્રીરંગજીની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, કૃષ્ણ કોઈલની બાજુમાં, ૨૧, નોર્થગેટ,
સાઉકાર સ્ટોર લેન, શ્રીરંગમ્, ત્રિચી-૬૨૦૦૦૬, (તમીલનાડુ)

૪૦. શ્રી વિષ્ણુકાંચીની બેઠક
શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીની બેઠક
૭૯, વેગવતી, સદાવરમ્, પુન્યકોટિ ટેમ્પલ સ્ટ્રીટ નજીક, મુત્તુકુલમ્-વિષ્ણુકાંચી-
કાંચીવરમ્-૬૩૧૫૦૩, (તમીલનાડુ), ફોન નં. ૦૪૧૧૨-૨૩૦૨૩

૪૧. શ્રી સેતુબંધ રામેશ્વરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીવલ્લભાચાર્ય મઠ, લક્ષ્મણ કુંડની સામે,
મુ. રામેશ્વર-૬૨૩૫૨૬, જી. રામનાડ, (તમીલનાડુ),
ફોન : ૦૪૫૭૩-૨૧૬૮૫

૪૨. શ્રી મલયાચલ પર્વતની બેઠક (ગુપ્ત બેઠક)
મલયાચલ પર્વત ઉપર - કોઈમ્બતુર થઈને જવાય છે.

૪૩. શ્રી લોહગઢ (ગોવા)ની બેઠક
C/o. શ્રી શિવાનંદ ખેડેકર
શ્રીમહાપ્રભુજીની બેઠક (ગુજરાતી મંદિર), હરવળે વોટરફોલ પાસે, રુદ્રેશ્વર મંદિરની
બાજુમાં, મુ. હરવળે-સાંખળી-૪૦૩૫૦૫, જી. પણજી (ગોવા)
ફોન નં. : ૦૮૩૨-૩૬૪૮૫૬

૪૪. શ્રી તામ્રપર્ણી નદીના તીર ઉપરની બેઠક (ગુપ્ત બેઠક)
તામ્રપાર્ણી નદીના તીર ઉપર, ત્રિચિનાપલ્લી (તમીલનાડુ)

૪૫. શ્રી કૃષ્ણા નદીની બેઠક (ગુપ્ત બેઠક)
કૃષ્ણધામ, વાડી જંક્ષન, રાયચુર સ્ટેશનથી ૧ કિ.મી. દૂર, કૃષ્ણા ગામ (આંધ્રપ્રદેશ)

૪૬. શ્રી પંપાસરોવરની બેઠક (ગુપ્ત બેઠક)
હમ્પી ગામથી ૮ કિ.મી. દૂર, હાસ્પેટ રેલ્વે સ્ટેશન
ગુંટકલ તથા હુબલી વચ્ચે (આંધ્રપ્રદેશ)

૪૭. શ્રી પદ્મનાભજીની બેઠક (ગુપ્ત બેઠક)
ત્રિવેન્દ્રમ (કેરાલા) ગામ બહાર જળાશયના કિનારે ભાવનાથી ઝારી ચરણસ્પર્શ થાય છે.

૪૮. શ્રી જનાર્દન ક્ષેત્રની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, જનાર્દન મંદિર, વરકલાથી ૧ કિ.મી. દૂર કુમલી ગામનાં
રસ્તા તરફ, પો. વરકલા - ૬૯૫૦૪૧, (કેરાલા)

૪૯. શ્રી વિદ્યાનગરની બેઠક (ગુપ્ત બેઠક)
હમ્પી ગામ, તુંગભદ્રા નદીને કિનારે, (આંધ્રપ્રદેશ)

૫૦. શ્રી ત્રિલોકભાનજીની બેઠક (ગુપ્ત બેઠક)
આ બેઠકજીનું સ્થાન નક્કી થઈ શક્યું નથી. (તમીલનાડુ)

૫૧. શ્રી તોતાદ્રિ પર્વતની બેઠક (ગુપ્ત બેઠક)
નાગમેરી, તીનેવેલી ગામથી ૩૦ કિ.મી. દૂર તોતાદ્રિ પર્વત ઉપર (તમીલનાડુ)

૫૨. શ્રી દરવસેનની બેઠક (ગુપ્ત બેઠક)
આદિસેતુ ગામ - રામનાડ પુરમ, (તમિલનાડુ)

૫૩. શ્રી સુરતની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, અશ્વિનીકુમાર ઘાટ, તાપી નદીના કિનારે,
મુ. સુરત-૩૯૨૦૦૧, (ગુજરાત)

૫૪. શ્રી ભરૂચની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, જીલ્લા પંચાયતની બાજુમાં, સ્ટેશન રોડ,
મુ. ભરૂચ-૩૯૨૦૦૧, (ગુજરાત), ફોન નં. : ૦૨૬૪૨-૬૪૬૬૦

૫૫. શ્રી મોરબી - મચ્છુનદીના સામા કિનારાની બેઠક
મચ્છુ નદીના સામા કિનારે, એલ. ઈ. કોલેજની પાછળ, મોરબી-૩૬૩૬૪૧
(ગુજરાત) ફોન : ૦૨૮૨૨-૪૦૩૩૫

૫૬. શ્રી નવાનગરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, નાગમતી નદીના કિનારે, કાલાવાડ રોડ,
જામનગર-૩૬૧૩૦૫, (ગુજ.) ફોન : ૦૨૮૮-૫૭૦૬૭૧

૫૭. શ્રી જામખંભાળીયાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, સ્ટેશન રોડ, કુંડ ઉપર, મુ. જામખંભાળીયા-૩૬૧૩૦૫,
જી. જામનગર, (ગુજરાત) ફોન : ૦૨૮૩૩-૩૪૯૬૬

૫૮. શ્રી પિંડતારકની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, પિંડતારક, નંદાણા પાટીયાથી વાયા ભાટીયા,
પો. પીંડારા-૩૬૧૩૦૫, જી. જામનગર, (ગુજરાત)

૫૯. શ્રી મૂળગોમતાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. નાના ભાવડા-૩૬૧૩૩૫, તા. દ્વારકા,
જી. જામનગર, (ગુજરાત), ફોન : ૦૨૮૯૨-૩૪૩૫૫

૬૦. શ્રી દ્વારિકા હરિકુંડની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ગોમતી નદીના કિનારે, હરિકુંડ ઉપર, મુ. દ્વારકા-
૩૬૧૩૩૫, જી. જામનગર, (ગુજરાત) ફોન નં. : ૦૨૮૯૨-૩૪૮૨૫

૬૧. શ્રી ગોપીતળાવની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. ગોપીતળાવ-૩૬૧૩૩૫,
જી. જામનગર, (ગુજરાત)

૬૨. શ્રી બેટ શંખોદ્ધારની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શંખતળાવ ઉપર, મુ. બેટ દ્વારકા-૩૬૧૩૩૦,
(ગુજરાત) ફોન નં. : ૦૨૮૯૨-૨૩૬૧૨

૬૩. શ્રી નારાયણ સરોવરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. નારાયણ સરોવર-૩૭૦૬૨૪, તા. લખપત, જી. કચ્છ

૬૪. શ્રી જૂનાગઢની બેઠક
દામોદરકુંડ, ગિરનાર રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, (ગુજરાત)
ફોન : ૦૨૮૫-૬૨૪૧૦૮/ ૬૫૫૫૫૫

૬૫. શ્રી પ્રભાસક્ષેત્રની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, ત્રિવેણીનદીના ઘાટ ઉપર, મુ. પ્રભાસપાટણ-૩૬૨૨૬૮,
જી. જૂનાગઢ, (ગુજરાત) ફોન : ૩૨૩૩૪

૬૬. શ્રી માધવપુરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, કદમકુંડની ઉપર, મુ. માધવપુર (ઘેડ)-૩૬૨૨૩૦,
જી. જૂનાગઢ, (ગુજરાત) ફોન : ૦૨૮૬-૭૨૩૪૪

૬૭. શ્રી ગુપ્તપ્રયાગની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. દેલવાડા-૩૬૨૫૧૦, જી. જૂનાગઢ, (ગુજરાત)
ફોન : ૦૨૮૭૫-૨૨૪૧૩ (રહે.) ૨૨૭૬૭

૬૮. શ્રી તગડીની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, અમદાવાદ-ભાવનગર હાઈવે ઉપર,
(ધંધુકાથી ૧૫ કિ.મી. ભાવનગર હાઈવે ઉપર), મુ. તગડી-૩૮૨૨૫૦,
જી. અમદાવાદ, (ગુજરાત), ફોન નં. : (૦૭૯૩૩)૩૨૬૨૧/૩૨૫૨૨

૬૯. શ્રી નરોડાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીવલ્લભાચાર્ય ચોક, શ્રીવલ્લભાચાર્ય માર્ગ, નરોડા,
અમદાવાદ-૩૮૨૩૩૦ (ગુજરાત) ફોન નં. : ૦૭૯-૨૮૧૩૪૪૪

૭૦. શ્રી ગોધરાની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, રાણાવ્યાસ માર્ગ, પટેલવાડા, મુ. ગોધરા-૩૮૯૦૦૧,
જી. પંચમહાલ, (ગુજરાત), ફોન : ૦૨૬૭૨-૪૦૪૪૨/૪૧૧૩૨/૪૨૨૯૫

૭૧. શ્રી ખેરાળુની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, શ્રીમાળીવાસ, મુ. ખેરાળુ-૩૮૪૩૨૫
જી. મહેસાણા (ગુજરાત), ફોન નં. : ૦૨૭૬૧-૩૦૧૩૦

૭૨. શ્રી સિદ્ધપુરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, બિંદુ સરોવર રોડ, મુ. સિધ્ધપુર-૩૮૪૧૫૧, જી. પાટણ

૭૩. શ્રી અવંતિકાપુરી (ઉજ્જૈન)ની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મંગલનાથ માર્ગ, ગોમતી કુંડ, સાંદિપની આશ્રમ
પાસે, મુ. ઉજ્જૈન-૪૫૬૦૦૧ (મ.પ્ર.), ફોન નં. : ૦૭૩૪-૫૬૦૨૪૦

૭૪. શ્રી પુષ્કરની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, વલ્લભઘાટ-બડી વસ્તી, મુ. પુષ્કર-૩૦૫૦૨૨,
જી. અજમેર, (રાજસ્થાન), ફોન નં. : ૦૧૪૫-૭૭૨૪૯૩

૭૫. શ્રી કુરુક્ષેત્રની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, સરસ્વતી કુંડ - શક્તિ દેવીના મંદિર પાસે,
મુ. થાનેશ્વર, તા. કુરુક્ષેત્ર, (હરિયાણા), ફોન નં. : ૦૧૭૪૪-૩૬૯૬૦

૭૬. શ્રી રામઘાટ-કનખલની બેઠક - હરિદ્વાર
શ્રીમહાપ્રભુજીની બેઠક, હરકી પેડીના માર્ગ પર, ગંગાકિનારે,
મુ. હરદ્વાર-૨૪૯૪૦૧, (ઉ.પ્ર.)

૭૭. શ્રી બદ્રિકાશ્રમની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, મુ. બદ્રિનાથ-૨૪૬૪૨૨, (ઉ.પ્ર.)

૭૮. શ્રી કેદારનાથની બેઠક (ગુપ્ત બેઠક)
કેદારકુંડ - હરદ્વારથી ૧૮ કિ.મી. દૂર

૭૯. શ્રી વ્યાસાશ્રમની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક, અલકનંદા-ભાગીરથી સંગમ પાસે, કેશવપ્રયાગ-બદ્રીનાથ,(ઉ.પ્ર.)

૮૦. શ્રી હિમાચલ પર્વતની બેઠક (ગુપ્ત બેઠક)
(હિમાચલપ્રદેશ)

૮૧. શ્રી વ્યાસ ગંગાની બેઠક (ગુપ્ત બેઠક)
શ્રીમહાપ્રભુજીની બેઠક, વ્યાસઘાટ ઉપર (હિમાચલ પ્રદેશ)

૮૨. શ્રી મંદરાચલની બેઠક (ગુપ્ત બેઠક)
મંદરાચલ પર્વત ઉપર

૮૩. શ્રી અડેલની બેઠક
ત્રિવેણી સંગમ, મુ. દેવરખ, પો. નૈની-૨૧૧૦૦૮, જી. અલ્હાબાદ, (ઉ.પ્ર.),
ફોન નં. : ૦૫૩૨-૬૯૬૧૦૮

૮૪. શ્રી ચરણાટની બેઠક
શ્રીમહાપ્રભુજીની બેઠક-આચાર્યકૂમ,
પોસ્ટ- ચૂનાર-૨૩૧૩૦૪, જી. મીરજાપુર, (ઉ.પ્ર.)

પ્રકરણ : ૧

શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય

(૧) બેઠકચરિત્રનો ઈતિહાસ :

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજીનાં આદિનાં બેઠકજી મળીને મુખ્યત્વે ૧૪૨ બેઠકજીનાં દિવ્ય ચરિત્રો આપણને પ્રાપ્ત થાય છે.

શ્રીબેઠકજી અને શ્રી ગાદીજી એ બંનેમાં મૂળભૂત તફાવત છે. આપણે દર્શન કરવા જઇએ છીએ ત્યાં બેઠકજીના નામે લગભગ બધાં સ્થાનો ઓળખાય છે, પરંતુ તેમાં કેટલાંક સ્થાન બેઠકજી હોય છે; જ્યારે કેટલાંક સ્થાનોએ ગાદીજી બિરાજતાં હોય છે. જ્યાં શ્રીમહાપ્રભુજી કે તેમના વંશજે શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હોય તે સ્થાનને બેઠકજી કહેવામાં આવે છે. જ્યાં આ પ્રકારે પારાયણ ન કરવામાં આવ્યું હોય, પરંતુ તે સ્થાન ઉપર તેઓ બિરાજ્યા હોય અગર તો તેમને ભાવનાથી પધરાવવામાં આવેલા હોય તેવા સ્થાનને ગાદીજી કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ ઉપરાંત, શ્રી વેદ પારાયણ કે શ્રી રામાયણનું પારાયણ પણ કેટલાંક સ્થાનોએ કરેલું છે. તેવાં સ્થાનો પણ બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકચરિત્રનો રચનાકાળ વિક્રમ સંવત ૧૬૪૨થી ૧૬૯૭ની વચ્ચેનો હોવાનો સંભવ છે. જો કે તે સમય દરમ્યાન લખાયેલું બેઠકચરિત્રનું હસ્તલિખિત પુસ્તક હજી સુધી ઉપલબ્ધ થતું નથી. તેથી આપણે એમ માનવા પ્રેરાઇએ છીએ કે શ્રીગુસાંઇજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીએ જેવી રીતે રાત્રિકાલીન કથા દરમ્યાન પોતાના સેવકોની સમક્ષ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોનાં ચરિત્રો પ્રકટ કર્યાં અને તેની કથા કરી, શ્રીમહાપ્રભુજીના ચરિત્ર-સ્વરૂપ એવી નિજવાર્તા, ઘરુવાર્તા પ્રગટ કરી, તેવી રીતે આ બેઠકોનાં ચરિત્રો પણ તેમણે પ્રગટ કર્યાં હશે, તેથી પ્રાપ્ત થતાં હસ્તલિખિત પુસ્તકોમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકના ચરિત્રના કર્તા તરીકે શ્રીગોકુલનાથજીનું નામ મળી આવે છે. જ્યારે ત્યાર પછીનાં અન્ય બેઠક-ચરિત્રોનાં કર્તા તરીકે કોઇનું નામ જોડવામાં

આવેલું નથી. આમ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીનાં બેઠકોનાં ચરિત્રો આપણી સમક્ષ પ્રગટ કરવાનું શ્રેય શ્રીગોકુલનાથજીના ફાળે જાય છે.

બેઠકજી તરીકે જાણીતાં આ સ્થાન શ્રીમહાપ્રભુજીના સમયમાં પણ પ્રગટ હતાં, તેવો પુરાવો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી મળી આવે છે. કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય સ્થળનાં દર્શન કરવા ચંપારણ્યમાં ગયા હોવાનો ઉલ્લેખ તેમની વાર્તામાં છે. હાજીપુર (બિહાર)ના વતની ભગવાનદાસજીની વાર્તામાં તેમના ઘરમાં બિરાજતાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીમાં કાશીથી આવેલા વૈષ્ણવોને મહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. વિદ્યાનગરમાં શ્રીકૃષ્ણદેવરાયના મહેલમાં બેઠકજી બિરાજતાં હોવાનું 'ભાવસિંધુ' પરથી જાણવા મળે છે. આમ, શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનાં વિવિધ સ્થળો તેમના સમયમાં પણ વૈષ્ણવોમાં જાણીતાં હોવાની પૂરેપૂરી સંભાવના જણાય છે. તેથી આવાં સ્થળો તે સમયથી જ પ્રસિદ્ધ છે. તેમનાં ચરિત્રો પણ પ્રસિદ્ધ છે અને તેથી આ બેઠક ચરિત્રો કલ્પિત કથાઓ નથી, મનોરચિત વાર્તાઓ નથી, ઉપજાવી કાઢેલા ચમત્કારોની ચમત્કૃતિ નથી, પરંતુ જે જે સ્થળોએ બિરાજીને બેઠક-ચરિત્ર-નાયકે શ્રીમદ્ ભાગવત પારાયણ ઉપરાંત જે જે દિવ્ય ચરિત્ર પ્રગટ કર્યાં છે, તેનું સત્ય, અક્ષરશઃ નિરૂપણ છે. તેમાં કલ્પનાના કોઇ રંગો નથી.

(૨) બેઠક-ચરિત્રો સમજવાં શા માટે જરૂરી છે?

આવાં અલૌકિક, દિવ્ય બેઠક ચરિત્રોનો આપણને જેટલો હોવો જોઇએ તેટલો ખ્યાલ આજે નથી. જેટલા પ્રમાણમાં વૈષ્ણવો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ વાંચે છે, અને વિચારે છે, તેટલા પ્રમાણમાં બેઠકચરિત્રો વંચાતાં કે વિચારાતાં નથી. બીજી બાજુ, છેલ્લાં ૫૦૦ વર્ષોમાં આ બેઠકજીઓની યાત્રા કરવા માટે જેટલા વૈષ્ણવો નહિ ગયા હોય, તેનાથી અનેકગણા વધારે વૈષ્ણવો આજે ટ્રેઇન દ્વારા કે બસ દ્વારા બેઠકજીના યાત્રાપ્રવાસે જાય છે અને બેઠકજીમાં સેવા, દર્શનનો આનંદ લે છે. ચાલુ સમયમાં કેટલાક ભગવદીય વૈષ્ણવો પગે ચાલીને પણ બેઠકજીનાં દર્શન કરવા જવાનો મનોરથ કરે છે. જ્યારે આટલા બધા વૈષ્ણવો સેવા અને દર્શન માટે જતા હોય ત્યારે તેમના સમૂહમાં જ્યારે જ્યારે જવાનું થાય ત્યારે ત્યારે આપણને કેટલીક હકીકતો જોવા મળે છે. તેઓ ન તો બેઠક નાયકના સ્વરૂપને જાણતા હોય છે, ન તો તે સ્થાનના દિવ્ય ચરિત્રને જાણતા હોય છે. પરિણામે ત્યાંનાં દર્શન અને સેવાનો જે આનંદ તેમને મળવો જોઈએ, તે તેમને મળી શક્તો નથી. અને અજાણ્યે તેઓ અપરાધના ભાગીદાર બને છે. તેથી આજના સમયમાં જ્યારે બેઠકજીના પ્રવાસ, સેવા અને દર્શનનો મહિમા શ્રીમહાપ્રભુજીની કૃપાથી ખૂબ વધ્યો છે, ત્યારે આપણે તેમનાં દિવ્ય બેઠકચરિત્રોને તેમના સાચા સ્વરૂપમાં સમજવાં તે અતિ આવશ્યક છે.

શ્રીમહાપ્રભુજીએ પોતાના બાવન વર્ષના જીવનકાળ દરમ્યાન ચરણારવિંદથી ચાલીને ત્રણ-ત્રણ ભારત પરિક્રમાઓ દરમ્યાન બદ્રિકેદારથી કન્યાકુમારી અને જગન્નાથપુરીથી દ્વારકા સુધી વિવિધ સ્થાનો ઉપર બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કરવાનો, માયાવાદીઓ સાથે શાસ્ત્રાર્થ કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સ્થાપન કરવાનો તથા દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનો, જે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે, તેની ઝાંખી આ અલૌકિક ચરિત્રોમાંથી થાય છે. શ્રીમહાપ્રભુજીના અલૌકિક ચરિત્રને જ્યાં સુધી ન સમજીએ અને જ્યાં સુધી તેમના દિવ્ય માહાત્મ્યજ્ઞાનનો આપણને સંપૂર્ણ પરિચય ન થાય, ત્યાં સુધી તેમના સ્વરુપમાં સુદઢ અને સર્વથી અધિક પ્રેમ અને આસક્તિ જન્મે નહિ અને તેમના ચરણારવિંદનો દઢ આશ્રય ન થાય. જેમને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં દઢ આશ્રય નથી, તેમનું જીવન નકામું ગયું છે, તેમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. આવા દઢ આશ્રય માટે શ્રીમહાપ્રભુજીનાં દિવ્ય ચરિત્રો સમજવાં આપણે માટે નિતાંત આવશ્યક છે. શ્રીમહાપ્રભુજીનાં આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક ચરિત્રો આ બેઠક-ચરિત્રો દ્વારા આપણને જાણવા મળે છે. તેથી પણ બેઠકચરિત્રો સમજવું આપણે માટે જરૂરી છે.

જ્યારે આપણે બેઠક-યાત્રા કરવા જઇએ છીએ, ત્યારે તે તે સ્થાનના માહાત્મ્યજ્ઞાનનો જો આપણને પૂર્વ-પરિચય હોય તો તે સ્થાનમાં એકાંતમાં ધ્યાનપૂર્વક બેસતાં અને તે સ્થાનના ચરિત્રનું સ્મરણ કરતાં શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજેલા તે સમયની દિવ્ય લીલાની આપણને અનુભૂતિ થાય છે અને તેથી અધિક અલૌકિક આનંદ આવે છે. માટે જે જે બેઠકે જવાનું થાય તે તે બેઠકનું ચરિત્ર પહેલેથી જાણવા માટે બેઠકચરિત્રનું વાચન આપણા માટે જરૂરી છે.

બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીની સેવામાં આપણે તત્પર બનીએ છીએ, ત્યારે તેમની સેવામાં અને તેમના સ્વરૂપમાં ચિત્ત વિશેષ પરોવાય તે ખૂબ આવશ્યક છે, કારણ કે ચિત્તનું પ્રભુમાં પરોવાવું તેનું નામ સેવા - એવી સેવાની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીએ આપી છે. આપણે બેઠકજી ન જઇ શકીએ ત્યારે પણ ઘર બેઠાં પવિત્ર સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજીનું સેવાધ્યાન કરી શકીએ. આપણું

મન આવા સેવા-ધ્યાનમાં પરોવાય તે માટે બેઠકચરિત્ર જાણવું અને વિચારવું જરૂરી છે. આવા ચરિત્રની જાણકારીથી ચિત્ત સરળતાથી તે તે બેઠકજીના સેવા-ધ્યાનમાં પરોવાય છે.

ઉપરની બાબતોનો વિચાર કરતાં આપણને સ્પષ્ટ રીતે સમજાય છે કે અત્યારના સમયમાં આપણા જેવા વૈષ્ણવો માટે બેઠકચરિત્રોને સમજવાં અતિઆવશ્યક છે.

(૩) બેઠકજીનું અલૌકિક સ્વરૂપ :

જેવી રીતે શ્રીમદ્ ભાગવતનું સ્થાન ભક્તિમાર્ગમાં છે, તેવી રીતે ૮૪-૨૫૨ વૈષ્ણવની વાર્તા આદિ સાહિત્યનું સ્થાન પુષ્ટિમાર્ગમાં છે. પુષ્ટિમાર્ગીય સાહિત્યના બે પ્રકાર છે. (૧) પ્રમાણાત્મક અથવા સૈદ્ધાંતિક સાહિત્ય, જેમાં પુષ્ટિમાર્ગના પાયાના સિદ્ધાંતરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. (૨) પ્રમેયાત્મક અથવા આપ્ત-પ્રમાણરૂપ સાહિત્ય. આપ્ત એટલે ભગવદીયો, જે ભગવદીયોને શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજીનો પ્રત્યક્ષ અનુભવ થયો હોય અને તેનું વર્ણન હૃદયમાંથી આપોઆપ સ્ફુરાયમાન થયેલ શબ્દોમાં તેમણે કર્યું તે સાહિત્ય. આવું સાહિત્ય સિદ્ધાંતના દૃષ્ટાંતરૂપ છે, ફળસ્વરૂપ શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવનાર છે.

પ્રમાણમાં શબ્દ-પ્રમાણ કરતાં આપ્ત પ્રમાણને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. તેથી પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં પણ પ્રમેયાત્મક અથવા આપ્ત પ્રમાણાત્મક સાહિત્ય શ્રેષ્ઠ ગણાય છે. આવા પ્રમેયાત્મક સાહિત્યના પણ બે ભેદ બતાવવામાં આવ્યા છે. (૧) પુષ્ટિમાર્ગનું પ્રમાણભૂત પ્રમેય સાહિત્ય, જે ભગવદ્ લીલા સ્વરૂપ સંબંધી છે. (૨) કેવળ ભાવાત્મક સાહિત્ય, જે શ્રીમહાપ્રભુજી સંબંધી છે, પુષ્ટિમાર્ગમાં ભગવાન કરતાં ગુરુને મહાન ગણવામાં આવ્યા છે, તેથી શ્રીવલ્લભને પ્રભુ કરતાં મોટા માનવાથી શ્રીમહાપ્રભુજી કહ્યા છે. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ તેમના સાહિત્યમાં પ્રત્યેક અક્ષરમાં ઓતપ્રોતરૂપે બિરાજે છે. આ સાહિત્યમાં શ્રીમહાપ્રભુજી ત્રિવિધ સ્વરૂપે બિરાજે છે. (૧) આધિભૌતિક સ્વરૂપ, જેનાં દર્શન બાહ્ય ક્રિયાત્મક જીવનચરિત્રરૂપે આપણને થાય છે. (૨) આધ્યાત્મિક સ્વરૂપ, જેનાં દર્શન શ્રીમહાપ્રભુજીના જ્ઞાનાત્મક સ્વરૂપે શાસ્ત્રાર્થના પ્રસંગમાં થાય છે. (૩) આધિદૈવિક સ્વરૂપ, જે ભાવાત્મક ભક્તિ સ્વરૂપે પોતાના સેવકો સાથેના વ્યવહારમાં આપણને દર્શન આપે છે. આમ, શ્રીમહાપ્રભુજીના ભાવાત્મક સાહિત્યમાં તેમનાં ત્રણ સ્વરૂપે દર્શન થાય છે.

જેવી રીતે શ્રીમદ્ ભાગવતની વિવિધ ટીકાઓ છે, તેવી રીતે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સમજવા માટે મુખ્ય ત્રણ વિવરણ ગ્રંથો છે. (૧) ઈતિહાસ સ્વરૂપ નિજવાર્તા (૨) પરમત સ્વરૂપે બેઠકચરિત્ર અને (૩) ભાવરહસ્ય સ્વરૂપે ઘરુવાર્તા બિરાજે છે. બેઠકચરિત્રમાં શ્રી મહાપ્રભુજીના જીવનનો ભૂતલ પરનો ભૌતિક ઈતિહાસ, શાસ્ત્રાર્થના પ્રસંગો અને ભાવરહસ્યના પ્રસંગો આપણને પ્રાપ્ત થાય છે. તેમાં શ્રીમહાપ્રભુજીના વિવિધ પ્રકારનાં સાત સ્વરૂપનાં પણ આપણને દર્શન થાય છે. (૧) મુખ્ય પુરુષાકાર સુધા સ્વરૂપ (૨) આનંદ સ્વરૂપ-ભગવદ્ભાવરૂપે કૃષ્ણ સ્વરૂપ. (૩) પરમાનંદ-સ્વરૂપ-ગૂઢ સ્ત્રીભાવ રૂપ સ્વરૂપ-સ્વામિની સ્વરૂપ. (૪) કૃષ્ણાસ્ય (કૃષ્ણ મુખારવિંદ) સ્વરૂપ-ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપ. (૫) વૈશ્વાનર સ્વરૂપ-તાપાત્મક સ્વરૂપ. (૬) વલ્લભ સ્વરૂપ-લીલા મધ્યપાતી સ્વરૂપ. (૭) આશ્રય સ્વરૂપ-સન્મનુષ્યાકૃતિ વાક્પતિ સ્વરૂપ. આમ, આ બેઠકચરિત્રો અલૌકિક છે, અને તેમાં શ્રી મહાપ્રભુજીના સંપૂર્ણ અલૌકિક સ્વરૂપનાં આપણને દર્શન થાય છે.

શ્રીમહાપ્રભુજીનાં બેઠકોની કુલ સંખ્યા ૮૪ની છે. તેમના સેવકોની સંખ્યા પણ ૮૪ ની છે. આ ૮૪ના આંકની ભાવના બેઠક ચરિત્રના પ્રારંભમાં સમજાવવામાં આવી છે. શ્રીમહાપ્રભુજીએ પોતાનું સ્વરૂપ પોતાના મુખ્ય ૮૪ નિર્ગુણ ભક્તોના હૃદયમાં સ્થાપન કર્યું, તેથી ૮૪ વૈષ્ણવ પૈકીના પ્રત્યેક વૈષ્ણવનું હૃદય શ્રીમહાપ્રભુજીની એક એક બેઠક છે. તે ભાવથી ભૂતલ પર આપશ્રીની ૮૪ બેઠકો પ્રસિદ્ધ થઈ છે. આમ, પ્રત્યેક બેઠક ૮૪ ભગવદીયો પૈકીના એક એક ભગવદીયનું જીવંત હૃદય છે.

ભક્તિના ૮૪ પ્રકારો છે. ભક્તિમાં મુખ્ય નિર્ગુણ ભક્તિ છે. આ નિર્ગુણ ભક્તિના ત્રણ ભેદ-સ્વરૂપે સગુણ ભક્તિ બતાવવામાં આવી છે. તેમાં સાત્ત્વિક, રાજસ અને તામસ ભક્તિનો સમાવેશ થાય છે. આ ત્રણેય પ્રકારની સગુણ ભક્તિના પેટા ભેદોની સંખ્યા અને મુખ્ય ચાર પ્રકારની નિર્ગુણ અને સગુણ ભક્તિના પ્રેમ-આસક્તિ-વ્યસન જેવા ભેદો મળીને ૮૪ પ્રકારની ભક્તિ થાય છે. તેથી આ સર્વ પ્રકારની ભક્તિ કરતા ભક્તોને શરણે લેવા માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય અને કાર્ય છે. એનું સૂચન કરવા માટે બેઠકોની સંખ્યા ૮૪ની છે. આમ, ૮૪ બેઠકો માટેનાં બે કારણો આપણે જોયાં.

હવે એક ત્રીજું કારણ પણ વિચારીએ. ૮નો આંક પાવડાના આકારનો છે, જ્યારે ૪નો આંક રૂમાલમાં રૂપિયા બાંધી, ગાંઠવાળી હોય તેવી પોટકીના આકારનો છે. આ બે આંકનો આકાર એમ સૂચવે છે કે શ્રીમહાપ્રભુજીનાં દિવ્ય ચરિત્રોરૂપી

બેઠકચરિત્રને ભક્તિરૂપી પાવડાથી તમારા હૃદયમાં એકત્ર કરી, દૃઢ આશ્રયરૂપી રૂમાલમાં આ દિવ્ય ધનની પોટલી બાંધી, તેને સદૈવ હૃદયમાં ધારણ કરો. આમ, આ ત્રણેય પ્રકારે ૮૪ના આંકની અલૌકિકતા આપણને જોવા મળે છે.

હવે આપણે બેઠકજીનાં અલૌકિક સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ. ઉપનિષદમાં પૃથ્વીને ભગવદ્‌સ્વરૂપે વર્ણવી છે. શ્રીમહાપ્રભુજીના સ્પર્શથી પૃથ્વી ભગવદ્-સ્વરૂપમય બની છે. જેવી રીતે આપશ્રી વસ્ત્ર ઉપર પોતાનાં ચરણારવિંદ છાપી વૈષ્ણવને પધરાવતા અને તેમને પોતાનું સાક્ષાત્ સ્વરૂપ માની, તેમની સેવા કરવાની આજ્ઞા કરતા, પોતાનાં પાદુકાજી પણ સેવા માટે પધરાવી આપતા તેવી રીતે આપશ્રીના ચરણારવિંદ જે સ્થાન પર એક સપ્તાહ સુધી બિરાજ્યા તે સ્થાન પણ આપશ્રીનું સાક્ષાત્ ભગવદ્-સ્વરૂપ બની ગયું. આમ, બેઠકજી એ માત્ર માટીની, પથ્થરની કે આસરની ચોતરી નથી. પરંતુ શ્રીમહાપ્રભુજીનું સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે. આ ભાવથી આપણે બેઠકજીમાં જઇએ છીએ, દર્શન અને સેવા કરીએ છીએ.

બેઠકજીનાં ત્રણ સ્વરૂપો છે. આધિદૈવિક સ્વરૂપ, આધ્યાત્મિક સ્વરૂપ અને આધિભૌતિક સ્વરૂપ, દરેક બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ નિત્ય બિરાજે છે. તેથી તે બેઠકજીનું આધિદૈવિક સ્વરૂપ છે. આ સ્થળે શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલું પોતાનું વિશિષ્ટ દિવ્ય ચરિત્ર સદાકાળ માટે પ્રગટ છે; કારણ કે પુષ્ટિમાર્ગ નિત્ય લીલાવાદને સ્વીકારે છે. તેથી આવું વિશિષ્ટ ચરિત્રાત્મક સ્વરૂપ ત્યાં નિત્ય હોવાથી, તે બેઠકજીનું આધ્યાત્મિક સ્વરૂપ છે. બેઠકજીનું વિદ્યમાન સ્થળ મકાન, ચોક ઈત્યાદિ તેમનું આધિભૌતિક સ્વરૂપ છે. આપણને સામાન્ય રીતે બેઠકજીના આધિભૌતિક સ્વરૂપનાં દર્શન આપણાં ચર્મચક્ષુઓ દ્વારા થાય છે, પરંતુ જેમના ઉપર શ્રીમહાપ્રભુજીની કૃપા થાય છે, તેઓ બેઠકજીના આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપનાં દર્શન પણ કરી શકે છે. આજ સુધી અનેક ભગવદીયોને, આ ત્રણે સ્વરૂપનાં દર્શન બેઠકજીમાં થયાનાં પ્રમાણો મળી આવે છે.

જેવી રીતે બેઠકજીનાં ત્રણ પ્રકારનાં સ્વરૂપનાં દર્શન થાય છે, તેવી રીતે બેઠકજીમાં ત્રણ પ્રકારનું વાતાવરણ પણ અનુભવી શકાય છે. આધિદૈવિક વાતાવરણ, આધિભૌતિક વાતાવરણ અને આધ્યાત્મિક વાતાવરણ, શ્રીમહાપ્રભુજીની સેવા એ આધિદૈવિક વાતાવરણ છે. મન અને ઈન્દ્રિયો તેમાં પરોવાઇ જાય, ચિત્તની એકાગ્રતા થાય ત્યારે સેવાના આધિદૈવિક વાતાવરણનો આપણને અનુભવ થાય છે. સેવાના અનવસર સમયમાં શ્રીમહાપ્રભુજીનું સ્મરણ, શ્રીસર્વોત્તમજી ઈત્યાદિ સ્તોત્રના જપ-

પાઠ, અષ્ટછાપની વાણીનાં કીર્તનો વગેરેથી થતું શ્રવણ, કીર્તન અને સ્મરણ એ આધ્યાત્મિક વાતાવરણ છે. અહીં વૈષ્ણવ પોતાના લૌકિક જગતને ભૂલી જાય છે. શ્રીમહાપ્રભુજીનાં કીર્તન અને સ્મરણમાં ખોવાઇ જાય છે, તેની સંસાર-આસક્તિ ઘડીભર છૂટી જાય છે. વૈષ્ણવોને બેઠકજીમાં ઠીક ઠીક સમય રોકાવાની જરૂર રહેતી હોય છે. તેથી તેમને ઊતરવા અને પ્રસાદ લેવાની સુવિધા પણ બેઠકજીના વાતાવરણનો એક ભાગ બને છે. તેને આધિભૌતિક વાતાવરણ કહી શકીએ. આજના સમયમાં ઘેર સારી સગવડો વચ્ચે જીવતા વૈષ્ણવોને બેઠકજીમાં ઊતરવા માટે આરામદાયક, વ્યવસ્થિત અને આરોગ્યપ્રદ સવગડો અને વ્યવસ્થા મળે તે ખૂબ જરૂરી છે. આજે જગતમાં મોટા ભાગના મનુષ્યો માનસિક તાણ વચ્ચે જીવે છે. ઘરે સેવાસ્મરણ માટે પૂરતી નિરાંત કે મનની સ્વસ્થતા મળતી નથી. તેવા સંજોગોમાં વૈષ્ણવો ઈચ્છે છે કે ફુરસદની થોડીક પળો, થોડાક કલાકો કે થોડાક દિવસો બેઠકજીના એકાંત સ્થાનમાં ગાળીએ, જેથી ત્યાં અતિ પવિત્ર વાતાવરણમાં, એકાંતમાં સેવા-સ્મરણ-ચિંતન થઇ શકે. આવા વૈષ્ણવો માટે ઊતરવાની, રોજિંદી જીવનજરુરિયાતની અને તેમને અનુકૂળ રહે તેવા મહાપ્રસાદ વગેરેની સગવડ જો વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો વૈષ્ણવોને આવાં સ્થળોમાં પોતાની ફૂરસદનો સમય સેવાસ્મરણમાં ગાળવાની ખૂબ અનુકૂળતા થાય છે. બેઠકજીનું આ આધિભૌતિક વાતાવરણ છે. આ ત્રણેય પ્રકારના વાતાવરણનો અનુભવ આપણે બેઠકજીમાં કરી શકીએ છીએ. આમ, આપણે બેઠકજીના અલૌકિક સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કર્યો.

હવે આપણે આજે ભૂતલ પર બિરાજતાં બેઠકજીઓનું વર્ગીકરણ જાણવાનો પ્રયત્ન કરીએ.

(૪) બેઠકજીનું વર્ગીકરણ :

બેઠકનાયકો પ્રમાણે બેઠકજીઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

(૧) શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી-૮૪ (૨) શ્રીગુસાંઇજીનાં બેઠકજી-૨૮ (૩) શ્રીગિરિધરજીનાં બેઠકજી-૪ (૪) શ્રીગોકુલનાથજીનાં બેઠકજી-૧૩ (૫) શ્રીબાલકૃષ્ણલાલજીનાં બેઠકજી-૧ (૬) શ્રીરઘુનાથજીનાં બેઠકજી-૧ (૭) શ્રીઘનશ્યામજીનાં બેઠકજી-૧ (૮) શ્રીહરિરાયજીનાં બેઠકજી-૭ (૯) શ્રીદામોદરદાસ હરસાનીજીનાં બેઠકજી-૩. આમ કુલ ૧૪૨ બેઠકજી બિરાજે છે.

આ ઉપરાંત શ્રીનાથજીનાં ૪ બેઠકજી અને ૧૦ ચરણચોકી આવેલાં છે.

૧૪૨નો આંક પણ સૂચક છે. ૧ એટલે શ્રીનાથજી. ૪ એટલે ચાર યુથાધિપતિ સ્વામિનીજી, જેમાં શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીરાધાસહચરીજી અને શ્રીયમુનાજીનો સમાવેશ થાય છે. ૨ એટલે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી. આમ, જેમના હૃદયમાં આ બધાં સ્વરૂપો બિરાજે છે એવું ભગવદીય હૃદય એટલે બેઠકજી, એવો ભાવ ૧૪૨નો આંક આપણને બતાવે છે.

બીજી રીતે આ આંકનો વિચાર કરીએ તો તેનો સરવાળો સાત થાય. જે શ્રીમહાપ્રભુજીના ૬ દિવ્ય ધર્મો- ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય તથા સાતમું ધર્મી સ્વરૂપ. આમ, જયાં ષડ્ધર્મયુક્ત ધર્મી સ્વરૂપ બિરાજે છે તે બેઠકજી. એવો બીજો ભાવ પણ વિચારી શકાય.

ત્રીજી રીતે વિચારીએ તો ૭નો આંક પુષ્ટિમાર્ગમાં અતિ જાણીતો છે. સાત સ્વરૂપ, સાત બાળકો વગેરે. આ રીતે આ ૧૪૨ બેઠકજીના ભાવ વૈષ્ણવોએ વિચારી તેમનું રોજ સ્મરણ કરવું જોઇએ.

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

પ્રદેશવાર જોઇએ તો ઉત્તરમાં ૩૯ (જે પૈકી વ્રજમાં ૨૨ બેઠકજી છે), દક્ષિણમાં ૧૮, પૂર્વમાં ૪, પશ્ચિમમાં ૨૦ અને મધ્ય ભારતમાં ૩ બેઠકજી આવેલાં છે. આ ૮૪ બેઠકજીમાં ૬૫ બેઠકજી પ્રગટ છે, જયારે ૧૯ બેઠકજી આજે પણ ગુપ્ત છે. આ ૧૯ બેઠકજીમાં દક્ષિણમાં આવેલ શ્રીત્રિલોકનાથજીનાં બેઠકજીના સ્થળ વિષે કોઇ માહિતી આજે પણ ઉપલબ્ધ નથી.

જે બેઠકજી પ્રગટ બિરાજે છે. તેમાં સેવાની વ્યવસ્થાની દૃષ્ટિએ જો વર્ગીકરણ કરીએ તો સારી વ્યવસ્થા ૧૫ જેટલાં બેઠકજીમાં છે. ૨૦ જેટલાં બેઠકજીમાં મધ્યમ વ્યવસ્થા છે અને બાકીનાં બેઠકજીમાં નહીંવત વ્યવસ્થા છે. એ જ સ્થિતિ બાકીના બેઠકચરિત્ર-નાયકોનાં બેઠકજીઓની પણ છે. ખાસ કરીને વ્રજમાં આવેલાં બેઠકજીઓમાં સેવાની સુંદર વ્યવસ્થાનો મોટે ભાગે અભાવ જોવા મળે છે. કેટલેક ઠેકાણે તો બેઠકજી એ જાણે વ્યાપારનું સ્થાન બન્યું હોય તેવી પરિસ્થિતિ પણ જોવા મળે છે. જે આપણે માટે ખૂબ શરમજનક અને દુઃખદ છે. બેઠકજીઓ ઠેકાથી અપાય છે અને ભાવપૂર્વક આવનાર વૈષ્ણવોને ઠેકેદારો પરેશાન કરતા હોય છે. પરિણામે બેઠકજીમાં જનાર વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીનાં દર્શન, સેવા અને સ્મરણનો જે આનંદ મળવો જોઇએ તે આનંદ મળતો નથી.

શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠક હોવાનું બેઠકચરિત્ર કહે છે, પરંતુ વાસ્તવમાં જો શ્રીમહાપ્રભુજીના ચરિત્રનું સૂક્ષ્મ અવલોકન કરીએ તો આપણને જણાશે કે આપશ્રીએ ભાગવત, વેદ અને રામાયણનું પારાયણ ૮૪ કરતાં વધારે સ્થાનો ઉપર કરેલું છે, જેથી આપશ્રીની બેઠકજીની સંખ્યા વાસ્તવમાં ૮૪ કરતાં વધુ હોવી જોઇએ. દાખલા તરીકે, આજે ગુજરાતમાં જ વડોદરા જિલ્લામાં આવેલ કાવી ગામમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રસિદ્ધ છે. 'શ્રીવલ્લભ દિગ્વિજય' પ્રમાણે આ સ્થાનમાં (કપિલક્ષેત્રમાં) બિરાજીને શ્રીમહાપ્રભુજીએ વેદપારાયણ કર્યું હતું અને કપિલ બ્રાહ્મણો સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો. બેઠકજીનું સ્થાન નાનું પણ સુંદર અને રળિયામણું છે. અતિ સામાન્ય સેવા પ્રકાર ચાલુ છે, પરંતુ તેની ગણતરી ૮૪ બેઠકમાં થતી નથી. તેવી જ રીતે વડોદરા જિલ્લામાં આવેલું જંબુસર ગામ તે સમયે ભાનુક્ષેત્રના નામે જાણીતું હતું. ત્યાં બિરાજીને શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યાનો ઉલ્લેખ 'શ્રીવલ્લભ દિગ્વિજય'માં છે. ભગવદીયોને થયેલ અનુભૂતિ એમ નિઃશંક કહે છે કે આજે જયાં શ્રીહરિરાયજીચરણનાં બેઠકજી આવેલાં છે, તે જ સ્થાન શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનું પણ છે. જંબુસરનાં બેઠકજીનો ઉલ્લેખ બેઠકચરિત્રમાં નથી. ડાકોર તીર્થ તે વખતે ડંકક્ષેત્ર તરીકે જાણીતું હતું. ત્યાં બિરાજીને પણ શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું છે. આજે ડાકોરમાં આવેલાં બેઠકજી શ્રીહરિરાયજીનાં બેઠકજી તરીકે બેઠકચરિત્રમાં પ્રસિદ્ધ છે તે, સ્થાન શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનું પણ હોવું જોઇએ. આમ, જંબુસર અને ડાકોર બંને સ્થાનોમાં આવેલાં શ્રીહરિરાયજીનાં બેઠકજી, જે બેઠકચરિત્રમાં પ્રસિદ્ધ છે. તે, શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પણ હોવાનો પુરાવો મળી આવે છે. આવું અનેક સ્થાનોનું હશે. આ પરથી સમજાય છે કે આપશ્રીનાં બેઠકજીઓનાં સ્થાન ૮૪ કરતાં પણ વધુ સંખ્યામાં હોવાની સંભાવના છે. બેઠકજીના આ પ્રમાણેના વર્ગીકરણનો વિચાર કર્યા પછી હવે આપણે બેઠકજીનું આદર્શ સ્વરૂપ કેવું હોવું જોઇએ, એનો પણ થોડોક વિચાર કરીશું.

(૫) બેઠકજીનું આદર્શ સ્વરૂપ :

બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી આચાર્ય સ્વરૂપે બિરાજે છે. ભૂતલ ઉપર આપે સૌને આચાર્ય સ્વરૂપે જ પ્રગટ દર્શન આપ્યાં છે અને પોતાના આચારવિચારમાં આચાર્યપદને યોગ્ય મર્યાદાનું પાલન પણ કર્યું છે. તેથી બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીના આચાર્ય-સ્વરૂપને અનુરૂપ સેવા પ્રકાર સામાન્ય રીતે ચાલે છે અને ચાલવો જોઇએ.

આપશ્રી વિપ્રયોગાત્મક સ્વરૂપે ભૂતલ પર બિરાજ્યા છે, તેથી સાદું, સરળ અને સાત્ત્વિક જીવન પ્રગટ કર્યું છે. માટે આપના આ ઉચ્ચ જીવનને અનુરૂપ આપને બિરાજવાનું સ્થાન-નિજમંદિર અત્યંત સાદું પણ સ્વચ્છ અને સુઘડ હોવું જોઇએ. ગોબરથી લીંપેલ ભોંયતળિયું અને દીવાલોવાળા સાદા નિજમંદિરમાં ગોબરથી લીંપેલ ચોતરી ઉપર આપ બિરાજતા હોય તે આપના નિજમંદિર માટે આદર્શ સ્થાન કહી શકાય . પરંતુ સમયને અનુરૂપ ગોબર લીંપેલ નિજમંદિરની જાળવણી અનુકૂળ આવતી નથી. તેથી આરસ મઢેલ ભોંયતળિયું અને પ્લાસ્ટરવાળી દીવાલોવાળું નિજમંદિર મોટે ભાગે આપણને દર્શનીય બને છે, પરંતુ તે ખૂબ જ સાદું હોય, શાન્ત રંગથી રંગાયેલું હોય તે ખૂબ જરૂરી છે.

શ્રીમહાપ્રભુજીનું શય્યામંદિર આપશ્રીના શ્રીસ્વામિનીભાવને અનુરૂપ હોવું જોઇએ, એમ ભગવદીયો માને છે; કારણ કે આપ ત્યાં યુગલ સ્વરૂપે પોઢે છે. તેથી કાચનું સુંદર રીતે સજાવેલું, પૂરતા હવાઉજાસવાળું, સુંદર, વિશાળ સુખશય્યા સાથેનું હોવું જોઇએ. આ નિજમંદિર અને શય્યામંદિરની સાથે સેવા માટે જરૂરી મથની કોઠો, રસોઇ-ઘર, દૂધઘર વગેરેનાં સ્થાન તો હોય જ, તે સાથે વૈષ્ણવોને અપરસમાં સ્નાન કરવા માટેના શક્ય તેટલા વધારે પરનાળાની સગવડ, વસ્ત્રો બદલવાની સગવડ, કીમતી ચીજ-વસ્તુઓ તાળાકૂંચીમાં રાખવાની સગવડ, માથું ઓળી, તિલક ચરણામૃત માટેની સગવડ પણ ખૂબ સ્વચ્છ અને સુંદર રીતે હોવી ઘટે. નિજમંદિર બની શકે તેટલું જો વિશાળ હોય તો વૈષ્ણવોને મોટા સમૂહમાં પણ ઝારીચરણસ્પર્શ વગેરે સેવાની અનુકૂળતા થાય. દર્શન કરવાનો ચોક પણ બની શકે તેટલો વિશાળ હોવો જોઇએ. આજુબાજુ સુંદર બગીચો હોય, પ્રકૃતિસૌંદર્ય વિશેષ પ્રમાણમાં પથરાયું હોય તો આવનાર વૈષ્ણવોને જાણે વ્રજની નિકુંજમાં બેઠા હોય તેવી અનુભૂતિ અને આનંદની લાગણી થાય. શાન્ત સ્થાન એ બેઠકજી માટે ખૂબ જ જરૂરની આવશ્યકતા છે. ત્યાં સદાય પ્રશાન્તિ હોય, લડાઇ ઝઘડા ન હોય, લૌકિક વાતોનો અભાવ હોય, પુષ્કળ પ્રમાણમાં શાન્તિ હોય એ ખૂબ જરૂરી છે. જ્યાં જ્યાં બેઠકજીના નવનિર્માણનું કાર્ય ભગવદ્ કૃપાથી બની શકે અગર બેઠકજી નવેસરથી પ્રગટ થતાં હોય ત્યાં આ બધી બાબતોનો ખ્યાલ રાખીને જો આયોજન કરવામાં આવે તો આપણી ભાવનાને અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને અનુરૂપ બેઠકજીનું આદર્શ સ્વરૂપ દર્શન કરવા માટે અવશ્ય પ્રાપ્ત થાય.

(૬) બેઠકજી અને મંદિર વચ્ચેનો તફાવત :

આપણે ત્યાં સામાન્ય રીતે બે પ્રકારનાં ભગવદ્ધામો જોવા મળે છે. (૧) શ્રીઠાકોરજીનાં મંદિરો, જેમને સૌરાષ્ટ્રમાં હવેલીના નામે ઓળખવામાં આવે છે. (૨) જુદાં જુદાં બેઠકચરિત્ર-નાયકોનાં બેઠકજીઓ. આ બંને વચ્ચે પાયાના કેટલાક તફાવતો છે. મંદિરોમાં વૈષ્ણવોને ઠાકોરજીના શ્રીઅંગની સેવા કરવાનો, રસોઇ કરવાનો અધિકાર નથી. વૈષ્ણવો મંદિરોમાં બહારની તનુજી સેવા કે પોતાના દ્રવ્યનો વિનિયોગ કરાવતી વિત્તજા સેવા કરી શકે છે અને દર્શન કરી શકે છે. બેઠકજીમાં વૈષ્ણવોને બેઠકચરિત્ર નાયકના શ્રીઅંગની સેવા કરવાનો અને દૂધઘરની સામગ્રી કરવાનો અધિકાર છે. તે માટે કેટલાંક સ્થળોએ અગાઉથી વ્રત કરવું પડે છે, જ્યારે કેટલાંક સ્થળોએ આવું વ્રત કર્યા વિના પણ સેવા કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આમ, બેઠકજીમાં વૈષ્ણવો સર્વ પ્રકારની તનુજા અને વિત્તજા સેવા પોતાના હાથે અંગીકાર કરાવી શકે છે.

શ્રીમહાપ્રભુજીએ સેવાનું સ્વરૂપ ખૂબ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. તેનું વધારે વિશદતાથી નિરૂપણ કરતાં શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી છે કે સેવક પોતાની જાતે, પોતાના ઘરમાં, પોતાના પ્રભુની, પોતાના દ્રવ્યથી જ સેવા કરે તે તનુવિત્તજા સેવા કહેવાય. આવી સેવા પુષ્ટિમાર્ગીય મંદિરો કે હવેલીઓમાં વૈષ્ણવોથી બની શકતી નથી. તેમનો તે અધિકાર હોતો નથી. પરિણામે સેવાનો સાચો મર્મ વૈષ્ણવો ગ્રહણ કરી શક્તા નથી. તેથી તેમને સેવાનાં ફળ મળવામાં પણ વિલંબ થાય તે સંભવિત છે. વળી વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીએ બતાવેલ રીતે પોતાના ઘરમાં સેવા કરતા ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તેમને આ પ્રકારની સેવામાં કેટલીક પ્રતિકૂળતાઓ હોય છે. પરિણામે ઘરમાં સેવા બનતી ન હોવાથી, સેવા કર્યાનો આત્મસંતોષ મેળવવાની મનોવૃત્તિમાંથી જ હવેલીઓ પ્રગટ થઇ હશે તેવું અનુમાન કરી શકાય. આ સંજોગોમાં જ્યારે ઘરમાં સેવા બનતી નથી, અને જયારે હવેલીઓમાં સેવા કરવાનો પૂર્ણ અધિકાર નથી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ બતાવેલી તનુવિત્તજા સેવા કરવા માટે અનુકૂળ સ્થાન બેઠકજી છે.

આજે મોટા ભાગનાં મંદિરો કે હવેલીઓ ટ્રસ્ટ બની ગયાં છે. ગોસ્વામી બાળકોની સંપૂર્ણ સ્વતંત્ર સત્તા તેમના ઉપર નથી. ત્યાં ઠાકોરજીને અંગીકાર કરાવાતું દ્રવ્ય સીધું ઠાકોરજીને અંગીકાર થતું હોવાથી તે દેવદ્રવ્ય બને છે અને દેવદ્રવ્યની સામગ્રી પ્રભુ આરોગે તે મહાપ્રસાદરૂપે લેવાથી આપણે અપરાધી બનીએ છીએ.

શ્રીમહાપ્રભુજીએ પોતાના ઠાકોરજીની સોનાની કટોરી ગીરવે મૂકી, લાવેલાં દ્રવ્યમાંથી આરોગાવેલી સામગ્રી પોતે કે વૈષ્ણવોને નહિ આપતાં ગાયોને ખવડાવી દીધી હતી, તે પ્રસંગ જાણીતો છે. તેથી આ પ્રકારનાં મંદિરોમાં પ્રભુએ આરોગેલ સામગ્રી મહાપ્રસાદ રૂપે લેવી તે પણ બાધક બને છે. આ સર્વ અપરાધની નિવૃત્તિ માટે એકમાત્ર ઉપાય અત્યારના સમયમાં એ જ છે કે બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીને આપણા સ્વહસ્તે દીનતા અને પ્રેમથી પોતાને પ્રાપ્ત થયેલા દૈવી દ્રવ્યનો વિનિયોગ કરાવી તનુવિત્તજા સેવા જે બની શકે તે, જયારે બની શકે ત્યારે કરવી.

શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી વાસ્તવમાં ભિન્ન નથી. તેથી શ્રીમહાપ્રભુજીની સેવા એ શ્રીઠાકોરજીની જ સેવા છે. પરાપૂર્વથી વૈષ્ણવો પોતાના ઘરમાં શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર વસ્ત્ર, પાદુકા આદિ પધરાવી સેવા કરતા આવ્યા છે. આજે પણ આપણી ગૃહસેવા ગુરુભાવથી જ કરીએ છીએ. તેથી આજના સમયમાં જ્યારે ઘેર અપરસપૂર્વક સેવા કરવાની અનુકૂળતા નથી, ત્યારે બેઠકજીમાં જઈને વિધિપૂર્વક અને પ્રેમપૂર્વક સેવા કરવી તે વધારે અનુકૂળ અને ઉપયોગી છે.

બેઠકજી સેવા શીખવા માટેની પાઠશાળા અથવા તાલિમશાળા છે. સેવામાં જે મર્યાદાનું પાલન થાય છે, સેવાનો જે પ્રકાર અને રીત છે તે આપણે આપણી જાતે, આપણા ઘરમાં જાણી કે શીખી શક્તા નથી. બીજાને ત્યાં જઈને શીખવાની અનુકૂળતા હોતી નથી. ત્યારે આ અનુકૂળતા બેઠકજીમાં ખૂબ જ સહેલાઈથી મળી આવે છે. બેઠકજીમાં સેવાભાવી અને વૈષ્ણવપ્રેમી મુખિયાજી દ્વારા, ત્યાં આવેલ જાણકાર અને અનુભવી વૈષ્ણવો દ્વારા સેવા કરવાની રીત અને શ્રી વલ્લભ પ્રત્યેની પ્રીત શીખવાની આપણને તાલિમ મળે છે.

બેઠકજીમાં સ્મરણ માટે શાન્ત અને પવિત્ર વાતાવરણ મળે છે. શ્રીમહાપ્રભુજીનું સાંન્નિધ્ય મળે છે. ત્યાં આવેલ વૈષ્ણવોના સત્સંગનો લાભ મળે છે. શ્રીસર્વોત્તમ સ્તોત્ર આદિ સ્તોત્રના પાઠનો શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક, સદા અને મુદા જપ કરવાનું સુંદર વાતાવરણ પ્રાપ્ત થાય છે. દેવદ્રવ્યની ભીતિ બેઠકજીમાં ન હોવાથી શ્રીમહાપ્રભુજીનો આરોગેલો મહાપ્રસાદ આપણને બાધક બનતો નથી. આમ સર્વ પ્રકારે આજના સમયમાં આપણા જીવનમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવતાની તાલિમ મેળવવા માટે બેઠકજી તો એક આદર્શ સ્થાન બની રહે છે. આવાં બેઠકજીમાં જઈએ ત્યારે ત્યાં કેવી રીતે વર્તવું જોઈએ, આપણા આચાર-વિચાર કેવા હોવા જોઈએ, તે હવે પછીના પ્રકરણમાં આપણે જોઈશું.

પ્રકરણ : ૨

બેઠકજીમાં આપણે કેવી રીતે વર્તીશું?

(૧) આપણે સાથે શું લઈ જઈશું?

જયારે જયારે કોઈપણ બેઠકજીની યાત્રાએ જવાનું થાય, ત્યારે ત્યારે વૈષ્ણવોએ પોતાની સાથે શું શું લઈ જવું, તે પણ સચોટ રીતે જાણી લેવું ખૂબ જરૂરી છે. ઘણી વાર એવું બને છે કે આપણી અણસમજને કારણે જરૂરી કેટલીક વસ્તુઓ સાથે લઈ જતા નથી અને પરિણામે ત્યાં ગયા પછી મૂંઝવણ અને મુશ્કેલી જણાય છે. વૈષ્ણવોએ પોતાની સાથે ઓછામાં ઓછી નીચેની વસ્તુઓ લઈ જવી જોઈએ.

(૧) અપરસમાં સ્નાન કરતી વખતે પલાળવા માટેનાં વસ્ત્ર (૨) સ્નાન કર્યા પછી શરીર લૂછવા માટે કોરો ટુવાલ (૩) અપરસમાં પહેરવા માટે કોરાં વસ્ત્રો. આ વસ્ત્રો રેશમી હોય તો ધોયેલાં પણ ચાલી શકે. પુરુષોએ ધોતી અને બંડી, બંડી ના હોય તો ઉપરણો પણ ચાલે. પરંતુ શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રાખવો જોઈએ નહિ. (૪) સ્ત્રીઓએ સાડી, ચોળી અને ચણિયો અપરસમાં પહેરવા માટે સાથે લઈ જવાં જરૂરી છે. (૫) વસ્ત્રો કંતાનની થેલીમાં મૂકવાં, જેથી સ્નાન કર્યા પછી તે થેલીને અડકી શકાય. (૬) શ્રીમહાપ્રભુજીને આરોગાવવા માટે મિસરી (સાકર), કાજુ, દ્રાક્ષ જેવો સૂકો મેવો, સીંગદાણા, લીલો મેવો પણ શક્તિ અનુસાર લઈ જવાં. (૭) બેઠકજીમાં સગવડ અને અનુકૂળતા હોય તો દૂધઘર અને નાગરીની જુદી જુદી સામગ્રીઓ પણ ત્યાં બનાવી શકાય. તે માટેની જરૂરી ચીજવસ્તુઓ પણ સાથે લઈ જવી જોઈએ. અગર ત્યાંથી ન્યોછાવર આપી મેળવી લેવી જોઈએ. (૮) શ્રીમહાપ્રભુજીને ધરવા માટે સુંદર ધોતી, ઉપરણો, તુલસીની બે માળાઓ, જપ માટે ગૌમુખી અને માળા તથા ગુંજામાળા (૯) કોરું કંકુ (૧૦) ઋતુ પ્રમાણેનું સુંદર અત્તર (શિયાળામાં હીનો, ઉનાળામાં મોગરો કે ખસ, ચોમાસામાં કેવડો, કદંબ કે ગુલાબ) લઈ જવાં જોઈએ. સાથે ફૂલ લઈ ગયાં હોઈએ તો ફૂલની માળા પણ સિદ્ધ કરી શકાય. આટલી વસ્તુઓ ઓછામાં ઓછી સાથે લઈ જવી જરૂરી છે. તે ઉપરાંત, જો ત્યાં મહાપ્રસાદ લેવાનો હોય તો જલપાન માટેનાં વાસણો વગેરે પણ સાથે લઈ જવાં જરૂરી બની રહે છે. શક્ય હોય તો જે જે બેઠકજીએ જઈએ ત્યાં ત્યાં

શ્રીમહાપ્રભુજીનાં સુખ માટે વસ્ત્રો, સામગ્રી ઈત્યાદિની જે તકલીફ હોય તે દૂર કરવા માટેની આપણાથી બને તેવી સેવા પણ અવશ્ય કરવાનો મનોરથ રાખવો જોઈએ.

(૨) આપણે બેઠકજીમાં કેવી રીતે અપરસ કરીશું?

અપરસ કેવી રીતે કરવી તે જાણીએ તે પહેલાં અપરસ એટલે શું તે સમજી લેવું ખૂબ જરૂરી છે. અપરસના મર્મને સમજ્યા વિના આજે ઘણા સુધરેલા વૈષ્ણવો અપરસની ટીકા કરતા હોય છે. અપરસ શબ્દ મૂળ અસ્પર્શ શબ્દનું રૂપાન્તર છે. અસ્પર્શ એટલે કોઈને સ્પર્શ ન કરવો તે. અપરસમાં સ્નાન કરનાર વ્યક્તિ અપરસમાં ન હોય તેવી કોઈપણ વ્યક્તિને સ્પર્શ કરતી નથી. તેની પાછળ એક વૈજ્ઞાનિક કારણ રહેલું છે. એક વ્યક્તિ જ્યારે બીજી કોઈ વ્યક્તિને સ્પર્શ કરે છે ત્યારે જેને સ્પર્શ કરવામાં આવે છે, તેના શરીરમાં વહેતા વિદ્યુતપ્રવાહની અસર સ્પર્શ કરનારને પણ થાય છે. તેથી સામેની વ્યક્તિના ચિત્તની વૃત્તિઓ અને વિચારોની અસર સ્પર્શથી આપણા ઉપર થાય છે. સેવામાં પહેલી શરત ચિત્તની એકાગ્રતાની છે. આવી ચિત્તની એકાગ્રતા માટે જેટલી ચિત્તની શુદ્ધિ જરૂરી છે, તેટલી જ બાહ્ય શરીરની શુદ્ધિ પણ જરૂરી છે. જ્યાં સુધી બાહ્ય શરીર શુદ્ધ અને નિર્મળ હોતું નથી, ત્યાં સુધી મન સ્વસ્થ, શાન્ત, નિર્મળ અને પવિત્ર બની શકતું નથી, તેથી મનની શાંતિ, સ્વસ્થતા અને પવિત્રતા માટે બાહ્ય શુદ્ધિ અને બીજાના સ્પર્શથી દૂર રહેવાની વૃત્તિ ખૂબ જરૂરી માનવામાં આવી છે. સેવા એકાંતમાં થઈ શકે. સેવા એ સાર્વજનિક સ્વરૂપની હોઈ શકે નહિ, કારણ કે સેવા એ પ્રેમ છે. પ્રેમ જાહેરમાં કરવો નિષિદ્ધ ગણવામાં આવ્યો છે. તે બે વ્યક્તિઓની અંગતં બાબત છે. આમ, સેવા એ પણ સેવક અને સેવ્યની અંગત બાબત છે, તેથી આવી સેવા માટે અપરસની અનિવાર્યતા સ્વીકારવામાં આવી છે.

અપરસ કરવા માટે બેઠકજીમાં જઈએ ત્યારે આપણાં પહેરેલાં વસ્ત્રો ઉતારી, એક બાજુ મૂકી, પછી સ્નાન કરવા માટેનું વસ્ત્ર પહેરી પરનાળા (સ્નાન કરવાની જગ્યા)માં જવું જોઈએ. તે પહેલાં દંતધાવન ઈત્યાદિ ક્રિયાઓ પતાવી લેવી જરૂરી છે. આ બધી ક્રિયાઓ કરતાં આપણી ભાવના એવી હોવી જોઈએ કે શરીર જેટલું સ્વચ્છ હશે તેટલી શરીરની દુર્ગંધ ઓછી થશે અને તેથી શ્રીમહાપ્રભુજીને અપ્રસન્નતા કે પરિશ્રમ નહિ થાય. પરનાળામાં સ્નાન કરવા માટે જઈએ ત્યારે બાજુમાં લટકતા કંતાનથી અગર લાકડીની પટ્ટીથી કોઠીની ચકલી ખોલવી જોઈએ. કોઠીને કે ચકલીને આપણા અશુદ્ધ શરીરનો સ્પર્શ થવો જોઈએ નહિ. આમ, ચકલી ખોલ્યા પછી સ્નાનની શરૂઆત માથાથી કરવી જોઈએ. સૌથી પહેલાં જળની ધારા વડે માથું ભીંજવી ધીમે ધીમે શરીરનાં બધાં અંગો ભીંજવવા જોઈએ. શરીરનું કોઈપણ અંગ કોરું ન રહી જાય, પહેરેલું વસ્ત્ર પણ કોરું ન રહી જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. નાક અને કાનના અંદરના ભાગમાં પણ આંગળી વડે તે કોરા ભાગ ભીંજવવાનું ચૂકવું ન જોઈએ. સ્નાન કરતાં કોગળા અવશ્ય કરવા. કોગળા કરી જ્યાં સ્નાન કરવા બેઠા હોઈએ તે બધી જગ્યા જળથી બરાબર ધોઈ, ફરી સ્નાન કરવું જોઈએ. આમ, સ્નાન કર્યા પછી કોઠીની ચકલી આપણા હાથથી બંધ કરી શકાય. સ્નાન કરતાં મૌન રાખવું.

કોરા ટુવાલથી માથું અને શરીર લૂછી, કોરાં કરી, ટુવાલ વીંટી, ભીનું વસ્ત્ર નિચોવી બહાર આવવું જોઈએ. બહાર અપરસ માટેનાં કોરાં વસ્ત્રો વ્યવસ્થિત રીતે પહેરવાં જોઈએ. ટુવાલ અને ભીનાં વસ્ત્રો સૂકવી, વાળ વ્યવસ્થિત રીતે ઓળી, ચરણામૃત લેવું જોઈએ.

ચરણામૃત લેવાની એક નિશ્ચિત રીત છે, તે આપણે જાણી લઈએ. ચરણામૃત લઈ બંને આંખે ભ્રમર પાસે લગાડવું. ત્રણ વાર મુખમાં મૂકવું. ગળે અને છાતીએ લગાડવું. ચરણામૃત લીધા પછી પ્રસાદી કંકુનું તિલક અવશ્ય કરવું જોઈએ. તિલક કરવા માટે તિલકિયું ન હોય તો વાંસની સળીથી પણ તિલક કરી શકાય. જે રીતે અનુકૂળ હોય તે રીતે તિલક કરવું, પણ તિલક સુંદર લાગે તે જોવું. પછી હાથ ધોવા-ખાસા કરવા જોઈએ.

હાથ ખાસા કરવા માટે પરનાળા પાસે જઈ બંને હાથમાં માટી લઈ, માટી બરાબર ભીંજવી, હાથ બરાબર ઘસી, કાંડાથી આંગળી તરફ જાય તેવી રીતે જળ રેડતાં રેડતાં હાથ ખાસા કરવા જોઈએ. કાંડાથી ઉપરનો ભાગ બરાબર સ્વચ્છ થાય તેવી રીતે હાથ ખાસા કરવા જરૂરી છે. જળની ધારા આંગળીઓથી કાંડા તરફ ન જવી જોઈએ, તેનું ધ્યાન રાખવું. કારણ કે તેમ થાય તો કોણી સુધીનો ભાગ અશુદ્ધ બને અને હાથ ખાસા થાય નહિ. હાથ ખાસા કરતી વખતે રજમાં વ્રજરજની ભાવના કરવી અને જળમાં શ્રીયમુનાજીની ભાવના કરવી. આપણું લોહી-ચામથી બનેલું શરીર વ્રજરજ અને શ્રીયમુનાજીના સંપર્કથી શુદ્ધ અને સેવા ઉપયોગી બને છે. તેવી ભાવનાથી હાથ ખાસા કરતી વેળા મનમાં શ્રીગોપીજનોને વિનંતી કરવી કે, 'હે વ્રજભક્તો, સેવા કરવાનો મૂળભૂત અધિકાર આપનો છે. અમે આપના

દાસાનુદાસ છીએ. તો આપ કૃપા કરી અમને પણ હાથ પવિત્ર કરવાની થોડીક તક આપો.'

સ્નાન કરતી વખતે કશું જ બોલવું જોઈએ નહિ. હોઠ બંધ રાખવા જોઈએ. કારણ કે બોલવાના કારણે મોનું થૂંક શરીરના સ્નાન કરેલા ભાગ ઉપર ઊડવાથી શરીર અશુદ્ધ બને છે. આવી રીતે હાથ ખાસા કર્યા પછી મુઠ્ઠી વાળી સેવામાં જવું જોઈએ. તે દરમ્યાન આપણને આવડતા સ્તોત્રનો મનમાં પાઠ કરવો જોઈએ.

(૩) બેઠકજીમાં આપણે કેવી રીતે સામગ્રી સિદ્ધ કરીશું?

આમ, અપરસમાં હાથ ખાસા કરી, સેવા માટે તત્પર બન્યા પછી, મુખિયાજીની આજ્ઞા લઈ દૂધઘર કોઠામાં, જયાં સામગ્રી સિદ્ધ કરવાની સગવડ હોય ત્યાં જવું જોઈએ. આપણે લાવેલી સામગ્રી સાથે લઈ જવી જોઈએ. લીલા મેવાને જળથી બરાબર ધોઈ, તેને ખાસા કરી, શુદ્ધ વસ્ત્રથી લૂછી, સ્વચ્છ કરવો જોઈએ. કેટલાંક બેઠકજીમાં સામગ્રી સિદ્ધ કરવા માટે સુંદર વ્યવસ્થા જોવામાં આવે છે. રૂમમાં ચારે બાજુ થોડીક ઊંચી ઓટલી બનાવેલી હોય છે. જેના પર પતરાળાં કે છાબડીમાં સામગ્રી પધરાવી શકાય અને નીચે બેસીને તે સિદ્ધ કરી શકાય. જેથી કરીને આપણો પગ ઠાકોરજીને આરોગવાની સામગ્રીને અડકે નહિ. આવી વ્યવસ્થા ન હોય ત્યાં આપણો પગ તે સામગ્રીને ન અડકે તેની પૂરતી કાળજી રાખવી જોઈએ. છાબડીમાં પાતળ મૂકીને તેમાં અથવા પડિયામાં લીલો મેવો સિદ્ધ કરવો જોઈએ. સામગ્રી સિદ્ધ કરતી વખતે શક્ય હોય તો મોં ઉપર રેશમી વસ્ત્ર કે રૂમાલ બાંધી દેવો જોઈએ. જેથી કરીને બોલીએ ત્યારે થૂંકનો છાંટો સામગ્રીમાં ન પડે. જો મોં બાંધેલ ન હોય તો જરૂર પડે ઈશારાથી વાત કરવી, પણ મોં ખોલવું નહિ. ઘેરથી સાથે ચપ્પુ કે છરી પણ લઈ આવવાથી આપણે સામગ્રી ઝડપથી સિદ્ધ કરી શકીએ છીએ અને ચપ્પુ કે છરી માટે રાહ જોઈને બેસી રહેવું પડતું નથી. લીલો મેવો સિદ્ધ કરતી વખતે ખૂબ સાવચેતી રાખવી, જેથી તેની કોઈ છાલ, ઠળિયો વગેરે તેમાં રહી જાય નહિ. સુધારેલો મેવો ચૂંથાઈ ન જાય, તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. કાકડી વગેરે મેવો કડવો નથી, તેની પણ ખાતરી કરાવી લેવી જોઈએ. સૂકો મેવો પણ બરાબર સાફ કરી, દ્રાક્ષની સળીઓ વગેરે ન રહી જાય, તે રીતે સ્વચ્છ કરી, પડિયામાં કે છાબડીમાં ભરવો જોઈએ. મિસરીના મોટા ગાંગડા હોય તો સૂડીથી તેના ઝીણા ટૂકડા કરી મિસરી અને સૂકો મેવો ભેગાં કરવાં જોઈએ. બીજી સામગ્રી પણ જો ત્યાં સિદ્ધ કરવાની હોય તો વ્યવસ્થિત રીતે સિદ્ધ કરી પાત્રમાં સાજવી જોઈએ.

સામગ્રી માટે પડિયાનો ઉપયોગ કરીએ ત્યારે પડિયાની બંને બાજુની ટોચ તોડી નાખવી જોઈએ અને પછી તેમાં સામગ્રી ભરવી જોઈએ. જે કોઈ પડિયામાં કે છાબડીમાં સામગ્રી ભરવામાં આવે તે પાત્ર અધૂરું ન રહે અને પૂરેપૂરું ભરાય તેવું જ હોવું જોઈએ. સામગ્રીને સુંદર રીતે સજાવવી પણ જરૂરી છે. આ સામગ્રી સિદ્ધ કરતાં આપણા મનમાં એ પ્રકારની ભાવના કરવી જોઈએ કે ગોપીજનો પોતાના પ્રિયતમ પ્રભુને આરોગાવવા માટે પોતાના ઘેરથી સુંદર સુંદર સામગ્રી સિદ્ધ કરીને લઈ આવે છે. જેવી રીતે રજોબાઈ ક્ષત્રાણી દરરોજ સુંદર સામગ્રી સિદ્ધ કરીને શ્રીમહાપ્રભુજીને આરોગાવતાં હતાં, તેવી રીતે આપણે પણ રજોબાઈની આડીથી શ્રીમહાપ્રભુજીને આરોગાવવા માટે, તેમની પ્રસન્નતા માટે આપણાથી બની શકે તે સામગ્રી સિદ્ધ કરીએ છીએ. સામગ્રીમાં મહત્ત્વ સામગ્રીનું નથી, પરંતુ આપણા હૃદયની પ્રેમપૂર્વકની ભાવનાનું છે. તે ભૂલવું જોઈએ નહિ. માટે પ્રભુકૃપાથી બની શકે તે સામગ્રી સિદ્ધ કરવી. પરંતુ હૃદયમાં દીનતા, વિરહ અને પ્રેમ રાખવાં. અહંતા અને મમતા રાખવાં નહિ. અભિમાનથી કરેલી સામગ્રી પ્રભુ અંગીકાર કરતા નથી. સામગ્રી સિદ્ધ કરતાં મનમાં લૌકિક ભાવ પણ ન આવે તેની પૂર્ણ જાગૃતિ રાખવી જોઈએ, કારણ કે જ્યાં લૌકિક ભાવ આવે છે ત્યાં પણ પ્રભુ તે અંગીકાર કરતા નથી. આવી રીતે સામગ્રી સિદ્ધ કરી તેના ઉપર માખી વગેરે ન બેસે, તેમાં કંઈ કચરો ન પડે તે માટે તેને વ્યવસ્થિત રીતે ઢાંકી દેવી. જો સામગ્રી પ્રવાહી હોય તો તેમાં ચમચી અવશ્ય પધરાવવી. આવી રીતે ભાવપૂર્વક અને પ્રેમપૂર્વક સામગ્રી સિદ્ધ કરવી જોઈએ.

વિવિધ સામગ્રી વ્રજભક્તોના વિવિધ ભાવોનું સ્વરૂપ છે. તેથી પ્રત્યેક વ્રજભક્ત પોતાના હૃદયનો શુદ્ધ અને નિર્ગુણ પ્રેમ પ્રભુને અંગીકાર કરાવે છે, તેવો ભાવ આ સામગ્રીમાં વિચારવો. શ્રીમહાપ્રભુજીને સર્વ સામગ્રીમાં મિસરી અતિ પ્રિય છે. કારણ કે મિસરી રસરૂપ છે. પ્રભુની લીલાઓના રસસમુદ્રનું તે અલૌકિક સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીના હૃદયમાં ભગવદ્‌લીલારસના સાગર ભરેલ છે. તેથી શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી ખૂબ પ્રેમપૂર્વક મિસરી આરોગે છે. આ ભાવથી બીજું કશું ન બની શકે તો થોડીક મિસરી તો શ્રીમહાપ્રભુજીને અવશ્ય આરોગાવવી.

(૪) શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગની સેવા કેવી રીતે કરીશું?

સામગ્રી સિદ્ધ કર્યા પછી મુખિયાજીની આજ્ઞા લઈને, હાથ ખાસા કરીને શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગની સેવા માટે આપશ્રીના નિજમંદિર પાસે શ્રદ્ધાપૂર્વક જવું જોઈએ. શ્રીમહાપ્રભુજીને સૌથી પ્રથમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, બે હાથ જોડી દીનતાપૂર્વક સેવા અંગીકાર કરવા માટે વિનંતી કરી, હાથ ખાસા કરવા જોઈએ. સેવામાં જેટલી વખત હાથ જોડીને પ્રણામ કરીએ કે દંડવત કરીએ તેટલીવાર હાથ ખાસા કરવા જોઈએ. હાથ ખાસા કરવા એટલે ખાસાના પરનાળે હાથ ધોવા અને સ્વચ્છ વસ્ત્રથી લૂછવા. હાથ ખાસા કર્યા પછી જો કેસર-સ્નાનનો મનોરથ હોય તો ઘેરથી ઉત્તમ કેસર લઈ આવ્યા હોઈએ તે જળમાં લસોટી ઋતુ અનુસાર ઉષ્ણોદક સ્નાન માટે તૈયાર કરવું જોઈએ. અંગવસ્ત્ર કરાવવા માટે અતિ મુલાયમ સુંદર ટુવાલ પણ કોરો લઈ આવવો જોઈએ. ન લાવ્યા હોઈએ તો મુખિયાજી પાસેથી મેળવી લેવો જોઈએ.

મુખિયાજી બતાવે તે પ્રમાણે અતિ કોમળ હાથથી ચોતરીજીને કેસર-સ્નાન કરાવવું જોઈએ. પ્રારંભમાં જેવી રીતે શ્રીવલ્લભકુળને ચરણારવિંદ પ્રક્ષાલન કરીને કેસર-સ્નાન કરાવીએ છીએ, તેવી રીતે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદને કેસરમિશ્રિત જળથી પ્રક્ષાલિત કરવા જોઈએ અને પછી સમગ્ર શ્રીઅંગને કોમળ હાથે સ્નાન કરાવવું જોઈએ. ચોતરીજી એ માટીથી લીંપેલ ચોતરી કે આરસપહાણની બેઠક નથી; પરંતુ અત્યંત સુકોમળ એવા સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજે છે. એવી ભાવના સદૈવ મનમાં રાખી ખૂબ જાગૃતિપૂર્વક શ્રીમહાપ્રભુજીને જરાય પરિશ્રમ ન પડે તે રીતે વૈષ્ણવોએ વારાફરતી કેસર-સ્નાન કરાવવું. તેમાં ધક્કામૂક્કી ન કરવાં. બધો સમય મનમાં પંચાક્ષર અને અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો અગર શ્રીસર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવો.

બધા વૈષ્ણવો [illegible]ી લે તે પછી કોમળ, મુલાયમ, કોરો ટુવાલ (નેપકીન) જેને [illegible] આવે છે, તેનાથી આપશ્રીનું શ્રીઅંગ અત્યંત કોમળ હાથે પોંછવું જોઈએ. કેટલાંક સ્થાનોમાં કેસર-સ્નાન કરાવતાં પૂર્વે શ્રીઅંગને તેલમર્દન પણ કરવામાં આવે છે. ત્યાં તેલમર્દન પણ ખૂબ કોમળ હાથે સમગ્ર શ્રીઅંગ ઉપર કરવું જોઈએ. શ્રીઅંગ પોંછયા પછી મંદિરવસ્ત્રથી આજુબાજુ ઢોળાયેલ સ્નાનનું જળ લૂછી લેવું જોઈએ. બીજા સૂકા મંદિરવસ્ત્રથી નિજ મંદિરનું ભોંયતળિયું સ્વચ્છ અને કોરું કરવું જોઈએ. તે કર્યા પછી કુમકુમથી, મુખિયાજી બતાવે તે પ્રમાણે, શ્રીમહાપ્રભુજીને તિલક કરવું જોઈએ. તિલક બે વાર કરવું જોઈએ. બે સ્વસ્તિક પણ પૂરવા. જો વૈષ્ણવોનો મોટો સમૂહ હોય તો મનોરથી વૈષ્ણવો આ બધી સેવા કરે ત્યારે બીજા વૈષ્ણવોએ પોતાનો હાથ, પોતાની આગળ ઊભેલા કે બેઠેલા વૈષ્ણવોના જમણા ખભે મૂકવો જોઈએ અને પોતે જ આ સર્વ સેવાનો આનંદ લઈ રહ્યા છે, તેવી મનમાં ભાવના કરવી જોઈએ.

હાથ અડાડવા પાછળ પણ એક વૈજ્ઞાનિક કારણ રહેલું છે. કોઈક વ્યક્તિને વીજળીનો કરંટ લાગ્યો હોય અને તેને આપણે સ્પર્શ કરીએ તો આપણને પણ કરંટ લાગે છે અને આપણને બીજો સ્પર્શ કરે તો તેને પણ કરંટ લાગે. તેવી જ રીતે વૈષ્ણવ સેવા કરતા હોય તેમના શરીરનો ભાવપૂર્વક સ્પર્શ કરવાથી સેવાની ભાવના આપણા હૃદયને પણ સ્પર્શે છે. તેમની સેવામાં એકાગ્ર થયેલી ચિત્તવૃત્તિનો પ્રવાહ સ્પર્શથી આપણા ચિત્તમાં પણ વહેવા માંડે છે, અને તેથી તે વૈષ્ણવ દ્વારા આપણને પણ સેવાનું તેટલું જ ફળ અને તેટલો જ આનંદ પ્રાપ્ત થાય છે, જેટલો તેમને થાય છે. માટે આ સર્વ બાબતોમાં પણ ખૂબ શિસ્ત અને સંયમ રાખવાં જોઈએ. જેથી કરીને શ્રીમહાપ્રભુજીને જરા પણ પરિશ્રમ ન પડે.

આજે ઠેર ઠેર આપણે જોઈએ છીએ કે જ્યાં જ્યાં મોટો સમૂહ એકત્ર થાય છે ત્યાં શ્રીમહાપ્રભુજીની સન્મુખ ધક્કામૂક્કી, એકબીજાની સાથે અપશબ્દોની આપ-લે, ઝઘડા, બૂમાબૂમ, ક્રોધ અને ભારે અવ્યવસ્થાનું વાતાવરણ જોવા મળે છે. સેવામાં જો ક્રોધ આવે તો આપણી અપરસ છોવાય છે. કારણ કે ક્રોધને શાસ્ત્રોએ ચાંડાલનું સ્વરૂપ કહ્યું છે. જેમ ચાંડાલનો સ્પર્શ કરવાથી અપરસ છોવાય છે, તેમ અપરસમાં ક્રોધ કે અભિમાન કરવાથી પણ અપરસ છોવાય છે. સાચી સેવા માત્ર જાતે કરવાથી જ પ્રાપ્ત થતી નથી. પરંતુ બીજા વૈષ્ણવોને સેવા માટેની અનુકૂળતા કરી આપવામાં શ્રીમહાપ્રભુજીની સેવા થાય છે જ. સાથે સાથે જ્યારે મોટો સમૂહ એકત્રિત થાય ત્યારે સેવા માટે પડાપડી અને ધક્કા મૂક્કી ન કરતાં ખૂબ શિસ્તબદ્ધ રીતે, આપણાં વાણી-વર્તનના સંયમપૂર્વક, આપણા મનની સર્વ વૃત્તિઓને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં એકાગ્ર કરીને જે કંઈ સેવાનું સુખ મળે તે લેવું જોઈએ.

સેવાની બીજી એક બાબત પણ આવા સમૂહમાં ભુલાઈ જાય છે. સેવા એ સેવ્યના સુખ માટે છે. સેવકના સુખ માટે નથી. સેવ્યના સુખમાં જ સેવકનું સુખ સમાયેલું છે. માતાને બાળકની સેવા કરવામાં આનંદ આવે છે, પરંતુ માતા પોતાના

આનંદ માટે ઉનાળામાં બાળકને જરીનાં વસ્ત્રો પહેરાવીને શણગારતી નથી, કારણ કે માતા બાળક પ્રસન્નતામાં રહે, રાજી રહે તે જોવા ઇચ્છે છે. પોતાના બાળકના સુખનો વિચાર કરે છે અને તેમાં તે પોતાનું સુખ માને છે. બાળકને દુ:ખી કરીને માતા પોતાના સુખનો વિચાર કદાપિ કરતી નથી. તેવી રીતે સેવકે પણ પોતાના સુખનો વિચાર ન કરતાં સેવ્યના સુખનો વિચાર કરવો જોઇએ. આ સિદ્ધાંત અતિ મહત્ત્વનો છે. તેથી જયાં જયાં બેઠકજીમાં સેવા માટે જવાનું થાય ત્યાં ત્યાં શ્રીમહાપ્રભુજીનાં સુખ અને પ્રસન્નતા શામાં છે, તેનો જ વિચાર આપણે સૌએ કરવો જોઇએ. શ્રીમહાપ્રભુજીને જેનાથી સુખ થાય તે જ આપણું સુખ છે. એમ માનવું એ સેવકનો, વૈષ્ણવોનો ધર્મ છે. એટલે કેસર-સ્નાન કરાવતી વખતે, ઝારી ભરતી વખતે કે ભોગ ધરતી વખતે આ બાબતને સૌથી પ્રથમ સ્થાન આપી, તે પ્રમાણે વર્તવું ખૂબ જરૂરી છે.

આવી રીતે કેસર-સ્નાન કરાવ્યા પછી, લઇ ગયેલ ધોતી ઉપરણા મુખિયાજીને આપવાં, જેને વ્યવસ્થિત રીતે ગડી કરી ધરાવવા માટે તેઓ સિદ્ધ કરશે. ગાદીતકિયા પર મુખિયાજી કહે તે રીતે ધોતી-ઉપરણા ધરાવી, અત્તર બહુ જ કોમળ હાથે સમર્પવું જોઇએ. પછી તુલસીની બે માળાઓ અને ગુંજામાળા ધરાવવી. આવી રીતે આપણે ખૂબ ભાવપૂર્વક શ્રીઅંગની સેવા કરવી જોઇએ.

(૫) શ્રીમહાપ્રભુજીને આપણે કેવી રીતે ભોગ ધરીશું?

મુખિયાજી શ્રીમહાપ્રભુજીને શણગાર કરી લે. પુષ્પમાળા ધરાવે તે પછી તેમની સૂચના પ્રમાણે સિદ્ધ કરેલી સામગ્રીનો શ્રીમહાપ્રભુજીને ભોગ ધરવો જોઇએ. જો વહેલા ગયા હોઇએ તો મંગળભોગ વખતે પણ ભોગ ધરી શકાય. અથવા થોડા મોડા જઇએ તો રાજભોગ વખતે પણ ભોગ ધરી શકાય.

ભોગ માટેની સામગ્રી જે સિદ્ધ કરી રાખી હોય તે ઢાંકીને કોઇની દૃષ્ટિ ના પડે તે રીતે નિજમંદિરમાં લઇ જવી જોઇએ. તે લઇ જતાં પહેલાં હાથ ખાસા કરી લેવા જરૂરી છે. ગમે ત્યાં અડકેલા હાથે ભોગ ધરવાની સામગ્રીને સ્પર્શ કરવો જોઇએ નહિ. શ્રીમહાપ્રભુજીની સન્મુખ મુખિયાજી બતાવે ત્યાં ભોગની સામગ્રી પધરાવવી જોઇએ. ભોગ ધર્યા પછી હાથ જોડી દીનતા અને પ્રેમથી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરવી જોઇએ કે 'કૃપાનાથ, હું રંક જીવ આપની પ્રસન્નતા માટે કંઇ કરી શક્યો નથી, મારાથી કશું બની શક્યું નથી, પરંતુ ભગવદીયોની કૃપાથી આપના શરણે આવ્યો છું. તો શ્રીદામોદરદાસ હરસાનીજી આદિ ૮૪-૨૫૨ વૈષ્ણવોની કાનીથી આપ આ સામગ્રી સમગ્ર લીલાપરિકર સહિત આરોગવાની કૃપા કરો.' આમ વિનંતી કરી દંડવત કરી, ટેરો સરકાવીને બહાર આવવું જોઇએ.

ભોગ ધર્યા પછી કાની આપતાં પહેલા ઝારીજી ભરી શકાય. મુખિયાજી બતાવે તે પ્રમાણે ઝારીજી ભરવાં જોઇએ. ઝારીજીની અસલ ભાવના સમજીને જો આપણે ઝારીજી ભરીએ તો ખૂબ આનંદ આવે. ઝારીજી મોટે ભાગે ચાંદીનાં કે તાંબાનાં હોય છે. ચાંદીનો શ્વેત રંગ શ્રીચંદ્રાવલીજીની ભાવનાનું સ્વરૂપ છે. ઝારીજી ઉપર વીંટવામાં આવતો લાલ વસ્ત્રનો નેવડો એ સાડીનું સ્વરૂપ છે. અને લાલ રંગ શ્રીરાધાસહચરીજીના અનુરાગની ભાવનાનું સ્વરૂપ છે. ઝારીજીમાં ભરવામાં આવતું જળ શ્રી યમુનાજીના જળની ભાવનાથી શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. આમ ચારેય યૂથાધિપતિ સ્વામિનીજીના ભાવથી શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજી ઝારીજી અંગીકાર કરે છે. માટે હાથ ખાસા કરી શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતાં કરતાં ખૂબ એકાગ્રતાપૂર્વક શ્રીયમુનાજીનું ગોવિંદઘાટ ઉપર ઊભા રહી દર્શન અને સ્મરણ કરીએ છીએ અને જમુનાજળ ભરીએ છીએ એવી ભાવનાથી ઝારીજી ભરવાં જોઇએ. એક વૈષ્ણવ ઝારીજી ભરતા હોય ત્યારે બીજા સૌએ પોતાનો જમણો હાથ તેમના જમણા ખભે અડકાડવો જોઇએ. આગળ જોઇ ગયા તે પ્રમાણે આવી રીતે ઝારીજી ભરવાથી પણ જાતે ઝારીજી ભર્યાની સેવાનો જે આનંદ અને અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે, તે જ પ્રાપ્ત થાય છે. માટે મોટા સમૂહમાં દરેક વૈષ્ણવે જાતે જ ઝારીજી ભરવાનો આગ્રહ રાખવો તે ઠીક નથી.

આપણે બેઠકજીમાં સેવા કરવા જતાં હોવા છતાં, ઝારીજી ભરવા જઇએ છીએ એમ વ્યવહારમાં બોલવામાં આવે છે. તેનું કારણ એ છે કે આ સેવામાં અત્યંત દીનતા અને પ્રેમ રહેલ છે. જીવ સર્વસમર્થ પ્રભુને શું અંગીકાર કરાવી શકે? પ્રભુ જીવના હૃદયની દીનતા અને પ્રેમથી પ્રસન્ન થઇ, તેણે ધરાવેલ જળ પણ બહુ પ્રસન્નતાથી આરોગે છે. અને તેથી ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં એવા પ્રસંગો આપણે જોઇએ છીએ કે વૈષ્ણવના ઝારીજીના ફળથી નીચે આવેલું દેવોનું વિમાન પણ આકાશમાર્ગે જઇ શક્યું હતું. જયારે ઘણા વૈષ્ણવોએ ઝારીજીનું જળ ભરવા માટે જવાના એક ડગલાની સેવાનું ફળ પણ બીજાઓને આપવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો છે. શેઠ દામોદરદાસ સંભરવાળા રાજ્યના દિવાન હોવા છતાં, દાસી પાસે જળ ન ભરાવતાં, બજાર વચ્ચેથી જાતે જળની ગાગર લઇ આવવામાં પોતાનું અહોભાગ્ય માનતા.

માટે ઝારીજી ભરવાની સેવા આપણને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને આપી છે, તેને આપણું અહોભાગ્ય માની, દીનતા અને પ્રેમથી ભાવનાપૂર્વક આ સેવા કરવી જોઇએ.

આમ, ઝારીજી એ ચાર યૂથાધિપતિ સ્વામિનીજીના ભાવનું સ્વરૂપ છે. શ્રીસ્વામિનીજીને પ્રસન્ન કરી, તેમનું માન છોડાવી પ્રભુ પાસે પધરાવનાર દૂતી-સ્વરૂપ વ્રજભક્તના ભાવથી ઝારીજી ભર્યા પછી નેવડો વ્યવસ્થિત વીંટી બે હાથે ઝારીજી પધરાવી, શ્રીમહાપ્રભુજીની ડાબી બાજુ ઝારીજી પધરાવવાં જોઇએ. આવી રીતે ઝારીજી પધરાવ્યા પછી ભોગ આરોગવાની કાની આપી, દંડવત કરી, ટેરો સરકાવી બહાર આવવું.

(૬) શ્રીમહાપ્રભુજીની અન્ય સેવા કેવી રીતે કરીશું?

ભોગ ધરીને બહાર આવ્યા પછી મુખિયાજીને પૂછીને બીજી જે કંઇ સેવા તેઓ બતાવે તે ખૂબ દીનતા અને પ્રેમથી કરવી જોઇએ. કોઇ સેવા નાની નથી અને કોઇ સેવા મોટી નથી. સર્વ સેવા સમાન છે. અને સમાન ફળ આપનારી છે. તેવા ભાવથી જે કંઇ સેવા મળે તેને આપણું અહોભાગ્ય માનીને કરવાથી તે સેવા શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્નતાપૂર્વક અંગીકાર કરે છે. આપણા માર્ગનો એ મુખ્ય સિદ્ધાંત છે કે શ્રીઠાકોરજીને પ્રસન્ન કરવા માટે શ્રીસ્વામિનીજીને પ્રસન્ન કરી, તેમના કૃપાપાત્ર બનવું જરૂરી છે. શ્રીમહાપ્રભુજી શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ હોવાથી શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી, તેમના કૃપાપાત્ર બનવાથી શ્રીઠાકોરજીની પ્રસન્નતા અને કૃપા પ્રાપ્ત થઇ શકે છે. શ્રીઠાકોરજીની સેવા શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ય બને છે, સેવામાં નડતા પ્રતિબંધો દૂર થાય છે, સેવામાં આપણો પ્રેમ અને ભાવ વધે છે. આપણાં વાણી અને વર્તનમાં દીનતા આવે છે, અને આપણે આપણા ઘેર, આપણી જાતે, આપણા દ્રવ્યથી આપણા માથે બિરાજતા પ્રભુને ખૂબ લાડ લડાવી શકીએ છીએ. માટે બેઠકજીમાં જેટલી સેવા મળે તેટલી સર્વ સેવા ખૂબ દીનતા અને પ્રેમથી કરવી જોઇએ. જળ ભરવાની સેવા, બુહારી કરવાની (કચરો વાળવાની) સેવા, વાસણ સાફ કરવાની સેવા, પાનની બીડી બાંધવાની સેવા, ફૂલઘરની સેવા કે બીજી કોઇપણ સેવા તેટલા જ પ્રેમથી કરવી જોઇએ. સેવા કરતાં મૌન રાખવું જરૂરી છે. તે બાબત આપણે આગળ જોઇ ગયા છીએ. મનમાં અષ્ટાક્ષર કે પંચાક્ષર મંત્રનો અથવા શ્રીસર્વોત્તમ સ્તોત્રનો જપ સતત કરવો જોઇએ.

સેવા અને સ્મરણ વિષે પણ આ પ્રસંગે એક વાત બરાબર સમજી લેવાની જરૂર છે. સ્મરણનું ફળ સેવા છે. તેથી સેવાના ભોગે સ્મરણ થઇ શકે નહિ. સેવા ન બની શકે ત્યારે તેવા સમયમાં સ્મરણ કરવું જોઇએ. સેવા છોડીને સ્મરણ કરવા બેસવું ઉચિત નથી. લૌકિકમાં સૌભાગ્યવતી સ્ત્રી પરણીને સાસરે આવ્યા પછી તેના પતિને એમ કહે : 'તમે મને ખૂબ પ્રિય છો, લગ્ન પૂર્વે પણ હું તમારું સ્મરણ કરતી હતી અને તેમાં મને ખૂબ આનંદ આવતો હતો, તેથી લગ્ન પછી પણ હું તમારી સગવડો સાચવવાની સેવા કરવાને બદલે સ્નાન કરી, સુંદર વસ્ત્ર પહેરી, તમારા ફોટાને ફૂલહાર ચઢાવી, તેની સામે બેસી તમારું સ્મરણ કર્યા કરીશ અને તમે તમારી જરૂરિયાતો તમારી જાતે પૂરી કરી લેજો.' તો પતિ પોતાની પત્નીના આવા વ્યવહારને ન તો સ્વીકારી શકશે કે ન તો ચલાવી લેશે. તેવી રીતે આપણે પણ જ્યાં સુધી બ્રહ્મસંબંધ ન થયું હોય ત્યાં સુધી કેવળ સ્મરણ કરવાનો અધિકાર મેળવીએ છીએ. પરંતુ પ્રભુ સાથે લગ્નરૂપી બ્રહ્મસંબંધ થયા પછી આપણને શ્રીમહાપ્રભુજીની કૃપાથી સેવા કરવાનો અધિકાર મળ્યો છે. તેથી સેવાના સમયમાં સેવી કરવી જોઇએ અને સેવાના અનવસરમાં (અનોસરમાં) સ્મરણ કરવું જોઇએ. એ વાત બેઠકજીમાં સેવા કરતા હોઇએ ત્યારે પણ ભુલાવી ન જોઇએ.

(૭) શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શ કેવી રીતે કરીશું?

શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શ કેવી રીતે કરવાં તે પણ મોટાભાગના વૈષ્ણવો જાણતા હોતા નથી. ઘણીવાર બેઠકજીમાં મોટા સમૂહની સાથે જવાનું થાય ત્યારે ચરણસ્પર્શ કરતી વખતે જે દૃશ્ય જોવા મળે છે તે ખૂબ જ દુઃખદાયક હોય છે. ચરણસ્પર્શ કરવા માટે ત્યાં પડાપડી થતી હોય છે. તેને પરિણામે ક્યારેક તો વૈષ્ણવો શ્રી મહાપ્રભુજીના ઉપર પોતાનું આખું શરીર નમાવી દેતા હોય છે. ધક્કામૂક્કી થતી હોય છે અને તેથી શ્રીમહાપ્રભુજીને સુખ થવાને બદલે પરિશ્રમ થતો હોય છે. ક્યારેક અજ્ઞાનવશ કોઇક વૈષ્ણવ કહે છે: 'અહીં મૂર્તિ તો નથી. કોનાં ચરણસ્પર્શ કરીએ?' આ સંજોગોમાં એક પછી એક વ્યવસ્થિત લાઇનમાં ઊભા રહીને શ્રીમહાપ્રભુજીની સન્મુખ જઇને આપણને ચરણસ્પર્શ કરીએ, તો આપણને ચરણસ્પર્શનો અને દર્શનનો સારી રીતે લાભ મળે અને આનંદ આવે. આપણે એક વાત બહુ સ્પષ્ટ રીતે સમજી લેવાની જરૂર છે કે ચરણસ્પર્શ આપણા સુખ માટે છે. તેમાં શ્રીમહાપ્રભુજીનું સુખ નથી. જે બાબત આપણા સુખ માટે હોય તેમાં શ્રીમહાપ્રભુજીને બિનજરૂરી પરિશ્રમ આપવો તે સેવકનો ધર્મ નથી. ભગવદીયોએ શ્રીમહાપ્રભુજીના બંને ચરણારવિંદની

જે ભાવના બતાવી છે. તેનું ચિંતન કરતાં કરતાં આપણે ચરણસ્પર્શ કરવાં જોઇએ.

શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનાં ચરણારવિંદમાં જેમ ષોડશ ચિહ્નો રહેલ છે. તેવી રીતે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં પણ ષોડશ ચિહ્નો છે. શ્રીમહાપ્રભુજીનાં આ ચરણચિહ્નની ભાવના ગો.શ્રીકાકાવલ્લભજી મહારાજે પોતાના એક પદમાં ખૂબ સુંદર રીતે સમજાવી છે. તે પદ નીચે પ્રમાણે છે.

શ્રીમહાપ્રભુજીનાં ચરણચિહ્નની ભાવના

ધર મન ત્રિવિધ સ્વરૂપકો ધ્યાન, શ્રીમદ્ વલ્લભકે ચરણકમલ કો ધ્યાન.
સદા હૃદયમેં રાખે, ગર્ભવાસના કબહુ ન આવે, વિષયવાસના ટળે (૧)
કમલ વજ્ર અરુ ગદા પતાકા તોરણ અતિ મન ભાયે,
સુખદવલ્લી ધનુષ શ્રીવલ્લભજીકે દક્ષિણચરણ ચિત્ત લાયે (૨)
ધજા અંકુશ અરુ મીન સુદર્શન અષ્ટદલ અતિ અનૂપ
કમલ કુંભ જવ શ્રીવલ્લભજીકે વામચરણ સુખરુપ (૩)

આ ષોડશ ચિહ્નોનો ભાવ અને તેમનાં અલૌકિક સ્વરૂપ નીચે પ્રમાણે છે.

જમણા ચરણારવિંદમાં -

૧. કમળ-ત્રિવિધ તાપ નિવારણ-પુષ્ટિરસદાન-કૃષ્ણદાસજી અધિકારી
૨. વજ્ર-માયાવાદ નિવારણ-ભક્તને વજ્ર જેવા કરનાર-પદ્મનાભદાસજી
૩. ગદા-અજ્ઞાન, અહંકાર નિવૃત્તિ-સ્વભાવ વિજય-ગદાધરદાસજી
૪. પતાકા-વિરહનું દાન-રસશૃંગાર-શ્રી હરિરાયજી
૫. તોરણ-પુષ્ટિદ્વાર-દૃઢ આશ્રય-શ્રી રઘુનાથજી
૬. સુખદવલ્લી-ઊર્ધ્વ રેખા-વ્રજલીલાઅમૃતદાન-શ્રી ગુસાંઇજી
૭. ધનુષ્ય-ચરણગત ધનુષ્યથી બેઠક રચના-ભક્તનુ હૃદય તે બેઠક-શ્રી ઘનશ્યામજી.

ડાબા ચરણારવિંદમાં -

૧. ધ્વજા-કાળકર્મ પર વિજય-શ્યામદાસજી
૨. અંકુશ-નિરોધ સિદ્ધિ-ગજનધાવન
૩. મીન-મન સ્થિરતા-સ્વરૂપાનંદની પ્રાપ્તિ-એકા ક્ષત્રાણી
૪. સુદર્શન-અનિષ્ટ નિવારણ-નાગજીભાઇ

૫. અષ્ટદલ-અષ્ટસિદ્ધિ, અષ્ટસખાની વાણી-રજોબાઇ
૬. કમળ-રાસવિલાસ-પદ્માવતી વહુજી
૭. કુંભ-ભક્ત સુધાદાન-મહાલક્ષ્મી વહુજી
૮. યવ-દશધા ભક્તિ-કનૈયાલાલ ક્ષત્રિય
૯. સ્વસ્તિક-ભગવદ્પ્રીતિ-કૃષ્ણદાસ મેઘન.

બંને ચરણારવિંદનો ભાવ નીચે પ્રમાણે છે.

(૧) દક્ષિણચરણ - દમલાજી - સ્મરણસ્વરૂપ.
(૨) વામચરણ - શ્રીગુસાંઇજી - સેવાસ્વરૂપ.

આ ભાવનાનું સદાય હૃદયમાં અહર્નિશ ધ્યાન ધરવું જોઇએ. આ ભાવનાને વિચારતાં આપણે શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શ કરવાં જોઇએ. ચરણસ્પર્શ કરતી વખતે જમણા હાથની આંગળીઓ ઉપર અત્તર લગાવી, આપશ્રીના ચરણતલની રજ જમણા હાથને લાગે તેવી રીતે પ્રથમ ડાબા ચરણારવિંદના અને પછી જમણા ચરણારવિંદના ચરણતલને સ્પર્શ કરી, દંડવત્ કરી, તે હાથ બીજે કયાંય અડકાડ્યા વિના દૂર રાખી, જયાં પ્રસાદી જળ કે મિસરી હોય તે જમણા હાથમાં લઇ મોંમાં મૂકવું. આમ કરવાથી શ્રીમહાપ્રભુજીના ચરણાવિંદની પવિત્ર, અલૌકિક વ્રજરજ આપણા હૃદયમાં આપણે પધરાવી શકીએ છીએ. ત્યારબાદ તે હાથ આપણી બંને આંખોએ મસ્તકે અને હૃદયે લગાવવા જોઇએ, પછી હાથ ખાસા કરવા જોઇએ. ભોગ સરાવ્યા પછી, ચરણસ્પર્શ કરવા જોઇએ. ચરણસ્પર્શ કરતાં પહેલાં બ્રહ્મસંબંધ મંત્ર, બે હાથ જોડી મનમાં ઓછામાં ઓછો ત્રણ વખત બોલવો જોઇએ. આવી રીતે શ્રીમહાપ્રભુજીનાં ચરણસ્પર્શનો લાભ ભાવનાપૂર્વક, દીનતા અને પ્રેમપૂર્વક તથા સમજપૂર્વક લેવાથી તેનો વિશેષ આનંદ પ્રાપ્ત થાય છે.

(૮) શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કેવી રીતે કરીશું?

શ્રીમહાપ્રભુજીની કૃપાથી બનેલી આપણી સેવાના ફળસ્વરૂપે આપણને ચરણસ્પર્શનો લાભ પ્રાપ્ત થયો છે. આપણી સેવા શ્રીમહાપ્રભુજીએ પ્રેમપૂર્વક અંગીકાર કરી તેનું આ ફળ આપણને પ્રાપ્ત થયું. હવે શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી બેઠકજીમાં અપરસમાં આપશ્રીની સન્મુખ અથવા અન્ય અનુકૂળ સ્થાને એકાંતમાં બેસી શ્રીમહાપ્રભુજીનું સ્મરણ અને જપ-પાઠ કરવાં જોઇએ. શ્રીમહાપ્રભુજીની સન્મુખ બેસી જો જપ-પાઠ કરીએ તો આંખો ખુલ્લી રાખી શ્રીમહાપ્રભુજી તરફ આંખોને

એકાગ્ર કરી, હોઠ ફફડાવ્યા વિના શ્રી સર્વોત્તમ સ્તોત્રનો પાઠ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરવો જોઈએ. તે પાઠ કરતાં પ્રત્યેક નામ સાથે શ્રીમહાપ્રભુજીનું જે અલૌકિક માહાત્મ્ય, સ્વરૂપ અને લીલા જોડાયેલાં છે, તેનું ચિંતન પણ કરવું જોઈએ. જો તેમ ન બની શકે તો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપમાં આપણા ચિત્તની સર્વ વૃત્તિઓને એકાગ્ર કરી, હોઠ ફફડાવ્યા વિના બની શકે તેટલા શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠ કરવા. તેવી જ રીતે શ્રીઅષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્રની માળા પણ અપરસમાં કરી શકાય. પંચાક્ષર મંત્રની માળા શ્રીમહાપ્રભુજી કે શ્રીઠાકોરજીના સાન્નિધ્યમાં અપરસમાં થઈ શકે. અષ્ટાક્ષર મંત્રની માળા ગમે ત્યારે થઈ શકે. શ્રીઅષ્ટાક્ષર મંત્રની માળાથી આપણો આશ્રય શ્રીભગવદ્-ચરણારવિંદમાં દૃઢ બને છે અને પંચાક્ષર મંત્રની માળાથી આપણો સર્વાત્મભાવ (તદીયતત્વની ભાવના) દૃઢ થાય છે. માટે એક માળા અષ્ટાક્ષર મંત્રની અને એક માળા પંચાક્ષર મંત્રની એમ બંને મંત્રનો જપ બની શકે તેટલો કરવો જોઈએ. તે ઉપરાંત, બ્રહ્મસંબંધ મંત્રની માળા પણ અવશ્ય ઓછામાં ઓછી એક તો કરવી જોઈએ. તે ઉપરાંત, જો સમય હોય તો ષોડશ ગ્રંથ અને અન્ય સ્તોત્ર પાઠ પણ જરૂર કરવા. બેઠકજીમાં જેટલો સમય રોકાઈએ તેટલો સમય લૌકિક વાતો ન કરવાનો મક્કમ નિર્ધાર કરીને જવું જોઈએ અને બધો જ સમય ભગવદ્-સ્મરણમાં વિતાવવો જોઈએ.

જો આપણને કીર્તન કરવાં ફાવતાં હોય તો જુદા જુદા સમયનાં કીર્તનો દ્વારા પણ શ્રીમહાપ્રભુજીને રીઝવવાની સેવા કરવી જોઈએ. પ્રભુના સાંન્નિધ્યમાં કરવામાં આવતાં કીર્તન એ સેવા છે, કારણ કે તેમાં પ્રભુની પ્રસન્નતા છે. અનવસર (અનોસર) સમયમાં કરવામાં આવતાં કીર્તન એ ભગવદ્લીલાઓનું સ્મરણ છે. આ ભાવ વિચારી કીર્તનની સેવા પણ બની શકે તો અવશ્ય કરવી જોઈએ.

આમ, બેઠકજીમાં રહીએ તેટલો બધો સમય સેવા અને સ્મરણમાં વિતાવવો જોઈએ.

(૯) બેઠકજીમાં વૈષ્ણવોની સેવા કેવી રીતે કરીશું?

બેઠકજીમાં આપણને એક વિશેષ લાભ એ પણ મળે છે કે ત્યાં શ્રીહરિ, ગુરુ, વૈષ્ણવ-ત્રણેયની સેવા પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજીની સેવાની સાથે સાથે શ્રીઠાકોરજીની સેવા તો મળે જ છે, પરંતુ બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શ કરવા માટે અન્ય વૈષ્ણવો પણ આવતા હોય છે. મોટા સમૂહમાં જઈએ ત્યારે પણ વૈષ્ણવોનો સમુદાય જોડાયેલો હોય છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીની સેવા કર્યા પછી બાકીના સમયમાં વૈષ્ણવોની સેવા પણ વિવિધ રીતે કરી શકાય.

(૧) વૈષ્ણવો પ્રસાદ લેવા બેસે ત્યારે પોતનાં કરવાં, પાતળ અને પડિયા મૂકવા, જળ ભરવું, વગેરે સેવા કરી શકાય. (૨) વૈષ્ણવો પ્રસાદ લઈ રહે પછી તેમની પાતળ ઊંચકવી, તે સ્થાન પર માટી અને ગોબરથી પોતાનાં કરવાં, તેમને જળ અને બીડી આપવી વગેરે સેવા પણ કરી શકાય. (૩) વૈષ્ણવો અપરસમાં સ્નાન કરે ત્યારે તેમનાં ભીનાં વસ્ત્રો નિચોવીને સૂકવવાની સેવા પણ કરી શકાય. વૈષ્ણવોએ અપરસમાં સ્નાન કર્યું હોય અને સેવામાં પ્રવૃત્ત થયા હોય ત્યારે તેમને સેવામાં અનુકૂળતા કરી આપવાની. સેવામાં તેમને સહાય કરવાની, તેઓ પ્રસન્નતાથી સેવા કરી શકે તેવી રીતે વર્તવાની સેવા એ પણ વૈષ્ણવોની સેવા છે. આવી રીતે વૈષ્ણવોની પણ બની શકે તે સર્વ પ્રકારની સેવા કરવાનો સવિશેષ આગ્રહ રાખવો જોઈએ. કારણ કે આ માર્ગમાં વૈષ્ણવોની કૃપાથી શ્રીમહાપ્રભુજીની કૃપા પ્રાપ્ત થાય છે. અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીઠાકોરજીની કૃપા પ્રાપ્ત થાય છે. તેથી કૃપા-પ્રાપ્તિમાં વૈષ્ણવો પાયારૂપ છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આવા અનેક પ્રસંગો આવે છે કે જ્યાં ભગવદીયોએ વૈષ્ણવોની સેવા કરી, તેમની કૃપાથી શ્રીમહાપ્રભુજીની અને શ્રીઠાકોરજીની કૃપા પ્રાપ્ત કરી છે. પદ્મનાભદાસજીની નાની દીકરી અને તેમના પતિએ વૈષ્ણવોની સેવાથી શ્રીમથુરેશજીની કૃપા પ્રાપ્ત કર્યાનું આપણે જાણીએ છીએ. દક્ષિણના એક શેઠના પુત્રે વૈષ્ણવોની સેવા દ્વારા તેના ભાગ્યમાં ન્હોતી તેવી વ્રજયાત્રા કર્યાનું પણ આપણે જાણીએ છીએ. આશકરણ રાજા તાનસેનજી જેવા વૈષ્ણવના સંગથી પરમ કૃપાપાત્ર વૈષ્ણવ બન્યા તે પણ આપણે જાણીએ છીએ.

વૈષ્ણવોનો અપરાધ કરવાથી શ્રીમહાપ્રભુજી ખૂબ અપ્રસન્ન થાય છે, તેનું પણ આપણે ધ્યાન રાખવુ જોઈએ. શ્રીમહાપ્રભુજીને પોતાના વૈષ્ણવો ખૂબ જ પ્રિય છે. પોતાના વૈષ્ણવોનું જો કોઈ અપમાન કરે, તેમના વિષે અનુચિત વાણી ઉચ્ચારે તો તે શ્રીમહાપ્રભુજી સહન કરી શકતા નથી. રામાનન્દ પંડિતનો પ્રસંગ આ વાતની સાક્ષી પૂરે છે. પોતાના વૈષ્ણવો માટે રામાનન્દ પંડિત અનુચિત વચનો બોલ્યા હોવાથી આપે પોતાના કૃપાપાત્ર એવા રામાનંદ પંડિતનો ત્યાગ કર્યો હતો. તે પ્રસંગ જાણીતો છે. તેથી શ્રીમહાપ્રભુજીના ઘરમાં-તેમની બેઠકમાં વૈષ્ણવોનો અપરાધ આપણા હાથે ન થાય તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. વૈષ્ણવોની સેવા ન બની શકે તો તે ક્ષમ્ય બને, પરંતુ વૈષ્ણવોનો અપરાધ થાય તો તે ક્ષમ્ય નહિ બને. માટે

સૌ વૈષ્ણવો સાથે દીનતા અને પ્રેમથી વર્તવું જોઇએ. તેમને પૂરું માન આપવું. સન્માનપૂર્વક તેમની સાથે વાત કરવી. કોઇના ઉપર ક્રોધ ના કરવો, કોઇને અપમાન લાગે તેવું વર્તન ના કરવું, આ બાબત પણ ખૂબ જ જરૂરી છે. બેઠકજીમાં સેવા કરવાની ધૂનમાં આપણે આ વાત ભૂલી જતાં હોઇએ છીએ. આપણાં વાણી વર્તનથી બીજાં વૈષ્ણવોને આપણે માનસિક દુઃખ આપીએ છીએ અને વૈષ્ણવોનો અપરાધ કરવાના પરિણામે શ્રીમહાપ્રભુજીની કૃપા અને પ્રસન્નતા આપણે પ્રાપ્ત કરી શકતાં નથી.

આ પ્રકરણમાં જણાવેલી સર્વ બાબતોનો ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર કરવા જેવો છે. આપણાં વાણી, વિચાર અને વર્તનમાં વૈષ્ણવતાને અનુરૂપ એકવાક્યતા જો ન આવે તો બેઠકજીમાં જઇને સેવા કરી એમ માનવું એ યોગ્ય બનશે નહિ. આજે લગભગ બધાં સ્થળોએ આપણે જોઇએ છીએ કે સમૂહમાં જવાનું થાય છે ત્યાં પરિસ્થિતિ ભારે દુઃખદ બને છે. ઉત્સવોના દિવસોમાં મોટો સમૂહ એકત્રિત થાય છે. ત્યાં આપણે આવા બધા અપરાધો કરીએ છીએ, તેથી આ બધી બાબતોમાં ખૂબ સાવચેત રહેવું જરૂરી છે.

એક બીજી બાબત પણ આ પ્રસંગે અને આ સ્થાને આપણે વિચારી લઇએ. કેટલીકવાર ખૂબ મોટો સમૂહ એકત્રિત થાય છે ત્યારે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં ઝારીજી ભરવા માટે મોટી સંખ્યામાં જોડાય છે. એ વખતે વૈષ્ણવો એવી દલીલ કરે છે કે : 'આજે શ્રીમહાપ્રભુજીને કેટલો બધો પરિશ્રમ પડે છે! શ્રીમહાપ્રભુજી માત્ર આપણું જળ આરોગ્યા કરે?' આવો વિચાર આપણે કરવો જોઇએ નહિ, તેનાં બે કારણો છે. શ્રીગોકુલનાથજીએ શ્રીસર્વોત્તમ સ્તોત્ર પર બૃહદ ટીકા રચી છે. શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું નામ નામ 'સુખસેવ્યઃ' આ નામ પરની ટીકામાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીને પોતાના સેવકો અતિ પ્રિય છે. આપશ્રીની પાસે નાના કે મોટા સમૂહમાં આવતા સેવકોને જોઇને આપ ખૂબ પ્રસન્ન થાય છે. સેવકોના હૃદયનો શુદ્ધ અને દીનભાવ શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્નતાથી અંગીકાર કરે છે. દરેક સેવકો જુદો જુદો ભાવ લઇને શ્રીમહાપ્રભુજીની સન્મુખ આવે છે. પ્રત્યેક વૈષ્ણવોનો આવો ભિન્નભિન્ન ભાવ અંગીકાર કરવામાં શ્રીમહાપ્રભુજીને અત્યંત પ્રસન્નતા થતી હોવાથી આપ 'સુખસેવ્યઃ' આવો ભાવ વિચારીને શ્રીમહાપ્રભુજીને બધા વૈષ્ણવો ઝારીજી દ્વારા પોતાના હૃદયનો ભાવ અંગીકાર કરાવતા હોવાથી શ્રીમહાપ્રભુજીને પરિશ્રમ થતો નથી.

ઝારીજીમાં શ્રીયમુનાજી જળસ્વરૂપે બિરાજે છે. બીજાં ત્રણ યૂથાધિપતિ સ્વામિનીજી પણ ઝારીજી સ્વરૂપે બિરાજે છે. આમ ઝારીજી દ્વારા શ્રીસ્વામિનીજીનું શ્રીઠાકોરજી સાથે અનોખું, અદ્ભૂત અને રસમય મિલન થાય છે. શ્રીમહાપ્રભુજી પણ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે. તેથી પોતાના જ સ્વરૂપને પોતાના હૃદયમાં પધરાવવાથી પરિશ્રમ હોય જ નહિ. માટે મોટા સમૂહમાં પણ વૈષ્ણવો ઝારીજી અંગીકાર કરાવે, તેમાં પણ શ્રીમહાપ્રભુજીની પ્રસન્નતા જ વિચારવી, પરિશ્રમનો વિચાર કરવો તે ઠીક નથી. આમ સર્વ રીતે, ભાવભાવનાઓનો વિચાર કરી બેઠકજીમાં આપણે યોગ્ય રીતે વાણી, વિચાર અને વર્તન કરીએ તો શ્રીહરિ, ગુરુ વૈષ્ણવની સેવાનું સુખ, સ્મરણનો આનંદ અને તે દ્વારા તેમની કૃપા પ્રાપ્ત કરી શકીએ.

હવે ત્રીજા પ્રકરણમાં શ્રીમહાપ્રભુજી ગોલોકધામમાં કેવી રીતે પ્રગટ થયા, તેમનું અલૌકિક સ્વરૂપ કેવું છે, આપ ભૂતલ પર કેમ પધાર્યા, તે વિષે જોઇશું અને ત્યાર પછી ભૂતલ પરની આપશ્રીની બેઠકોનું આપણે સ્મરણ કરીશું.

પ્રકરણ : ૩

શ્રીમહાપ્રભુજીનું નિત્યલીલામાં પ્રાગટ્ય

(૧) શ્રીમહાપ્રભુજીનું ગોલોકધામમાં પ્રાગટ્ય :

સૃષ્ટિના આરંભમાં પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ એકલા હતા. પોતાની ક્રીડા માટે આપ પોતાનામાંથી જ સમગ્ર લીલાપરિકર પ્રગટ કરી, ગોલોકધામમાં બિરાજી, લીલાપરિકર સહિત કેવળ રસરૂપ આનંદમય લીલા કરતા હતા. પોતાનાં સૌથી વધુ પ્રિય શ્રી સ્વામિનીજી સાથે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સદૈવ ક્રીડા કરતા હતા. એક સમયે પોતે નિકુંજમાં એકલા બિરાજ્યા હતા, શ્રીઅંગ પર પીળું પીતાંબર શોભતું હતું. ઉષ્ણકાળ હોવાથી શ્રીકંઠમાં મોતીની માત્ર એક માળા ધરી હતી. આપ શ્રી સ્વામિનીજીની રાહ જોઇ રહ્યા હતા. તેવામાં શ્રીસ્વામિનીજી પ્રભુની નિકુંજમાં પધાર્યાં. નિકુંજના દ્વારમાંથી શ્રીસ્વામિનીજીએ પ્રભુના વિશાળ પ્રકાશિત વક્ષઃસ્થળમાં (હૃદયપ્રદેશ પર) પોતાનું પ્રતિબિંબ જોયું. વક્ષઃસ્થળમાં દેખાતું મુખારવિંદ પ્રતિબિંબ છે એવો ખ્યાલ તેમને ન આવ્યો. તેમણે માન્યું કે શ્રીકૃષ્ણની ગોદમાં કોઇક બીજાં ગોપીજન બેઠેલાં છે. તેથી તેમને અતિ દુઃખ થયું. તેઓ રિસાઇ ગયાં અને રીસમાં ને રીસમાં કશું જ બોલ્યા વિના પાછાં ફરી ગયાં. તેઓ પોતાની નિકુંજમાં જઇને ખૂબ ગુસ્સામાં અને રીસમાં બિરાજ્યાં.

આ બાજુ શ્રીકૃષ્ણને શ્રીસ્વામિનીજીના આવા વર્તનથી અતિ આશ્ચર્ય થયું. તેમને સમજાયું નહિ કે શ્રીસ્વામિનીજીને શા માટે માઠું લાગ્યું છે? પોતે નિર્દોષ હોવા છતાં શ્રીસ્વામિનીજીએ રીસ કરી, માન કર્યું તેથી તેમને પણ ખૂબ માઠું લાગ્યું અને પોતે શ્રીસ્વામિનીજીના વિરહમાં પોતાની નિકુંજમાં બિરાજી રહ્યા.

બીજી બાજુ શ્રીસ્વામિનીજીને માનમાં બિરાજેલાં જોઇને શ્રીલલિતાજીએ માનનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું કે ‘લલિતા, તને યાદ હશે કે એક દિવસે પ્રિયતમે મારા મુખને ચંદ્ર સાથે સરખાવ્યું હતું. ત્યારે મને ખૂબ માઠું લાગ્યું હતું, મેં ત્યારે નિશ્ચય કર્યો હતો કે હવે શ્યામ રંગ સમીપે કદાપિ જઇશ નહિ, કારણ કે આજ મને શશીવદની કહી મહારાજે બોલાવી છે, પરંતુ ત્યારે મારો ગુસ્સો તારી સમજાવટથી ઊતરી ગયો હતો, લલિતા, તે દિવસે પણ તેં સ્વીકાર્યું હતું કે મારું મુખ ચંદ્ર સાથે ન સરખાવી શકાય. કારણ કે ચંદ્ર જડ છે, મારું મુખ જડ નથી. ચંદ્રમાં વધઘટ થાય

છે, મારા મુખમાં વધઘટ થતી નથી. ચંદ્રમાં કાળા કલંક છે, મારા મુખ ઉપર એક પણ કલંક નથી. તેમ છતાં મેં તારી સમજાવટથી માન છોડ્યું હતું, પરંતુ આજે તો હદ થઇ ગઇ છે. પ્રિયતમની ગોદમાં મેં બીજાં ગોપીજનને બેઠેલાં નજરોનજર જોયાં. હવે કહે, હું એમની સાથે કઇ રીતે મારા દિલને જોડી શકું?’

લલિતાજી પણ ગૂંચવણમાં પડ્યા. તેઓ ઘણું સમજાવવા માંડ્યાં, પરંતુ શ્રીસ્વામિનીજી એકનાં બે ન થયાં. તેમની નિકુંજમાં બિરાજી તેઓ પણ શ્રીકૃષ્ણનો વિરહ કરી રહ્યાં છે.

આમ, ઉભય સ્વરૂપ પોતપોતાની નિકુંજમાં બિરાજી પરસ્પરનો વિરહ કરે છે. બંનેમાંથી કોઇ પોતાનું માન છોડવા તૈયાર નથી. બંનેનું માન છોડાવી શકે તેવું લીલાપરિકરમાં કોઇ વિદ્યમાન નથી. બંને સ્વરૂપોનાં હૃદયમાં પરસ્પરને પ્રિય એવું સ્વરૂપ બિરાજે છે. શ્રીઠાકોરજીના હૃદયમાં શ્રીસ્વામિનીજીના ભાવરૂપ સ્વરૂપ બિરાજે છે અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં શ્રીઠાકોરજીના ભાવરૂપ સ્વરૂપ બિરાજે છે. તેથી જ તેમના પ્રાણ ટકી રહ્યા હતા. બંને સ્વરૂપોનો વિરહ એટલો બધો ઉત્કટ બન્યો કે તેને પરિણામે શ્રીઠાકોરજીના હૃદયમાં બિરાજતાં શ્રીસ્વામિનીજીનું સ્ત્રીગૂઢાત્મક ભાવરૂપ સ્વરૂપ પ્રગટ થયું. તે જ સમયે શ્રી સ્વામિનીજીના હૃદયમાં બિરાજતા શ્રીઠાકોરજીના ભાવરૂપ પુંભાવ ગૂઢાત્મક સ્વરૂપ પ્રગટ થયું. આ બંને ભાવાત્મક સ્વરૂપોનું સંમિલન થતાં પુંભાવ અને સ્ત્રીભાવરૂપ લીલામધ્યપાતી તૃતીય સ્વરૂપ ત્યાં પ્રગટ થયું. તે જ આપણા સૌના પ્રાણપ્રિય શ્રીવલ્લભ. આમ, શ્રીમહાપ્રભુજીનું ગોલોકધામમાં યુગલસ્વરૂપના માનરૂપ વિરહમાંથી પ્રાગટ્ય થયું. આનું નિરૂપણ શ્રીગુસાંઈજીએ ‘સૌન્દર્યં નિજહૃદ્‌ગતં...’ શ્લોકમાં કર્યું છે.

શ્રીવલ્લભ શ્રીસ્વામિનીજી પાસે પધાર્યા અને શ્રીઠાકોરજીની ગોદમાં બીજાં વ્રજભક્ત બિરાજતાં હતાં તેવી ભ્રમણા પોતાનાં સુંદર કોમળ વચનો દ્વારા દૂર કરી. શ્રીસ્વામિનીજીને મનાવીને શ્રીઠાકોરજી પાસે પધરાવ્યાં. શ્રીસ્વામિનીજીએ પ્રેમથી ‘હે કૃષ્ણ, હું તમારી છું.’ (પંચાક્ષર મંત્ર) એમ બે હાથ જોડીને વિનંતી કરતાં પ્રભુએ પ્રસન્નતાથી તેમને પોતાની બાજુમાં પધરાવ્યાં. યુગલસ્વરૂપની પ્રસન્નતા નીરખીને સામે ઠાડા (ઊભા) રહેલા શ્રીવલ્લભે ‘શ્રીકૃષ્ણઃ શરણં મમ’ (અષ્ટાક્ષર મંત્ર) (શ્રીસ્વામિનીજી સહિત શ્રીકૃષ્ણ મારું શરણ છે) એમ કહ્યું. આમ, શ્રીવલ્લભના પ્રાગટ્યની સાથે અને યુગલસ્વરૂપના માનમિલાપની સાથે ગોલોકધામમાં શ્રીપંચાક્ષર અને શ્રીઅષ્ટાક્ષર મંત્ર પ્રગટ થયા.

ગોલોકધામમાં સમગ્ર લીલાપરિકર શ્રીમહાપ્રભુજીને શ્રીવલ્લભના નામથી સંબોધવા લાગ્યો, કારણ કે વલ્લભનો અર્થ થાય છે - પ્રિય. શ્રી એટલે શ્રીસ્વામિનીજી. શ્રીસ્વામિનીજીને જે પ્રિય છે તેવા શ્રીવલ્લભ. શ્રીનો બીજો અર્થ થાય છે સમગ્ર લીલાપરિકર. સમગ્ર લીલાપરિકરને જે પ્રિય છે તે શ્રીવલ્લભ. શ્રીવલ્લભનો ત્રીજો અર્થ એવો પણ થાય છે કે જેમના હૃદયમાં શ્રી એટલે શ્રીસ્વામિનીજી બિરાજેલાં છે તેવા શ્રીકૃષ્ણને જે પ્રિય છે તે. આમ, લીલાપરિકર સહિત યુગલસ્વરૂપને પ્રિય તે શ્રીવલ્લભ. આવા શ્રીવલ્લભ યુગલસ્વરૂપની પાસે ગોલોકધામમાં બિરાજે છે.

(૨) પૃથ્વી પર શ્રીમહાપ્રભુજીને પધારવાની ઊભી થયેલી આવશ્યકતા:

એક વખત યુગલસ્વરૂપ ગોલોકધામમાં ક્રીડા કરી રહ્યાં હતાં. ત્યારે આસપાસ સેવામાં તલ્લીન બનેલાં વ્રજભક્તોને જોઇને તેમને પોતાના દૈવી જીવોની યાદ આવી. આ દૈવી જીવોનો લીલામાં અપરાધ થવાને કારણે યુગલસ્વરૂપની આજ્ઞાથી તેમને ગોલોકધામ છોડી ભૂતલ પર જન્મ લેવો પડ્યો હતો. ભૂતલ પર ગયા પછી દૈવી જીવો પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયા હતા. તેથી તેઓ સંસારમાં ફસાઇ જવાથી ભગવદ્પ્રાપ્તિનો માર્ગ આચરતા ન હતા. માટે તેમનો ઉદ્ધાર થતો ન હતો. આવા દૈવી જીવોને ફરી લીલામાં અંગીકાર કરાવવાની પ્રભુની ઇચ્છા થઇ.

પ્રભુની આ ઇચ્છા જાણીને તેમની દિવ્ય શક્તિ-ઇચ્છાશક્તિએ હાથ જોડીને વિનંતી કરી કે 'મહારાજ, સ્વભાવે દુષ્ટ બની ગયેલા જીવોનો ઉદ્ધાર કરવાની શક્તિ મારામાં નથી, તેથી આ કાર્ય આપ બીજાને સોંપો તેવી વિનંતી.' ઇચ્છાશક્તિની અશક્તિ જોઇને પ્રભુએ પોતાના પૂર્વ અવતારોને યાદ કર્યા. મત્સ્યાવતારથી માંડીને રામાવતાર સુધીનાં સર્વ સ્વરૂપોએ પણ આ કાર્ય માટેની પોતાની અશક્તિ પ્રગટ કરી. ત્યારે પ્રભુએ પોતાના આદિપુરુષોત્તમ એવા નારાયણ-સ્વરૂપને યાદ કર્યું. શ્રીનારાયણ-સ્વરૂપે પણ પોતાની અશક્તિ જણાવી.

તે વખતે પ્રભુની કૃપાશક્તિરૂપ શ્રીવલ્લભ આપની પાસે બિરાજતા હતા. તેમણે બે હાથ જોડીને વિનંતી કરી કે 'આ કાર્ય આપની કૃપાથી જ સંભવિત છે. બીજા કોઇ સાધનથી આ જીવોનો ઉદ્ધાર થઇ શકે તેમ નથી. માટે જો આપ આજ્ઞા કરો તો આપની કૃપા દ્વારા તેમનો ઉદ્ધાર કરવા માટે હું કારણભૂત બનું, પરંતુ આપના વિના હું રહી શકીશ નહિ. તેથી આપ પણ સમગ્ર લીલાપરિકર સહિત ભૂતલ પર પધારો તો હું ભૂતલ પર જઇ દૈવી જીવોનો ઉદ્ધાર કરીશ.'

પ્રભુએ શ્રીવલ્લભની આ વાત સ્વીકારી, ત્યારે આપની બીજી શક્તિ એવી જ્ઞાનશક્તિએ વિનંતી કરી: 'મહારાજ, આપ ભૂતલ પર પધારશો, ત્યારે આપના દર્શન કરીને બીજા જીવો જે મર્યાદા અને પ્રવાહી છે, તેમનો પણ આપોઆપ ઉદ્ધાર થઇ જશે.' ત્યારે પ્રભુતાશક્તિએ કહ્યું કે 'તમો એની ચિંતા ન કરશો. મારી દાસી માયા તેના સમગ્ર પરિવાર સહિત ભૂતલ પર આવશે અને પોતાના લોભામણા રૂપથી અન્ય જીવોને પોતાને વશ રાખશે, જેથી બીજા જીવો પ્રભુની સમીપ આવી શકશે જ નહિ.'

આમ કહીને પ્રભુતા શક્તિએ પોતાની દાસી માયા અને તેના પરિવારનો પરિચય કરાવ્યો. અવિશ્વાસ તેનો પિતા છે. દોષદૃષ્ટિ તેની માતા છે. અન્યાશ્રય તેનો મામો છે. લોકેષણા તેની માસી છે. દુ:સંગ તેનો પતિ છે. ભગવદીયોનો દ્વેષ તેનો સસરો છે. ક્ષણિક અને તુચ્છ ફળની ઇચ્છા તેની સાસુ છે. દુર્ગુણો તેના દીકરા છે અને સંસારમાં આસક્તિઓ તેની પુત્રવધૂઓ છે. આ સર્વ, દૈવી જીવો સિવાયના જીવોને પોતાના વશ રાખે છે. માટે દૈવી જીવોનો ઉદ્ધાર કરવા આપ સુખપૂર્વક ભૂતલ પર પધારો.

આ પ્રમાણે શ્રીવલ્લભનું ભૂતલ પર પધારવાનું નિશ્ચિત થયું. પ્રભુએ શ્રીવલ્લભને ભૂતલ પર પધારી મુખ્યત્વે ત્રણ કાર્યો કરવાની આજ્ઞા કરી : (૧) દૈવી જીવોનો ઉદ્ધાર કરી તેમને શરણે લઇ ભગવદ્પ્રાપ્તિ કરાવવી (૨) સ્ત્રીઓ અને શૂદ્રોનો ઉદ્ધાર કરવો અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરવું. (૩) શ્રીમદ્ ભાગવતનો ગૂઢ અર્થ પ્રગટ કરી નિર્ગુણભક્તિમાર્ગ એવા પુષ્ટિમાર્ગની સ્થાપના કરવી અને વ્રજજનની રીત અને પ્રીત જેમાં છે તેવો અલૌકિક સેવામાર્ગ દૈવી જીવો માટે પ્રગટ કરવો. આ ત્રણ કાર્યો માટે શ્રીવલ્લભે ભૂતલ પર પધારવાની આજ્ઞા સ્વીકારી. શ્રીવલ્લભની સાથે પ્રભુ પણ પુન: ભૂતલ પર પધારવા તત્પર બન્યા.

આમ શ્રીવલ્લભની પ્રથમ બેઠક ગોલોકધામમાં છે. ત્યાં જવાનો માર્ગ આપણે આપણી લૌકિક બુદ્ધિથી જાણી શકતા નથી, પરંતુ શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી જ ગોલોકધામની પ્રાપ્તિ શક્ય બની શકે. શ્રીવલ્લભના હૃદયમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી લીલાપરિકર સહિત બિરાજે છે. તેવી જ રીતે શ્રીઠાકોરજીના હૃદયમાં શ્રીવલ્લભ બિરાજે છે. શ્રીવલ્લભ એ શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપ છે, તેથી જ્યાં જ્યાં શ્રીઠાકોરજી બિરાજે છે ત્યાં ત્યાં શ્રીવલ્લભ પણ બિરાજે છે. માટે પુષ્ટિમાર્ગીય પ્રકારે જ્યાં જ્યાં સેવાક્રમ ચાલે છે, તે સર્વ સ્થાનોમાં શ્રીઠાકોરજી સાથે શ્રીમહાપ્રભુજી

પણ બિરાજમાન છે જ. આ ભાવનાથી પ્રત્યેક મંદિરમાં અને પ્રત્યેક વૈષ્ણવના ઘેર શ્રીઠાકોરજીમાં આપણે શ્રીમહાપ્રભુજીની પણ ભાવના કરી દર્શન કરવાં જોઇએ. પરંતુ આપણે ત્યાં શ્રીમહાપ્રભુજી પુંભાવ અને સ્ત્રી ગૂઢભાવ એ બંને ભાવરૂપ અલૌકિક સ્વરૂપે બિરાજે છે. જ્યારે ભૂતલ પરની આપશ્રીની બેઠકમાં આપ આચાર્યરૂપે બિરાજે છે. આ તાત્ત્વિક ભેદ આપણે જાણી લેવો જોઇએ. તેથી જ્યાં જ્યાં ભગવદ્‌સ્વરૂપે આપ બિરાજે છે, ત્યાં ત્યાં આચાર્યસ્વરૂપની મર્યાદા આપે ગ્રહણ કરી નથી. જ્યારે બેઠકજીમાં આચાર્યસ્વરૂપની મર્યાદા આપે રાખી છે. માટે આપણે ત્યાં બિરાજતા શ્રીમહાપ્રભુજીને શ્રીગુરુદેવની આજ્ઞાથી આપણે સખડીભોગ ધરી શકીએ છીએ. જ્યારે બેઠકજીમાં આપણને માત્ર દૂધઘરના ભોગ ધરવાનો જ અધિકાર છે. અનસખડી કે સખડી ધરવાનો અધિકાર નથી.

આમ, મંદિરમાં કે વૈષ્ણવના ઘેર બિરાજતા શ્રીમહાપ્રભુજી અને બેઠકજીમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને આપણે સમજી લેવું આવશ્યક છે.

આવી રીતે ગોલોકધામમાંથી ભૂતલ પર આપ પ્રગટ થયા. ભૂતલ પર જે સ્થાને પ્રગટ થયા તે જ સ્થાને પુનઃ પોતાની યુવાન વયમાં પધારી સૌ પ્રથમ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. તે સ્થાનના બેઠકચરિત્રથી હવે આપણે બેઠકચરિત્રોનો પ્રારંભ કરીશું.



પ્રકરણ : ૪

શ્રીમહાપ્રભુજીનાં બેઠકોનાં દિવ્ય ચરિત્રો

(૧) શ્રી ચંપારણ્યનાં પ્રાગટયનાં બેઠકજી : (બેઠક : ૩૨)

શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય જે સ્થાનમાં થયું છે તે શ્રી ચંપારણ્ય ધામમાં હવે આપણે જઇએ. શ્રી ચંપારણ્યધામ મધ્યપ્રદેશમાં રાયપુર જિલ્લામાં આવેલું છે. અમદાવાદથી હાવરા એક્સપ્રેસ ટ્રેન દ્વારા કે કલકત્તા જતી કોઇપણ ટ્રેન દ્વારા ચંપારણ્ય જઇ શકાય છે. ચંપારણ્ય જવા માટે નાગપુર થઇને રાયપુર જવું પડે છે. રાયપુર મોટું શહેર છે. રાયપુરથી બસમાં અથવા ભાડાની મોટર કે જીપ કરીને ચંપારણ્ય જઇ શકાય છે. ઉત્સવના દિવસોમાં સ્પેશિયલ બસોની વ્યવસ્થા સ્ટેશન પરથી જ કરવામાં આવે છે. બાકીના દિવસોએ બસ સ્ટેન્ડથી બસમાં જઇ શકાય છે. બસ ફરતી ફરતી જતી હોવાથી વધુ સમય લે છે. જ્યારે મોટર કે જીપમાં પોણા કલાકથી એક કલાકની અંદર રાજીમ થઇને ચંપારણ્ય જઇ શકાય છે. રાયપુરથી ચંપારણ્ય ૬૦ કિ.મી. થાય છે.

ચંપારણ્યમાં શ્રીવલ્લભનિધિ ટ્રસ્ટ દ્વારા તૈયાર થયેલી વિશાળ ધર્મશાળામાં વૈષ્ણવોને ઊતરવા માટે ખૂબ સારી સગવડ છે. તે ઉપરાંત, ગોપાલભુવન ધર્મશાળા છે. બેઠકજી તરફથી શ્રીપુષ્ટિદર્શન ધર્મશાળામાં પણ મુકામની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવે છે. તેમજ બંને સમય મહાપ્રસાદ પણ બેઠકજીમાં લેવડાવવામાં આવે છે.

ચંપારણ્યનું હાલનું નામ ચાંપાઝર ગામ છે. ત્યાં મોટા ભાગની વસ્તી ખૂબ ગરીબ છે. ઝૂંપડાંમાં રહે છે, પરંતુ તેમનાં ઝૂંપડાં, તેમનાં શરીર, તેમનાં વસ્ત્રો, તેમનાં વાસણ વગેરે ખૂબ સ્વચ્છ હોય છે. ગામનાં સૌ ગ્રામજનોને શ્રીમહાપ્રભુજી ઉપર ખૂબ જ શ્રદ્ધા અને પ્રેમ છે. ધર્મશાળાથી ગામ દૂર આવેલું છે. ધર્મશાળાથી પાંચેક મિનિટના અંતરે શ્રી સર્વોત્તમ વન અને શ્રીવન આવેલાં છે. આ શ્રીવનમાં શ્રીમહાપ્રભુજીનાં પ્રાગટ્યનાં બેઠકજી આવેલાં છે. ત્યાંથી બે-ત્રણ મિનિટના અંતરે મહાનદીની એક શાખા આવેલી છે. તેમાં માટીનો બંધ બાંધી બારે માસ જળ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ નદીને વૈષ્ણવો શ્રીયમુનાજીના ભાવથી સ્વીકારે

છે અને શ્રીયમુનાજીમાં સ્નાન કર્યાનું અને યમુનાપાન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે, તેમ ભાવનાપૂર્વક માને છે.

પ્રાચીન સમયમાં ચંપારણ્ય ગાઢ જંગલ હતું. તે ૧૬ માઈલ ફરતા વિસ્તારમાં આવેલું હતું. તેમાં ચંપાના વૃક્ષો પુષ્કળ પ્રમાણમાં હોવાથી તેનું નામ ચંપારણ્ય પડ્યું હતું. અહીં ઘણા ઋષિમુનિઓ પર્ણકુટિઓ બાંધી રહેતા હતા. અને તપશ્ચર્યા તથા યજ્ઞો વગેરે કરતા હતા. તેથી ચંપારણ્યની ભૂમિ તપશ્ચર્યા અને યજ્ઞયાગાદિથી પવિત્ર બનેલી ભૂમિ છે. ત્યાં વૃક્ષોની અનેક સઘન કુંજો આવેલી હતી. એવા ગાઢ જંગલમાં હિંસક પશુઓ પણ વસતાં હોય તે ખૂબ સ્વાભાવિક છે. પરિણામે ત્યાં સામાન્ય મનુષ્યોની અવરજવર બહુ જ ઓછી રહેતી હતી. ૫૦૦ વર્ષ ઉપર પણ ચંપારણ્ય આવું જ ગાઢ, ડર લાગે તેવું જંગલ હતું. ત્યાં કોઈ ગામ વસ્યું નહોતું. કોઈ વસ્તીની અવરજવર પણ ખાસ નહોતી, એવા સ્થાનમાં શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય કેવી રીતે થયું અને આ બેઠકજી કેવી રીતે સિદ્ધ થયાં તે હવે આપણે જોઈએ.

(ક) શ્રીમહાપ્રભુજીના પૂર્વપુરુષો અને તેમનું પ્રાગટ્યઃ

પરમ પવિત્ર દક્ષિણ ભારતમાં આંધ્રપ્રદેશમાં સહ્યાદ્રિ પર્વતની પાસે કાકુંભકર નામનું મોટું શહેર આવેલું છે. ત્યાં મહર્ષિ ભરદ્વાજના વંશના તૈત્તરિય શાખાધ્યાયી વેલનાડુ તૈલંગ બ્રાહ્મણો રહેતા હતા. એવા પવિત્ર બ્રાહ્મણકુળમાં વેદવ્યાસના અવતારરૂપ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજી થઈ ગયા. દ્રવિડ દેશનિવાસી પરમ વૈષ્ણવ શ્રીવિષ્ણુમુનિ પાસેથી તેમણે ગોપાલમંત્રની દિક્ષા મેળવેલી. તેમણે પોતાના જીવનમાં પ્રભુ પ્રીત્યર્થે સોમયજ્ઞ કરવાની શરૂઆત કરી. તેમણે તેમનું સમગ્ર જીવન અધ્યયન, અધ્યાપન, ભકિત અને સોમયજ્ઞ કરવામાં વ્યતીત કર્યું હતું. જીવનના સંધ્યાકાળે જ્યારે તેઓ એક વખત સોમયજ્ઞ કરતા હતા, ત્યારે પૂર્ણાહુતિનું શ્રીફળ હોમાયું. તે વખતે યજ્ઞવેદીમાંથી સાક્ષાત ભગવાન પ્રગટ થયા, વરાભય મુદ્રામાં શ્રીયજ્ઞનારાયણ ભટ્ટને દર્શન આપ્યાં અને આજ્ઞા કરી કે 'તારી ભક્તિથી હું ખૂબ પ્રસન્ન છું. તું કંઈક માગ.' શ્રીયજ્ઞનારાયણ ભટ્ટ હાથ જોડીને બોલ્યાઃ 'મહારાજ, આપની પ્રસન્નતા આગળ જગતનાં કહેવાતાં સુખોની મારે મન કશી કિંમત નથી. મારું જીવન આપનાં દર્શન અને પ્રસન્નતા પામીને ધન્ય બન્યું છે. મારે હવે બીજી કોઈ મનોકામના નથી.' તેમની આવી નિષ્કામ ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાને સ્વયં આજ્ઞા કરી કેઃ 'હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું, તેથી તારા વંશમાં જ્યારે ૧૦૦ સોમયજ્ઞો પૂરા થશે, ત્યારે હું પ્રગટ થઈશ.' આમ કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા, ત્યારે તે યજ્ઞવેદીમાંથી તેમને શ્રીમદનમોહનજીનું સુંદર સ્વરૂપ પ્રાપ્ત થયું. જે વંશપરંપરાગત તેમના કુળમાં આજે પણ બિરાજે છે. (હાલ આ સ્વરૂપ સાતમા ઘરમાં શ્રીમદનમોહનજી સ્વરૂપે કામવનમાં બિરાજે છે.) શ્રીયજ્ઞનારાયણજી ભટ્ટજીને થોડુંક દુઃખ થયું કે પોતાને ત્યાં પ્રભુ પ્રગટ થશે નહિ, પરંતુ સાથે સાથે તેમણે મન મનાવ્યું કે મારા વંશ પર તો તેમની કૃપા થવાની જ છે. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન ૩૨ સોમયજ્ઞો કર્યા હતા.

તેમના પુત્ર શ્રીગંગાધર ભટ્ટ થઈ ગયા. તેઓ પણ અતિ વિદ્વાન હતા, અને તેઓએ ૨૮ સોમયજ્ઞો કર્યા. તેમના પુત્ર ગણપતિ ભટ્ટ થયા. તેમણે ૩૦ સોમયજ્ઞો કર્યા હતા. તેમના પુત્રનું નામ બાલમ ભટ્ટ હતું. તેમનું બીજું નામ શ્રીવલ્લભ ભટ્ટ પણ હતું. તેમણે ૫ (પાંચ) સોમયજ્ઞો કર્યા. તેમને બે પુત્રો હતા. શ્રીલક્ષ્મણ ભટ્ટ અને નાના શ્રીજનાર્દન ભટ્ટ. શ્રીલક્ષ્મણ ભટે વિષ્ણુચિત્ દીક્ષિત પાસે યજ્ઞોપવીત લીધી હતી. અને વિદ્યાભ્યાસ કર્યો હતો. તેઓ અતિ વિદ્વાન હતા અને પરમ પવિત્ર જીવન ગાળતા હતા. તેમનું લગ્ન દક્ષિણમાં આવેલા વિજયનગર (વિદ્યાનગર) મહારાજ્યના રાજપુરોહિત સુશર્માની બંને પુત્રીઓ-યલમ્મા તથા ઈલમ્મા સાથે થયું હતું, તેમણે વિષ્ણુસ્વામી સંપ્રદાયના પ્રેમાકર મુનિ પાસે ગોપાલમંત્રની દીક્ષા લીધી હતી. તેમણે ૫ (પાંચ) સોમયજ્ઞ કર્યા હતા. આમ, તેમના સમયમાં ૧૦૦ સોમયજ્ઞો પૂરા થયા, તેથી પોતાના ત્યાં ભગવાન પ્રગટ થશે તેવી આશા તેમણે રાખવા માંડી, વર્ષો વીતવા છતાં ભગવદ્-પ્રાગટ્ય ન થતાં તેમને નિરાશા ઊપજી. તેઓ ઘર છોડી પોતાના ગુરુ પ્રેમાકર મુનિ પાસે જઈને રહ્યા. તેમનું કુટુંબ તેમની શોધમાં ફરતું ફરતું પ્રેમાકર મુનિ પાસે આવ્યું. ત્યારે પ્રેમાકર મુનિને ધ્યાનમાં ભગવદ્-આજ્ઞા થઈ કે શ્રીલક્ષ્મણ ભટ્ટને ઘેર જવા આજ્ઞા આપો, કારણ હું તેમને ત્યાં પ્રગટ થવાનો છું. ગુરુની આજ્ઞા સાંભળી આનંદ પામેલા શ્રીલક્ષ્મણ ભટ્ટજી કુટુંબ સાથે પોતાના વતન પાછા આવ્યા. થોડો સમય વતનમાં રહ્યા પછી પોતાનાં પત્ની યલમ્માજી, પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીરામકૃષ્ણ અને બંને દીકરીઓ - સુભદ્રા અને સરસ્વતીને પોતાના ભાઈ જનાર્દનને સોંપી તેઓ પત્ની ઈલમ્માગારુજીને સાથે લઈ તીર્થયાત્રા કરવા નીકળ્યા. તેમણે દક્ષિણથી ઉત્તર તરફનો માર્ગ લીધો. પ્રયાગ, કાશી અને ગયાજીની તીર્થયાત્રા કરી તેઓ પાછા કાશી આવ્યા અને ત્યાં હનુમાનઘાટ ઉપર તેમનાં જ્ઞાતિજનો રહેતા હતા ત્યાં મકાન રાખીને રહેવા માંડ્યા.

કાશીમાં થોડાં વર્ષો પછી સમાચાર આવ્યા કે મુસલમાન સેના કાશી લૂંટવા માટે ચઢી આવે છે, તેથી કાશીના નાગરિકો ગભરાઈને જીવ બચાવવા ભાગવા માંડ્યા. લક્ષ્મણ ભટ્ટજી પણ પોતાનાં પત્ની ઈલમ્માગારુજી, જેઓ તે વખતે ગર્ભવંતા હતાં, તેમને સાથે લઈને પોતાના જ્ઞાતિજનો સહિત વતનમાં પાછા જવા નીકળ્યા. તેઓ જ્યારે મધ્યપ્રદેશમાં આવેલ ચંપારણ્ય નામના જંગલમાંથી જઈ રહ્યા હતા, ત્યારે પ્રવાસના થાકને લીધે અને ગર્ભવંતા હોવાના કારણે અતિશ્રમિત થયેલાં ઈલમ્માજી પાછળ પડી ગયાં, અને પતિથી વિખૂટાં પડી ગયાં. આવા ગાઢ જંગલમાંથી પતિની સાથે થવા માટે ઝડપથી ચાલતાં ઈલમ્માગારુજી એક રાત્રે પ્રસવની અતિપીડાથી મહા નદીને કિનારે એક શમી વૃક્ષની છાયામાં બેસી ગયાં. તે દિવસ હતો વિક્રમ સંવત ૧૫૩૫ ચૈત્ર વદી દશમીનો. ગાઢ અંધારી રાત હતી, ચારે બાજુથી હિંસક પશુઓનો ભયપ્રદ અવાજ આવતો હતો. આજુબાજુ કોઈ મનુષ્યો નહોતાં. એવા બિહામણા વાતાવરણમાં ઈલમ્માગારુજીને સાતમા માસે ગર્ભસ્રાવ થયો. બાળક નિશ્ચેતન લાગ્યું, તેથી રાત્રિના ગાઢ અંધકારમાં મૃત પુત્ર છે તેમ માની, પોતાની સાડીમાંથી વસ્ત્રનો ટુકડો ફાડી, તેમાં બાળકને લપેટી, તે વૃક્ષની બખોલમાં પાંદડાંનો ઢગલો કરી, તે પર બાળકને મૂકી, હિંસક પશુઓથી બાળકને બચાવવા ઉપર સૂકાં પાંદડાં ઢાંકી દીધાં. પ્રસવની પીડા, જંગલની ભયાનકતા અને સાથમાં કોઈ ન હોવાનો ભય - આ બધાંથી અતિશ્રમિત થયેલાં હોવા છતાં ઈલમ્માગારુજી પતિને શોધવા હિંમત કરીને આગળ ચાલ્યાં. અડધી રાત્રિનો સમય થવા આવ્યો હતો ત્યારે તેઓ આગળ પતિને ભેગાં થયાં. ગર્ભસ્ત્રાવનો સર્વ પ્રસંગ પતિને કહ્યો. ભગવદ્ઈચ્છા માની શ્રમિત થયેલાં પતિપત્ની સૂઈ ગયાં.

રાત્રે સ્વપ્નમાં ભગવાને આ ભક્તદંપતીને દર્શન આપ્યાં અને આજ્ઞા કરી કે: 'હું તમારે ત્યાં પ્રકટ થવાનો છું, માટે કાલે જે સ્થાને તમને ગર્ભસ્રાવ થયો હતો તે સ્થાને પાછાં વળો.' સ્વપ્નમાં થયેલી ભગવદ્આજ્ઞાથી આ દંપતી ખૂબ જ પ્રસન્ન થયાં. શ્રીલક્ષ્મણ ભટ્ટજી વસુદેવજીનું પ્રાગટ્ય છે. શ્રીઈલમ્માગારુજી દેવકીજીનું પ્રાગટ્ય છે. આ દંપતી રાત્રિએ ધ્યાનમાં રાખેલી નિશાનીઓના આધારે ગાઢ જંગલમાં પાછાં ફરી રહ્યાં છે. ભગવદ્ દર્શનની હૃદયમાં અતિ તાલાવેલી છે. પત્નીએ મહા નદીના કિનારે કિનારે ચાલતાં કહ્યું કે 'આટલા વિસ્તારમાં જ તે વૃક્ષ આવેલું છે, જયાં મેં રાત્રે મૃત પુત્રને મૂક્યો હતો.' મહા નદીને કિનારે આગળ વધતાં થોડેક જ દૂર તેમણે અગ્નિની ઊંચી ઊંચી શિખાઓ આકાશ તરફ જતી જોઈ, તેમના બંનેના હૃદયમાં અલૌકિક અગ્નિનાં દર્શન કરીને અતિ હર્ષ થયો. તેઓ ઝડપી પગલે ત્યાં આવ્યાં. ઈલમ્માગારુજી રાત્રે જે વૃક્ષ નીચે બેઠાં હતાં તે જ વૃક્ષની છાયામાં ચાલીસ હાથના વિસ્તારમાં અગ્નિનો કુંડ રચાઈ ગયો છે. અગ્નિની શિખાઓ આકાશમાં ઊંચે ઊંચે ફેલાઈ છે. અને તેની વચમાં ચાર ગજનો માટીનો ચોતરો બન્યો છે. તેના ઉપર પોતાની સાડીના જ ટુકડા પર એક અલૌકિક તરતનું જન્મેલું બાળક પોતાના પગનો અંગૂઠો મોંમાં રાખી સૂઈ રહ્યું છે. અને રમી રહ્યું છે. બાળકના મુખારવિંદના દર્શન કરતાં જ માતાપિતાને અત્યંત આનંદ થયો. ઈલમ્માગારુજીના સ્તનમાં દૂધની ધારાઓ વહેવા માંડી. તેમણે પોતાના પતિને કહ્યું: 'આ મારો પુત્ર છે.' શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ કહ્યું કે : 'દેવી, પુત્ર તમારો હશે તો અગ્નિ જરૂર ખસી જઈને તમને માર્ગ આપશે. માટે હવે તમે વિલંબ ન કરો.' ઈલમ્માગારુજી પુત્રને લેવા માટે દોડ્યાં. અગ્નિ અંતર્ધાન થઈ ગયો. તેમણે પુત્રને પોતાની ગોદમાં ઊંચકી લીધો, હૃદયસરસો ચાંપ્યો અને શ્રીલક્ષ્મણ ભટ્ટજીની પાસે આવી તેમની ગોદમાં આપ્યો. શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ બાળકનાં દર્શન કરી અતિ પ્રસન્નતાથી કહ્યું: 'દેવી, આજે આપણા પૂર્વજોનું અને આપણું ભાગ્ય ખૂલી ગયું છે. જે ભગવાને આપણા પૂર્વજોને આજ્ઞા કરી હતી, તે આજે સત્ય થઈ છે. આપણે ત્યાં સાક્ષાત્ ભગવાન પધાર્યા છે. તે સમયે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને આકાશવાણી થઈ. 'હવે કળિયુગ ચાલ્યો જશે, સત્યયુગ આવશે. વેદમાર્ગનો પ્રચાર થશે, કારણ કે અહીં શ્રીભગવદ્ મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભ પ્રગટ થયા છે. શ્રીલક્ષ્મણ ભટ્ટજી, તમને ધન્ય છે.' શ્રીલક્ષ્મણ ભટ્ટજી અલૌકિક દિવ્ય પુત્રને ઈલમ્માગારુજીની ગોદમાં પધરાવી, ભગવદ્ સ્વરૂપનાં દર્શનમાં મગ્ન થઈ ગયા.

આપશ્રીનું સ્વરૂપ મેઘશ્યામ વર્ણનું હૃષ્ટપુષ્ટ હતું. મુખારવિંદ ગોળ હતું. તેજસ્વી, વિશાળ લલાટ ઉપર કસ્તૂરીનું તિલક શોભતું હતું. બંને નેત્ર કમળ જેવાં વિશાળ અને અણિયાળાં હતાં. નાસિકા લાંબી અને તીક્ષ્ણ હતી. ગુલાબી અધરઓષ્ટ અતિ સુંદર લાગતા હતા. બંને કપોલ પણ ગુલાબી વર્ણના હતા. આવા ભગવદ્ સ્વરૂપનાં દર્શન કરી લક્ષ્મણ ભટ્ટજીની આંખોમાંથી હર્ષાશ્રુ ચાલ્યા જતાં હતાં. તે દિવસ સંવત ૧૫૩૫ના ચૈત્ર વદી એકાદશીને રવિવારનો હતો. મધ્યાહ્ન થયો હતો, તે વખતે જયેષ્ઠા નક્ષત્ર અને વૃષભ લગ્ન હતું.

પ્રભુનું ભૂતલ પર પ્રાગટ્ય થવાથી પૃથ્વીની શોભા બદલાઈ ગઈ. આકાશમાં શ્યામ વાદળ ઊતરી આવ્યાં, મંદ મંદ વરસાદ વરસવા માંડ્યો. શેષનાગ પોતાની સહસ્ત્ર ફણાઓથી છાયા કરવા માંડ્યા, જંગલી પ્રાણીઓએ પોતાનો જંગલી સ્વભાવ

ત્યજી દીધો. આકાશમાંથી દેવોએ દિવ્ય પુષ્પોની વર્ષા કરી. સમગ્ર ભૂમંડલ પર જયજયકાર થવા માંડ્યો.

તે સમયે ભગવદ્ઈચ્છાથી ત્યાં નંદાલયની જેમ રત્નજડિત મહેલ સિદ્ધ થઇ ગયો. અષ્ટસિદ્ધિ અને નવનિધિ પ્રભુને ચમ્મર ઢોળવા લાગ્યાં. લક્ષ્મીજીએ રત્નજડિત સુવર્ણનાં તોરણો બાંધ્યાં. બ્રહ્માજી, વેદવ્યાસજી, શુકદેવજી અને ૮૪,૦૦૦ ઋષિવર્યો વેદગાન કરવા લાગ્યા. શૃંગી નાદ કરતા મહાદેવજી અને વીણા ગવાડતા નારદજી પણ આવ્યા. ત્યાં ગંધર્વો વાજિંત્રો વગાડે છે, અપ્સરાઓ નૃત્ય અને ગાન કરે છે, બંદી, માગધ, ભાટ, ચારણ શ્રીમહાપ્રભુજીની બિરદાવલીઓ ગાય છે. ભૂતલ ઉપર ફરી એકવાર ભગવદ્ ઈચ્છાથી સારસ્વત કલ્પમાં થયેલ નંદમહોત્સવ જેવો મહામહોત્સવ આજે મનાવાઇ રહ્યો છે.

યે ઋતુ વસંત અનંત ગુનનિધિ કેલ સુખહિન રાસી ।
તિહિં સમે હરિમુખ શ્રીવલ્લભ પ્રકટે નિત્ય વિલાસી ॥
અંબુજ નેન વિશાલા લલિત સુભગ નિધિ શોભિત ભાલા ।
ગુનનિધિ શ્યામ સરીરા લીલા જલનિધિ રાસ ગંભીરા ॥
ભુજદંડ પ્રબલ અખંડ પદયુગ અંબુજ નખ જગ જોહના ।
અરવિંદ મુખ અલિવૃન્દ કુંચિત અલકગન મન મોહના ॥
યુગ ગંડ મંડલ રવિ અખંડલ કોટિ કુંડલ વારિયે ।
પ્રિય નંદનંદન રૂપ પ્રતિનિધિ અલિ વિચિત્ર નિહારિયે ॥
શ્રીલક્ષ્મણ નવનિધિ આઇ અદ્ભૂત શોભા બરની ન જાઇ ।
કંચન કલશ ધ્વજા ફહરાઇ દીપદાન કર જુગત બનાઇ ॥
બુનાઇ જુગત ઘર દીપમાલા જોત ફેલી ગગનજુ ।
ધેનુ ધન ગૃહ વસન ભૂષણ દેત કંચન નગનજુ ॥

* * *

આયે દેવ વિમાનન ચઢ ચઢ ।
મહામહોત્સવ દરસ કરન કો એક એકતેં આગે બઢ બઢ ॥

શ્રીઇલ્લમાગારુજીની ગોદમાં પોઢેલા પ્રભુના મુખમાં શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ પૂર્વે સ્વપ્ન દ્વારા પ્રાપ્ત થયેલ ભગવદ્ પ્રસાદી પાનની બીડી મૂકી, કંઠમાં તુલસીની કંઠી પહેરાવી અને પ્રસાદી ઉપરણો ઓઢાડયો.

તે જ સમયે શ્રીનંદરાયજી અને શ્રીયશોદાજી, શ્રીવૃષભાનજી અને શ્રીકીર્તિજી, શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજી તથા શ્રીયમુનાજી સર્વ વ્રજભક્તો સહિત ત્યાં પધાર્યા. સર્વ સ્વરૂપોના શ્રીઅંગ ઉપર સુંદર કિંમતી વસ્ત્રો અને હીરામોતીના ષોડશ શૃંગારો શોભાયમાન છે. તેમના હસ્તમાં સોનાના થાળમાં અનેકવિધ સામગ્રીઓ લઇને તેંઓ આવી રહ્યાં છે. તેઓ શ્રીમહાપ્રભુજીના કોટિકંદર્પ-લાવણ્ય મુખારવિંદના દર્શન કરી અતિ આનંદ પામે છે. કીમતી રત્નો અને મોતીથી શ્રીમહાપ્રભુજીને વધાવે છે. ત્યાં તો દૂધદહીંની ગાગરો લઇને ઝાંઝમૃદંગ બજાવતા, નાચતા, કોલાહલ કરતા ગોપગ્વાલ પણ આવી પહોંચ્યા. ચારે બાજુ શ્રીચંપારણ્ય ધામમાં મહામહોત્સવ પ્રસંગે જયજયકાર થઇ રહ્યો છે. શ્રીચંપારણ્ય ધામ શ્રીવ્રજભૂમિ બની ગયું છે. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી' 'લક્ષમણ ભટ્ટ ઘર આનંદ ભયો, જય વલ્લભ લાલકી'ના જયઘોષ ગવાઇ રહ્યા છે. અનેક ભગવદીયો આ લીલાનાં દર્શન કરી શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યની વધાઇઓ ગાય છે.

'ભૂતલ મહા મહોત્સવ આજ,
શ્રીલક્ષ્મણ-ગૃહ પ્રગટ ભયે હૈં શ્રીવલ્લભ મહારાજ,
નાચત ગાવત પ્રેમવિવશ વ્હૈ છાંડી લોક કુલ લાજ.'

* * *

ઝુંડન ગાવત હૈં વ્રજનારી ।
નવસત સાજ શૃંગાર કનક તન પહેરૈં ઝૂમક સારી ॥
કંચન થાર લિયે જુ કમલ કર મંગલ સાજ સંવારી ।
દધિઅક્ષત અરુ શ્રીફલ કુંકુમ ઔર દૂબ કુસુમ માલારી ॥
નાચત ગાવત કરત કુલાહલ ઊઠી દેત કર તારી ।
શ્રીલક્ષ્મણગૃહ ખેલ મચ્યો હૈં ભીર ભઇ અતિ ભારી ॥

આમ અનેક પ્રકારનાં કીર્તનો ગવાય છે, દૂધ-દહીં ઊડે છે. પુષ્પવૃષ્ટિ થાય છે. સુવર્ણમહોરો, મોતી, રત્નો ઊછળે છે. ચારે બાજુ સૌ આનંદમગ્ન થઇ ગયાં છે.

તે સમયે શ્રીનંદરાયજી અને શ્રીવૃષભાનજીએ શ્રીલક્ષ્મણ ભટ્ટજીને મંગળ સ્નાન કરાવ્યું. શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ વેદવિધિથી બાળકનું જાતકર્મ કર્યું અને પછી બ્રાહ્મણ, બંદી, માગધ, ભાટ, ચારણ સૌને ઉદારતાપૂર્વક દાન આપ્યું. ચંપારણ્યમાં ત્યારે દૂધ-દહીંની નદીઓ વહેવા માંડી હતી. સૌ પોતાનું ભાન ભૂલી ગયાં હતાં. ન વર્ણવી

શકાય તેવો આનંદ થઇ રહ્યો હતો. સારસ્વતકલ્પનો નંદમહોત્સવ આજે ફરીથી ભૂતલ પર પ્રગટ થયો હતો.

એવામાં શ્રીગર્ગાચાર્યજી પણ ત્યાં પધાર્યા. શ્રીલક્ષ્મણ ભટ્ટજીની વિનંતીથી તેમણે શ્રીમહાપ્રભુજીની જન્મપત્રિકા લખી અને કહ્યું: 'તમારો પુત્ર કોઇ લૌકિક મનુષ્ય નથી, પરન્તુ સાક્ષાત્ ભગવાન છે. તે દૈવી જીવોનો ઉદ્ધાર કરશે. બધાં તીર્થોને સનાથ કરશે. જગતમાં શ્રીવલ્લભાચાર્યજીના નામે હંમેશા પ્રસિદ્ધ રહેશે. ભૂતલ પર માયાવાદ દૂર કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરશે, પૃથ્વી ઉપર ત્રણ શુદ્ધ કુલ છે - યદુકુલ, રઘુકુલ અને ત્રીજું આ વલ્લભકુલ. યદુકુલ અને રઘુકુલની જેમ શ્રીવલ્લભકુલનો મહિમા સદૈવ વધ્યા કરશે. આમ, શ્રીગર્ગાચાર્યજીએ શ્રીમહાપ્રભુજીની જન્મપત્રિકા વાંચી. શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ પોતાના પુત્રનું નામ શ્રીવલ્લભ ધર્યું. કારણ કે તેઓ સૌને પ્રિય હતા.

આ પ્રમાણે નંદમહોત્સવ થઇ ગયા પછી સૌ આનંદપૂર્વક શ્રીવલ્લભને દંડવત્ કરી પોતાના સ્વધામમાં ગયાં. પોતાની ઇચ્છાશક્તિ દ્વારા પ્રગટ થયેલા વ્રજધામની આ સર્વ લીલા અંતર્ધાન થઇ ગઇ.

શ્રીલક્ષ્મણ ભટ્ટજી આંખો ચોળતાં જુએ છે તો ચંપારણ્યના ગાઢ વન સિવાય ત્યાં કશું જ નથી. પત્નીની ગોદમાં શ્રીવલ્લભ ખેલી રહ્યા છે. તેમનાં દર્શન કરી આ દંપતી ધન્ય બની ગયાં. આમ, ચંપારણ્યમાં પ્રાગટ્ય બેઠકના સ્થાન ઉપર આજથી ૫૨૪ વર્ષ પહેલાં શ્રીવલ્લભનું પ્રાગટ્ય થયું.

આ પ્રાગટ્યનું વર્ણન શ્રીદ્વારકેશજી મહારાજે 'મૂળપુરુષ' નામના લાંબા કાવ્યમાં ખૂબ સુંદર રીતે કર્યું છે, તે નીચે પ્રમાણે છે.

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્તિરીય ગોત્ર ભાર દ્વાજ, તૈલંગ કુલ ઉદિત દ્વિજ રાજ.
દ્વિજ રાજતેં હરિ આય પ્રગટે, સોમ યજ્ઞ કિયો જબેં,
કુંડતેં હરિ કહી બાની, જન્મ કુલ તુમ્હારે અબેં;
ચકિત તત્ ક્ષણ ભયે સબ જન, ઐસી અબલોં ન ભઈ કબેં,
સુનત હી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબેં.
તિન કે પુત્ર ભયે ગંગાધર, તિન કે ગણપતિ સુત વલ્લભ વર;
શ્રી લક્ષ્મણભટ્ટ અનુભવ ટેવ, શુદ્ધ સત્ત્વ જયોં શ્રી વસુદેવ.

સત્ત્વ ગુણ વિદ્યા પયોનિધિ, વિશદ કીર્તિ પ્રકટઈ,
ગામ કાંકરવારમેં રહી, જાતિ સબ હરખિત ભઈ;
પર્વ પર સકુટુંબ લેકેં, ચલે પ્રાગકૂં, સાથ લે,
સ્નાન-દાન દિવાય દ્વિજકૂં, ચલે કાશી પાત લે.
કછુક દિન રહીકે ચલે સબ દક્ષણ, આનંદિત તનુ સકુન સુલક્ષણ;
ચંપારણ્યમેં જબ આયે, ઈલ્લમાગારુ ગર્ભ સ્રવિત જતાયે.
સ્રાવ જાનિ ચલે તહાંતે, નગર ચૌડામેં બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દશ દિશા માનોં હસે;
ચેન હે સુનિ ચલે કાશી, ફેર વહી બન આવહીં,
અગ્નિ ચહુંધા મધ્ય બાલક, દેખિ સન્મુખ ધાવહીં.
મારગ દિયો જાનિ જિય માતા, લિયે ઉછંગ મોહે દિયો હે વિધાતા;
તાત સુનત દૌરી કંઠ લગાયે, તિહીં છિન મંગલ હોત બધાયે.
મંગલ બધાયો હોત તિહું પુર, દેવ દુંદુભિ બાજહીં,
જોતસીકો લગ્ન પૂછત, પ્રથમ સમયો સાધહીં;
ધન્ય સંવત પંદ્રહા, પૈંતીસ માધવ માસ હે,
કૃષ્ણ એકાદશી શ્રીવલ્લભ, પ્રકટ વદન વિલાસ હે.

આ પ્રાગટ્યની લીલા જ્યારે ચંપારણ્યમાં થઇ ત્યારે તે જ સમયે વ્રજમાં શ્રીગિરિરાજજી ઉપર શ્રીનાથજીના મુખારવિંદનું પણ પ્રાગટ્ય થયું. આમ, ગોલોકધામમાં પ્રભુએ શ્રીમહાપ્રભુજીને આપેલ વચન પ્રમાણે પોતે પણ સ્વયં ભૂતલ પર તે જ સમયે પધાર્યા. બંને સ્વરૂપનો એકી સાથે, એક સમયે થયેલ પ્રાગટ્યનો આ ભૌતિક ઈતિહાસ આપણને સ્પષ્ટ રીતે સમજાવે છે કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી આપણી આ આંખોથી અલગ અલગ દેખાતા હોવા છતાં વાસ્તવમાં બંને અલગ નથી, પણ એક જ સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજીએ પ્રાકૃત મનુષ્યનું સ્વરૂપ ધારણ કર્યું હોવા છતાં તેઓ અલૌકિક સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ છે, તે વાત દૃઢ વિશ્વાસ અને શ્રદ્ધાથી સ્વીકારી, તે રીતે જ શ્રીવલ્લભના સ્વરૂપનું દર્શન, સેવા અને ચિંતન કરવાં જોઇએ.

આ પ્રસંગમાં બે-ત્રણ બાબતો વિચારવા જેવી છે. શ્રીમહાપ્રભુજીએ અન્ય કોઇ સ્થાને પ્રગટ ન થતાં શ્રીચંપારણ્યનું સ્થાન પોતાના પ્રાગટ્ય માટે કેમ પસંદ કર્યું?

ચંપારણ્યની ભૂમિ ઋષિમુનિઓના યજ્ઞયાગાદિથી પવિત્ર બનેલી ભૂમિ હતી. પ્રભુ સામાન્ય રીતે શહેરમાં વસ્તીની ગીચતામાં પ્રગટ થવાનું પસંદ કરતા નથી. આપને એકાંત સ્થાન અતિ પ્રિય છે. તેમાંયે વ્રજની નિકુંજોવાળું વન સૌથી વધારે પ્રિય છે. માટે આપે ચંપારણ્યનો આ એકાંત વનપ્રદેશ પોતાના પ્રાગટ્ય માટે પસંદ કર્યો, તેથી આપણે માટે ચંપારણ્યની પરમ પવિત્ર ભૂમિ એ બીજું વ્રજધામ છે. ભૂતલ પર મુખ્ય વૃન્દાવન ઉપરાંત અન્ય ત્રણ અતિ પવિત્ર વન છે.

(૧) ચંપારણ્ય (૨) ચરણાટ અને (૩) અડેલની આજુબાજુનું વન.

ચંપારણ્યમાં પ્રગટ થવાનું એક બીજું પણ કારણ છે. જે આપશ્રીના ભવિષ્યમાં પ્રગટ થનાર ચરિત્રો તરફ આપણને ગર્ભિત ઇશારો કરે છે. બીજાં પુષ્પો કરતાં ચંપાનાં પુષ્પોની એક વિશિષ્ટ ખાસિયત છે, તેથી કવિએ ચંપાના ફૂલનું વર્ણન કરતાં કહ્યું છે કે:

ચંપા તુજમેં તીન ગુણ, રૂપ, રંગ ઔર બાસ,
અવગુન તુજમેં એક હૈ, ભંવર ન આવે પાસ.

આમ, ચંપામાં ત્રણ ગુણ રહેલા છે. તેનું સુંદર રૂપ છે, તેનો રંગ પણ સુંદર છે, તેની સુવાસ પણ મીઠી અને મોહક છે. આ બધું હોવા છતાં તેનામાં એવો કોઇક અવગુણ છે કે જેથી રસ અને મધનો ભોગી ભમરો બીજાં બધાં પુષ્પો પાસે જાય છે, પણ ચંપા પાસે આવતો નથી. ચંપાને આમ ભમરાએ તરછોડ્યો છે. પરિણામે ચંપો ગમે તેટલો સુંદર હોવા છતાં બીજાં પુષ્પો જેટલું તેનું સ્થાન નથી. આ સંજોગોમાં ચંપો ઉપેક્ષિત છે. દૈવી જીવો પણ અહંતા, મમતારૂપી સંસારમાં ફસાઇ જવાથી પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયા છે. આવા જીવોમાં દેખાવની સુંદરતા છે. લૌકિક ગુણોની સુવાસ છે. તેમનાં કેટલાંક કાર્યોની પણ સુંદરતા જોવા મળે છે. તેમ છતાં યે અલૌકિક પ્રેમના ભોગી ભ્રમર જેવા પ્રભુ તેમનાથી દૂર રહે છે. તેમનો ઉદ્ધાર થઇ શક્તો નથી. આવા ચંપા જેવા ઉપેક્ષિત દૈવી જીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય કૃપાશક્તિરૂપ કેવળ શ્રીમહાપ્રભુજીમાં હોવાથી આવા નિ:સાધન દૈવી જીવોને શરણે લેવા માટે પોતે પ્રગટ થયા છે. એમ સૂચવવા આપે આ ચંપારણ્યમાં પ્રગટ થવાનું ઉચિત માન્યું.

શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનું જે વૃત્તાંત આપણે ઉપર જોયું તેમાં એક બીજી બાબત પણ આપણે યાદ રાખવા જેવી છે. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય ઇલમ્માગારુજીની કૂખે, જેમ સૌ માતાની કૂખે બાળક જન્મે તેવી રીતે થયું છે. પણ તે વાત બરોબર નથી. કારણ કે પ્રભુ કદાપિ લૌકિક બાળકની જેમ જન્મ લેતા નથી, તેઓ પૃથ્વી ઉપર સ્વત: પધારે છે. માટે આપણે તેમનો જન્મ થયો તેમ કહેવાને બદલે તેમનું પ્રાગટ્ય થયું તેમ કહીએ છીએ. તેમણે અવતાર ધારણ કર્યો તેમ કહીએ છીએ. પ્રાગટ્ય અને અવતાર શબ્દ આપ સ્વત: પધાર્યા છે, તે બાબતનું સૂચન કરે છે. જો શ્રીમહાપ્રભુજી પણ લૌકિક બાળકની જેમ જન્મ્યા હોત તો ઇલમ્માગારુજીને રાત્રે ગર્ભસ્રાવ થયો ત્યારે બાળક મૃત જણાયું ન હોત અને તેને વૃક્ષની બખોલમાં મૂક્યું ન હોત. વૃક્ષની બખોલમાં મૂકેલ ગર્ભને અને અગ્નિકુંડમાંથી પ્રગટ થયેલ શ્રીવલ્લભને સીધો કોઇ સંબંધ નથી, તેમ બતાવવા જ બેઠકચરિત્રમાં સ્પષ્ટ આજ્ઞા છે કે શ્રીમહાપ્રભુજી સ્વત: અગ્નિકુંડમાંથી પ્રગટ થયા છે, કારણ કે જો રાત્રે વૃક્ષની બખોલમાં મૂકેલા ગર્ભમાં ચેતન આવ્યું હોત તો તે બાળકને ઊંચકીને અગ્નિકુંડમાં મૂકનાર ત્યાં કોઇ હતું નહિ, તેથી સમજી શકાય છે કે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય લૌકિક બાળકની જેમ શ્રીઇલમ્માગારુજીની કૂખેથી થયું નથી. પરન્તુ શ્રીકૃષ્ણાવતારમાં જેમ આપ યશોદાજીના ત્યાં અને દેવકીજીના ત્યાં સ્વત: પ્રગટ થયા હતા, તેવી જ રીતે અહીં ચંપારણ્યમાં અગ્નિકુંડમાંથી પણ પ્રગટ થયા છે.

આમ, આપણે શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનો અલૌકિક પ્રસંગ આ ચંપારણ્યના બેઠકચરિત્રમાં જોયો.

(ખ) શ્રીમહાપ્રભુજીએ આ સ્થાને કરેલ શ્રીમદ્ ભાગવત પારાયણ:

આપણે અગાઉ જોઇ ગયા કે જે જે સ્થાન પર શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું છે તે તે સ્થાન પર આપશ્રીનાં બેઠકજી આજે પણ બિરાજે છે. જો ચંપારણ્યમાં કેવળ પ્રાગટ્ય જ થયું હોત તો તે પ્રાગટ્ય સ્થાન તરીકે પ્રસિદ્ધ થાય, બેઠકજી તરીકે આ સ્થાન પ્રસિદ્ધ થાય નહિ. શ્રીમહાપ્રભુજીનું અહીં પ્રાગટ્ય તો થયું જ છે, પરંતુ આપશ્રીએ અહીં પધારી શ્રીમદ્ ભાગવતનું પ્રથમ પારાયણ કર્યું તે પ્રસંગ પણ હવે આપણે જોઇએ.

શ્રીલક્ષ્મણ ભટ્ટજીના ગોલોકવાસ પછી તેમનાં પત્ની ઇલમ્માગારુજીને કુટુંબની સર્વ જવાબદારી સ્વીકારવાની આવી, કારણ કે શ્રીલક્ષ્મણ ભટ્ટજીનાં બીજાં પત્ની યલમ્માજી શ્રીલક્ષ્મણ ભટ્ટજીના ગોલોકવાસની સાથે જ સતી થયાં હતાં. શ્રી લક્ષ્મણ

૧. શ્રી ચંપારણ્યનાં પ્રાગટ્યનાં બેઠકજી

(બેઠક : ૩૨)



વિક્રમ સંવત ૧૫૩૫ની ચૈત્ર વદ અગિયારસે ચંપારણ્યમાં અગ્નિકુંડમાં શ્રીવલ્લભનું પ્રાકટ્ય - માતા ઈલમ્માગારુજીને માર્ગ આપતો અગ્નિ - બાળકને પધરાવવા જઈ રહેલા માતાપિતા. શ્રીવલ્લભના પ્રાગટ્ય સમયે અહીં સારસ્વત કલ્પનો નંદમહોત્સવ થયેલો.

શ્રી ચંપારણ્ય ક્ષેત્રમાં પ્રાગટ્યનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

ભટ્ટજીનું વાર્ષિક શ્રાદ્ધ કર્યાં પછી ૧૦ વર્ષની ઉંમરે શ્રીમહાપ્રભુજીએ તેમની માતાને વિનંતી કરી કે 'પિતાજીનો એક સંકલ્પ બાકી રહી ગયો છે. તેઓ સમગ્ર ભારતવર્ષની તીર્થયાત્રા કરવા ઈચ્છતા હતા. માટે તમે મને આજ્ઞા આપો તો હું પિતાજીનો તીર્થયાત્રાનો તે સંકલ્પ પૂરો કરું.'

માતાજીની આજ્ઞા લઈ, આપ તીર્થયાત્રા કરવા માટે પધાર્યા. આપશ્રીની સાથે તેમનાં માતાજી સહિત સ્વભૂ, સ્વયંભૂ, વિભુ, શંભુ વગેરે તેમના પિતાજીના વિદ્વાન શિષ્યો પણ હતા. આપશ્રી પ્રયાગ થઈ, ચિત્રકૂટ થઈ ચંપારણ્ય પહોંચ્યા. ત્યાં મહા નદીના કિનારે વેદિકાની રચના કરી. આ એ જ સ્થાન હતું જ્યાં આપનું પ્રાગટ્ય થયું હતું. વેદિકાની પાસે બિરાજીને શ્રીવલ્લભે સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી. આપના શિષ્યોએ ત્યાં કૂવો ખોદ્યો. પાછળ આવતા તેમના મોટાભાઈ રામકૃષ્ણજીની રાહ જોતાં તેઓ વસંતના દિવસોમાં દોલોત્સવ સુધી ત્યાં બિરાજ્યા. અને પછી ત્યાંથી અમરકંટક થઈને આગળ પધાર્યા. આમ, આ સ્થાન ઉપર શ્રીમહાપ્રભુજી પોતાની માતા અને સેવકો સહિત લાંબો સમય બિરાજ્યા છે. શ્રીમદ્ ભાગવતનું સપ્તાહ પારાયણ કર્યું છે. તેથી આ સ્થાને આપશ્રીનાં બેઠકજી પ્રગટ થયાં છે.

આ બેઠકજીના સ્થળની આમ બે રીતે વિશિષ્ટતા અને અલૌકિકતા છે. આ સ્થળે આપશ્રીનું પ્રાગટ્ય થયું. સારસ્વતકલ્પની નંદમહોત્સવની લીલા પ્રગટ થઈ, તેથી તે વ્રજધામ બની ગયું. અને ત્યાં બિરાજીને શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. આમ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય સ્થાનના શ્રીચંપારણ્યના ધામનાં આ પ્રથમ બેઠકજીનું ચરિત્ર આપણે જોયું.

(ગ) અર્વાચીન સમયમાં આ બેઠકજીના પ્રાગટ્યનો પ્રસંગઃ

કાલક્રમે શ્રીમહાપ્રભુજીનાં આ બેઠકજીનું સ્થાન લુપ્ત અને ગુપ્ત થઈ ગયું હતું. અનેક વૈષ્ણવો અને શ્રીવલ્લભવંશજો ત્યાં પધારતા અને ભાવનાથી શ્રીમહાપ્રભુજીનાં સેવાસ્મરણ કરતા, પરંતુ મૂળ સ્થાન પ્રાપ્ત થતું નહોતું. આજથી લગભગ ૧૨૦ વર્ષ પહેલાં બાજુમાં આવેલા રાજનાદ ગામમાં મારવાડમાંથી એક મારવાડી પુષ્કરણા બ્રાહ્મણે આવી વેપારની પેઢી ખોલી હતી. તેમના મુનિમ હતા પ.ભ.શ્રી રણછોડદાસ કલ્લા. તેમને એક રાત્રે સ્વપ્નમાં આજ્ઞા કરી કે : 'મને પ્રગટ કરો. હું અહીં બિરાજું છું.' પરંતુ શ્રી રણછોડદાસે આ આજ્ઞા તરફ ધ્યાન આપ્યું નહિ, તેથી શ્રીમહાપ્રભુજીએ તેમને બીજી વખત સ્વપ્નમાં આજ્ઞા કરી. ત્યારે તેમણે

તે વિષે વિચાર કરીને આજુબાજુના લોકોમાં ધીરધાર કરી, તેમની સાથે સંબંધ સ્થાપ્યો. તેમણે ચંપારણ્યના સ્થાનની તપાસ શરૂ કરી. તેઓ ચાંપાઝર ગામની આજુબાજુના વનમાં ગયા અને શોધતાં શોધતાં શ્રીચંપકેશ્વર મહાદેવજીના સ્થાનકે પહોંચ્યા. તે દરમ્યાન તેમને સ્વપ્નમાં ત્રીજી વખત શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી ત્યારે તેઓ રાયપુર આવ્યા. ત્યાંથી તેમણે બે ત્રણ ગોસ્વામી બાળકોને આ માટે વિનંતી કરી. આખરે તેઓ મુંબઈવાળા ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજશ્રીને મળ્યા. તેમને પધરાવીને તેઓ ફરી ચંપારણ્ય આવ્યા.

આપશ્રી રણછોડદાસ સાથે બેઠકજીના હાલના સ્થાને પધાર્યા. ત્યાં પોતે સુખપાલમાં પોઢેલા હતા. ત્યારે તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં અને આપશ્રીએ આજ્ઞા કરી કે 'તમે જયાં પોઢ્યા છો ત્યાંથી તમને લોખંડની એક સાંકળ મળશે. તેની આજુબાજુ ખોદતાં અગ્નિકુંડ પ્રાપ્ત થશે. ત્યાં હું બિરાજું છું, આપ મને પ્રગટ કરો.'

આવી આજ્ઞા થતાં મહારાજશ્રી રાયપુર પધાર્યા. દેશપરદેશ, ગામેગામ, કુમકુમ પત્રિકાઓ લખી વૈષ્ણવોને બોલાવ્યા. વૈષ્ણવોના મોટા સમૂહ સાથે આપશ્રી ફરી ચંપારણ્ય પધાર્યા. ત્યાં આજ્ઞા પ્રમાણે ખોદકામ કરતાં શ્રીબેઠકજીનું સ્થાન પ્રાપ્ત થયું. આથી સૌ ખૂબ પ્રસન્ન થયા. સંવત ૧૯૪૨ના માગસર વદ નોમ શ્રીગુસાંઈજીના પ્રાગટ્ય ઉત્સવના દિવસે બેઠકજીનો પાટોત્સવ મનાવવામાં આવ્યો અને ત્યાં નાનામોટા અનેક મનોરથો થયા. આમ, આ બેઠકજીનું પ્રાગટ્ય આજથી લગભગ ૧૧૬ વર્ષ પૂર્વે થયું.

આજે આ સ્થાનનું સુંદર નવનિર્માણ થયું છે. બેઠકજીની બાજુમાં આજે પણ ચંપકેશ્વર મહાદેવજીનું મંદિર આવેલું છે. બેઠકજીનું પ્રાગટ્ય થયું ત્યારે આ ચંપકેશ્વર મહાદેવજીએ શ્રીમહાપ્રભુજીના મહાપ્રસાદની માગણી કરેલી, તેથી આજે પણ શ્રીમહાપ્રભુજીના રાજભોગ સર્યા પછી મહાદેવજીને મહાપ્રસાદની એક પાતળ મોકલવામાં આવે છે. ત્યાં તેમને તે મહાપ્રસાદનો ભોગ ધરાય છે.

આજે આ બેઠકજી અમરેલીવાળા પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજજીવનજી મહારાજશ્રીના માથે બિરાજે છે. શ્રીકૃષ્ણદાસ અઢિયાજી દ્વારા બેઠકજીનું ભવ્ય અને સુંદર ભવન નિર્માણ પામ્યું છે. શ્રીમહાપ્રભુજીને બિરાજવાનો અને વૈષ્ણવોને સેવા કરવાનો આનંદ આવે તે રીતે વિશાળ બેઠકજી બન્યાં છે. શ્રીમહાપ્રભુજીના ઉત્સવ ઉપર વિશેષ કરીને બહુ મોટી સંખ્યામાં વૈષ્ણવો ત્યાં જાય છે. વૈષ્ણવોને મુકામ માટે અહીં ત્રણ ધર્મશાળાઓ છે. શ્રી પુષ્ટિદર્શન ધર્મશાળા, શ્રીવલ્લભનિધિ ધર્મશાળા,

શ્રી ગોપાલ ધર્મશાળા. ઉત્સવ ઉપર વધારે વૈષ્ણવો આવે ત્યારે તંબૂઓમાં વ્યવસ્થા થાય છે. અહીં શ્રીમહાપ્રભુજીને મનથી નિરખી, ઝારી ચરણ સ્પર્શ કરી, પૂર્ણ પ્રેમે દંડવત્ કરી આગળ વધીએ.

(૨) શ્રીચંપારણ્ય ધામમાં આવેલ શ્રીમહાપ્રભુજીનાં છઠ્ઠીનાં બેઠકજીઃ (બેઠક : ૩૩)

(ક) બેઠકજીનું સ્થાન :

ચંપારણ્યમાં શ્રીવલ્લભનિધિ ધર્મશાળાની બાજુમાં જ શ્રીસર્વોત્તમ વનની બહાર આ બેઠકજી આવેલાં છે. ધર્મશાળાના પાછલા દરવાજેથી નીકળીએ તો ડાબી બાજુના રસ્તે બે મિનિટના અંતરે આ બેઠકજી બિરાજે છે. આ બેઠકજી કામવનવાળા મહારાજશ્રીના માથે હાલ બિરાજે છે. બેઠકજીનું સ્થાન ઊંચાણમાં આવેલું છે. આઠેક પગથિયાં ચઢીને ઉપર જતાં સુંદર મકાન આવે છે. તેમાં આ બેઠકજી બિરાજે છે. અહીં પણ ઉત્સવ ઉપર, અગાઉથી જાણ કરવાથી મુકામ અને મહાપ્રસાદની વ્યવસ્થા થાય છે.

(ખ) બેઠકજીનું ચરિત્ર:

બેઠકચરિત્ર પ્રમાણે આ સ્થાનમાં શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ શ્રીવલ્લભનું છઠ્ઠીપૂજન કર્યું હતું. તે વખતે કાશીમાં ગંગાજીના કિનારે માધવાનંદ બ્રહ્મચારી નામે એક મુનિ તપશ્ચર્યા કરતા હતા. તેમની અઠ્ઠાવીસ વર્ષની તપશ્ચર્યાના અંતે તેમણે ગંગાજીમાંથી ભગવદ્ વાણી સાંભળીઃ 'તારે જોઈએ તે માગ.' માધવાનંદજીએ કહ્યુંઃ 'મને વ્રજલીલાનાં દર્શન કરાવો.' જવાબ મળ્યો : 'તું ચંપારણ્ય જા. ત્યાં સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમનું પ્રાગટ્ય થયું છે. ત્યાં તને વ્રજલીલાનાં દર્શન થશે.' આ સાંભળીને બ્રહ્મચારી ચંપારણ્ય જવા નીકળ્યા.

આવી જ રીતે અજમેર પાસે આવેલ પુષ્કારરાજ તીર્થમાં મુકુંદરાય નામે એક સંન્યાસી રહેતા હતા. તેઓ દરરોજ નિષ્કામ ભાવે શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા હતા. તેમના પર પ્રસન્ન થઈને પ્રભુએ તેમને દર્શન આપ્યાં અને વરદાન માગવા આજ્ઞા કરી. મુકુંદરાયે વિનંતી કરીઃ 'મહારાજ, મને આપની વ્રજલીલાનાં દર્શન કરાવો.' તેમને પણ ચંપારણ્ય જવા માટે ભગવદ્ આજ્ઞા થઈ. તેઓ પણ ચંપારણ્ય જવા માટે નીકળ્યા.

૨. શ્રી ચંપારણ્યનાં છઠ્ઠીનાં બેઠકજી

(બેઠક : ૩૩)



શ્રીવલ્લભના છઠ્ઠીના સંસ્કાર કરી રહેલ શ્રીલક્ષ્મણભટ્ટજી - અહીં જ છઠ્ઠીના દિવસે માધવાનંદજી અને મુકુંદદાસ સંન્યાસીને શ્રીવલ્લભની કૃપાથી વ્રજલીલાનાં દર્શન થયેલાં.



શ્રી ચંપારણ્ય ક્ષેત્રમાં છઠ્ઠીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને
આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

આ બંને ભક્તો છઠ્ઠીપૂજનના દિવસે ચંપારણ્ય આવ્યા. આ છઠ્ઠીનાં બેઠકજીના સ્થાન પર રહેતા શ્રીલક્ષ્મણ ભટ્ટજીને ત્યાં શ્રીવલ્લભનાં દર્શન કર્યાં. બંનેએ હાથ જોડીને શ્રીવલ્લભને વ્રજલીલાનાં દર્શન કરાવવાની વિનંતી કરી, ત્યારે શ્રીવલ્લભની કૃપાથી ત્યાં તેમને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ અને તેમણે આ સ્થાનમાં વ્રજની સમગ્ર લીલા અને સ્થાનનાં દર્શન કર્યાં. તેઓ બંને આ દર્શન કરીને આનંદવિભોર બની ગયા. શ્રીવલ્લભને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ માધવનંદજીએ શ્રીલક્ષ્મણ ભટ્ટજીને જયોતિષવિદ્યા શીખવી હતી. તેઓ બંને દર્શન કરી પોતપોતાના સ્થાને પાછા ગયા.

આ સ્થાન ઉપર શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ કર્યાનો ઉલ્લેખ 'શ્રીવલ્લભ-દિગ્વિજય' કે અન્ય ચરિત્ર ગ્રંથોમાં મળતો નથી. તેથી બેઠકજીની વ્યાખ્યા પ્રમાણે આ સ્થાને શ્રીમદ્ ભાગવત પારાયણ સપ્તાહ થઈ નથી, માટે આ સ્થાનને શ્રીમહાપ્રભુજીનું ભાવાત્મક સ્થાન માનવું રહે.

'શ્રીવલ્લભ દિગ્વિજય' પ્રમાણે શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય પછી શ્રીલક્ષ્મણ ભટ્ટજી પોતાનાં પત્ની અને શ્રીવલ્લભ સહિત આગળ ચાલ્યા હતા અને ચંપારણ્યથી છ ગાઉ દૂર આવેલ ચૌડાનગર, જે તે સમયે ચતુર્ભદ્રપુરના નામે જાણીતું હતું ત્યાં ગયા હતા. ત્યાંના રાજાના દિવાન શેઠ કૃષ્ણદાસ લક્ષ્મણ ભટ્ટજીના સેવક હોવાથી તેમણે ભટ્ટજીને ખૂબ માનપૂર્વક પોતાના મહેલમાં રાખ્યા હતા અને ત્યાં ભટ્ટજીએ શ્રીમહાપ્રભુજીના જાતકર્મ વગેરે સંસ્કારો સુંદર રીતે ઉજવ્યા હતા. તેથી 'શ્રીવલ્લભ દિગ્વિજય' પ્રમાણે છઠ્ઠીનો ઉત્સવ પણ ચૌડાનગરમાં મનાવાયો હતો. આમ, આ સ્થાનમાં બેઠકજી પાછળથી પ્રગટ થયેલાં બેઠકજી હોય તેમ જણાય છે. તેનો ઐતિહાસિક ચરિત્ર ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળતો નથી.

પરન્તુ આપણે તો શ્રીવલ્લભકુળે કૃપા કરીને જયાં શ્રીમહાપ્રભુજીને ભાવનાથી પધરાવ્યા હોય ત્યાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે તેવી શ્રદ્ધાપૂર્વક, ત્યાં તેમનાં સેવાસ્મરણ અને દર્શનનો આનંદ લેવો જોઈએ. એ ભાવથી આપણે શ્રીચંપારણ્ય ધામમાં આવેલાં શ્રીમહાપ્રભુજીનાં આ બીજાં બેઠકજી, જે છઠ્ઠીનાં બેઠકજીના નામથી ઓળખાય છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, ઝારીચરણસ્પર્શ કરી હવે, આપણે શ્રીલક્ષ્મણ ભટ્ટજી સાથે શ્રીવલ્લભને પધરાવી કાશી તરફ જઈએ.

પત્ની અને પુત્ર સહિત કાશી આવી હનુમાનઘાટ ઉપરના પોતાના મકાનમાં લક્ષ્મણ ભટ્ટજીએ પુનઃ નિવાસ કર્યો. શ્રીવલ્લભની પાંચ વર્ષની ઉંમર થતાં તેમને

યજ્ઞોપવિત આપવામાં આવી. કાશીના વિદ્વાન ગુરુઓ પાસે શ્રીવલ્લભ વેદ, વેદાંગ અને ષડ્દર્શનોનો અભ્યાસ કરવા લાગ્યા. તેમની કુશાગ્ર તેજસ્વી બુદ્ધિથી તેમણે અતિ અલ્પ સમયમાં પોતાનો વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. પોતાના બાલ્યકાળનાં અનેક દિવ્ય ચરિત્રો દ્વારા તેમણે માતાપિતાને, પોતાના ગુરુજનોને અને પોતાની આસપાસના સર્વજનોને આશ્ચર્યચકિત કર્યા હતા. કાશીના સર્વ વિદ્વાનો તેમને વાક્પતિ અને બાલ સરસ્વતીના નામથી સંબોધતા હતા. વિદ્યાભ્યાસ દરમ્યાન જ તેમણે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્વરૂપ પોતાના મનમાં નિશ્ચિત કરી લીધું હતું અને તેની ચર્ચા, પણ બીજાઓની સાથે કરતા હતા.

પિતાના ગોલોકવાસ પછી તીર્થયાત્રા નિમિત્તે તેમણે ભારત પરિક્રમા કરવાનો નિશ્ચય કર્યો. તે દ્વારા તેમને દૈવી જીવોનો ઉદ્ધાર તો કરવો જ હતો, તેની સાથે સાથે માયાવાદનું ખંડન કરી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પણ સ્થાપવો હતો. તેથી માતાને સાથે લઇ તીર્થયાત્રા નિમિત્તે તેઓ દશ વર્ષની ઉંમરે પોતાના પિતાના શિષ્યો સાથે કાશીથી નીકળ્યા.

આપશ્રીએ આજીવન સફેદ ધોતી ઉપરણો ધારણ કરવાનું વ્રત લીધું, ખુલ્લા ચરણારવિંદે ચાલવાનું નક્કી કર્યું, શક્ય હોય તો ત્યાં સુધી ગામ બહાર જળાશયના કિનારે જ મુકામ કરવાનું સગવડભર્યું માન્યું. સાદું, સરળ, સંયમી જીવન જીવવાનો આપે નિશ્ચય કર્યો. સેવાસ્મરણને જ જીવનનાં મુખ્ય કાર્યો બનાવ્યાં. પોતે જે સિદ્ધાંતો પ્રતિપાદિત કરવા માગતા હતા, તે સિદ્ધાંતો તેમના જીવનમાં આચરી બતાવવાનો તેમણે નિર્ણય કર્યો. આવી રીતે સર્વ તૈયારી સાથે જયારે તેઓ કાશીથી નીકળ્યા ત્યારે પ્રયાગ થઇ, ચિત્રકૂટ થઇ સૌથી પ્રથમ પોતાના પ્રાગટ્ય-સ્થાન ચંપારણ્યમાં પધાર્યા. ત્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ કરી (જેનું વૃત્તાંત આપણે પ્રાગટ્યનાં બેઠકજીમાં જોયું) અને ત્યાંથી આપ આગળ પધાર્યા.

રસ્તામાં વૃદ્ધિનગર (વર્ધા) શહેર આવ્યું. વર્ધાના રાજમાર્ગ ઉપરથી પસાર થતાં શહેરના નગરશેઠ કપૂરચંદ હરસાનીના સૌથી નાના પુત્ર, જેમનું નામ દામોદરદાસ હરસાની હતું, તેમને દર્શન આપી શરણે લીધા અને તેમને સાથે લઇ પોતે પોતાના પિતાના પાછળથી વતન બનેલા એવા અગ્રહાર નામના ગામમાં પધાર્યા. ત્યાં પોતાના કાકા શ્રીજનાર્દન ભટ્ટજી પાસેથી શ્રીનંદરાયજી પૂજિત શ્રીશાલિગ્રામજી, શ્રીગોવિંદાચાર્યજી પાસેથી આપશ્રીના પૂર્વજોને પ્રાપ્ત થયેલ શ્રીમુકુન્દરાયજીનું સ્વરૂપ, શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીને પ્રાપ્ત થયેલું શ્રીમદનમોહનજીનું સ્વરૂપ અને પોતાનાં પૂર્વજ શ્રીગંગાધર ભટ્ટજીનાં શ્રીમદ્ ભાગવતપોથી પોતે પધરાવ્યાં અને કાકાની આજ્ઞા લઇ તેઓ તીર્થયાત્રા માટે આગળ વધ્યા.

તેમનાં માતાની ઇચ્છા પૂરી કરવા તેઓ દક્ષિણમાં શ્રીલક્ષ્મણબાલાજીનાં દર્શન કરવા ગયા, જયાં માતાને શ્રીલક્ષ્મણબાલાજીના મુખારવિંદમાં પ્રવેશ કરતા શ્રીલક્ષ્મણ ભટ્ટજીનાં દર્શન કરાવ્યાં અને ત્યાંથી તેઓ પોતાના મોસાળ વિદ્યાનગર (વિજયનગર) પધાર્યા. હવે આપણે વિદ્યાનગરનાં બેઠકજીના ચરિત્રનું વર્ણન જોઇશું.

(૩) શ્રી વિદ્યાનગર (વિજયનગર)નાં બેઠકજીઃ (બેઠક : ૪૯)

દક્ષિણમાં આંધ્રપ્રદેશમાં ગુંટકલ અને હુબલી નામનાં રેલવે સ્ટેશનોની વચ્ચે હોસ્પેટ નામનું એક નાનું રેલવે સ્ટેશન આવેલું છે. હોસ્પેટ ગામથી સાત માઇલ દૂર હંપી નામનું એક નાનકડું ગામ આવેલું છે. પર્વતોની વચ્ચે તુંગભદ્રા નદીને કિનારે તે વસેલું છે. ત્યાં હોસ્પેટથી મોટર રસ્તે જઇ શકાય છે. તેની આજુબાજુ પ્રાચીન સમયનાં અનેક ખંડેરો આજે પણ વિદ્યમાન છે. આ જ સ્થળ આજથી ૫૦૦ વર્ષ પૂર્વે વિદ્યાનગર (વિજયનગર)ના નામે ખૂબ જ જાણીતું હતું. તે દક્ષિણનું મોટામાં મોટું મહારાજ્ય હતું, તે વખતે ત્યાં સર્વસત્તાધીશ તરીકે ત્યાંના રાજાના ભાઇ રાયકૃષ્ણદેવ હતા. રાજા પોતે નિર્બળ હોવાથી રાયકૃષ્ણદેવ સત્તાનાં સર્વ સૂત્રો સંભાળતા હતા. તેમની પરોપકારની ભાવના, માનવકલ્યાણની ઝંખના અને ધાર્મિક વૃત્તિથી તેઓ પ્રજામાં અત્યંત પ્રિય હતા. તે રાજ્ય અને તેની પ્રજા ખૂબ જ સમૃદ્ધ અને ધાર્મિક વૃત્તિનાં હતાં. એવા વિદ્યાનગરમાં શ્રીમહાપ્રભુજીનું મોસાળ આવેલું હતું. તેમના મામા વિદ્યાનગર રાજ્યના દાનાધ્યક્ષ હતા, તેથી આપશ્રી પોતાના મોસાળ વિદ્યાનગર પધાર્યા.

વિદ્યાનગરમાં મામાના ત્યાં પોતે મુકામ કર્યો. ત્યારે આપને સમાચાર મળ્યા કે અહીંના રાયકૃષ્ણદેવે એક મોટી ધર્મસભાનું આયોજન કર્યું છે. એક બાજુ શૈવ અને શાક્ત વિદ્વાનો અને બીજી બાજુ વૈષ્ણવ વિદ્વાનો વચ્ચે શાસ્ત્રચર્ચા ચાલી રહી છે, અને તેમાં વૈષ્ણવ વિદ્વાનો લગભગ પરાજિત થઇ ચૂક્યા છે. આપે પોતાના શિષ્યોને આજ્ઞા કરી કે : 'કાલે સવારે તમે ધર્મસભામાં જઇને રાજાને જાણ કરો કે અમે શાસ્ત્રચર્ચા કરવા માટે આવીએ છીએ.' બીજે દિવસે આપ ધર્મસભા-મંડપમાં પધાર્યા. આપશ્રીનું દિવ્ય તેજ જોઇ દ્વારપાળો અંજાઇ ગયા. અંદર જઇને દ્વારપાળોએ રાજાને સમાચાર આપ્યા. રાજા દોડતા મંડપના દ્વાર પર આવ્યા અને શ્રીમહાપ્રભુજીનાં

૩. શ્રી વિદ્યાનગરનાં બેઠકજી

(બેઠક : ૪૯)



વિદ્યાનગરની ધર્મસભામાં શાસ્ત્રચર્ચામાં માયાવાદીઓનો પરાજય કરી, બ્રહ્મવાદનું સ્થાપન કરનાર શ્રીવલ્લભનો જયજયકાર કરી રહેલ કૃષ્ણદેવરાય રાજાએ સો મણ સુવર્ણથી શ્રીવલ્લભનો કનકાભિષેક અહીં કરેલો.



શ્રી વિદ્યાનગર (વિજયનગર)નાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત પ્રણામ પહોંચે.

દર્શન કરી, ભાવવિભોર બની ગયા. તેમણે શ્રીમહાપ્રભુજીને સભામંડપમાં પધારવા વિનંતી કરી. આપશ્રી ગજગતિએ ચાલતા સભામાં પધાર્યા. તેમના અલૌકિક તેજથી આશ્ચર્યમૂઢ બની ગયેલી સભાના સર્વ સભ્યો ઊભા થઇ ગયા. શ્રીમહાપ્રભુજીના સેવકોએ શ્રી મહાપ્રભુજીનો જયઘોષ કર્યો અને સભાના અધ્યક્ષ શ્રીવિદ્યારણ્યતીર્થ સ્વામીએ આપશ્રીને ઊંચા સુવર્ણ સિંહાસન ઉપર બિરાજવા વિનંતી કરી.

આપશ્રી સિંહાસન પર બિરાજ્યા અને પૂછ્યું કે : 'સભામાં કઇ બાબત ઉપર શાસ્ત્રચર્ચા ચાલે છે? અમે પણ આ શાસ્ત્રચર્ચામાં ભાગ લેવા માગીએ છીએ. જેમને અમારી સાથે શાસ્ત્રચર્ચા કરવી હોય તેઓ વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને શ્રીમદ્ ભાગવત એ મુખ્ય ચાર શબ્દપ્રમાણોને આધારે કરી શકે છે. અમે વિષ્ણુસ્વામી સંપ્રદાયી છીએ. સધર્મક બ્રહ્મના ઉપાસક વૈષ્ણવ છીએ. તેથી અમે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું પ્રતિપાદન કરીશું.' આપશ્રીએ જુદા જુદા મતાનુયાયી આચાર્યો અને વિદ્વાનો સાથે કુલ સત્તાવીસ દિવસ સુધી શાસ્ત્રચર્ચા કરી, અને તેમાં બધા આચાર્યો અને વિદ્વાનોને આપશ્રીએ નિરુત્તર કર્યા, સૌએ આપશ્રીનો વિજય સ્વીકાર્યો. આમ, વિદ્યાનગરની વિશાળ ધર્મસભામાં આપશ્રીએ સર્વપ્રથમ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું અને માયાવાદનો પરાભવ કર્યો.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના મુખ્ય સિદ્ધાંતો આપણે સમજવા જોઇએ. શ્રીમહાપ્રભુજીના મતે બ્રહ્મ (ઇશ્વર) સત્ય છે. તેને પ્રાકૃત અંગો ન હોવાથી તે નિરાકાર છે. પરન્તુ તે અલૌકિક આનંદસ્વરૂપ હોવાથી તે સાકાર છે. તેનામાં મનુષ્યોના જેવા ધર્મો ન હોવાથી તે નિર્ધર્મક છે, પરન્તુ તેનામાં અલૌકિક દિવ્ય ગુણો હોવાથી તે સધર્મક છે. આ જ પ્રમાણે તે નિર્ગુણ અને સગુણ પણ છે. તે વિરુદ્ધધર્માશ્રયી છે. બ્રહ્મ સર્વ જગતનું ઉપાદાન કારણ છે. બ્રહ્મે પોતાના સ્વરૂપમાંથી પોતાની ક્રીડા માટે જગત પેદા કર્યું છે. જગત એ બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે. તેથી બ્રહ્મની જેમ જગત પણ સત્ય છે. બ્રહ્મમાંથી જીવો પ્રગટ થયા છે. જેમ અગ્નિમાંથી તણખા છૂટા પડે છે તેમ સત્, ચિત્ અને આનંદયુક્ત બ્રહ્મમાંથી જયારે જીવો છૂટા પડ્યા છે, ત્યારે સત્ અને ચિત્ અંશ જીવોમાં પ્રગટ રહ્યા, પરન્તુ આનંદ અંશ તિરોધાન થયો. તેથી જીવ બ્રહ્મનો અંશ છે, બ્રહ્મની પુનઃપ્રાપ્તિ થતાં તિરોધાન થયેલ આનંદ અંશને તે ફરી પામી શકે છે. જીવ જગતમાં આવતાં પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જવાથી અવિદ્યામાં ફસાઇ જાય છે. તેથી તેનામાં અહંતા અને મમતા આવે છે. અહંતા અને મમતામાં રાચતો જીવ પોતાના મૂળ સ્વરૂપને ઓળખી શક્તો નથી. પરિણામે તેમની

પ્રાપ્તિ માટે પ્રયત્ન કરી શકતો નથી. જીવની અહંતા અને મમતાને શ્રીમહાપ્રભુજી 'સંસાર' શબ્દથી ઓળખાવે છે. આવો સંસાર મિથ્યા છે, તેનો ત્યાગ કરવાથી અને દીનતા ધારણ કરવાથી ભગવદ્ પ્રાપ્તિનો માર્ગ સરળ બની શકે છે.

આ સિદ્ધાંતને શ્રીવલ્લભાચાર્યજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના સિદ્ધાંત તરીકે પ્રતિપાદિત કર્યો. આ જ સિદ્ધાંત આપશ્રીએ પોતાના 'અણુભાષ્ય', 'તત્વાર્થદીપનિબંધ', 'સુબોધિની', 'ષોડશ ગ્રંથો' વગેરેમાં પણ વિસ્તારપૂર્વક સમજાવ્યો છે.

આમ, શ્રીવલ્લભનો વિજય થતાં રાજાએ ઊભા થઈને સભામાં શ્રીવલ્લભનો ત્રણ વખત જયઘોષ કર્યો અને ઉપસ્થિત વિદ્વાનોને વિનંતી કરી કે 'આપ જો સંમતિ આપો તો શ્રીવલ્લભ વિજય પામ્યા હોવાથી તેમનો કનકાભિષેક કરી, તેમને આચાર્યપદવી આપવાનો મારો મનોરથ હું પૂર્ણ કરું.' સભાના સર્વ વિદ્વાનોએ પોતાની સંમતિ સહર્ષ આપી, તેથી બીજા દિવસે સવારે શુભ મુહૂર્તમાં સર્વ આચાર્યો, વિદ્વાનો અને નગરજનોની ઉપસ્થિતિમાં રાયકૃષ્ણદેવે ખૂબ ઠાઠમાઠપૂર્વક શ્રીવલ્લભનો કનકાભિષેક કર્યો. પવિત્ર તીર્થસ્થાનોના જળમાં સો મણ સોનાનાં ફૂલ પધરાવી, વેદમંત્રોચ્ચારપૂર્વક તે જળથી શ્રીવલ્લભને સ્નાન કરાવવામાં આવ્યું અને ત્યારબાદ સુંદર વસ્ત્રો પરિધાન કરાવી આપશ્રીને સોનાના સુંદર અને સૌથી ઊંચા સિંહાસન પર પધરાવી, આચાર્યોના હસ્તે આચાર્યતિલક કરાવવામાં આવ્યું, પછી સર્વ આચાર્યો અને વિદ્વાનોએ શ્રીવલ્લભને નીચે પ્રમાણેનું આચાર્યપદ પ્રદાન કરી, જયઘોષ કર્યો:

'શ્રીવેદવ્યાસ વિષ્ણુસ્વામી સંપ્રદાય સમુદ્ધાર, સંભૂત શ્રીવદનાવલાવતાર સર્વામ્નાયસંચાર વૈષ્ણવામ્નાય પ્રાચુર્યપ્રચાર શ્રીબિલ્વમંગલાચાર્યસાંપ્રદાયિકાર્પિત સામ્રાજ્યાસન, અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરુ શ્રીમહાપ્રભુઃશ્રીમદાચાર્યઃ' આ પદવી શ્રીમહાપ્રભુજીને સમર્પણ કરવામાં આવી.

રાજાએ શ્રીમહાપ્રભુજીને શતમણ સુવર્ણ સ્વીકારવા વિનંતી કરી, ત્યારે આપની આજ્ઞાથી દામોદરદાસજીએ કહ્યું કે : 'આ સુવર્ણ સ્નાનના જલવત્ હોવાથી અમારા શ્રીઆચાર્યચરણ તે સ્વીકારશે નહિ, માટે બ્રાહ્મણોને તેનું દાન કરી દો.' રાજાએ તે પ્રમાણે બધું સુવર્ણ બ્રાહ્મણોને દાન કરી દીધું. પછી રાજા કુટુંબ સહિત શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા અને સાત હજાર સુવર્ણ મુદ્રાઓ સોનાના થાળમાં ભેટ ધરી, ત્યારે આપે તેમાંથી સાત સોનામહોરો શોધીને લઈ લીધી. આપશ્રીએ દિવ્ય દૃષ્ટિથી જોયું કે આ સાત સોનામહોરો દીનદાસ ક્ષત્રિય નામના ભક્તની હતી. તેણે પોતાની પ્રામાણિક કમાણીમાંથી તે ભગવાન માટે છઠ્ઠા ભાગના વિભાગ તરીકે રાખી હતી. જે કૃષ્ણદેવરાયના ભંડારમાં આવી ગઈ હતી. આ સોનામહોરોનાં નૂપુર બનાવી શ્રીવિઠ્ઠલનાથજીને પછી અંગીકાર કરાવવામાં આવ્યાં. બાકીનું દ્રવ્ય ધર્મકાર્યો માટે વાપરવાની આપે આજ્ઞા કરી. પરન્તુ તેમાંથી પોતે કશું લીધું નહિ.

રાજાની વિનંતીથી આપે તેમને ધર્મોપદેશ આપ્યો અને પછી રાજાને પોતાનાં ચરણપાદુકા સેવા માટે પધરાવી આપ્યાં. આપ ત્યાં સાત દિવસ સુધી બિરાજ્યા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ પણ કર્યું. તેથી વિદ્યાનગરમાં આ બેઠકજીનું સ્થાન છે.

'મૂળપુરુષ'માં શ્રીદ્વારકેશજી મહારાજ આ પ્રસંગ નીચે પ્રમાણે વર્ણવે છે.

સુલભ તેં દક્ષિણ પધારે, ગ્યારહ વરસકો વપુ ઘરે,
દેખ મામા હરખ કેં, આદર કિયો આવો ઘરેં,
વિદ્યાનગર કૃષ્ણદેવ રાજા, બહુત મત હી જહાં મિલે,
જીતવે કનકાભિષેક સૂં, પઢે આવત ઈહાં પહિલે.
રામાનુજ અરુ મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી નિંબાદિત્ય હરિભજ,
શંકરમેં અનુસરત ઔર મત, યુક્તિબલ તેં આજ સબલ અતિ.
સબલ સુન આપુહી પધારેં, દ્વાર પેં પહુંચે જબેં,
ભૃત્ય દૌરી પ્રતાપ બરન્યો, રાય આવો યહાં અબેં,
રાય આય પ્રણામ કિનો, સભામેં જુ પધારિયે,
સુનહો બિનતી કૃપાસાગર, દુષ્ટ મત હિ વિદારિયે.
ગજગતિ ચાલ ચલે શ્રીવલ્લભ, ઈનકી કૃપા ભયે સબ સુલભ,
રવિકે ઉદય કિરણ જયોં બાઢી, તૈસી સભા પાંત ઊઠી ઠાડી.
ઠાડે સબ સ્તુતિ કરે જબ, કિયો માયામત ખંડન,
શબ્દ જે જે હોત સબ મુખ, ભક્તિપથ ભુવ મંડન.
સ્તુતિ કરેં દ્વિજ હાથ જોરેં, રાય મસ્તક નાવહીં,
પરમ મંગલ હોત હેં, કનકાભિષેક કરાવહીં.
પાછે જલ સોં ન્હાય બિરાજે, બિનતી કરી રાય મન સાજે,
દ્રવ્ય સબે અંગીકૃત કરિયે, પ્રભુ બોલે યહ નાહીં ગ્રહિયે.
ગ્રહીએ નાહીન સ્નાનજલવત બાંટ સબકો દીજિયે,
બાંટ દીનો કરી બિનતી, મોહિ શરણ જુ લીજિયે,
કૃપા કરિ કે શરણ લીનો, થાર ભરી મ્હોરેં ધર્યો,
સપ્ત લે કે કહ્યો, દૈવી દ્રવ્ય અંગીકૃત કર્યો.

વર્ષો વીતવા સાથે વિદ્યાનગરનું રાજ્ય નાશ પામ્યું. પાછળથી થયેલ મહાન યુદ્ધમાં વિદ્યાનગરનું આ મહાનગર પણ નાશ પામ્યું. અને તેથી આજે ફરીથી વસેલા હમ્પી નામના ગામમાં, જ્યાં આજુબાજુ વિદ્યાનગરનાં પ્રાચીન ખંડેરો આવેલાં છે, ત્યાં શ્રીમહાપ્રભુજીની બેઠકનું સ્થાન પ્રાપ્ત થતું નથી, તેથી અહીં આ બેઠકજી ગુપ્ત સ્વરૂપે બિરાજે છે, પરંતુ ૮૪ બેઠકો કરનાર વૈષ્ણવો હમ્પી અવશ્ય જાય છે. ત્યાં ગામ બહાર તુંગભદ્રા નદીને કિનારે વિદ્યાકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની ભાવના કરી, તેમની ઝારી ભરી, ભોગ ધરે છે.

વિદ્યાનગરનાં બેઠકજીએ આપણે ભાવનાપૂર્વક શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી, આપશ્રીની સાથે હવે દક્ષિણની તીર્થયાત્રામાં આગળ વધીએ.

(૪) શ્રી પમ્પા સરોવરનાં બેઠકજી: (બેઠક : ૪૬)

શ્રીઆચાર્યજી વિદ્યાનગરમાં વિજય પ્રાપ્ત કરીને દક્ષિણની તીર્થયાત્રામાં આગળ પધાર્યા. વિદ્યાનગરથી ૫૦ કિ.મી. દૂર પમ્પા સરોવર આવેલું છે. આ પમ્પા સરોવરની પાસે રામાયણના સમયમાં કિષ્કિંધા નગરી આવેલી હતી. રાવણ જ્યારે સીતાજીનું હરણ કરીને જતો હતો ત્યારે અહીં જ તેને જટાયુ સાથે યુદ્ધ થયેલું. હમ્પીથી ૫૦ કિ.મી. દૂર આવેલા પમ્પા સરોવરે મોટર માર્ગે જઇ શકાય છે. આ સ્થાન ખૂબ રમણીય છે. સરોવરની ચારે બાજુ સુંદર વનરાજી આવેલી છે. બે ત્રણ નાનાં દેવાલયો છે. તે સિવાય અહીં કોઇ વસ્તી નથી, તેથી આ સ્થળે ઊતરવાની કશી સગવડ નથી. હમ્પી મુકામ કરીને કિષ્કિંધા નગરી પાર કરીને અહીં આવી શકાય છે. અહીં શબરીનો આશ્રમ છે. સાધુ-સંતો રહે છે.

શ્રીમહાપ્રભુજી પોતાના શિષ્યો સહિત પમ્પા સરોવર પાસે વડના વૃક્ષ નીચે મુકામ કરીને બિરાજ્યા હતા. આ જ સ્થાનમાં આપશ્રીએ ત્રણ દિવસ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, તે વખતે ઉત્તરપ્રદેશમાં આવેલ સોરમજીથી કૃષ્ણદાસ મેઘન નામના એક યુવાન ભક્ત પોતાના ગુરુ પાસેથી ભગવદ્-પ્રાગટ્યના સમાચાર સાંભળી પ્રભુની શોધમાં નીકળેલા, તેઓ અહીં આવી પહોંચ્યા. તેમણે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરતાં સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપનાં દર્શન થયાં, તેથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાને સેવક કરવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેમને અષ્ટાક્ષર મંત્ર આપી સેવક કર્યા અને અહર્નિશ પોતાની સાથે રહી, પોતાની સેવા કરવાની આજ્ઞા કરી.

૪. શ્રી પમ્પા સરોવરનાં બેઠકજી

(બેઠક : ૪૬)



સરોવરના કિનારે સામગ્રી સિદ્ધ કરી રહેલા શ્રીવલ્લભ - સરોવર નજીકનાં જંગલોમાં પડિયા બનાવવા પાંદડાં લેવા ગયેલા કૃષ્ણદાસ મેઘનને રામાયણકાળના પક્ષીની પોતાનો ઉદ્ધાર કરવા વિનંતી - શ્રીવલ્લભનું ચરણોદક છાંટતા થયેલો તેનો ઉદ્ધાર અને મોક્ષ.



શ્રી પમ્પા સરોવરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આ વનમાં શ્રીમહાપ્રભુજી બિરાજતા હતા ત્યારે એક દિવસ આપે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી: 'પાતળ અને પડિયા બનાવવા ખાખરાના વૃક્ષનાં પાન લઈ આવો.' ખાખરાનું વૃક્ષ શોધવા માટે તેઓ વનમાં ગયા. વનમાં ખૂબ દૂર નીકળી ગયા ત્યારે ત્યાં તેમણે એક ખૂબ મોટા ભયંકર ગીધ જેવા પક્ષીને પડેલું જોયું. ભગવદ્ કૃપાથી કૃષ્ણદાસ તેની પાસે ગયા, કારણ કે તે પક્ષી ખાખરાના વૃક્ષ નીચે પડેલું હતું. પક્ષીએ કહ્યું: 'ભક્તરાજ! હું અહીં ખૂબ દુ:ખ પામું છું. પ્રભુએ જ તમને મારી પાસે મોકલ્યા છે, કારણ કે તમારા જેવા ભગવદીય દ્વારા મારો ઉદ્ધાર થશે, માટે તમે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, મારો ઉદ્ધાર કરવા કૃપા કરો.' કૃષ્ણદાસે કહ્યું: 'ભલે, હું શ્રીમહાપ્રભુજી પાસે તમારી વિનંતી નિવેદન કરીશ, પછી જેવી આપની ઇચ્છા.' તેઓ ખાખરાના વૃક્ષનાં પાન લઈ પાછા આવ્યા અને શ્રીમહાપ્રભુજીને પક્ષીની વિનંતી નિવેદન કરી. આપે આજ્ઞા કરી: 'મારું ચરણોદક લઈ જઈને તેના ઉપર છાંટ.' કૃષ્ણદાસ ચરણોદક લઈને ફરી ત્યાં ગયા. તે પક્ષી પર છાંટતાં તેનો દેહ છૂટી ગયો અને તેને મોક્ષપ્રાપ્તિ થઈ.

કૃષ્ણદાસે પાછા આવીને વિનંતી કરી: 'મહારાજ, આપની કૃપાથી તે પક્ષી મોક્ષ પામ્યું છે. આ પક્ષી કોણ હતું, તે કૃપા કરીને કહો.' ત્યારે આપે આજ્ઞા કરી: 'રામાવતારમાં જ્યારે રાવણ અને જટાયુનું યુદ્ધ થયું ત્યારે વનમાં બીજાં અનેક પક્ષીઓ હતાં. આ પક્ષી સિવાય બાકીનાં પક્ષીઓએ સીતાજીને બચાવવા પોતાના પ્રાણ આપેલા, પરંતુ આ પક્ષી પ્રેક્ષક બની બેસી રહેલું. તેથી તેણે ભગવદ્ સેવા ન કરવાનો અપરાધ કર્યો હોવાથી તેની સદ્ગતિ ન થઈ. તેને દર વર્ષે તે જ પક્ષીની યોનિમાં વારંવાર જન્મ લેવો પડ્યો. તેથી તે રામાયણકાળનું મૂળ પક્ષી છે. ભગવદીય દ્વારા જીવોનો હમેશાં ઉદ્ધાર થાય છે. તેથી તેનો ઉદ્ધાર કરવા માટે જ અમે અહીં આવ્યા હતા અને ખાખરાનાં પાન લેવા માટે તને મોકલીને તેની પાસે મોકલ્યો હતો, જેથી તારા દ્વારા તેનો ઉદ્ધાર થાય.'

આ સાંભળીને સૌ સેવકો ખૂબ પ્રસન્ન થઈ ગયા. દામોદરદાસ હરસાનીજી વગેરેએ કૃષ્ણદાસ ઉપર પ્રસન્ન થઈ શ્રીઆચાર્યચરણના પૂજન વખતે આપશ્રીના શ્રીમસ્તકે છત્ર ધરવાનો અધિકાર કૃષ્ણદાસ મેઘનને આપ્યો. શ્રીકૃષ્ણદાસજી વિશાખાજીનું સ્વરૂપ છે, તેથી જેમ શ્રીવિશાખાજી શ્રીસ્વામિનીજીની સાથે પડછાયાની જેમ સદૈવ રહી સેવા કરે છે, તેવી રીતે ભૂતળ પર કૃષ્ણદાસ મેઘને સદૈવ શ્રીમહાપ્રભુજીની સાથે રહી કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ દીનતા અને પ્રેમપૂર્વક આપશ્રીની સેવા કરી છે. આ પમ્પા સરોવરનાં બેઠકજીનું આવું દિવ્ય ચરિત્ર શ્રીમહાપ્રભુજીએ ત્યાં પ્રગટ કર્યું.

આ બેઠકચરિત્ર દ્વારા આપશ્રીએ બતાવ્યું કે, આપનું ચરણોદક દુષ્ટમાં દુષ્ટ જીવનો પણ ઉદ્ધાર કરવાને સમર્થ છે, તેથી જે વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદનો દૃઢ આશ્રય રાખે છે, તેમનાં ભાગ્યની તો વાત જ શી કરવી? શ્રીહરિરાયચરણ શ્રીમહાપ્રભુજીનો કૃપાપ્રતાપ વર્ણવતાં એક પદમાં આજ્ઞા કરે છે કે 'રસિક ચરણ શરણ સદા હી રહત હૈ બડભાગી જન, અપનો કરી ગોકુલપતિ ભરત તાહી બાથે.' એટલે કે જે ભગવદીયો શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનું સદાકાળ શરણ સ્વીકારીને રહે છે, તેમના ઉપર પ્રસન્ન થઈ પ્રભુ તેમને પોતાના અલૌકિક સ્વરૂપાનંદનું દાન કરે છે. માટે આપણે સદૈવ શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો દૃઢ આશ્રય રાખવો જોઈએ. તેથી તો સૂરદાસજી પણ ગાય છે કે: 'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો.'

આ બેઠકજી આજે ગુપ્ત છે. પરંતુ થોડા સમયમાં તે પ્રગટ થવા સંભવ છે. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનું સ્થળ ત્યાં પ્રસિદ્ધ ન હોવાથી ત્યાં જતા વૈષ્ણવો સરોવરને કિનારે પીંપળાના વૃક્ષની છાયામાં ભાવના કરી શ્રીમહાપ્રભુજીને ઝારી ચરણસ્પર્શ કરે છે. આપણે પણ પમ્પા સરોવરનાં બેઠકજીએ મનથી ભાવનાપૂર્વક શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી, ઝારી ચરણસ્પર્શ કરી આગળ વધીએ.

પમ્પા સરોવરથી આપશ્રી ઋષ્યમુક પર્વત થઈને વ્યંકટાદ્રિ (શ્રીતિરુપતિ બાલાજી) પધાર્યા.

(૫) શ્રી લક્ષ્મણબાલાજીનાં બેઠકજીનું ચરિત્ર: (બેઠક : ૩૮)

આંધ્રપ્રદેશમાં રાનીગુંટા જિલ્લામાં તિરુમાલા નામનું ગામ આવેલું છે. ત્યાં શ્રીતિરુપતિ બાલાજી ભગવાન બિરાજતા હોવાથી તે ગામ તિરુપતિના નામે જાણીતું છે. તેલુગુ ભાષામાં મૂળ શબ્દ થિરુપતિ થાય છે. થિરુનો અર્થ થાય છે શ્રીલક્ષ્મી. થિરુપતિ એટલે કે શ્રીપતિ અર્થાત્ લક્ષ્મીજીના પતિ. આ ગામ પર્વતો ઉપર આવેલું છે. તે પર્વતનું નામ વ્યંકટ પર્વત છે. પર્વતની તળેટીમાં ૧૭ કિ.મી. દૂર તિરુપતિ (ઈસ્ટ) નામનું રેલ્વે સ્ટેશન આવેલું છે. તિરુપતિ જવા મદ્રાસથી ત્રણ ગાડીઓ મળે છે: સપ્તગિરિ એક્ષપ્રેસ - સવારે ૬.૨૫ કલાકે, તિરુપતિ એક્ષપ્રેસ - બપોરે ૧.૫૦ કલાકે અને ચેન્નાઈ-તિરુપતિ ઈન્ટરસીટી એક્ષપ્રેસ સાંજે ૪-૨૦ કલાકે. બેઠકજીથી ૧ કિ.મી. દૂર તીરુમાલા બસસ્ટેન્ડ છે. આ સ્ટેશને ઊતરીને બસમાં પર્વત પર જવાય છે. પર્વત ઉપર શ્રીલક્ષ્મણ બાલાજી (તિરુપતિ)નું ખૂબ સુંદર વિશાળ મંદિર આવેલું છે. દુનિયાભરમાં આ દેવની આવક સૌથી વધારે હોવાનું કહેવાય છે. દેવાલયની બચતનો

૫. શ્રી લક્ષ્મણબાલાજીનાં બેઠકજી

(બેઠક : ૩૮)



શ્રીલક્ષ્મણ બાલાજી (તિરુપતિ) ભગવાનનાં શૃંગાર કરી રહેલ શ્રીવલ્લભ - બીજા દૃશ્યમાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહેલ શ્રીવલ્લભ - અહીં શ્રીવલ્લભે શ્રીતિરુપતિ ભગવાનને મનોહરના લાડુની સામગ્રી આરોગાવી હતી.



શ્રી લક્ષ્મણબાલાજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

ઉપયોગ શહેરના અને દેશના વિકાસ માટે કરવામાં આવે છે. મંદિરની પાસે પ્રાચીન સમયમાં પુષ્કર નામનો કુંડ આવેલો હતો. આજે તે સ્થાન નામશેષ બની ગયું છે. શ્રીમહાપ્રભુજી જ્યારે અહીં પધાર્યા ત્યારે પુષ્કર કુંડ ઉપર છોંકરના વૃક્ષની નીચે બિરાજ્યા હતા.

શ્રીમહાપ્રભુજીનાં મોટા ભાગના બેઠકજી પાસે છોંકરનું વૃક્ષ આવેલું છે. છોંકરને ગુજરાતીમાં ખીજડાના નામે ઓળખવામાં આવે છે. આપશ્રીએ આ વૃક્ષને કેમ પસંદ કર્યું, તે પણ આપણે સમજવું જોઈએ. આપશ્રી વડ, આંબો, પીંપળ કે આસોપાલવ જેવાં ઘટાદાર અને શોભાયુક્ત વૃક્ષોને બદલે મોટા ભાગે છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા છે. આ વૃક્ષને નાનાં નાનાં પાન હોય છે અને ખૂબ કાંટા હોય છે. તેની છાયા પણ અલ્પ હોય છે. તે એમ સૂચવે છે કે કાંટા જેવા વિચાર અને વર્તનવાળા દુષ્ટ જીવો, જે અલ્પ છાયાના જેવા લૌકિક સુખમાં જ રચ્યાપચ્યા રહે છે, તેમનો ઉદ્ધાર કરવા માટે આપનું પ્રાગટ્ય થયું છે. તેથી જે અનાથ છે, જેમનું કોઇ નથી, જેમને કોઇએ સ્વીકાર્યા નથી, તેમને શ્રીમહાપ્રભુજીએ સનાથ કર્યા છે. માટે આપશ્રીએ પોતાને બિરાજવા માટે છોંકરના વૃક્ષને પસંદ કર્યું છે.

આમ અહીં પણ પુષ્કર કુંડ ઉપર છોંકરના વૃક્ષની નીચે આપશ્રીએ મુકામ કર્યો. ત્યાર પછી આપશ્રી સ્નાનાદિ કરી શ્રીલક્ષ્મણ બાલાજીના મંદિરમાં દર્શન કરવા પધાર્યા. આપશ્રીને પધારેલા જોઇ શ્રીબાલાજી ભગવાન ખૂબ પ્રસન્ન થયા. શ્રીમહાપ્રભુજીએ તેમને સ્નાન કરાવી શૃંગાર કર્યા અને તેમના પંડાને રૂપિયા પચાસ આપીને આજ્ઞા કરી કેઃ 'લક્ષ્મણ બાલાજી ભગવાનને જે સામગ્રી અત્યંત પ્રિય હોય તે પૂછીને સિદ્ધ કરો.' ભગવદ્ આજ્ઞા પ્રમાણે મનોહરના લાડુની સામગ્રી સિદ્ધ કરવામાં આવી. શ્રીમહાપ્રભુજીએ શ્રીબાલાજી ભગવાનને આ સામગ્રી ધરી, ત્યારે પ્રભુની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજી પણ સાથે ભોજન કરવા બિરાજ્યા. પછી પ્રભુની આરતી કરી, આપ પોતાની બેઠકમાં પધાર્યા. ત્યારબાદ આપશ્રીએ ત્યાં એક સપ્તાહ સુધી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. અનેક વિદ્વાનો આપશ્રીની સાથે શાસ્ત્રચર્ચા કરવા આવ્યા. તે સૌને આપે નિરુત્તર કર્યા.

આજે આ સ્થાને આપશ્રીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. સુરતવાળા પૂજ્ય ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીને શ્રીમહાપ્રભુજીની કૃપાથી તે સ્થાન પ્રાપ્ત થયું છે. દેવસ્થાન ટ્રસ્ટે બેઠકજી માટે જમીન આપી છે. ત્યાં પૂ.ગો. ૧૦૮શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રીએ બેઠકજી પ્રગટ કર્યાં છે. બેઠકજીનું વિશાળ ભવન છે. પૂ.ગો. બાળકો અને વૈષ્ણવો માટે મુકામ અને મહાપ્રસાદની સર્વ વ્યવસ્થા અહીં

૬. શ્રી વિષ્ણુકાંચીનાં બેઠકજી

(બેઠક : ૪૦)



શ્રીવલ્લભને પોતાના મંદિરમાં પધારવા વિનંતી કરી રહેલા શ્રી વરદરાજ સ્વામી - મંદિરના પગથિયાં ઉપરથી ગીતગોવિંદનું લખાણ તિરોહિત થતાં મંદિરનાં પગથિયાં ચડી મંદિરમાં પધારી રહેલ શ્રીવલ્લભ - અહીં શ્રીવલ્લભે શ્રીવરદરાજ સ્વામી પ્રભુને ઢોકળાંની સામગ્રી આરોગાવી હતી.



શ્રી વિષ્ણુકાંચીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

થાય છે. શ્રીઠાકોરજી પધરાવીને આવનાર વૈષ્ણવો માટે પણ વ્યવસ્થા છે. આજે ત્યાં જે વૈષ્ણવો જાય છે, તેઓ બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીનાં ઝારી ચરણસ્પર્શ કરે છે.

આપણે પણ આ સ્થાને બિરાજતા શ્રીમહાપ્રભુજીને દંડવત કરી આગળ વધીએ. આપશ્રી ત્યાંથી વિષ્ણુકાંચી પધાર્યા.

(૬) શ્રી વિષ્ણુકાંચીના બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૪૦)

દક્ષિણ ભારતમાં કાંચીપુરમ્ નામનું શહેર આવેલું છે. આ કાંચીપુરમ શહેર તેની કાંજી વરમ્‌ની રેશમી સાડીઓ માટે ખૂબ જાણીતું છે. આ શહેર બે વિભાગોમાં વહેંચાયેલું છે. એક વિભાગને શિવ કાંચી કહેવામાં આવે છે. અડધી નગરી જે શિવ કાંચી તરીકે ઓળખાય છે ત્યાં મહાદેવજીનાં મંદિરો વિશેષ પ્રમાણમાં આવેલાં છે. વિષ્ણુકાંચીના મુખ્ય દેવ વિષ્ણુસ્વરૂપ શ્રીવરદરાજ સ્વામી છે. ભારતની સાડાત્રણ વિષ્ણુનગરીઓમાં મથુરા, અયોધ્યા, દ્વારિકા અને અડધી નગરી તરીકે વિષ્ણુકાંચીનો સમાવેશ થાય છે. બેઠકજીનું સ્થાન કાંચીપુરમ સ્ટેશન અને બસ સ્ટેન્ડથી ૪ કિ.મી. દૂર વેત્રવતી નદીને કિનારે આવેલું છે.

આ સ્થાને શ્રીમહાપ્રભુજી પધાર્યા ત્યારે સૌ પ્રથમ શિવકાંચીમાં પધાર્યા. ત્યાંના અધિષ્ઠાતા દેવ શ્રી એકાંબરેશ્વરજીને નમસ્કાર કરી, વેત્રવતી નદીમાં સ્નાન કરી આપશ્રી વિષ્ણુકાંચીમાં વરદરાજસ્વામીના મંદિરે પધાર્યા. મંદિરમાં જવા માટેનાં પગથિયાં ઉપર બંગાળના જાણીતા ભક્તકવિ શ્રીજયદેવજીના ભક્તિ કાવ્ય 'ગીત ગોવિંદ'ને અંકિત થયેલું જોયું. ભગવદ્ નામ પણ ભગવદ્ સ્વરૂપ છે એવી ભાવનાથી આપશ્રીએ ભગવદ્ નામ ઉપર પગ મૂકી મંદિરમાં પધારવું ઉચિત ન માન્યું. આપશ્રી નીચેથી જ શ્રીવરદરાજ સ્વામીને પ્રણામ અને દંડવત્ કરી પાછા ફર્યા અને ત્યાં એક કુંડ ઉપર બિરાજ્યા.

રાત્રે સ્વપ્નમાં શ્રીવરદરાજ સ્વામીએ પધારી આજ્ઞા કરી કે 'આપ મારા મંદિરમાં પધારી શકો તે માટે પગથિયાં ઉપરથી 'ગીત ગોવિંદ'નું લખાણ મેં તિરોભૂત કરી દીધું છે. માટે કાલે સવારે આપ મંદિરમાં પધારવાની કૃપા કરો.'

શ્રીવરદરાજ સ્વામીની આજ્ઞા પ્રમાણે બીજા દિવસે શ્રીમહાપ્રભુજી તેમના મંદિરે પધાર્યા. પોતાના હસ્તે ભગવાનને શૃંગાર કર્યા. મુખિયાજીને સાત સુવર્ણ મુદ્રાઓ આપી વરદરાજ સ્વામીની પ્રસન્નતા પ્રમાણેની સામગ્રી સિદ્ધ કરવા આજ્ઞા કરી. મુખિયાજીએ ઢોકળાંની સામગ્રી સિદ્ધ કરી. આપશ્રીએ તે સામગ્રી ભગવાનને ભોગ

ધરી. આરતી કરી આપશ્રી પોતાના મુકામે પાછા પધાર્યા. એ દિવસથી શ્રીવરદરાજસ્વામી દરરોજ સવારે મંગળભોગમાં ઢોકળાં જેને કાંચીપુરમ ઈડલી તરીકે ત્યાં ઓળખવામાં આવે છે તે આરોગે છે અને ત્યાં જનાર પૂ.ગો.બાલકો તથા વૈષ્ણવો પણ તે લે છે.

આપશ્રીએ અહીં સાત દિવસ બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. ત્યાંના મુખિયાજીને આપે કૃપા કરી વ્રજલીલાનાં દર્શન કરાવ્યાં. ત્યાંના નૃસિંહાચાર્ય તથા નીલકંઠાચાર્યના શિષ્યો શાસ્ત્રચર્ચા માટે આવ્યા. તેમને આપશ્રીએ નિરુત્તર કર્યા.

આ સ્થાને આપશ્રીનાં બેઠકજી આજે પ્રગટ બિરાજે છે. દક્ષિણ ભારતમાં કુલ પાંચ જ બેઠકજી પ્રગટ બિરાજે છે. એક અહીંના, બીજાં શ્રીજનાર્દન ક્ષેત્રનાં, ત્રીજાં શ્રીલક્ષ્મણબાલાજીનાં, ચોથાં રામેશ્વરનાં અને પાંચમાં શ્રી રંગજીનાં. બાકીનાં બધાં બેઠકજી ગુપ્ત છે.

આ બેઠકજી પૂ.ગો. શ્રીમુરલીમનોહરજી મહારાજશ્રી તથા પૂ.ગો. શ્રી માલતીવહુજી વ્રજાધીશજી મહારાજ - મોટા મંદિર-મુંબઈના જેઓ હાલ દહીંસર બિરાજે છે - તેમના માથે બિરાજે છે.

બેઠકજીનું સ્થાન ખૂબ રમણીય છે. બેઠકજીની પાસે સુંદર બગીચો છે; જ્યાં રાત્રે કોઈપણ વૈષ્ણવ રહી શકતા નથી. આ સ્થાનમાં અનેક વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને પોતાના પ્રગટ સ્વરૂપનાં દર્શન પણ કરાવ્યાં છે.

અહીં વૈષ્ણવોના અને પૂ.ગો.બાળકોના મુકામ માટે સારી સગવડ છે. અગાઉથી જાણ કરવાથી મહાપ્રસાદની વ્યવસ્થા પણ થાય છે. શ્રી...ને પધરાવીને જનાર માટે પણ વ્યવસ્થા છે. અહીં આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત્ કરી આગળ વધીએ.

(૭) શ્રી શ્રીરંગજીનાં બેઠકજીનું ચરિત્ર : (બેઠક : ૩૯)

શ્રીમહાપ્રભુજી વિષ્ણુકાંચીથી, ચિદમ્બરમ્ થઈ, દક્ષિણ દ્વારિકા તરીકે જાણીતા શ્રીરંગજીના ધામમાં પધાર્યા. દક્ષિણમાં મદુરા જતાં રસ્તામાં ત્રિચિનાપલ્લી નામે શહેર આવે છે. તેનું મૂળ નામ તિરુચિનાપલ્લી છે. ત્યાં કાવેરી નદી વહે છે. ત્યાં બાજુમાં શ્રીરંગમ્ નામે ગામ છે. ત્યાં શ્રીરંગજી ભગવાનનું વિશાળ મંદિર આવેલું છે. આ સ્થાન દક્ષિણ દ્વારિકા તરીકે પણ પ્રસિદ્ધ છે.

આપશ્રી અહીં કાવેરી નદીના કિનારે છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા. આપે આજ્ઞા કરી કે અહીં બિરાજતા શ્રીરંગજી ભગવાન વૈકુંઠમાંથી પધારેલા છે. શ્રીરંગજી

૭. શ્રી શ્રીરંગજીનાં બેઠકજી

(બેઠક : ૩૯)



શ્રીવલ્લભને મળવા સામે પધારેલા શ્રીરંગજી ભગવાન - બીજા દિવસે શ્રીરંગજીના મંદિરમાં પધારી આરતી કરતા શ્રીવલ્લભ - અહીં શ્રીવલ્લભે માયાવાદી પંડિતોને શાસ્ત્રચર્ચામાં પરાજિત કરેલા.



શ્રીરંગજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

ભગવાન શ્રીમહાપ્રભુજીને મળવા સામે પધાર્યા. આપે ઊભા થઈ તેમનો સત્કાર કર્યો અને પોતાની પાસે આસન પર પધરાવી, પ્રસન્નતા પૂછી. શ્રીરંગજી ભગવાને આપશ્રીની સાથે વાત કરી, શ્રીમહાપ્રભુજીને મંદિરમાં પધારવા આજ્ઞા કરી.

બીજા દિવસે શ્રીમહાપ્રભુજી શ્રીરંગજીના મંદિરમાં પધાર્યા. આપશ્રીએ શ્રીરંગજી ભગવાનનાં સેવાશૃંગાર કર્યાં અને આનંદરામ મુખિયાને દશ રૂપિયા આપી સામગ્રી સિદ્ધ કરવા આજ્ઞા કરી. સામગ્રી સિદ્ધ થતાં આપશ્રીએ શ્રીરંગજી ભગવાનને ભોગ ધર્યો. ત્યારે ભગવાનની આજ્ઞાથી આપ પણ સાથે ભોગ આરોગ્યા, પછી આરતી કરી, આપ પોતાની બેઠકમાં પધાર્યા. ત્યાં આવેલા માયાવાદી પંડિતો સાથે આપે શાસ્ત્રચર્ચા કરી અને તેમને નિરુત્તર કર્યા. ત્યાર પછી વિષ્ણુસ્વામી સંપ્રદાયના સેવકો પણ ત્યાં આવ્યા. તેમણે આપશ્રીનું આચાર્યપૂજન કર્યું. આપશ્રીના સેવકો પાસેથી તેમણે વિદ્યાનગરની ધર્મસભાના વિજયનું સર્વ વર્ણન સાંભળ્યું. તે સાંભળી પ્રસન્ન થઈ, તેઓ દંડવત્ કરીને ગયા. આપે અહીં શ્રીભાગવત પારાયણ કર્યું.

અહીં બેઠકજી થોડા સમય પહેલાં પ્રગટ થયાં છે. મુંબઈ મોટા મંદિરના પૂ.ગો.૧૦૮ શ્રી વ્રજાધીશજી મહારાજશ્રી દ્વારા પ્રગટ કરાયેલાં આ બેઠકજી હાલ પૂ.ગો. શ્રી મુરલીબાવા (મુંબઈ)ને માથે બિરાજે છે. પૂ.ગો. બાલકો તેમજ વૈષ્ણવો માટે મુકામ અને મહાપ્રસાદની વ્યવસ્થા અગાઉથી જાણ કરવાથી થાય છે. બેઠકજીમાં અપરસની વ્યવસ્થા છે. ગૌશાળા, સત્સંગ હોલ વગેરે સુવિધા પણ છે. શ્રીરંગમ્ રેલવે સ્ટેશનથી બેઠકજી ૫ કિ.મી. દૂર છે અને શ્રીરંગમ્ બસસ્ટેન્ડથી બેઠકજી ૩ કિ.મી. દૂર છે. આપણે આ બેઠકજીએ શ્રીમહાપ્રભુજીના ઝારી-ચરણસ્પર્શ કરી, સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી આગળ વધીએ.

જેટલાં સ્થાનો ઉત્તર ભારતમાં તીર્થસ્થાનો તરીકે જાણીતાં છે, તે સર્વ સ્થાનો દક્ષિણ ભારતમાં પણ તીર્થસ્થાનો તરીકે બિરાજે છે. તેવી ભાવનાથી અહીં દક્ષિણમાં પણ દક્ષિણ મથુરા તરીકે ઓળખાતું સ્થાન એટલે મદુરા શહેર. આ મદુરા શહેર ત્રિવેન્દ્રમ જતાં રસ્તામાં આવે છે. તેની મધ્યમાં વિશાળ ગોપુરમવાળું મીનાક્ષી દેવીનું મંદિર આવેલું છે. શ્રીમહાપ્રભુજી મદુરા થઈને ત્યાંથી આગળ શ્રીરામેશ્વર પધાર્યા.

(૮) શ્રી રામેશ્વરનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૪૧)

શ્રી રામેશ્વર દક્ષિણ ભારતના ઠેઠ નીચેના ભાગમાં બંગાળના ઉપસાગરના કિનારે આવેલું ચાર મુખ્ય ધામ પૈકીનું એક છે. આ સ્થાનમાં સેતુબંધન વખતે

૮. શ્રી રામેશ્વરનાં બેઠકજી

(બેઠકજી : ૪૧)



શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી રહેલ શ્રીવલ્લભ - સામે બિરાજી કથા શ્રવણ કરી રહેલ શ્રીરામેશ્વર ભગવાન - અહીં આપશ્રીએ સેવકોને શ્રીરામચંદ્રજીનું ચરિત્ર બતાવતાં આજ્ઞા કરેલી કે શ્રીરામેશ્વરજી એ રામચંદ્રજીનું જ સ્વરૂપ છે.



શ્રી રામેશ્વરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીરામચંદ્રજીએ રાવણના આચાર્યપદે શ્રીરામેશ્વર મહાદેવજીના સ્વયંભૂ લિંગની પ્રતિષ્ઠા કરી હતી. શ્રીમહાપ્રભુજી આ સ્થાનમાં પધારી, રામકુંડ ઉપર એક છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા. આપશ્રીએ પોતાના સેવકોને શ્રીરામચંદ્રજીનું અહીંનું ચરિત્ર બતાવ્યું અને આજ્ઞા કરી કે: 'શ્રીરામેશ્વરજી એ શ્રીરામચંદ્રજીનું જ સ્વરૂપ છે, તેથી વિભીષણ અહીં દરરોજ દર્શન કરવા આવે છે. માટે આપણે પણ આ સ્થાનમાં શ્રીમદ્ ભાગવત પારાયણ કરીશું.' બીજા દિવસથી આપે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ કર્યો. શ્રીરામેશ્વરજી ભગવાન દરરોજ શ્રીમહાપ્રભુજીની કથા સાંભળવા પધારતા.

તે વખતે ત્યાં શ્રીરામેશ્વરજીનો એક કૃપાપાત્ર ભક્ત હતો. તેને શ્રીરામેશ્વરજી દરરોજ દર્શન આપતા. પછી જ તે ખાનપાન કરતો, પરન્તુ જે દિવસથી શ્રીરામેશ્વરજી શ્રીમહાપ્રભુજીની કથા સાંભળવા પધારવા લાગ્યા તે દિવસથી તેને દર્શન થયાં નહિ, તેથી ખાનપાન કર્યા વિના તે બેસી રહ્યો, ત્યારે શ્રીરામેશ્વરજીએ તેને આજ્ઞા કરી કે: 'હું રોજ કથા સાંભળવા જાઉં છું, માટે જો તારે મારાં દર્શન કરવાં હોય તો તું વહેલી સવારે આવજે.' આમ, શ્રીમહાપ્રભુજીની અલૌકિક કથા સાંભળવા શ્રીરામેશ્વરજી નિત્ય આવતા.

અહીં આપશ્રીના શિષ્યોએ શ્રીલક્ષ્મણ તીર્થમાં આપશ્રીની આજ્ઞાથી તીર્થશ્રાદ્ધનો આરંભ કર્યો. તે જોઇને શૈવવીરોએ તેમની મશ્કરી કરી, તેઓ ઝઘડો કરવા લાગ્યા. ત્યારે કેતુ, કમંડલુ વગેરે શિષ્યોએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તેમને મારી ભગાડ્યા. આપશ્રીએ સપ્તાહ પૂરી કર્યા પછી શ્રીરામેશ્વર ભગવાનના મંદિરમાં જઇ ગંગાજળ વડે વેદમંત્રોચ્ચારપૂર્વક તેમનું પૂજન કર્યું.

અહીં થોડા સમય પહેલાં પ.પૂ.ગો.૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી (સુરત-વડોદરા) દ્વારા બેઠકજી પ્રગટ કરવામાં આવ્યા છે. રામેશ્વરમ્ સ્ટેશનથી અને બસસ્ટેન્ડથી બેઠકજી ૧ કિ.મી. દૂર છે. લક્ષ્મણકુંડ ઉપર બેઠકજી પ્રગટ બિરાજે છે. મુકામ અને મહાપ્રસાદની વ્યવસ્થા અગાઉથી જાણ કરવાથી થાય છે. ગામમાં પણ ઘણી ધર્મશાળાઓ છે. આપણે અહીં શ્રીમહાપ્રભુજીના ઝારી-ચરણસ્પર્શ કરી, સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી આગળ વધીએ.

રામેશ્વરથી આપ સાડા પાંચ માઇલ દૂર આવેલા રામનાડ ગામ તરફ પધાર્યા, જ્યાં દર્ભશયન અને અનંતશયન તીર્થધામો આવેલાં છે. દર્ભશયન (દરવસેન) તીર્થસ્થાનમાં બિરાજીને આપે શ્રીમદ્ભાગવત પારાયણ કર્યું છે. તે સ્થાનનાં બેઠકજીનું ચરિત્ર આપણે હવે જોઇશું.

૯. શ્રી દર્ભરાય (દરવસેનજી)નાં બેઠકજી

(બેઠક : પર)



શ્રીવલ્લભની સામે બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણનું શ્રવણ કરી રહેલા શ્રીદરવસેનજી - તેમની વિનંતીથી શ્રીવલ્લભે અહીંના દૈવી જીવોનો પોતાના ચરણારવિંદની રજ દ્વારા ઉદ્ધાર કરેલો.



શ્રી દરવસેનજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૯) શ્રી દર્ભશયન (દરવસેન)નાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૨)

શ્રીમહાપ્રભુજી રામેશ્વરથી દર્ભશયન પધાર્યા. રામેશ્વરથી ત્રિચિનાપલ્લી જતાં રસ્તામાં રામનાડ નામે સ્ટેશન આવે છે. ત્યાંથી સાડા પાંચ માઈલ દૂર આદિસેતુ નામે તીર્થસ્થાન આવેલું છે. ત્યાં શ્રીદર્ભશયનજીનું સ્થાન છે. અહીં વિકટ વન આવેલું છે. તેમાં સાપ અને અન્ય હિંસક પ્રાણીઓ પુષ્કળ પ્રમાણમાં રહેતાં હતાં. આ વનમાં એક રમણીય સ્થળ પસંદ કરીને શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજ્યા, ત્યારે શ્રીદરવસેનજી ભગવાન શ્રીમહાપ્રભુજી પાસે પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને પ્રણામ કરી, આસન પર પધરાવ્યા અને વિનંતી કરીઃ 'આપે અહીં પધારવા કેમ પરિશ્રમ લીધો?' ત્યારે શ્રીદરવસેનજીએ કહ્યુંઃ ' તમે જીવોનો ઉદ્ધાર કરવા આવી વિકટ જગ્યામાં ન પધાર્યા હોત તો તમારો મેળાપ મને ક્યાંથી થાત? આપે અહીં પધારવાનો પરિશ્રમ કર્યો છે, તો મારી વિનંતી છે કે અહીં જેટલા દૈવી જીવો છે, તે સૌનો આપ ઉદ્ધાર કરો, જેથી ફરી કોઈ દૈવી જીવ આ વનમાં આવે નહિ.' આ સાંભળી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. પોતાના ચરણારવિંદની રજ દ્વારા આપશ્રીએ હજારો જીવોનો ઉદ્ધાર કર્યો, તેથી 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાળદાસજી ગાય છે કે :

અનેક જીવને કૃપા કરવા દેશાંતર પ્રવેશ,
કોમલ પદ જયાં કમલ વિલસે ધન્ય કહું તે દેશ.
અંગ બંગ, કલિંગ, કૈકટ, માગધ, મારુ, સુર, સિંધ,
તે તામસનાં અઘ હર્યાં પ્રતાપ પદ રજ ગંધ.

આપશ્રીએ ત્યાં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. જે સાંભળવા શ્રીદરવસેનજી દરરોજ પધારતા હતા.

ત્યાં વીર વૈષ્ણવો આપશ્રી સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તેમને નિરુત્તર કરી આપશ્રી આગળ પધાર્યા.

અહીં શ્રીદર્ભશયનજીનાં બેઠકજી ગુપ્ત છે. તેથી આ બેઠકજીના સ્થાને જવા માટેનો માર્ગ ઉપર બતાવ્યો છે તે રીતે ત્યાં જઈ શકાય. ત્યાં જનાર વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની ભાવના કરી, ઝારીચરણ સ્પર્શ કરી, દંડવત્ કરે છે. અથવા રામેશ્વરનાં બેઠકજીની સાથે આ બેઠકજીની ભાવના કરે છે. આપણે પણ શ્રીદર્ભશયનજીનાં બેઠકજીને દંડવત કરી આગળ વધીએ.

---

૧૦. શ્રી તામ્રપર્ણી નદી પરનાં બેઠકજી

(બેઠક : ૪૪)



શ્રીવલ્લભને પોતાના સોનાના પૂતળાનું દાન લેવા વિનંતી કરી રહેલો રાજા - શ્રીમહાપ્રભુજીએ રાજાના મહેલમાં પધારી, કાલજવરને હરાવી રાજાની બિમારી દૂર કરેલી. સોનાના પૂતળાનું દાન પોતે લેવાને બદલે તેના ટુકડા કરાવી બ્રાહ્મણોને વહેંચી દીધેલા.

શ્રી તામ્રપર્ણી નદી ઉપરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૧૦) શ્રીતામ્રપર્ણી નદી પરનાં બેઠકજીઃ (બેઠક : ૪૪)

ત્રિચિનાપલ્લી અને મદુરાઇ વચ્ચે તિનેવેલી નામનું ગામ આવેલું છે. તે ગામ પાસે તામ્રપર્ણી નદી વહે છે. આ તામ્રપર્ણી નદીનાં કિનારે છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. આ સ્થાન તિનેવેલી ગામથી છ માઇલ દૂર આવેલું હોવું જોઇએ, કારણ કે આપશ્રીના ત્યાં બિરાજવાના સ્થાનથી તે સમયમાં છ માઇલ દૂર એક મોટું શહેર આવેલું હતું, તે શહેરનો રાજા ઘણો બિમાર રહેતો હતો. તેણે ખૂબ દવા કરવા છતાં તેની તબિયતમાં કશો સુધારો થયો નહિ. તેથી પોતાના રોગ વિષે તેણે પંડિતો અને જ્યોતિષીઓની સલાહ લીધી. ત્યારે જ્યોતિષીઓએ કહ્યું: 'તમારા ગ્રહ બગડેલા છે.' એક જોષીએ કહ્યું: 'હું કહું તેમ કરો તો જ તમે બચી શકશો.' રાજાએ તેની વાત સ્વીકારવા સંમતિ આપી. તેણે કહ્યું: તમારું એક સોનાનું પૂતળું બનાવો, તે બરોબર તમારા કદ અને વજનનું હોય, તેને તમારો પોષાક અને આભૂષણો પહેરાવો. તે પૂતળાનું દાન બ્રાહ્મણોને કરો. તે દાન લેનાર બ્રાહ્મણ મરી જશે અને તમે બચી શકશો.'

આ સાંભળીને રાજાએ તે જ સમયે સોનીને બોલાવી, બે મણ સોનાનું પોતાનું પૂતળું બનાવવા કહ્યું. પૂતળું તૈયાર થતાં તેને વસ્ત્રાભૂષણો પહેરાવવામાં આવ્યાં, પછી પોતાના પુરોહિત સહિત બધા પંડિતોને રાજાએ બોલાવ્યા, અને સૌને આ પૂતળાનું દાન લેવા માટે કહ્યું. જે પંડિત દાન લેવા માટે આગળ વધતો તેની સન્મુખ કાલજ્વર ભયંકર બિહામણા સ્વરૂપે આવતો, તેથી ગભરાઇને તે પંડિત પાછો પડતો. આમ બધા પંડિતોએ ડરી જઇને કહ્યું કે: 'અમારે આ દાન જોઇતું નથી.' છેવટે રાજાએ પોતાના પુરોહિતને બોલાવ્યો અને તેને દાન લેવા માટે ફરજ પાડી. પુરોહિત આગળ વધ્યો કે તરત તેને પણ કાલજ્વર દેખાયો, તેથી તેણે કહ્યું: 'મારે આ દાન જોઇતું નથી.' ત્યારે રાજાએ જે જોષીએ આ પૂતળું બનાવવા સલાહ આપેલી તેને બોલાવ્યો, તે જોષીએ પૂતળાની આગળ કાલજ્વર જોયો. એટલે તે થરથર કાંપવા લાગ્યો. તેણે ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું: 'મને મારવો હોય તો બીજી રીતે મારી નાખો, પરંતુ હું આ દાન લઇશ નહિ.' રાજા નિરાશ થઇ ગયો. તેણે નિસાસો નાખીને કહ્યું: 'શું દુનિયામાં સાચું બ્રહ્મતેજ રહ્યું નથી? હવે મારું મૃત્યુ અવશ્ય થશે.' આમ વિચાર કરીને રાજા રાજપાટ છોડી, મૃત્યુને ભેટવા તામ્રપર્ણી નદીના કિનારે ગયો.

ત્યાં છોંકરના વૃક્ષ નીચે બિરાજતા કોટિકંદર્પલાવણ્ય શ્રીમહાપ્રભુજીનાં તેણે

દર્શન કર્યાં. આપશ્રીના મુખારવિંદ ઉપરનું અલૌકિક તેજ જોઇ તે નમી પડ્યો. તેણે બે હાથ જોડી વિનંતી કરીઃ 'મહારાજ, આ કલિકાલમાં બ્રાહ્મણમાં બ્રહ્મતેજ રહ્યું નથી.' ત્યારે આપશ્રીએ કહ્યું: 'રાજા, આવી વાત કેમ કરો છો? શું જગત નાસ્તિક બની ગયું છે? ' રાજાએ કહ્યું કે 'મહારાજ, તમે તો સાક્ષાત્ ઇશ્વરનો અવતાર હો તેવું લાગે છે. પરંતુ શાસ્ત્રોમાં બતાવેલ ધર્મ પ્રમાણે રાજાએ દાન કરવું અને બ્રાહ્મણોએ દાન લેવું તે ધર્મ છે, પરંતુ હું દાન કરું છું, તે લેવા કોઇ બ્રાહ્મણ તૈયાર નથી.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ તે રાજાને આજ્ઞા કરીઃ 'તમે અત્યારે તમારા ઘેર પાછા જાઓ. હું કાલે તમારા ત્યાં આવીને તમારું દાન લઇશ.' તે સાંભળીને રાજા પ્રસન્ન થઇ પોતાના રાજમહેલમાં પાછો ગયો.

બીજા દિવસે સવારે પ્રાતઃકર્મ સંપન્ન કરી, શ્રીમહાપ્રભુજી પોતાના સર્વ સેવકો સહિત તે રાજાના મહેલમાં પધાર્યા. રાજા સામે આવીને શ્રીમહાપ્રભુજીને મહેલમાં પધરાવી ગયો અને પોતાના પૂતળાની નજીક લઇ ગયો. આપશ્રીએ જમણા શ્રીહસ્તમાં જલ લઇને દાન લેવાનો સંકલ્પ કર્યો. ત્યારે પૂતળાની પાસે ઊભેલા મહાવિકરાળ કાલજ્વરે પોતાની એક આંગળી ઊંચી કરી. ત્યારે આપશ્રીએ હસીને પોતાની ત્રણ આંગળીઓ બતાવી, ત્યારે કાલજ્વરે પોતાનું માથું નીચું નમાવી દીધું અને તે ત્યાંથી ચાલ્યો ગયો. પછી શ્રીમહાપ્રભુજીએ સોનીને બોલાવીને પૂતળાના ટુકડા કરાવ્યા. આ પ્રસંગ જોવા બધા બ્રાહ્મણો હાજર હતા. તે બધાને તે સોનું વહેંચાવી દીધું. સૌ બ્રાહ્મણો આપશ્રીનો જયજયકાર કરતા પોતાને સ્થાને ગયા.

રાજાએ પ્રસન્ન થઇને શ્રીમહાપ્રભુજીને ઉચ્ચ આસન પર પધરાવ્યા અને વિનંતી કરી કે: 'મહારાજ, તે પૂતળાએ એક આંગળી ઉઠાવી ત્યારે આપે ત્રણ આંગળી ઊંચી કરી તેનું રહસ્ય શું?' આપશ્રીએ કહ્યું: 'રાજન, તમે પોતાના પ્રાણ બચાવવા બ્રહ્મહત્યાનું પાપ કરવા તૈયાર થયા હતા, બ્રહ્મહત્યાના પાપથી પણ તમે ડર્યા નહિ, તે તમારા જેવા માટે બરોબર નથી. તમે ક્ષત્રિય થઇ મૃત્યુથી ડરો તેમાં તમારો ક્ષાત્ર ધર્મ નથી. તમે ગૌબ્રાહ્મણપ્રતિપાલક કહેવાવ છો, ત્યારે બ્રાહ્મણો માટે પોતાનો પ્રાણ આપવાને બદલે પોતાનો પ્રાણ બચાવવા બ્રાહ્મણનો પ્રાણ લો તે સર્વથા અનુચિત છે. પૂતળાએ એક આંગળી ઊંચી કરી મને પૂછેલું કે તમે એક વખત પણ દિવસમાં સંધ્યા કરો છો? મેં ત્રણ આંગળી ઊંચી કરી તને કહ્યું કે હું દરરોજ ત્રણ વખત ગાયત્રી-સંધ્યા-ઉપાસના કરું છું. તેથી તેણે મસ્તક નીચું કર્યું, માટે આવું દુષ્ટ દાન ક્યારેય કરવું નહિ. મેં કોઇ જીવની હિંસા ન થાય તે માટે પૂતળાના ટૂકડા કરાવી સૌને વાંટી

દીધા, જેથી કોઇ એક બ્રાહ્મણને તમારું બધું પાપ ભોગવવું ન પડે, પરંતુ દરેક જણ થોડું થોડું ભોગવશે, પરંતુ કોઇ મરશે નહિ.' આ સાંભળી રાજા પ્રસન્ન થયો અને પોતાને સેવક કરવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેને દૈવી જીવ જાણી શરણે લીધો. રાજાએ શ્રીમહાપ્રભુજીને ભેટ ધરી દંડવત્ કર્યા.

પછી આપશ્રી પાછા તામ્રપર્ણી નદીને કિનારે પધાર્યા. ત્યાં ત્રણ દિવસ સુધી આપશ્રીએ ગાયત્રી મંત્રનો જપ કર્યો. ત્યારે બધા સેવકોએ વિનંતી કરીઃ મહારાજ, આપ તો ઇશ્વર છો, આપે તે રાજા અને બ્રાહ્મણ બંનેને બચાવ્યા છે. આપે આમ ગાયત્રી મંત્રનો જપ કેમ કર્યો?' ત્યારે આપે આજ્ઞા કરી કે 'અમારી દેખાદેખી જો કોઇ મનુષ્ય આવું દાન લેશે તો નિશ્ચિત તેનું મૃત્યુ થશે.' પછી આપશ્રીએ ત્યાં બિરાજી એક સપ્તાહ સુધી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. આપશ્રીનું આવું ચરિત્ર જોઇને ઘણા પંડિતો ત્યાં આવ્યા અને આપશ્રીના સેવક થયા.

આજે આ બેઠકજી ગુપ્ત બિરાજે છે. ત્યાં જવા માટે ત્રિચિનાપલ્લી અને મદુરાઇ વચ્ચે આવેલા તિનેવેલી ગામ જવું પડે છે, અને ત્યાંથી તામ્રપર્ણી નદી પર જઇ ભાવનાથી શ્રીમહાપ્રભુજીનાં ઝારી ચરણસ્પર્શ કરી શકાય. આપણે તામ્રપર્ણી નદી પરનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીને ભાવનાથી દંડવત કરી આગળ વધીએ. ત્યાંથી શ્રીમહાપ્રભુજી શ્રીવૈકુંઠ થઇ શ્રીત્રિલોકભાનજી પધાર્યા.

(૧૧) શ્રી ત્રિલોકભાનજીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૦)

શ્રી ત્રિલોકભાનજીનું સ્થાન આજ સુધી નિશ્ચિત થઇ શકતું નથી. પરંતુ 'બેઠકચરિત્ર' અને 'શ્રીવલ્લભ-દિગ્વિજય'નો સાથે વિચાર કરતાં એમ જણાય છે કે તામ્રપર્ણી એટલે તિનેવેલી ગામથી તોતાદ્રિ પર્વત અઢાર માઇલ દૂર આવેલો છે. તે બંનેની વચ્ચે શ્રીત્રિલોકભાનજીનું મંદિર આવેલું હોવું જોઇએ, કારણ કે શ્રીઆચાર્યચરણ ત્રિલોકભાનજીથી તોતાદ્રિ પર્વત પધાર્યા હતા.

શ્રીત્રિલોકભાનજી તીર્થમાં છોંકરના વૃક્ષ નીચે રમણીય સ્થાનમાં આપશ્રીએ મુકામ કર્યો. ત્યાં માયાવાદીઓ વિપુલ સંખ્યામાં રહેતા હતા. તે બધા શક્તિના ઉપાસક શાક્ત બ્રાહ્મણો હતા, તેથી આપે અહીં શ્રીદામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરી કેઃ 'અહીંયા માયાવાદીઓ બહુ પ્રબળ છે, માટે માયામતનું ખંડન કરી, અહીં ભક્તિમાર્ગનું સ્થાપન કરીશ.' આપશ્રીએ ત્યાં બિરાજી સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. આપશ્રીનું આગમન જાણીને ઘણા માયાવાદીઓ સમૂહમાં

૧૧. શ્રી ત્રિલોકભાનજીનાં બેઠકજી

(બેઠક : ૫૦)



શ્રીત્રિલોકભાનજી ઠાકોરજીની વિનંતીથી શ્રીમહાપ્રભુજી તેમના મંદિરમાં પધારી રહ્યા છે. અહીંના પ્રબળ માયાવાદીઓને આપશ્રીએ ફક્ત ૨૪ મિનિટની શાસ્ત્રચર્ચામાં નિરુત્તર કરી દીધેલ.



શ્રી ત્રિલોકભાનજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા. આપે બધાનો સત્કાર કરી તેમને આસન આપી બેસાડ્યા. પછી શાસ્ત્રચર્ચા થઇ. ચોવીસ જ મિનિટમાં બધા પંડિતો નિરુત્તર બની ગયા. આટલી સરળતાથી આપશ્રીએ માયામતનું ખંડન કર્યું અને ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું, તે જાણી આપશ્રીના બધા સેવકોએ આપશ્રીનો જયજયકાર કર્યો. ત્યારે માયાવાદીઓમાંના આગેવાન બ્રાહ્મણોએ હાથ જોડી વિનંતી કરી: 'મહારાજ, કોઈ મનુષ્ય હોય તો અમે તેને જીતી શકીએ, પરંતુ આપ તો સાક્ષાત્ ઈશ્વર છો, તેથી આપ અમને શરણે લઇ અમારો ઉદ્ધાર કરો. આપ પરમ ઉદાર છો, અમે શરણાગત છીએ.' ત્યારે આપે સર્વને આજ્ઞા કરી કે 'તમે સ્નાન કરી આવો.' તે સૌને આપે તુલસીની માળા આપી, શ્રીઅષ્ટાક્ષર મંત્ર આપ્યો.

પછી શ્રીમહાપ્રભુજીની પાસે શ્રીત્રિલોકનાથ ભગવાન પધાર્યા. આપે તેમને પ્રણામ કરી, પોતાની પાસે આસન પર પધરાવ્યા. શ્રીઠાકોરજીએ વિનંતી કરી કે : 'આપ મંદિરમાં પધારો.' શ્રીમહાપ્રભુજી શ્રીત્રિલોકભાનજીના મંદિરે પધાર્યા. આપે કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી: 'લીલો મેવો સિદ્ધ કરો.' આપશ્રીએ ત્રિલોકભાનજીને શૃંગાર કરી, લીલા મેવાનો ભોગ ધર્યો. પછી આપ પોતાની બેઠકે પાછા પધાર્યા. શ્રીત્રિલોકનાથજીનું સ્થાન આજે પણ સંશોધનનો વિષય રહ્યું છે. ત્યાં આપણે ભાવનાથી દંડવત કરી, શ્રીમહાપ્રભુજીની સાથે આગળ વધીએ.

(૧૨) શ્રી તોતાદ્રિ પર્વત પરનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૧)

શ્રીમહાપ્રભુજી શ્રીત્રિલોકભાનજીથી તોતાદ્રિ પર્વત ઉપર પધાર્યા. આ પર્વત તિનેવેલી ગામથી ૨૫ કિ.મી. દૂર આવેલો છે. આપશ્રી આ પર્વત ઉપર ઘણો સમય બિરાજ્યા. પર્વત પાસે ગાઢ વન આવેલું હતું, ત્યાં એક વડના વૃક્ષ નીચે આપ બિરાજ્યા. શ્રીકૃષ્ણદાસ મેઘન જળાશયની તપાસ કરવા ગયા. ઘણે દૂર સુધી જઇને નિરાશ થઈને પાછા આવ્યા અને વિનંતી કરી: 'મહારાજ, દૂર દૂર સુધી ક્યાંય જળાશય મળતું નથી.' ત્યારે આપે આજ્ઞા કરી કે: 'મારી નજીકમાં આ કદંબનું વૃક્ષ છે, તેની જમણી બાજુએ એક મોટો પથ્થર છે, તે ઉઠાવો. નીચેથી એક કુંડ નીકળશે. તેમાં પુષ્કળ જળ છે.' કૃષ્ણદાસ મેઘને ત્યાં જઇને પથ્થર ઉઠાવતાં એક મોટો કુંડ નીકળ્યો. કુંડ સુંદર પથ્થરોનો બનેલો હતો. તેમાં ઊતરવા માટે સુંદર પગથિયાં પણ હતાં. આપશ્રીના આવા અલૌકિક પ્રતાપબળનાં દર્શન કરી બધા સેવકોએ આ કુંડનું નામ શ્રીવલ્લભકુંડ પાડ્યું. આપશ્રીએ ત્યાં બિરાજીને શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું.

૧૨. શ્રી તોતાદ્રિ પર્વત પરનાં બેઠકજી

(બેઠક : ૫૧)



શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કૃષ્ણદાસ મેઘને વૃક્ષ નીચેનો પથ્થર ઊઠાવતાં ત્યાંથી પ્રગટ થયેલો કુંડ - આપશ્રીનો આ પ્રગટ પ્રતાપ જોઈ અનેક માયાવાદી પંડિતો અહીં આપના શરણે આવ્યા.



શ્રી તોતાદ્રિ પર્વત પરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

આ સમાચાર ચારે બાજુ ફેલાતાં આજુબાજુના માયાવાદી પંડિતોએ ભેગા થઇ નક્કી કર્યું કે, આપણામાંથી બે પંડિતો જઇને રુબરુ જોઇ આવો. તેથી બે પંડિતો શોધતા શોધતા અહીં આવ્યા. તો સુંદર શ્રીવલ્લભકુંડ ઉપર આપશ્રીને બિરાજેલા જોયા. દર્શન કરતાં તેઓ આશ્ચર્યચકિત થઇ ગયા. નમસ્કાર કરી પોતાના સ્થાને પાછા ગયા અને બધા સમાચાર ત્યાંના સર્વ પંડિતોને કહ્યા. તે સાંભળી બધાં પંડિતો ભેગા થઇ આપશ્રીનાં દર્શન કરવા આવ્યા. સૌએ વિચાર કર્યો કે 'પર્વત ઉપરના આ પથ્થરોમાં જળ ક્યાંથી આવ્યું? આપણે તો કદી અહીં કુંડ જોયો નથી. આપણા વડીલોના મોઢે કદી સાંભળ્યું પણ નથી કે અહીં જળ છે? માટે આ કાર્ય કોઇ મનુષ્યનું નથી, આપ સાક્ષાત્ ઈશ્વર છે. ચાહે ત્યાં જળ અને ચાહે ત્યાં સ્થળ બનાવી શકે છે.' આમ નિર્ણય કરી સૌએ શ્રીમહાપ્રભુજીની નજીક જઇ, સાષ્ટાંગ દંડવત કરી વિનંતી કરી: 'મહારાજ, અમને શરણે લો.' ત્યારે આપે આજ્ઞા કરી કે 'તમે રુદ્રાક્ષધારી શૈવ મતના અનુયાયી છો. અમારો વૈષ્ણવ ધર્મ સ્વીકારવો હોય તો ત્રિપુંડ અને રુદ્રાક્ષ ઉતારી કુંડમાં સ્નાન કરીને આવો.' તેઓને શ્રીમહાપ્રભુજીએ શરણે લઇ તુલસીની કંઠી પહેરાવી. તોતાદ્રિ પર્વત ઉપર સૌએ શ્રીમહાપ્રભુજીનો જયજયકાર કર્યો. આ પ્રમાણે તોતાદ્રિ પર્વત પર બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરી, આપશ્રીએ દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો.

તોતાદ્રિ પર્વત પાસે ગામ છે. ત્યાં તોતાદ્રિ ભગવાનનું મંદિર છે. અંદરના ભાગમાં કુંડ છે. કુંડ ઉપર ગુપ્ત સ્વરૂપે બેઠકજી બિરાજે છે. આ સ્થાન આજે પ્રગટ નથી. અહીં આપણે ભાવનાથી શ્રીમહાપ્રભુજીને દંડવત કરી આગળ વધીએ.

શ્રીમહાપ્રભુજી તોતાદ્રિ પર્વતથી નીચે ઊતરી કન્યાકુમારીની દિશામાં પધાર્યા. ત્યાં આપશ્રીએ કન્યાકુમારીનાં દર્શન કર્યાં. બ્રાહ્મણોને દાન આપ્યું અને ત્યાંથી આપશ્રી શ્રીપદ્મનાભજી ક્ષેત્રમાં પધાર્યા.

(૧૩) શ્રી પદ્મનાભજીનાં બેઠકજીનું ચરિત્ર: (બેઠક : ૪૭)

શ્રી પદ્મનાભક્ષેત્ર એટલે આજનું ત્રિવેન્દ્રમ શહેર, જે કેરળની રાજધાની છે, ત્યાં શ્રીપદ્મનાભ ભગવાનનું વિશાળ મંદિર આવેલું છે. અહીં શ્રી શેષનાગજી ઉપર ભગવાન પોઢેલા છે. આવા શ્રી પદ્મનાભ ભગવાનનાં દર્શન અહીં ત્રણ બારણેથી કરવાં પડે છે. એક બારણેથી તેમના મુખનાં દર્શન થાય છે, બીજા બારણેથી તેમનાં નાભિ અને ઉદરનાં દર્શન થાય છે, અને ત્રીજા બારણેથી તેમનાં ચરણનાં દર્શન થાય છે.

૧૩. શ્રી પદ્મનાભજીનાં બેઠકજી

(બેઠક : ૪૭)



શ્રીમહાપ્રભુજી શ્રીદામોદરદાસજીને શ્રીપદ્મનાભજી ભગવાનનું માહાત્મ્ય સમજાવી રહ્યા છે. અહીં શ્રીમહાપ્રભુજીએ પદ્મનાભજીના સેવા શૃંગાર કરી, તેમને સામગ્રી ધરી, પદ્મનાભજીની વિનંતીથી બંને સ્વરૂપોએ સાથે ભોજન કર્યું હતું.



શ્રી પદ્મનાભજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

કન્યાકુમારીમાં અને અહીં દર્શન કરવા માટે કેવળ ધોતી પહેરીને ખુલ્લા શરીરે જ જઈ શકાય છે. અહીંના રાજા પોતાને શ્રીપદ્મનાભજીનો સેવક માનતો અને રાજ્યના રાજા તરીકે શ્રીપદ્મનાભજીને માનવામાં આવતા હતા. તેમના વતી તે રાજા રાજ્ય કરતો હતો. રાજાને દરરોજ શ્રીપદ્મનાભજીની સેવા કરવા આવવું પડતું. જો રાજા ગામમાં હોય અને તે સેવા કરવા ન આવે તો તે દિવસનો દંડ તેણે મોકલી આપવો પડતો.

આવા શ્રી પદ્મનાભજી ભગવાનનાં દર્શન કરવા માટે શ્રીમહાપ્રભુજી પધાર્યા. આપશ્રીએ છોંકરના વૃક્ષ નીચે એક રમણીય સ્થાનમાં મુકામ કર્યો. ત્યાં આપશ્રીએ શ્રીદામોદરદાસ હરસાનીજીને શ્રી પદ્મનાભજીનું માહાત્મ્ય કહ્યું. આપે આજ્ઞા કરી કે : શેષનાગની શય્યા ઉપર પોઢેલા આપ આદિનારાયણ ભગવાન છે. તેમની નાભિમાંથી બ્રહ્માજી પ્રગટ થયા છે. તેથી તેમનું નામ શ્રીપદ્મનાભજી છે. તેઓ શેષનાગની ઉપર પોઢેલા હોવાથી પોઢાનાથ પણ કહેવાય છે.’ ત્યાં શ્રી પદ્મનાભજી પણ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે આપશ્રીએ ઊભા થઈ, હાથ જોડી ‘શ્રીપદ્મનાભાય નમઃ’ કહી પ્રણામ કર્યા અને આસન પર પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને વિનંતી કરીઃ ‘તમે પરિશ્રમ લઈ અહીં શા માટે પધાર્યા? હું આપનાં દર્શન કરવા મંદિરમાં આવવાનો જ હતો. ત્યારે શ્રીપદ્મનાભજીએ કહ્યું: ‘તમે પણ પરિશ્રમ કરી, દક્ષિણમાં અહીં સુધી પધાર્યા, તો હું આપને મળવા ન આવું એ ઠીક કહેવાય?’ શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરીઃ ‘ આપ મંદિરમાં પધારો, હું સવારે મંદિરમાં આવીશ.’

બીજે દિવસે સવારે સ્નાન, નિત્યનિયમ કરી આપ મંદિરે પધાર્યા. આપે શ્રીપદ્મનાભજીનાં સેવાશૃંગાર કર્યા એને આનંદરામ મુખિયાને દશ રૂપિયા આપી, સામગ્રી સિદ્ધ કરવા આજ્ઞા કરી. તે સામગ્રી સિદ્ધ કરી લાવ્યો ત્યારે આપે ભોગ ધર્યો. શ્રીપદ્મનાભજીની વિનંતીથી બંને સ્વરૂપોએ સાથે ભોજન કર્યા પછી આપે શ્રીપદ્મનાભજીની આરતી કરી અને પોતાના સ્થાન પર પાછા પધાર્યા. આપે શ્રી પદ્મનાભ ક્ષેત્રમાં બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. શ્રીપદ્મનાભજી રોજ કથા સાંભળવા પધારતા. અહીંના દૈવી જીવોનો ઉદ્ધાર કરી આપે શરણે લીધા.

આજે ત્રિવેન્દ્રમાં શ્રી પદ્મનાભજીનું મંદિર ખૂબ જાણીતું છે. પરંતુ બેઠકજીનું સ્થાન પ્રગટ નથી. તેથી અહીં આવતા વૈષ્ણવો ગામ બહાર જળાશયના કિનારે બેઠકજીની ભાવના કરી ઝારી ચરણસ્પર્શ કરે છે. આપણે અહીં ભાવનાથી

---

૧૪. શ્રી જનાર્દન ક્ષેત્રનાં બેઠકજી

(બેઠક : ૪૮)



શ્રીમહાપ્રભુજી શ્રીજનાર્દન ભગવાનના સેવા શૃંગાર કરી રહ્યા છે. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું ત્યારે શ્રીજનાર્દન ભગવાન દરરોજ કથા સાંભળવા પધારતા.



શ્રી જનાર્દન ક્ષેત્રનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજીને દંડવત કરી આગળ વધીએ. ગામમાં મુકામ માટે ગુજરાતી ધર્મશાળા છે. અહીંથી શ્રીમહાપ્રભુજી દક્ષિણ યાત્રામાં આગળ શ્રીજનાર્દનક્ષેત્રમાં પધાર્યા.

(૧૪) શ્રી જનાર્દન ક્ષેત્રનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૪૮)

કેરળમાં ત્રિવેન્દ્રમ અને કવીલોન વચ્ચે વરકલા નામનું સ્ટેશન આવેલું છે. ત્યાંથી ૫ કિ.મી. દૂર શ્રી જનાર્દન ભગવાનનું મંદિર આવેલું છે. પર્વત પાસે દરિયાકિનારે આવેલું આ રમણીય સ્થાન છે. ત્યાંથી એક ફલાઁગ દૂર એક છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આજે પ્રગટ બિરાજે છે. બેઠકજીમાં મુકામની સુંદર વ્યવસ્થા છે. જનાર્દન મંદિરની નીચે ગુજરાતી ધર્મશાળા પણ છે.

શ્રીમહાપ્રભુજીએ આ ક્ષેત્રમાં પધારીને અહીં મુકામ કર્યો. બીજે દિવસે આપશ્રી શ્રીજનાર્દનજીનાં દર્શન કરવા પધાર્યા. શ્રી જનાર્દન ભગવાનની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજીએ સેવાશૃંગાર કર્યા. ત્યાર પછી પંડ્યાએ સિદ્ધ કરેલી સામગ્રીનો શ્રીમહાપ્રભુજીએ ભોગ ધર્યો ત્યારે શ્રી જનાર્દન ભગવાને શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરીઃ 'તમે ભગવદ્ મુખારવિંદ સ્વરૂપ છો, માટે અમારી સાથે ભોજન કરો.' ભગવદ્ આજ્ઞાને સર્વોપરી માનીને તેનું ઉલ્લંઘન ન કરવું જોઇએ, તેવું વિચારી શ્રીમહાપ્રભુજી પણ ભોજન કરવા બિરાજ્યા.

અહીં સ્વમાર્ગનો ભગવદ્-આજ્ઞાવિષયક સિદ્ધાંત આપણે સમજી લેવો જોઇએ. શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે : 'ગુરુની આજ્ઞા પ્રમાણે સેવકે સેવા કરવી, પરંતુ જો ભગવદ્ આજ્ઞા તેનાથી વિપરીત હોય તો ગુરુની આજ્ઞા ન માનતાં ભગવદ્ આજ્ઞા પ્રમાણે કાર્ય કરવું.' આ સિદ્ધાંતની સ્પષ્ટતા શ્રીગુસાંઇજીએ 'નવરત્ન' ગ્રંથ પરની ટીકામાં કરી છે. એ પ્રમાણે ભગવદ્ આજ્ઞા બે પ્રકારની હોઇ શકે (૧) પ્રભુના સુખ માટેની અને (૨) સેવકના સુખ માટેની. સેવા ભગવદ્ સુખ માટે છે. સેવકના સુખ માટે નથી, તેથી ભગવાનના સુખ માટેની જે ભગવદ્ આજ્ઞા થાય તે સેવકોએ અવશ્ય પાલન કરવી જોઇએ. દા.ત. દામોદરદાસ સંભરવાળાની દાસીને રાત્રે અપરસ વિના શય્યામંદિર ખોલી પ્રભુને પંખો કરવાની આજ્ઞા થઇ, તો તેણે તે પ્રમાણે કર્યું, કારણ કે તેમાં શ્રીદ્વારકાધીશજીનું સુખ રહેલું હતું. પરન્તુ જ્યાં બીજા પ્રકારની ભગવદ્ આજ્ઞા થાય, એટલે કે સેવકના સુખ માટેની ભગવદ્ આજ્ઞા થાય ત્યાં તે આજ્ઞાનું પાલન સેવકે ન કરતાં ગુરુ આજ્ઞા પ્રમાણે જ વર્તવું જોઇએ. દા.ત. રામદાસજીને રાજભોગ ધરી આંખો મીંચી પંખો કરતી વખતે ભગવદ્ આજ્ઞા થઇ કે : 'હું વ્રજભક્તો સહિત ભોજન કરું છું, તું મારાં દર્શન કર.' ત્યાં રામદાસજીએ દીનતાપૂર્વક વિનંતી કરીઃ 'મહારાજ, દર્શન કરવામાં મારાં નેત્રોનું સુખ રહેલું છે, તેમાં આપને કોઇ સુખ નથી. માટે આપને ભોગ આવ્યા હોય ત્યારે હું નેત્રો ખોલીશ નહિ. કારણ કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા નથી. આથી શ્રીઠાકોરજી ખૂબ પ્રસન્ન થયેલા. અહીં શ્રીમહાપ્રભુજી ભગવદ્ મુખારવિંદ સ્વરૂપ છે, અને ભગવદ્ સુખ માટે આજ્ઞા થઇ છે, માટે શ્રીમહાપ્રભુજીએ તે આજ્ઞાનું પાલન કરે તે સર્વથા ઉચિત છે. પરંતુ જો આપણને આવી આજ્ઞા થાય તો આપણાથી તેનું પાલન થઇ શકે નહિ, કારણ કે આપણું ઉચ્છિષ્ટ પ્રભુને આરોગાવી શકાય નહિ.

શ્રીમહાપ્રભુજીએ ભોજન લીધા બાદ બીડાં આરોગાવી, આરતી કરી અને આજ્ઞા લઇ પોતાની બેઠકમાં પધાર્યા. ત્રીજા દિવસથી આપે ત્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનો પ્રારંભ કર્યો. શ્રી જનાર્દન ભગવાન દરરોજ કથા સાંભળવા પધારતા હતા. આપશ્રીનો અતુલ પ્રતાપ જાણી ઘણા દૈવી જીવો શરણે આવ્યા. અહીં વિષ્ણુસ્વામી મતાનુયાયી પ્રેમાકર મુનિના શિષ્યો અને પ્રશિષ્યો શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યા. ત્યાંથી આપશ્રી મલયાચલ પર્વત તરફ પધાર્યા.

આજે અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. માટે દક્ષિણ યાત્રાએ જનાર વૈષ્ણવોએ અવશ્ય આ બેઠકજીએ દર્શન માટે જવું જોઇએ. આપણે ભાવનાપૂર્વક શ્રીમહાપ્રભુજીનાં ઝારીચરણસ્પર્શ કરી, દંડવત્ કરી આગળ વધીએ.

(૧૫) શ્રી મલયાચલ પર્વતનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૪૨)

દક્ષિણમાં નીલગિરિ પર્વતમાળામાં ઉટાકામંડ નામે હવા ખાવાનું પ્રખ્યાત પર્વતીય સ્થાન આવેલું છે. આ ઉટાકામંડ મલયાચલ પર્વત ઉપર આવેલું છે. ત્યાં ચંદનનાં વૃક્ષો પુષ્કળ પ્રમાણમાં થતાં હોવાથી વિશાળ ચંદન વૃક્ષોનું વન આવેલું છે. તેથી આ પર્વતને મલયાચલ પર્વત કહેવામાં આવે છે. સંસ્કૃતમાં 'મલય' શબ્દનો અર્થ ચંદન થાય છે. અહીંના વનમાં ચંદનની સુવાસ અને ઠંડકથી આકર્ષાઇ ભયંકર સાપ રહે છે. વનપ્રદેશ ખૂબ જ ગીચ અને બિહામણો છે. આ પર્વતીય વનપ્રદેશમાં અનેક તીર્થસ્થળો પણ આવેલાં છે.

આવા મલયાચલ પર્વત ઉપર આપ પધાર્યા, ત્યાં અગસ્ત્ય મુનિનો આશ્રમ આવેલો હતો. ત્યાં આપે દર્શન કર્યાં. બાજુમાં શ્રી હેમગોપાલજી ઠાકોરજીનું મંદિર હતું. આપ દર્શન કરવા ત્યાં પધાર્યા ત્યારે શ્રીહેમગોપાલજીએ કહ્યુંઃ 'આપ આવી

૧૫. શ્રી મલયાચલ પર્વતનાં બેઠકજી

(બેઠક : ૪૨)



શ્રીમહાપ્રભુજી મલયાચલ પર્વત ઉપર બિરાજતા શ્રીહેમગોપાલજી પ્રભુને સુંદર ચંદન સિદ્ધ કરી સમર્પી રહ્યા છે. અહીં બિરાજી શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું જે સાંભળવા દરરોજ શ્રીહેમ ગોપાલજી પધારતા. આપશ્રીએ પોતાના ચરણારવિંદની રજ દ્વારા અનેક તામસી જીવોનો અહીં ઉદ્ધાર કર્યો.



શ્રી મલયાચલ પર્વત ઉપરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

વિકટ જગ્યામાં પધાર્યા છો, પરન્તુ અહીં હિંસક પ્રાણીઓ ખૂબ જ છે, તેઓ અંદરોઅંદર લડે છે, માટે આપ કૃપા કરીને આપના સેવકોને ફળફૂલ લેવા માટે મોકલશો નહિ. હું પોતે આપને માટે ફળાહાર લાવીશ.' ત્યારે શ્રી મહાપ્રભુજીએ વિનંતી કરી : 'આપ ચિંતા ન કરશો, આપની કૃપાથી કોઈપણ હિંસક પ્રાણી મારા સેવકોનો વાળ પણ વાંકો નહિ કરી શકે. હું એક મહિના સુધી આ સ્થાનમાં રોકાઈશ.' આ સાંભળીને શ્રીહેમગોપાલજી બહુ પ્રસન્ન થયા. તેમણે ફરીથી કહ્યું: 'હું ઉત્તમોત્તમ ચંદનના વનમાં રહું છું, પરંતુ મારી ગરમી મટતી નથી. આવી મારી ગરમી આજે આપનાં દર્શન માત્રથી દૂર થઈ ગઈ અને મારું રોમ રોમ શીતલ બની ગયું. આમ તો આપ અહીં પધારો નહિ, પરંતુ આપ કેવળ દૈવી જીવોનો ઉદ્ધાર કરવા અહીં પધાર્યા છો, તેથી મને આપનાં દર્શન પ્રાપ્ત થયાં. શ્રીમહાપ્રભુજીએ સુંદર ચંદન સિદ્ધ કરી શ્રી હેમગોપાલજીને સમર્પ્યું અને કેળાં અને નાળિયેરની સામગ્રીનો ભોગ ધર્યો.

પછી આપ બાજુમાં આવેલા કૌડીન્યાશ્રમ પધાર્યા. ત્યાં બાજુમાં આવેલા સરોવરમાં આપે સ્નાન કર્યું અને ત્યાં બિરાજ્યા. ત્યાં તેમણે એક મુનિને તપ કરતા જોયા. મુનિ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા આવ્યા, ત્યારે દંડવત કરીને તેમણે પોતાનું પૂર્વવૃત્તાંત કહ્યું: 'મારા ગુરુ શાંડિલ્ય ઋષિ થઈ ગયા. જેમણે ગોવર્ધનમાં લલિતા નામની મુનિ કન્યા પાસેથી 'ભક્તિ રહસ્ય' ગ્રંથ અને પંચાક્ષર મંત્ર પ્રાપ્ત કર્યો હતો. તેમનો હું સેવક છું.' તેને પુષ્પ અને ફળ દાનમાં આપી આપશ્રી ચંદનવન જોવા પધાર્યા. ત્યાં અનેક વૃદ્ધ અને સિદ્ધ તપસ્વીઓ તપ કરતા હતા. તે સૌને આચાર્યશ્રીનાં દર્શન થયાં. તેઓએ આપશ્રીનું પૂજન કર્યું અને તેમનો મોક્ષ થયો.

ત્યારપછી આપ પાછા શ્રીહેમગોપાલજીના મંદિરે પધાર્યા, અને ત્યાં બિરાજીને સપ્તાહ કરી. શ્રીહેમગોપાલજી દરરોજ કથા સાંભળવા પધારતા હતા. શ્રી હેમગોપાલજીનાં દર્શન કરવા સ્વર્ગમાંથી દરરોજ દેવરાજ ઈન્દ્ર આવતા હતા. તેમને એક અઠવાડિયા સુધી શ્રી હેમગોપાલજીનાં દર્શન થયાં નહિ. જ્યારે કથાની પૂર્ણાહુતિ બાદ શ્રી હેમગોપાલજી મંદિરે પાછા પધાર્યા ત્યારે દેવરાજ ઈન્દ્રને દર્શન થયાં. તેણે દંડવત કરી પૂછ્યું: 'પ્રભુ આપ ક્યાં પધાર્યા હતા?' ત્યારે શ્રી હેમગોપાલજીએ આજ્ઞા કરી: 'શ્રી વલ્લભાચાર્યજી પધાર્યા છે, તેઓના મુખથી કથા સાંભળવા ગયો હતો.' ત્યારે ઈન્દ્રે વિનંતી કરી: 'મહારાજ, શ્રીવલ્લભાચાર્યજી કોણ છે?' શ્રીહેમગોપાલજીએ કહ્યું: 'તેઓ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ મુખારવિંદ સ્વરૂપ છે. સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણે તારો યજ્ઞ અટકાવીને, સહસ્ત્ર ભૂજા ધારણ કરી, શ્રીગિરિરાજજીનું પ્રત્યક્ષ સ્વરૂપ

ધારણ કરી જે મુખારવિંદથી વ્રજભક્તોની સામગ્રીઓનું ભોજન કર્યું હતું, તે જ મુખારવિંદ સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી દૈવી જીવોનો ઉદ્ધાર કરવા પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તેમનું ચંપારણ્યમાં પ્રાગટ્ય થયું ત્યારે તમે સર્વ દેવો દર્શન કરવા ગયા હતા. તે ભૂલી ગયો?' આવાં વચન સાંભળી ઈન્દ્રે દંડવત કરી શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા જવાની આજ્ઞા માગી. આજ્ઞા લઈ, પગે ચાલીને ઈન્દ્ર શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો: આપનાં દર્શન કરી, સાષ્ટાંગ દંડવત કરી ગદ્‌ગદ્‌ કંઠે વિનંતી કરી : 'મહારાજ, આજે આપનાં દર્શન કરી હું કૃતાર્થ થયો છું.' આપશ્રીએ તેના મનનું સમાધાન કરી, તેને સ્વર્ગે જવાની આજ્ઞા કરી. પછી આપે કૃષ્ણદાસ મેઘનને ઈન્દ્ર આવ્યાના સર્વ સમાચાર કહ્યા, તે જાણી સૌ સેવકો બહુ પ્રસન્ન થયા. આ ભૂમિ ઉપર વિચરતા તામસી જીવોનો પોતાના ચરણારવિંદની રજ દ્વારા ઉદ્ધાર કરી, આપશ્રી ત્યાંથી આગળ આંધ્રપ્રદેશ તરફ પધાર્યા.

રસ્તામાં વિદ્યાનગરમાં મુકામ કરી, રાયકૃષ્ણદેવને દર્શન આપી, તેમની સેવા અંગીકાર કરી, પોતાની દક્ષિણ યાત્રાના સર્વ સમાચાર તેમને કહ્યા, પછી ત્યાંથી પોતાનાં માતા અને કુટુંબીઓને મળવા માટે પોતાના વતન અગ્રહાર તરફ આપ ગયા. રસ્તામાં કૃષ્ણા નદી ઉપર આપે મુકામ કરેલ. ત્યાંનાં બેઠકજીનું ચરિત્ર હવે આપણે જોઈશું.

અહીં મલયાચલ પર્વત ઉપર બેઠકજી ગુપ્ત છે, તેથી ત્યાં જવા ઈચ્છતા વૈષ્ણવોએ ઉટાકામંડ (ઊટી) જઈ, ત્યાંના વનપ્રદેશમાં શ્રીમહાપ્રભુજીની ભાવના કરી, ઝારીચરણસ્પર્શ કરવાં. આપણે શ્રીમહાપ્રભુજીને આ સ્થાને દંડવત કરી આગળ વધીએ.

(૧૬) શ્રી કૃષ્ણા નદી પરનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૪૫)

આંધ્રપ્રદેશમાં વાડી જંકશનથી રાયચુર જવાના રસ્તે કૃષ્ણા નામે ગામ આવેલું છે. અહીં કૃષ્ણા નદી પણ વહે છે. ગામનું અને નદીનું નામ એક જ છે. ત્યાં નદી કિનારે શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. અહીં એક પીપળાના વૃક્ષ નીચે આપશ્રીએ મુકામ કરી, દામોદરદાસ હરસાનીને આજ્ઞા કરેલી કે, 'આ ગામમાં માયાવાદી તૈલંગ બ્રાહ્મણો પુષ્કળ વસે છે. માટે તેમની સાથે શાસ્ત્રચર્ચા કરી, માયામત ખંડન કરીશું. પહેલાં અહીં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ કરીશું, તે સાંભળીને બધા માયાવાદીઓ આપોઆપ અહીં આવશે.'

૧૬. શ્રી કૃષ્ણા નદી પરનાં બેઠકજી

(બેઠક : ૪૫)



મોટા સમૂહમાં આવેલા માયાવાદી પંડિતો સાથે શાસ્ત્રચર્ચા કરી, તેમને હરાવી, માયામતનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કરતા શ્રીમહાપ્રભુજી - માયાવાદીઓએ વિનંતી કરતા તેમને શરણે લઈ, સેવક કર્યા.



શ્રી કૃષ્ણા નદી ઉપરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્‌ પ્રણામ પહોંચે.

૧૭. શ્રી પન્નાનૃસિંહજીનાં બેઠકજી

(બેઠક : ૩૭)



શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘનને પનો સિદ્ધ કરવા આજ્ઞા કરી રહ્યા છે અને પછી પનાની સામગ્રી આરોગાવવા શ્રીપન્નાનૃસિંહજી ભગવાન પાસે પધારી રહ્યા છે.



શ્રી પન્નાનૃસિંહજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

બીજે દિવસે આપે શ્રીમદ્ ભાગવત પારાયણનો પ્રારંભ કર્યો. તે સમાચાર સાંભળી આસપાસના બધા પંડિતોએ મળીને વિચાર કર્યો કે, સાંભળવા પ્રમાણે તેઓ ખૂબ જ તેજસ્વી છે, તેમની સામે શાસ્ત્રાર્થમાં કોઇ ટકી શકતું નથી., માટે આપણે બધા ભેગા થઇને જઇએ. ચારેય સંપ્રદાયના વૈષ્ણવો પણ આપશ્રીના પધાર્યાના સમાચાર જાણી દર્શન કરવા આવ્યા. તે બધાએ પણ વિનંતી કરીઃ 'મહારાજ, આપ વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્ય છો, માટે અમારું રક્ષણ કરો. કારણ કે અહીંના માયાવાદીઓ ખૂબ જ બળવાન છે. અને અમને ખૂબ દુઃખ આપે છે.' આપશ્રીએ તેમને આજ્ઞા કરીઃ ' હું તે માટે જ આવ્યો છું. આજે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પૂર્ણ થઇ છે. માયાવાદીઓ હમણાં આવી પહોંચશે. તમે ચિંતા કરશો નહિ.'

થોડા સમય પછી માયાવાદીઓ ખૂબ મોટા સમૂહમાં ત્યાં આવ્યા. આપે સૌને આદરપૂર્વક બેસાડ્યા, પછી શાસ્ત્રચર્ચા શરૂ થઇ. ત્રણ કલાકમાં આપે સેંકડો પંડિતોને નિરુત્તર કરી, માયામતનું ખંડન કરી, ભક્તિમાર્ગનું સ્થાપન કર્યું, તેથી શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક અને શ્રીવિષ્ણુસ્વામી સંપ્રદાયના સર્વ વૈષ્ણવો મનમાં બહુ પ્રસન્ન થયા અને આપશ્રીને વિનંતી કરીઃ 'મહારાજ, અમને શરણે લો.' માયાવાદીઓને પણ ખાતરી થઇ કે, શ્રીવલ્લભાચાર્યજી કોઇ મનુષ્ય નથી, પરંતુ સાક્ષાત્ ઇશ્વર છે. તેમણે પણ સેવક બનવા વિનંતી કરી. આપે માયાવાદીઓના રુદ્રાક્ષ ઉતરાવી, તેમને સ્નાન કરાવી, તુલસીમાળા પહેરાવી શરણે લીધા. બીજા દૈવી જીવોને પણ શરણે લીધા. ત્યાં કૃષ્ણા નદીના તટ ઉપર સૌએ આપનો જયજયકાર કર્યો.

ત્યાંથી શ્રીમહાપ્રભુજી આગળ પધાર્યા. આ સ્થાન પર આપશ્રીનાં બેઠકજી ગુપ્ત છે. તેથી અહીં આવનાર વૈષ્ણવોએ નદીકિનારે શ્રીમહાપ્રભુજીનાં ઝારીચરણસ્પર્શ ભાવનાથી કરવાં. આ બેઠકજીએ દંડવત કરી આપણે આગળ ચાલીએ. ત્યાંથી આગળ આપ શ્રીપન્નાનૃસિંહજીના ક્ષેત્રમાં પધાર્યા.

(૧૭) શ્રી પન્નાનૃસિંહજીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૩૭)

આંધ્રપ્રદેશમાં વિજયવાડા અને ગુંટોર નામના રેલ્વે સ્ટેશનોની વચ્ચે મંગલગિરિ નામે ગામ આવેલું છે. તેની પાસે પર્વત આવેલો છે. તે પર્વત ઉપર શ્રીપન્નાનૃસિંહજી ભગવાનનું મંદિર આવેલું છે. ત્યાં આપશ્રી પધાર્યા. મંદિર પાસે એક છોંકરના વૃક્ષ નીચે આપ બિરાજ્યા, ત્યારે નૃસિંહજી ભગવાન સામે પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ ઊભા થઇ પ્રણામ કર્યા અને વિનંતી કરી કેઃ 'આપે આટલો બધો પરિશ્રમ શા માટે

લીધો? હું જ આપનાં દર્શન કરવા આવતો હતો.' ત્યારે શ્રીનૃસિંહજીએ કહ્યું: 'મિત્રનો આ ધર્મ છે. મિત્ર આવે પછી તેને મળવા માટે ધીરજ રહેતી નથી. તમે અમારું સર્વસ્વ છો. તમે આટલો બધો પરિશ્રમ લો. તો હું આપને મળવા સામે આવું તે ઉચિત છે. આપ જલદી મંદિરમાં પધારો.' શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી: 'સુગંધી ગુલાબ જળમાં મિસરી મિલાવી પનો સિદ્ધ કરો.' ત્યારે દામોદરદાસ હરસાનીજીએ વિનંતી કરી: 'મહારાજ, શ્રીનૃસિંહજી ભગવાન પનો આરોગે છે, તેનું કારણ શું?' શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'શ્રીનૃસિંહજી ભગવાને પ્રગટ થઇ હિરણ્યકશિપુનો વધ કર્યો, ત્યારે આપને ઘણો પરિશ્રમ થયો. અંગેઅંગમાંથી પરસેવો ટપકતો હતો. આપશ્રીના પરિશ્રમને દૂર કરાવનાર પનો ઉત્તમ સામગ્રી છે. તેથી આપશ્રીને પનો બહુ પ્રિય છે.' પનો સિદ્ધ થતાં આપશ્રી સર્વ સેવકો સહિત મંદિરે પધાર્યા અને શ્રીનૃસિંહજી ભગવાનનાં દર્શન કરી, પનો આરોગાવ્યો. ત્યારે શ્રીનૃસિંહજી ભગવાનની આજ્ઞાથી આપ પણ પનો આરોગ્યા. તેમની આજ્ઞા લઇ પોતાની બેઠકમાં પાછા પધાર્યા. બીજા દિવસથી શ્રીનૃસિંહજી ભગવાનની વિનંતીથી આપે ત્યાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું. શ્રીનૃસિંહજી ભગવાન દરરોજ કથા સાંભળવા માટે પધારતા હતા. આપને માટે વસ્ત્રનું આસન બિછાવવાની શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરેલી. આમ, અહીં શ્રીમદ્ ભાગવતની સપ્તાહ કરી, દૈવી જીવોનો ઉદ્ધાર કરી, આપ પોતાના વતન અગ્રહાર પધાર્યા.

આ બેઠકજી આજે ગુપ્ત બિરાજે છે, તેથી આ બેઠકજીએ જનાર વૈષ્ણવોએ મંગલગિરિ ગામે જઇ, પર્વત ઉપર શ્રીપન્નાનૃસિંહજી ભગવાનના મંદિરે જઇ, ત્યાંના એકાંત સ્થાનમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની ભાવના કરી, ઝારીચરણસ્પર્શ કરવાં. આ બેઠકે આપણે દંડવત કરીએ.

અગ્રહારમાં પોતાના કાકા, માતા, ભાઇબહેનો અને અન્ય કુટુંબીજનોને મળી, દક્ષિણ યાત્રાની સર્વ હકીકત કહી, થોડા દિવસ રોકાઇ, માતાની આજ્ઞા લઇ, આપ દક્ષિણ યાત્રા પૂરી કરવા માટે આગળ પધાર્યા. આપ ફરી વિદ્યાનગર થઇ લોહગઢ પધાર્યા.

(૧૮) શ્રી લોહગઢ (ગોવા)નાં બેઠકજીનું ચરિત્ર: (બેઠક : ૪૩)

શ્રીમહાપ્રભુજી વિદ્યાનગરથી લોહગઢ પધાર્યા. લોહગઢને આજે આપણે ગોવાના નામે ઓળખીએ છીએ. તે મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશમાં આવેલું રાજ્ય છે.

૧૮. શ્રી લોહગટ(ગોવા)નાં બેઠકજી

(બેઠક : ૪૩)



શ્રીદામોદરદાસજીને અને શ્રીકૃષ્ણદાસ મેઘનજીને પર્વત ઉપર ત્રણ કુંડ બતાવતા શ્રીમહાપ્રભુજી - આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવતનું પારાયણ સાત દિવસ સુધી કર્યું અને સૌને અલૌકિક આનંદ આપ્યો.



શ્રી લોહગઢનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

તેની રાજધાનીનું મુખ્ય શહેર પંજીમ છે. ત્યાંના અરણ્યને પ્રાચીન સમયમાં લોહગઢનાં નામે ઓળખવામાં આવતું હતું. ત્યાં શ્રીમહાપ્રભુજી પધાર્યા.

અહીં એક રમણીય સ્થાન જોઇ, છોંકરના વૃક્ષ નીચે આપ બિરાજ્યા હતા. ત્યાં એક મોટી શિલા ઉપર હાથીના પગનું ચિહ્ન હતું. આજુબાજુ ગાઢ વન આવેલું હતું. હજારો તામસી પશુઓ ત્યાં હતાં. આપે દામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી: ‘આ સ્થળ બહુ રમણીય છે. માટે અહીં સપ્તાહ કરીશું. અને દૈવી જીવો તથા તામસી જીવોનો ઉદ્ધાર કરીશું.’

કૃષ્ણદાસ મેઘન જળાશયની શોધમાં ચારેય બાજુ ફરી આવ્યા, પણ ક્યાંય જળાશય મળ્યું નહિ. ત્યારે આવીને વિનંતી કરી કે: ‘મહારાજ, અહીં ક્યાંય જળાશય નથી.’ આપે આજ્ઞા કરી: ‘સામેના પર્વતની ઉપર ઘણાં ઝરણાં વહે છે, તેવી જ રીતે મારી બાજુમાં પર્વતની એક ટેકરી છે, તેનાથી થોડેક દૂર એક મોટું તળાવ છે, તેની પાસે એક પથ્થર ઉપર હાથીના પગનું ચિહ્ન છે, તેની પાસે એક શિલા છે. તેની નીચે એક ગૂફા છે. આ ગુફામાં ત્રણ કુંડ આવેલા છે - એક અપ્સરા કુંડ છે. જયાં રોજ સ્વર્ગમાંથી અપ્સરાઓ સ્નાન કરવા આવે છે. બીજો ગંધર્વ કુંડ છે, જયાં રોજ ગંધર્વો સ્નાન કરવા આવે છે અને ત્રીજો દેવતા કુંડ છે. ત્યાં દર પૂનમના દિવસે ઇન્દ્ર સહિત બધા દેવો સ્નાન કરવા આવે છે. આ જાણી સૌ સેવકો બહુ પ્રસન્ન થયા. આપશ્રીએ ત્યાં બિરાજી શ્રીમદ્ ભાગવતના પારાયણનો પ્રારંભ કર્યો. સાત દિવસની સપ્તાહ થઇ, અલૌકિક આનંદ આવ્યો. પછી આપે પોતાનાં ચરણારવિંદથી અલૌકિક સુગંધ પ્રગટ કરી ચારે બાજુ ફેલાવી, તેના દ્વારા હજારો હિંસક પશુઓનો ઉદ્ધાર કર્યો. આપશ્રીનું આવું અલૌકિક ચરિત્ર જોઇ સૌ સેવકોએ આપનો જયજયકાર કર્યો. પછી ત્યાંથી આપશ્રી પંઢરપુર જવા માટે આગળ પધાર્યા.

આ સ્થળનાં બેઠકજીનું સ્થાન પૂ.ગોસ્વામી ૧૦૮ શ્રીપ્રથમેશજી મહારાજ દ્વારા થોડા સમય પૂર્વે પ્રગટ થયું છે. અહીં બેઠકજીનું સુંદર ભવન નિર્માણ થયું છે. હાલમાં આ બેઠકજી પૂ.ગો.૧૦૮ શ્રી પ્રથમેશ વિઠ્ઠલનાથજી મહારાજશ્રીના માથે બિરાજે છે. અહીં પૂ.ગો.બાલકોના મુકામ માટે વ્યવસ્થા છે. વૈષ્ણવો માટે મુકામની વ્યવસ્થા હજી થઈ નથી. પાંચ દિવસ પહેલાં જાણ કરવાથી વૈષ્ણવો માટે મહાપ્રસાદની વ્યવસ્થા થઈ શકે છે. બેઠકજી સાંખળી ગામથી ૪ કિ.મી. દૂર છે. સાંખળી ગામના વૈષ્ણવોનો સંપર્ક કરવાથી તેઓ સાંખળી ગામમાં મુકામની વ્યવસ્થા કરી આપે છે. બેઠકજી પાસે રૂદ્રેશ્વર મહાદેવજીનું મંદિર છે. બેઠકજીના મુખિયાજીને ફોન કરવાથી

તેઓ મંદિર સામે આવેલી રૂમો ઉતારા માટે આપે છે. ફોન નંબર : ૦૮૩૨-૩૬૪૮૫૬

આ બેઠકજીએ જવા માટે મુંબઈ-ગોવા બસમાં ‘માપુસા’ સ્ટેન્ડ પર ઉતરી, ત્યાંથી લોકલ બસ દ્વારા સાંખળી જવું. ત્યાંથી રીક્ષા દ્વારા ૨ કિ.મી. દૂર હરવળે જવું. અહીં રૂદ્રેશ્વર મહાદેવના મંદિર પાસે બેઠકજી બિરાજે છે.

ટ્રેનમાં જવું હોય તો મુંબઈથી મડગાઁવ ટ્રેનમાં Thyvin સ્ટેશને ઉતરી લોકલ બસમાં ૨૨ કિ.મી. દૂર સાંખળી અને ત્યાંથી બેઠકજી જઈ શકાય છે.

પોતાની કાર કે બસમાં જવું હોય તો મુંબઈથી પનવેલ જઈ ત્યાંથી ગોવા રોડ હાઈવે નં.૧૭ પર જવું. સાવંતવાડી સુધી જઈ ત્યાંથી હાઈવે છોડી બાંદા-રોડા માર્ગે સાંખળી-હરવળે જવું. મુંબઈથી હરવળે જતાં લગભગ ૫૮૦ કિ.મી. થાય છે અને લગભગ ૧૫ કલાક બે થી ત્રણ રોકાણ કર્યા પછી થાય છે.

વિમાન મારફતે જવું હોય તો ડોબોલીમ એરપોર્ટ પર ઉતરવું. ત્યાંથી મડગાઁવ - ફેટારડા - પોંડા - મારડોલ - મારશેલ થઈ ફેરીબોટમાં seas kuolnem mine થઈ હરવળે જવું.

સાંખળીમાં નીચેના વૈષ્ણવનો સંપર્ક કરવાથી માહિતી મળી શકશે :

શ્રી પ્રભુદાસભાઈ મણીલાલ સજલાણી, રાધાકૃષ્ણના મંદિર પાસે, સાંખલી (Sanquelim) ગોવા-૪૦૩૫૦૬ (ફોન : ૦૮૩૨-૩૬૪૬૨૨)

(૧૯) શ્રી પંઢરપુરનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૩૫)

શ્રીમહાપ્રભુજી દક્ષિણની યાત્રા કરતા કરતા લોહગઢથી પંઢરપુર પધાર્યા. પંઢરપુર મહારાષ્ટ્રમાં આવેલું જાણીતું વૈષ્ણવધામ છે. ત્યાં પુંડરિકના સેવ્ય શ્રીવિઠ્ઠલનાથજી ભગવાન બિરાજે છે, જેઓ મહારાષ્ટ્રમાં વિઠોબાના નામે પ્રસિદ્ધ છે.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે ચંદ્રભાગા નદીને કિનારે બિરાજ્યા હતા. ત્યાં આપશ્રીનાં દર્શન કરવા માટે શ્રીવિઠ્ઠલનાથજી પધાર્યા. શ્રીવિઠ્ઠલનાથજી બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરી, પોતાના સેવક પુંડરીકને સાથે લઇ, શ્રીમહાપ્રભુજી પાસે પધાર્યા. બંને સ્વરૂપો ખૂબ આનંદપૂર્વક ભેટ્યાં અને આસન બિછાવી તે ઉપર શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલનાથજીને મિસરીનો ભોગ ધર્યો અને અબીલગુલાલથી ખેલાવ્યા. શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી: ‘આ પુંડરીક બ્રાહ્મણ મારો સેવક છે, તેને વ્રજલીલાનાં દર્શન કરવાની

૧૯. શ્રી પંઢરપુરનાં બેઠકજી

(બેઠક : ૩૫)



ચંદ્રભાગા નદીના કિનારે બિરાજતા શ્રીમહાપ્રભુજી - સામા કિનારે શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર - પુંડરિકને વ્રજલીલાનાં દર્શન કરાવતા શ્રીમહાપ્રભુજી - અહીં શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને વિવાહ કરી ગૃહસ્થ ધર્મ અંગીકાર કરવા આજ્ઞા કરી હતી જેથી પોતે શ્રીમહાપ્રભુજીને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થાય.



શ્રી પંઢરપુરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

અભિલાષા હોવાથી મેં તેને વરદાન આપેલું કે, શ્રીવલ્લભાચાર્યજી દ્વારા તને વ્રજલીલાનાં દર્શન થશે. માટે આપ તેને વ્રજલીલાનાં દર્શન કરાવો.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું: 'તમે તેને વ્રજલીલાનાં દર્શન કેમ ન કરાવ્યાં?' શ્રીવિઠ્ઠલનાથજીએ કહ્યું: ' એ અધિકાર તમારો છે, તમારી કૃપા વિના વ્રજલીલાનાં દર્શન ન થાય.' ત્યારે આપ હસીને ચૂપ રહ્યા. પછી શ્રીવિઠ્ઠલનાથજી પુંડરિકને લઇ પોતાના મંદિરમાં પાછા પધાર્યા.

બીજા દિવસે શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોને આજ્ઞા કરી કે: 'એક નાવ ભાડે કરી લાવો, આપણે શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા સામે કિનારે પંઢરપુર જઇશું.' પછી આપ નાવમાં બિરાજી પંઢરપુર પધાર્યા. મંદિરમાં પધારી શ્રીવિઠ્ઠલનાથજીનાં સેવાશૃંગાર કર્યા, પછી શ્રીમહાપ્રભુજી તે પુંડરીકને સાથે લઇ, શહેર બહાર આવેલા જંગલમાં પધાર્યા. પાંચ-સાત વૈષ્ણવો પણ સાથે હતા. ત્યાં એક પીપળાના મોટા વૃક્ષ નીચે આસન બિછાવી આપ બિરાજ્યા. પુંડરિકનાં નેત્ર ઉપર સંધ્યાવંદનનું જળ છાંટ્યું, તેથી શ્રીમહાપ્રભુજીની કૃપાથી તેને સમગ્ર વ્રજલીલાનાં દર્શન થવાં માંડ્યાં. બે કલાક સુધી તેને આવાં અલૌકિક દર્શન કરાવી, આપે તેનાં નેત્રોમાંથી તે વ્રજલીલા તિરોધાન કરી. પુંડરીકે ગદ્ગદ્ કંઠે વિનંતી કરી: 'મહારાજ, હું ઘણા સુખમાં હતો, તે સુખમાંથી કેમ બહાર કાઢ્યો?' ત્યારે આપે આજ્ઞા કરી: 'તારે શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરવાની છે અને માત્ર દર્શન કરાવવાની શ્રીવિઠ્ઠલનાથજીની આજ્ઞા હતી, તેથી જ્યાં સુધી શ્રીવિઠ્ઠલનાથજી ભૂતલ પર બિરાજે, ત્યાં સુધી આવા જ અલૌકિક શરીરે તારે એમની સેવા કરવાની છે.' આમ આજ્ઞા કરી આપ પોતાનાં બેઠકના સ્થાન ઉપર પાછા પધાર્યા.

બીજા દિવસથી આપે ત્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ શરુ કર્યું. શ્રીવિઠ્ઠલનાથજી શ્રીમદ્ ભાગવત પારાયણનું શ્રવણ કરવા દરરોજ પધારતા હતા. પૂર્ણાહુતિ વખતે આપે પ્રસન્ન થઇને આજ્ઞા કરી કે: 'આપ વિવાહ કરો અને ગૃહસ્થાશ્રમ ધર્મ અંગીકાર કરો, જેથી હું આપને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થાઉં.'

આ આજ્ઞાનું વર્ણન શ્રીગોપાલદાસજીએ શ્રીવલ્લભાખ્યાનમાં નીચેની પંક્તિઓમાં કર્યું છે.

ત્યાંથી દક્ષિણ પાંવ ધારિયા, પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ,
નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ.

૨૦. શ્રી નાસિકનાં બેઠકજી

(બેઠક : ૩૬)



શ્રીમહાપ્રભુજી સાથે શાસ્ત્રાર્થ કરવા આવેલા માયાવાદી પંડિતો - દોઢ કલાકની ચર્ચામાં જ નિરુત્તર થઈ જતા એ પંડિતો શ્રીમહાપ્રભુજીને શરણે લેવા વિનંતી કરી રહ્યા છે. આપશ્રીએ અહીં માયાવાદનું ખંડન કરી ભક્તિમાર્ગ સ્થાપન કર્યો.



શ્રી નાસિકનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું, કીધી વલ્લભજીશું વાત,
અમને તો ઈચ્છા એહ છે, જે હું નંદન તમે તાત.

તે પુરુષોત્તમ પ્રગટશે, શ્રીવિઠ્ઠલ રૂપ નિધાન,
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભક્તને સન્માન.

આ પ્રસંગનું વર્ણન 'મૂળપુરુષ'માં શ્રીદ્વારકેશજી નીચેની પંકિતઓમાં કરે છે.

ફેરી પંઢરપુર જબ આયે, શ્રીવિઠ્ઠલનાથ કહી મન ભાયે
કરી વિવાહ બહુ રૂપ દિખાવો, મેરો નામ સુવનકો ધરાવો.

ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો,
મેં કહ્યો દ્વિજ આય, બિનતી કરે ચરણ સમોયગો.

આમ, અહીં ભગવદ્ આજ્ઞા થવાથી, શ્રીમહાપ્રભુજીએ તે આજ્ઞા સ્વીકારી અને પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીને પ્રણામ કરી, આપ આગળ વધ્યા.

અહીં ચંદ્રભાગા નદીના સામા કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ બિરાજે છે. આ બેઠકજી ભોંયરામાં બિરાજે છે. બાજુમાં એક સુંદર ચોતરા ઉપર શ્રીવિઠ્ઠલનાથજીનાં ચરણચિહ્નનાં દર્શન પણ થાય છે. બેઠકજીનું સ્થાન ખૂબ રળિયામણું અને અલૌકિક છે. માટે વૈષ્ણવોએ આ બેઠકજીએ અવશ્ય દર્શન માટે જવું. આ બેઠકજીએ શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી આપણે હવે આગળ વધીએ.

(૨૦) શ્રી નાસિકનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૩૬)

પંઢરપુરથી શ્રીમહાપ્રભુજી નાસિક પધાર્યા. મુંબઈ અને મનમાડ વચ્ચે નાસિક રોડ નામનું રેલવે સ્ટેશન આવેલું છે. સ્ટેશનથી પાંચેક માઈલ દૂર નાસિક શહેર આવેલું છે. નાસિક શહેર ગોદાવરી નદીના કિનારે આવેલું છે. નદીના સામા કિનારે પંચવટી નામનો વિસ્તાર આવેલો છે. તેના મધ્યમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. વલસાડ, મુંબઈ, અને પૂણેથી મોટર બસ દ્વારા પણ નાસિક જઈ શકાય છે. ગામમાં રહેવાની ઘણી ધર્મશાળાઓ છે, તેમજ બેઠકજીમાં પણ રહેવાની સગવડ સારી છે. આ સ્થળ હવાખાવાના સ્થળ તરીકે પણ જાણીતું છે.

ગોદાવરી નદીના કિનારે પંચવટીમાં શ્રીરામચંદ્રજી, સીતાજી અને લક્ષ્મણ બાર વર્ષનો વનવાસ કરીને રહ્યા હતા. શ્રીરામચંદ્રજીએ અહીં તપશ્ચર્યા કરી હતી. તે વખતે

અહીં ઘણા ઋષિમુનિઓ પણ તપ કરતા હતા. રાવણે આ સ્થાનેથી જ સીતાજીનું હરણ કર્યું હતું. આવી પવિત્ર તપોભૂમિમાં શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકો સહિત મુકામ કર્યો. આપશ્રીએ દામોદરદાસ હરસાનીજીને આ સ્થાનનું માહાત્મ્ય કહ્યું અને આજ્ઞા કરી: ‘અહીં માયાવાદીઓ ઘણા મોટા પ્રમાણમાં રહે છે, માટે માયાવાદનું ખંડન કરી, ભક્તિમાર્ગનું સ્થાપન અહીં કરીશું. અહીં શ્રીમદ્ ભાગવતનું પારાયણ પણ કરીશું.’

બીજા દિવસે આપે શ્રીમદ્ ભાગવતનો પ્રારંભ કર્યો. ધીમે ધીમે ત્યાં વસતા સૌ માયાવાદી પંડિતોને આપના આગમનની જાણ થઈ. સૌ ભેગા થયા અને વિચાર કરવા લાગ્યા કે ‘આપ ખૂબ સમર્થ છે. તેમની સાથે કેવી રીતે શાસ્ત્રાર્થ કરીશું?’ ત્યારે એક અનુભવી પંડિતે કહ્યું: ‘આપણામાંથી ચાર આગેવાનો એકમત થઈને ત્યાં જઈએ અને શાસ્ત્રાર્થ કરીએ.’ બીજાએ કહ્યું: ‘આપણે કદાચ પરાજિત થઈએ તો શું કરવું?’ ત્યારે એક વૃદ્ધ પંડિતે કહ્યું: ‘શ્રીવલ્લભાચાર્ય તો ઈશ્વરનો અવતાર છે. મોટાં મોટાં સ્થાનોમાં મહાન આચાર્યોને પરાજિત કર્યા છે, માટે આપણે તેમની સામે હારી જઈશું. તો પણ આપણને કંઈ નુકશાન નથી. આપણે ચિંતા કરવાનું પ્રયોજન નથી.’ આમ વિચાર કરી ચાર પંડિતોને નક્કી કર્યા. તે ચારેય જણ આપશ્રીની પાસે આવ્યા. આપશ્રીએ યથોચિત સત્કાર કરી, તેમને આસન પર બેસાડ્યા અને શાસ્ત્રચર્ચા શરૂ થઈ. દોઢ કલાકમાં જ ચારેય પંડિતો નિરુત્તર થઈ ગયા. તેમણે વિનંતી કરી: ‘મહારાજ, અમને શરણે લો.’ આપશ્રીએ તેમને આજ્ઞા કરી કે અમારા સંપ્રદાયમાં તુલસીની માળા આવશ્યક છે. માટે તમે રુદ્રાક્ષની માળા ઉતારી, ગોદાવરી નદીમાં સ્નાન કરીને આવો.’ તે સૌને આપે તુલસીની માળા અને અષ્ટાક્ષર મંત્ર આપી સેવક કર્યા. તેમને સેવક થયેલા જોઈ બીજા માયાવાદી બ્રાહ્મણો પણ આપશ્રીને શરણે આવ્યા. આથી નાસિક ક્ષેત્રમાં આપશ્રીનો જયજયકાર થયો.

અહીં આ બેઠકજી પ્રગટ બિરાજે છે. સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. મુંબઈ, નાસિક કે પૂણે જતા વૈષ્ણવોએ અહીં અવશ્ય - સેવા - ઝારીચરણસ્પર્શ કરવા માટે જવું જોઈએ. આ બેઠકજીએ શ્રીમહાપ્રભુજીને પૂણપ્રેમે દંડવત કરી આપણે આગળ વધીએ.

શ્રીમહાપ્રભુજી અહીં દક્ષિણ ભારતની યાત્રા પૂર્ણ કરી, પશ્ચિમ ભારતની યાત્રા માટે ગુજરાત તરફ પધાર્યા.

---

૨૧. શ્રી સુરતનાં બેઠકજી

(બેઠક : ૫૩)



તાપી નદીને કિનારે શ્રીમહાપ્રભુજી ભાગવતજીનું પારાયણ કરી રહ્યા છે - શ્રીતાપીજી (તાપીનદી) કથાશ્રવણ કરવા માટે સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી આવ્યાં છે અને કથા શ્રવણ કરતાં કરતાં શ્રીમહાપ્રભુજીની પંખાની સેવા કરી રહ્યાં છે.



શ્રી સુરતનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

(૨૧) શ્રી સુરતનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૩)

શ્રીમહાપ્રભુજી નાસિકથી ડાંગનાં જંગલો વટાવી, ધરમપુરના માર્ગે વલસાડ, બીલીમોરા, નવસારી થઇ સુરત પધાર્યા. આપશ્રીએ સુરત પધારતા દામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરીઃ ‘દમલા, ગુજરાતમાં અનેક દૈવી જીવો છે. તે સૌનો ઉદ્ધાર કરવાનો છે. બધા દૈવી જીવોનો ઉદ્ધાર એક જ યાત્રામાં કરવો શક્ય નથી. તેથી દ્વારકા જવાના હેતુથી આપણે ત્રણેય પૃથ્વી-પરિક્રમા વખતે ગુજરાત આવીશું અને સૌ દૈવી જીવોનો ઉદ્ધાર કરીશું.’

આપશ્રી સુરતમાં તાપી નદીના કિનારે અશ્વિનીકુમાર ક્ષેત્રમાં બિરાજ્યા. મુંબઇ-વડોદરા વચ્ચે સુરત મોટું શહેર આવેલું છે. રેલ્વે અને બસ માર્ગે ત્યાં જઇ શકાય છે. તાપી નદીના કિનારે વસેલું સુરત પ્રાચીન સમયથી વેપાર-ઉદ્યોગનું મોટું મથક છે. તાપી નદી શ્રીયમુનાજીનાં બહેન ગણાય છે. તેમના કિનારે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોનું તીર્થ આવેલું છે. સ્ટેશનથી ૩ કિ.મી. દૂર શ્રીમહાપ્રભુજીનાં ખૂબ સુંદર અને ભવ્ય બેઠકજી બિરાજે છે. ત્યાં સાથે તિલકાયત શ્રીદાઉજી મહારાજનાં બેઠકજી પણ બિરાજે છે.

શહેરમાં ભાગા તળાવ વિસ્તારમાં છઠ્ઠા નિધિ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલજી બિરાજે છે. અહીં ગોપીપુરામાં શ્રીગુસાંઇજીનાં બેઠકજી પણ બિરાજે છે અને સ્ટેશન પાસે લંબે હનુમાન રોડ ઉપર પરેનાં બેઠકજી પણ બિરાજે છે. મંદિર પાસે શ્રીવલ્લભ-નિવાસ નામની ધર્મશાળામાં મુકામ કરવાની વ્યવસ્થા પણ છે. બેઠકજીમાં પણ મુકામની વ્યવસ્થા છે.

આપશ્રી અશ્વિનીકુમાર ક્ષેત્રમાં બિરાજ્યા, તાપી નદીમાં આપે સ્નાન કર્યું અને આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કરવાનો પ્રારંભ કર્યો. ત્યારે એક સોળ વર્ષની યુવતી તાપી નદીમાં સ્નાન કરી, સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરી, આપશ્રીની સન્મુખ આવી, આપશ્રીને દંડવત કરી, આપશ્રીની ડાબી બાજુ ઊભી રહી, પંખાની સેવા કરવા લાગી. આમ, દરરોજ નિયમપૂર્વક તે પંખાની સેવા કરવા આવે અને પારાયણ પૂર્ણ થતાં પાછી જાય. આમ સાત દિવસ સેવા કરતાં કરતાં તેણે પારાયણનું શ્રવણ કર્યું. સાતમા દિવસે પારાયણની પૂર્ણાહુતિ પછી, શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, ચરણોદક લઇ, તે સ્ત્રી ચાલી ગઇ.

કૃષ્ણદાસ મેઘને આ સ્ત્રી અંગે ઘણી તપાસ કરી, પણ કશી માહિતી મળી નહિ. ત્યારે તેમણે આપશ્રીને વિનંતી કરીઃ ‘કૃપાનાથ, આ સ્ત્રી લૌકિક મનુષ્ય નથી. તે અલૌકિક સ્ત્રી જણાય છે. કૃપા કરીને કહો કે તે કોણ છે? ત્યારે આપશ્રીએ મંદ હાસ્ય કરતાં આજ્ઞા કરી કેઃ ‘તેઓ શ્રીતાપીજી હતાં . તેઓ સૂર્યપુત્રી છે. માટે શ્રીયમુનાજીનાં બહેન છે. તેમને કથાશ્રવણની અભિલાષા હતી. માટે સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરીને તેઓ આવતાં હતાં.’ આ સાંભળી મેઘનજી અને અન્ય સેવકો ખૂબ પ્રસન્ન થયા. આજુબાજુના ઘણા દૈવી જીવો આપશ્રીનો પ્રતાપ સાંભળી શરણે આવ્યા.

સુરત શહેરમાં શ્રીગુસાંઇજીના સમયમાં એક વ્રજવાસી ભેટ ઉઘરાવવા માટે આવેલા, તેમને શ્રીગુસાંઇજીના વચનમાં દ્રઢ વિશ્વાસ હતો. પોતાને ઠાકોરજી પધરાવી આપવાની તેમણે શ્રીગુસાંઇજીને વારંવાર વિનંતી કરી, ત્યારે શ્રીગુસાંઇજીએ તેમને દૂર રહેવા માટે વ્રજભાષામાં ‘પરે’ ‘પરે’ એમ કહ્યું. અબુધ વ્રજવાસીએ ‘પરે’ શબ્દને પોતાના ઠાકોરજીનું નામ માની લીધું. તેના શુદ્ધ ભાવથી પ્રસન્ન થઇ જયારે તે ‘પરે’ના નામની બૂમ પાડતો, ત્યારે સાક્ષાત્ શ્રીનાથજી તેની પાસે પધારતા અને તેની રસોઇ આરોગતા. આ વ્રજવાસીની સાથે શ્રીનાથજી પણ સુરત પધારેલા. શ્રીનાથજીના પ્રતાપબળથી એક રાતમાં ગિરિરાજથી સુરત આવેલા ત્યારે તેમણે જે સ્થળે મુકામ કરેલો ત્યાં પરેનાં બેઠકજી સિદ્ધ થયેલાં. આજે આ સ્થાન જાણીતું નથી.

સુરતમાં ગોપીપુરામાં આવેલાં શ્રીગુસાંઇજીનાં બેઠકજીનું ચરિત્ર, શ્રીગુસાંઇજીનાં બેઠકોનું સ્મરણ કરીશું ત્યારે જોઇશું.

અહીં બિરાજતા શ્રીબાલકૃષ્ણલાલજી છઠ્ઠા ઘરના નિધિ સ્વરૂપ છે. શ્રીગુસાંઇજીના ખેલવાના ઠાકોરજી હતા. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના પિતા શ્રીલક્ષ્મણ ભટ્ટજીને પ્રેમાકર મુનિ પાસેથી પ્રાપ્ત થયેલું. તેમના ઘરમાં જ તે સ્વરૂપ બિરાજ્યું છે. શ્રીગુસાંઇજીએ તે સ્વરૂપ શ્રીયદુનાથજીને પધરાવી આપેલ હતું. તેથી તે છઠ્ઠા ઘરના નિધિ સ્વરૂપ છે.

આ સર્વ સ્વરૂપોને આપણે ભાવનાપૂર્વક સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી, આગળ વધીએ.

(૨૨) શ્રી ભરૂચનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૪)

સુરત અને વડોદરાની વચ્ચે ભરૂચ નામે મોટું રેલવે સ્ટેશન આવેલું છે. ભરૂચનું મૂળ નામ ભૃગુકચ્છ હતું. તે નર્મદા નદીને કિનારે આવેલું છે. રેલવે અને બસ દ્વારા અહીં જઇ શકાય છે. સ્ટેશનથી ગામ તરફ જતાં એક કિ.મી. દૂર અને બસ સ્ટેન્ડથી

૨૨. શ્રી ભરૂચનાં બેઠકજી

(બેઠક : ૫૪)



નર્મદા નદીને કિનારે બિરાજતા શ્રીમહાપ્રભુજીને પોતાના જળમાં સ્નાન કરવા વિનંતી કરતાં શ્રીનર્મદાજી - બીજી બાજુ નર્મદાજીનાં જળમાં સ્નાન કરી રહેલ શ્રીમહાપ્રભુજી - અહીં શ્રીમહાપ્રભુજીએ માયાવાદી પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવી, દૈવી જીવોને શરણે લીધા.



શ્રી ભરૂચનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

અડધો કિ.મી. દૂર જીલ્લા પંચાયતના મકાનની પાછળ બેઠકજી આવેલાં છે. બેઠકજીનું સ્થાન ખૂબ સુંદર છે. અહીં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી સાથે બિરાજે છે. બેઠકજીમાં મુકામ અને મહાપ્રસાદની વ્યવસ્થા જાણ કરેથી થાય છે.વૈષ્ણવો માટે મોટું ભવન તૈયાર થઈ રહ્યું છે. સેવા ખૂબ સુંદર રીતે થાય છે.

શ્રીમહાપ્રભુજી સુરતથી સેવકો સહિત નર્મના નદીના કિનારે ભૃગુ ક્ષેત્રમાં પધાર્યા. આપશ્રીએ એક છોંકરના વૃક્ષ નીચે મુકામ કર્યો. તે વખતે રત્નજડિત આભૂષણો ધારણ કરી, એક સ્વરૂપવાન યુવતીએ આપશ્રીની પાસે આવી પ્રેમપૂર્વક દંડવત કર્યાં અને વિનંતી કરી: ‘મહારાજ, આપ તીર્થયાત્રા નિમિત્તે સર્વ તીર્થોને સનાથ કરો છો, તો કૃપા કરીને આપ નર્મદા સ્નાન કરવા પધારો.’ આપશ્રીએ મંદ સ્મિત કરી આજ્ઞા કરી: ‘ભલે, હું હમણાં જ સ્નાન કરવા આવું છું.’ તે યુવતી આપશ્રીને દંડવત કરી ચાલી ગઇ. દામોદરદાસ હરસાનીએ પૂછ્યું: ‘કૃપાનાથ, આ યુવતી કોણ હતી?’ આપશ્રીએ આજ્ઞા કરી: ‘તેઓ સાક્ષાત શ્રીનર્મદાજી હતાં.’ આપશ્રી નર્મદાસ્નાન કરવા માટે પધાર્યા. આપશ્રીના શ્રીઅંગના સ્પર્શથી શ્રીનર્મદાજી ખૂબ જ પ્રસન્ન થયાં. પછી આપશ્રીએ પોતાનાં બેઠકનાં સ્થાન પર બિરાજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું.

આપશ્રીનું આગમન સાંભળી અહીંના માયાવાદી પંડિતો શાસ્ત્રચર્ચા કરવા આવ્યા. એક જ ઘડીમાં તેઓ બધા નિરુત્તર થઇ ગયા. અહીંના ઘણા દૈવી જીવો આપશ્રીના શરણે આવ્યા. ત્યાંથી શ્રીમહાપ્રભુજી ગોધરા પધાર્યા. ભરૂચનાં આ બેઠકજીએ આપણે આપશ્રીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ વધીએ.

(૨૩) શ્રી ગોધરાનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૭૦)

વડોદરા, આણંદ અને દાહોદ વચ્ચે ગોધરા નામનું રેલ્વે સ્ટેશન આવેલું છે. તે પંચમહાલ જિલ્લાનું મુખ્ય મથક છે. રેલવે અને બસ દ્વારા ત્યાં જઇ શકાય છે.

અહીં બસ સ્ટેન્ડ પાસે જ શ્રીમહાપ્રભુજીના વિશાળ ભવ્ય બેઠકજી આવેલાં છે. અહીં શ્રીગુસાંઇજીનાં અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પણ બિરાજે છે. શ્રીગોકુલનાથજીના અનન્ય સેવક શ્રીમોટાભાઇજી, જેમણે ‘પુષ્ટિશિક્ષા’ નામનું સુંદર લાંબું ધોળ રચ્યું છે. તેમનું સ્થાન પણ અહીં આવેલું છે. અહીં શ્રીગોકુલનાથજી ઠાકોરજીનું મંદિર પણ છે. ગોધરાનું સ્મરણ કરીએ એટલે અહીં વસેલા શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના ઘણા સેવકોનું પણ સ્મરણ થઇ આવે છે. શ્રીમહાપ્રભુજીના

૨૩. શ્રી ગોધરાનાં બેઠકજી

(બેઠક : ૭૦)



ગોધરામાં રાણા વ્યાસના ઘરમાં બિરાજી તેમની સેવા અંગીકાર કરતા શ્રીમહાપ્રભુજી - રાણા વ્યાસની વિનંતીથી આપશ્રીએ તેમને સેવા માટે શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપેલું. અહીં આપશ્રીએ રાણાવ્યાસને ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ વેણુગીતનાં સુબોધિનીજીનું રસપાન કરાવેલું.



શ્રી ગોધરાનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

અનન્ય સેવક રાણા વ્યાસજી ગોધરાના વતની હતા. તેમના ઘરમાં જ શ્રીમહાપ્રભુજી આજે પણ બિરાજે છે. શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર સેવક શ્રી નાગજીભાઇ પણ ગોધરાના વાસી હતી. તેમના ઘરમાં શ્રીગુસાંઇજી અને શ્રીગોકુલનાથજી બિરાજે છે. શ્રીગુસાંઇજીના સેવક પટવારીની દીકરી અને પટેલનો દીકરો, જે પ્રેત થયાં હતાં અને જેમનો શ્રીગુસાંઇજીએ ઉદ્ધાર કર્યો હતો, તેમનું સ્થાન પણ અહીં કૉલેજની પાછળ ખેતરમાં આવેલું છે. આ સ્થાન આજે લગભગ નામશેષ થઇ ગયું છે.

અહીં શ્રીમહાપ્રભુજી કેવી રીતે પધાર્યા અને કેવું અલૌકિક ચરિત્ર પ્રગટ કર્યું, તે હવે આપણે જોઇએ.

આપશ્રી પોતાના સેવક રાણા વ્યાસની વિનંતીથી ગોધરા પધાર્યા હતા. રાણા વ્યાસ ખૂબ વિદ્વાન હતા. તેમણે વેદ, વેદાંગનો અભ્યાસ કર્યો હતો. દક્ષિણ અને પૂર્વના પ્રદેશમાં જઇ, અન્ય વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી, તેમણે વિજય મેળવ્યો હતો. પોતે એક મહાન પંડિત હોવાનું તેમને ખૂબ જ અભિમાન હતું. તેથી તેમણે વિચાર કર્યો કે કાશી જઇને ત્યાંના પંડિતોને ન હરાવું ત્યાં સુધી મારો વિજય અધૂરો છે. તેથી તેઓ કાશી આવ્યા અને ત્યાં વિદ્વત્ સભામાં શાસ્ત્રાર્થ કર્યો. આ શાસ્ત્રાર્થમાં તેમનો કરુણ રીતે પરાજય થયો. તેમના અભિમાની હૃદયને તેથી ભારે ધક્કો લાગ્યો અને તેમણે વિચાર કર્યો કે 'મારે હવે કોઇને મારું મોઢું કેવી રીતે બતાવવું? માટે ગંગાજીમાં પડી હું આપઘાત કરું.' આમ વિચાર કરીને તેઓ ગંગાકિનારે આવીને બેઠા. હૃદયમાં પરાજયનું ભારે દુઃખ હતું.

તે વખતે શ્રીમહાપ્રભુજી પણ કૃષ્ણદાસ મેઘનને સાથે લઇને સંધ્યાવંદન કરવા ગંગાજીના કિનારે પધાર્યા. કૃષ્ણદાસ મેઘને સાહજિક રીતે શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કર્યો: 'કૃપાનાથ, કોઇ જીવ આપઘાત કરીને ગંગાજીમાં ડૂબી મરે તો તેને મોક્ષ પ્રાપ્ત થાય?' આપે આજ્ઞા કરી કે: 'આપઘાત કરનાર જીવને ગંગાજી પણ મોક્ષ આપી શકતાં નથી. તેને સાત જન્મ લેવા પડે છે અને સાતેય જન્મમાં આપઘાત કરવો પડે છે, તેથી તેનું આ જીવન અને પરજીવન બંને બગડે છે. આપઘાત કરનારનો કદી ઉદ્ધાર થતો નથી.'

આ વચનો બાજુમાં બેઠેલા રાણા વ્યાસે પણ સાંભળ્યા. તેમણે મનોમન વિચાર કર્યો કે, મને પ્રભુએ જ બચાવ્યો છે. આ તો સાક્ષાત્ ઇશ્વર છે, માટે હું તેમના શરણે જઉં. આપઘાતનો વિચાર માંડી વાળી રાણા વ્યાસ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને વિનંતી કરી: 'કૃપાનાથ, આપ સાક્ષાત્ ઇશ્વર છો, આપે મને આપઘાત કરતો બચાવ્યો છે. માટે મને સેવક કરો.' રાણા વ્યાસે પોતાની સર્વ હકીકત શ્રીમહાપ્રભુજીને કહી,

ત્યારે આપે આજ્ઞા કરી કેઃ 'તમે પૂરા અજ્ઞાની છો. જીવતા હશો તો પાછો વિજય મળશે, માટે જાઓ, શ્રીગંગાજીમાં સ્નાન કરીને આવો.' આપશ્રીએ શરણે લઇ, 'ચતુઃશ્લોકી' નામનો ગ્રંથ શિખવાડ્યો.

આ 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના ચાર પુરુષાર્થ-ધર્મ,અર્થ, કામ અને મોક્ષ સમજાવ્યા છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જુદા જુદા નથી. પરંતુ એક જ છે અને તે છે ભગવદ્પ્રાપ્તિ. ભગવદ્સેવા, ભગવદ્-સ્મરણ અને ભગવદ્-શરણ. આપશ્રીએ રાણા વ્યાસને આજ્ઞા કરી કેઃ 'કાલે ફરીથી વિદ્વત્ સભામાં જાઓ, ત્યાં તમારો વિજય થશે.'

બીજા દિવસે રાણા વ્યાસ શ્રીમહાપ્રભુજીને દંડવત કરી સભામાં ગયા. તેમને જોઇ બધા પંડિતોએ તેમની હાંસી કરી, પરંતુ રાણા વ્યાસ તો સભામાં બેસી શાસ્ત્રાર્થ કરવા લાગ્યા. તેમણે આજે એક પછી એક બધા પંડિતોને નિરુત્તર કરી દીધા. વિજય પ્રાપ્ત કરી, શ્રીમહાપ્રભુજી પાસે આવી, દંડવત કરી વિનંતી કરીઃ 'કૃપાનાથ, આપની કૃપાથી મને વિજય મળ્યો છે. હવે આપ મને ભગવદ્-સ્વરૂપ પધરાવી આપો, તો હું સેવા કરું.' શ્રીમહાપ્રભુજીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. રાણા વ્યાસે શ્રીમહાપ્રભુજીને પોતાના વતન ગોધરામાં પધારવા વિનંતી કરી, તેઓ ગોધરા પાછા આવ્યા અને ખૂબ પ્રેમથી શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા કરવા લાગ્યા.

રાણા વ્યાસની વિનંતીથી શ્રીમહાપ્રભુજી ગોધરા પધાર્યા અને રાણા વ્યાસના ઘરમાં બિરાજી, તેમની સેવા અંગીકાર કરી. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું. રાણા વ્યાસની વિનંતીથી આપશ્રીએ વેણુગીતનાં શ્રીસુબોધિનીજીનું રસપાન કરાવ્યું. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ પસાર થઇ ગઇ. સૌ રસમય બની ગયાં, કોઇને તેનું ભાન પણ રહ્યું નહિ. આવો રસાનુભવ કરાવી, શ્રીમહાપ્રભુજી ત્યાંથી આગળ વધ્યા.

કાળક્રમે દેશ આઝાદ થયો. ત્યારે હિંદુ-મુસલમાનનાં તોફાનોમાં ગોધરામાં ભયંકર આગ લાગેલી, તેમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીવાળો આખો વિસ્તાર બળીને ખાખ થઇ ગયો. આ બેઠકજીનું સ્થાન પણ આગમાં લુપ્ત થઇ ગયું. તે વિસ્તાર નવેસરથી વસ્યો ત્યારે બેઠકજીનું સ્થાન રાજમાર્ગમાં આવતું હોવાથી ત્યાં સાઇઠ ફૂટનો વિશાળ રસ્તો બન્યો. બેઠકજીનું સ્થાન ફરી મેળવવા માટે પ.ભ.શ્રી માણેકલાલભાઇ ગાંધીએ પૂ.શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)ની આજ્ઞાથી ખૂબ પ્રયત્નો કર્યા. તે વખતના મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી મોરારજીભાઇ દેસાઇને પણ ભગવત્-પ્રેરણા થવાથી રસ્તાની બરોબર વચ્ચે આવેલ આ સ્થાન આપવામાં આવ્યું અને ત્યાં બેઠકજીનું ફરીથી નવનિર્માણ થયું. આજુબાજુમાં મુસલમાન વસ્તી વધારે પ્રમાણમાં હોવાથી અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી ભોંયતળિયે બિરાજવાને બદલે પહેલે માળે બિરાજે છે. સર્વ બેઠકજીઓમાં આ રીતે આ જ બેઠકજી વિશિષ્ટ સ્વરૂપે પહેલા માળે બિરાજે છે. નીચે વૈષ્ણવોને ઊતરવાની, સ્નાન કરવાની વ્યવસ્થા છે. બાજુમાં જ વૈષ્ણવોને ઊતરવા માટે 'શ્રીવલ્લભનિવાસ' નામનું સ્થાન આવેલું છે અને તેની બાજુમાં વધારે સગવડોવાળું નવું વૈષ્ણવનિવાસ તૈયાર થયું છે.

તે સ્થાન પણ મૂળ એક મુસલમાન બાઇનું હતું. તેણે વૈષ્ણવ કાર્યકરોને આ સ્થાન ખરીદી લેવાની વિનંતી કરતાં કહેલું કે 'અહીં કોઇ અતિ તેજસ્વી એવા ધર્મગુરુનાં ધોતીઉપરણામાં દર્શન થાય છે. અગ્નિના ભડકા જણાય છે. માટે તમે આ સ્થાન લઇ લો. તમારા આ દેવને આરોગવા માટે સુંદર દૂધ આપતી મારી આ ગાય પણ હું આપું છું.' આવો પ્રગટ પ્રતાપ આ સ્થાન ઉપર શ્રીમહાપ્રભુજીએ અર્વાચીન સમયમાં પણ બતાવ્યો છે. પ.ભ.શ્રી માણેકલાલભાઇ ગાંધીની રાહબરી નીચે આ બેઠકજી સુંદર રીતે સિદ્ધ થયેલાં છે. ગોસ્વામી બાળકો માટે અને વૈષ્ણવો માટે સુંદર વ્યવસ્થા તૈયાર થઇ છે અને આજે પણ પુષ્કળ વૈષ્ણવો અહીં શ્રીમહાપ્રભુજીની સેવા અને દર્શન માટે આવે છે. આવાં શ્રીગોધરાનાં બેઠકજીએ આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ વધીએ.

શ્રી કાવીનાં બેઠકજીનું ચરિત્રઃ

ગોધરાની આજુબાજુ શ્રીમહાપ્રભુજીનાં બીજાં બે-ત્રણ બેઠકજી આવેલાં છે, જેમનો ઉલ્લેખ બેઠકચરિત્રમાં નથી. પરંતુ શ્રીવલ્લભ દિગ્વિજય અને અન્ય ચરિત્રગ્રંથોના આધારે આ સ્થાનો ઐતિહાસિક હોવાનું સ્પષ્ટ રીતે જણાય છે. આવાં એક બેઠકજી ભરૂચ જિલ્લામાં કાવી નામના ગામે આવેલાં છે. કાવી ગામ દરિયાકિનારે આવેલું છે. શ્રીમહાપ્રભુજીના સમયમાં તે કપિલક્ષેત્રના નામે જાણીતું હતું. ત્યાં કપિલ બ્રાહ્મણો અને જૈનો ખૂબ મોટા પ્રમાણમાં વસતા હતા.

શ્રીમહાપ્રભુજી અહીં પધારેલા ત્યારે ગામ બહાર આપે મુકામ કરેલો. અહીં આપે શ્રીવેદપારાયણ કર્યું હતું. આપશ્રીનું આગમન જાણીને ઘણા કપિલ વિદ્વાનો શાસ્ત્રાર્થ માટે આવેલા. તે સૌ નિરુત્તર થતા શરણે આવેલા. તેમણે અહીં

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પ્રગટ કરેલાં.

ઉત્તરોત્તર આ ગામમાં બ્રાહ્મણો ઘટતા ગયા. મુસલમાન સમયમાં મુસલમાનોનું આક્રમણ આ ગામમાં વિશેષ પ્રમાણમાં થયેલ, ત્યારથી અહીં મુસલમાનોની વિશેષ પ્રમાણમાં વસતી છે. આજે પણ ગામમાં જવાના રસ્તે જ આંબાવાડિયામાં આ બેઠકજી આવેલાં છે. બેઠકજીનું સાદું પણ સુંદર અને રળિયામણું સ્થાન છે. એક કપિલ બ્રાહ્મણ વૈષ્ણવ બહેન શ્રીમહાપ્રભુજીની સેવા કરે છે. ગામમાં બીજાં વૈષ્ણવ ઘર નથી. શ્રીમહાપ્રભુજીને મિસરી ભોગ ધરી ઝારી ભરવામાં આવે છે.

સેવાનો આખા દિવસનો પ્રકાર ચાલતો નથી, માટે અહીં આવનાર વૈષ્ણવોએ ગામમાંથી તે બહેનને બોલાવી, સેવા અંગીકાર કરાવી શકાય છે. અહીં ઊતરવા વગેરેની કોઇ વ્યવસ્થા નથી, તેથી જંબુસર મુકામ કરી અહીં આવી શકાય છે. જંબુસરથી કાવી ૩૦ કિ.મી. દૂર આવેલું છે. બસમાર્ગે જંબુસરથી કાવી જઇ શકાય છે. અહીં આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરીએ.

શ્રીજંબુસર (ભાનુક્ષેત્ર-ડાભા)નાં બેઠકજીનું ચરિત્ર:

શ્રીજંબુસરની ઉત્તરે ભાનુક્ષેત્ર (ભાણખેતર-હાલનું ડાભા ગામ) એક પુરાણપ્રસિદ્ધ ક્ષેત્ર છે. આ ગામ વૈષ્ણવોનું તીર્થ ગણાય છે. અહીં શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું હતું. તેમનાં પ્રગટ બેઠકજી વર્ષોથી સુપ્રસિદ્ધ છે.

અત્યારે જે ગામ ભાણખેતરના નામે ઓળખાય છે, તે ભાનુક્ષેત્ર પ્રાચીન સમયમાં ડાભા ગામ તરફ જતાં માર્ગમાં આવતી ધનદેવી તળાવડી પાસે વસેલું હતું.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના પૌત્ર શ્રીયદુનાથજીએ વિ.સં. ૧૬૫૮માં રચેલા ''શ્રીવલ્લભદિગ્વિજય'' ગ્રંથમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. 'પછી (શ્રીવલ્લભ) ભાનુક્ષેત્ર પહોંચ્યા. ત્યાં આપે નિત્યનિયમ અને (શ્રીભાગવત) પારાયણ કર્યું. ત્યાં આપે વિષ્ણુસ્વામીમતાનુયાયી જામ્બુવત બ્રાહ્મણોને સેવક કર્યા. તેમને સિદ્ધાંતો સમજાવ્યા. પછી આપ કપિલક્ષેત્ર (કાવી) આવ્યા.' આ પ્રસંગ વિ.સં. ૧૫૫૩થી ૧૫૫૫ દરમ્યાનમાંની શ્રીમહાપ્રભુજીની ગુજરાતની પ્રથમ યાત્રા સમયનો છે. તેથી ત્યારે આપનું વય ૨૦ વર્ષનું હશે.

સરકારી રેકર્ડ પરથી જાણવા મળે છે કે આ સ્થળ મૂળમાં એક જાંબુવત બ્રાહ્મણની માલિકીનું હતું. આ ખેતરના હાલના માલિક ઇબ્રાહીમ મહંમદ મુલતાની હતા. આ ખેતર ખેડતાં ઇબ્રાહીમના પિતાને રજનાં (માટીનાં) ઝારી મળી આવ્યાં હતાં. તેનાં દર્શન તેમણે જંબુસરના તે વખતના કેટલાક વૈષ્ણવોને પણ કરાવેલાં. તે ઉદાસીન વૈષ્ણવોએ ઇબ્રાહીમના પિતાને તે ઝારી ફરી તે ખેતરમાં જ દાટી દેવા કહેલું, તેથી તેમણે તે પ્રમાણે કર્યું હતું.

આજે પણ આ ખેતરના શેઢા ઉપર પ્રાચીન સમયનાં ત્રણ શમીવૃક્ષો અને પુષ્કર તલાવડી મોજૂદ છે.

બેઠકજીનું સ્વયં પ્રાગટ્ય:

વર્ષોથી આ પ્રદેશમાં એવી લોકવાયકા હતી કે મધરાતે ચાંદનીમાં તે ખેતરના શેઢે પ્રાચીન શમીવૃક્ષની પાસે સુડોળ, નીચા શ્રીઅંગવાળા, કંઠથી ચરણ સુધી શ્વેત વસ્ત્રો ધારણ કરેલા, શ્રીહસ્તમાં માળાજી ફેરવતા, કોઇ અતિ તેજસ્વી દિવ્યપુરુષ ફરતા હોય તેમ અલપઝલપ જણાય છે. આજુબાજુનાં ખેતરોમાં રાતવાસો કરનાર હિંદુ અને મુસલમાન ખેડૂતો આજે પણ આવા દિવ્ય પુરુષનાં દર્શન કર્યાની સાક્ષી પૂરે છે.

આ ખેતરના માલિક ઇબ્રાહીમ મહંમદ મુલતાની પણ આ વાતને સમર્થન આપતાં પોતાનો અનુભવ જણાવે છે : 'ત્યાં ખેતરમાં સંધ્યાકાળે, રાત્રે કે મધરાતે, સફેદ ધોતી-ઉપરણો ધારણ કરેલા અંબોડાવાળા તેજોમય મહાપુરુષ માળા લઇ ફરતા જણાય છે. કોઇકોઇ વાર એ શમીવૃક્ષો પાસે ઝાંઝ, પખવાજ વગેરે વાજિંત્રો વાગવાનો અને કીર્તનો થતાં હોય તેવો અવાજ આવતો. બે-ચાર વખત હું ડરીને ઘેર ચાલ્યો ગયો હતો.'

આ બધી વાતોના આધારે જંબુસરના વૈષ્ણવોએ વડોદરા આવી, પૂ.ગો.શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી અને પૂ.ગો.શ્રી ઇન્દિરા બેટીજીને વિનંતી કરતાં, આપ બંને મહાનુભાવોએ તે સ્થળે પધારી, સાંપ્રદાયિક પ્રણાલિકા પ્રમાણે સ્થળની ખાતરી કરી. ખેતરના માલિક પાસેથી તે ખેતર ખરીદી લીધું અને ગો.શ્રી ઇન્દિરા બેટીજી પ્રણીત અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વયં પ્રકટિત આ બેઠકજીના નિર્માણનું કાર્ય ઉપાડી લીધું. તે સાથે ભાનુક્ષેત્રના ઉત્થાન અંગે વિવિધ જનસેવા ઉપયોગી પ્રવૃત્તિઓ અને ગ્રામોત્થાનની યોજના આરંભી. આજે અહીં બેઠકજી પ્રકટ બિરાજે છે. સેવાપ્રકાર સુંદર રીતે ચાલે છે. મુકામ અને મહાપ્રસાદની વ્યવસ્થા અગાઉથી જાણ કરવાથી થાય છે. અહીં આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરીએ.

શ્રી ડાકોરનાં બેઠકજીનું ચરિત્ર:

ત્રીજાં બેઠકજી ગોધરા-આણંદની વચ્ચે ડાકોરમાં આવેલાં છે. ડાકોરમાં ગોમતી તળાવના કિનારે શ્રીહરિરાયજીનાં બેઠકજી આવેલાં છે. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પણ અહીં હોવાં જોઈએ, કારણ કે અહીં આપશ્રીએ બિરાજી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું છે. આ પ્રદેશ તે સમયમાં ડંકક્ષેત્રના નામે જાણીતો હતો. આજે પણ ડાકોરનાં બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં ગાદીજી બિરાજે છે. આમ, આ ત્રણેય બેઠકજી, જેનો ઉલ્લેખ બેઠકચરિત્રમાં નથી, પરંતુ પ્રાચીન ગ્રંથો ઉપરથી સિદ્ધ થાય છે કે આ ત્રણેય સ્થાનોમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત અને વેદપારાયણ કર્યું હોવાથી આ સ્થાનો શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીનાં જ સ્થાનો છે. માટે આપણે સૌએ અવશ્ય આ સ્થાને શ્રીમહાપ્રભુજીનાં દર્શન-સેવા માટે જવું જોઈએ. અહીં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૨૪) શ્રી નરોડાનાં બેઠકજીનું ચરિત્ર : (બેઠક : ૬૯)

શ્રીમહાપ્રભુજી આમ ગુજરાતમાં પરિભ્રમણ કરતા કરતા નરોડા પધાર્યા. અમદાવાદથી પૂર્વમાં ત્રણ માઈલ દૂર નરોડા નામનું ગામ આવેલું છે. અમદાવાદ-પ્રાંતિજ રેલવે લાઈન ઉપર નરોડા રેલ્વે સ્ટેશન પણ છે. અમદાવાદથી સિટી બસ દ્વારા નરોડા સરળતાથી જઈ શકાય છે. ત્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં બેઠકજી સાથે બિરાજે છે. સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. આ બેઠકજી વડોદરાના શ્રીકલ્યાણરાયજીના મંદિરવાળા, ષષ્ઠપીઠાચાર્ય પૂ.ગો.શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના માથે બિરાજે છે. બેઠકજીમાં રહેવાની સગવડ ખૂબ સારી છે. અહીંની અપરસ અને મેડ પ્રાચીન પરંપરા મુજબની છે. તેથી સેવામાં નહાતાં પહેલાં ઉપવાસ કરી, આજ્ઞા મેળવવી પડે છે.

શ્રીમહાપ્રભુજી જ્યારે અહીં પધાર્યા ત્યારે આપશ્રી પોતાના સેવક ગોપાલદાસભાઈના ત્યાં બિરાજ્યા હતા. આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કરી, સૌને ખૂબ આનંદ આપ્યો. આપશ્રીએ ગોપાલદાસભાઈને આ સ્થાનમાં પોતાના અલૌકિક સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો હતો. ગોપાલદાસભાઈની વિનંતીથી તેમને સેવા માટે ભગવદ્સ્વરૂપ પધરાવી આપ્યું હતું. અને ગોપાલદાસભાઈને દૈવી જીવોને પોતાના વતી અષ્ટાક્ષર મંત્ર આપવાનો અધિકાર પણ આપ્યો હતો. આ ગોપાલદાસભાઈએ અનેક કીર્તનો રચ્યાં છે. શ્રીમહાપ્રભુજીની

૨૪. શ્રી નરોડાનાં બેઠકજી

(બેઠક : ૬૯)



શ્રીમહાપ્રભુજી નરોડામાં પોતાના સેવક ગોપાલદાસભાઈને સેવા માટે ભગવદ્ સ્વરૂપ પધરાવી આપે છે. તેમજ દૈવીજીવોને પોતાના વતી અષ્ટાક્ષર મંત્ર આપવાનો અધિકાર આપે છે. આપશ્રીએ અહીં ગોપાલદાસભાઈને પોતાના અલૌકિક સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો હતો.



શ્રી નરોડાના બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

પણ અનેક વધાઈઓ તેમણે રચી છે. અહીં આપશ્રીએ અનેક દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો હતો.

આજે પણ અમદાવાદના સ્થાનિક વૈષ્ણવો વિશેષ કરીને રવિવારે અને ઉત્સવોના દિવસોએ અહીં સેવા-દર્શન માટે આવે છે. બહારગામથી પણ ઘણા વૈષ્ણવો અહીં આવે છે. સત્સંગ માટે પણ અહીં સુંદર સત્સંગ ભવન બનાવવામાં આવેલું છે. અહીંના મુખિયાજી પ.ભ.શ્રી ગોરધનદાસભાઈ કે જેઓ ૧૦૦ વર્ષની આયુ વટાવી ગયા છે તેઓ તથા તેમનો સમગ્ર પરિવાર શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની ખૂબ સુંદર ટહેલ કરે છે. તેમના મનમાં એવો પણ મનોરથ છે કે બેઠકજીની આગળ જે વિશાળ જમીન છે, તેમાં સુંદર બગીચો બનાવી શ્રીમહાપ્રભુજીને અત્યંત પ્રિય એવાં બાળકોને માટે ક્રીડાંગણ બનાવવું અને રવિવાર તેમજ ઉત્સવોનાં દિવસોએ આવતા વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીનાં સેવા-દર્શન કરી, બગીચામાં બેસે, બાળકો શ્રીમહાપ્રભુજીના સાન્નિધ્યમાં રમે અને તેમને નાસ્તો કરવા માટે પણ શ્રીમહાપ્રભુજીનો પ્રસાદ સરળતાથી મળી રહે. અહીંથી શ્રીમહાપ્રભુજી ધંધુકા થઈ, તગડીના માર્ગે સૌરાષ્ટ્ર પધાર્યા હતા.

આપણે પણ આ બેઠકજીએ શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ વધીએ.

(૨૫) શ્રી તગડીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૮)

અમદાવાદ જિલ્લામાં ધંધુકા તાલુકામાં તગડી નામનું નાનકડું ગામ આવેલું છે. અમદાવાદ-બોટાદ વચ્ચે ધંધુકા પછી તગડી નામનું નાનું રેલવે સ્ટેશન આવે છે. રેલવે કે બસ દ્વારા તગડી જઈ શકાય છે. ગામ બહાર મોટા તળાવના કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. બેઠકજીનું નવનિર્માણ હમણાં જ થયું છે. સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. પૂ.ગો.બાળકોના તથા વૈષ્ણવોના મુકામ માટે વ્યવસ્થા છે. આગળના દિવસે જાણ કરવાથી મહાપ્રસાદની વ્યવસ્થા પણ થાય છે. સ્થળ ખૂબ જ રળિયામણું છે. આ બેઠકજી પૂ.પા.ગો. ૧૦૮ શ્રીશિશિરકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)ના માથે બિરાજે છે.

શ્રીમહાપ્રભુજી સૌરાષ્ટ્રમાં પધારતાં વચ્ચે અહીં પોતાના સેવકો સહિત પધારેલા. અને [illegible] મુકામ કર્યો હતો. તે વખતે અહીં એક બ્રાહ્મણનું મકાન હતું, તેની આગળના [illegible] ચોતરા ઉપર આપશ્રી બિરાજ્યા હતા. રાત્રિએ અહીં જ પોઢ્યા

૨૫. શ્રી તગડીનાં બેઠકજી

(બેઠક : ૬૮)



તગડીમાં ગામ બહાર તળાવના કિનારે એક બ્રાહ્મણના ઘરની આગળ ચોતરા ઉપર પોઢેલા શ્રીમહાપ્રભુજી - બ્રાહ્મણને સવારે તેના માખણ ખાતા પુત્રોમાં કૃષ્ણ-બળદેવનાં થયેલાં દર્શન - શ્રીમહાપ્રભુજીની કૃપાથી બ્રાહ્મણની લોભી સ્ત્રીના સ્વભાવમાં આવેલું પરિવર્તન - આપશ્રીએ અહીં આ બ્રાહ્મણના પરિવારને શરણે લીધો.



[illegible]

હતા. આ બ્રાહ્મણ ખેતીનો વ્યવસાય કરતો હતો. તેને ત્યાં ગાય-ભેંસ દશેકની સંખ્યામાં હતાં, તેથી રોજ પાંચ શેર જેટલું માખણ બનતું, તેનું ઘી બનાવી તે વેચતો હતો. દરરોજ તેની પત્ની વહેલી સવારે માખણ વલોવી, દૂર આવેલા કૂવે પાણી ભરવા જતી. શ્રીમહાપ્રભુજી પોઢ્યા હતા તે દિવસે પણ દરરોજની જેમ તે માખણ વલોવી, પાણી ભરવા ગઇ. તેને પાછાં આવતાં મોડું થયું.

તેને બે પુત્રો હતા - મોટો સાત વર્ષનો અને નાનો પાંચ વર્ષનો. બંને પુત્રો જાગી ગયા. તેઓ ભૂખ્યા થયેલા, માતા ઘરમાં નહોતી, વલોવેલું તાજું માખણ જોઇ તેઓ રાજી થઇને તે માખણ ખાવા લાગ્યા. તેમના પિતાએ બંને પુત્રોને આનંદપૂર્વક માખણ ખાતા જોયા. પિતાને પુત્રો ઉપર બહુ સ્નેહ પ્રગટ થયો. તે હરખાતો હરખાતો ઘરની બહાર આવ્યો. શ્રીમહાપ્રભુજી જાગીને બિરાજતા હતા. તેમને દંડવત કરી બ્રાહ્મણે વિનંતી કરી: 'મહારાજ, આપ જરા અંદર પધારી જુઓ તો ખરા, શ્રીકૃષ્ણચંદ્ર અને બલદેવજી માખણ આરોગી રહ્યા છે!' બ્રાહ્મણની આવી વિનંતીથી આપશ્રી અંદર પધાર્યા. બંને બ્રાહ્મણ-પુત્રોને ખાતા જોઇ આપશ્રીએ પ્રસન્ન થઇને કહ્યું: 'ભાઇ, તમને ધન્ય છે કે પુત્રોને માખણ ખાતા જોઇ ભગવદ્‌લીલાનું સ્મરણ થયું છે, પરંતુ તમારી સ્ત્રીનો સ્વભાવ થોડો લોભી છે, માટે તમે કૂવા તરફ તેની સામે જાઓ. તેને સમજાવજો કે થોડાક માખણ માટે આ બાળકોને મારે નહિ, પરંતુ છાતીએ લગાવીને પ્રેમ કરે, કારણ કે બાળકોમાં પણ ભગવદ્‌અંશ રહેલો છે.'

તે બ્રાહ્મણ આપશ્રીની આજ્ઞા થતાં પોતાની પત્નીને મળવા સામે ગયો. પાછા ફરતાં રસ્તામાં બનેલી બધી હકીકત કહી. તેણે એમ કહ્યું: ' આજે આપણાં ધનભાગ્ય છે કે આપણા આંગણે સાક્ષાત્ ઇશ્વર-સ્વરૂપ મહાપુરુષ પધાર્યા છે. તેમની કૃપાથી જ મને આવાં દર્શન થયાં છે અને આપણો ભાગ્યોદય થયો છે, માટે તું પ્રસન્ન ચિત્ત રાખજે.' તેની પત્ની પણ આ બધું જાણીને રાજી થઇ. બંને ઘેર આવ્યાં. બંનેએ શ્રીમહાપ્રભુજીને દંડવત કર્યાં, શ્રીમહાપ્રભુજીના દર્શનથી તે લોભી સ્ત્રીનો સ્વભાવ પણ બદલાઇ ગયો. બંને પુત્રોને છાતીસરસા ચાંપી, તે કહેવા લાગી: 'તમે માખણ ખાધું, તેથી હું ખૂબ રાજી થઇ છું.' આ બંને સ્ત્રી-પુરુષ તેમજ શ્રીમહાપ્રભુજીના બધા સેવકોને આ બંને બાળકોમાં શ્રીકૃષ્ણચંદ્ર-બળદેવજીનાં અલૌકિક દર્શન થયાં. બ્રાહ્મણની વિનંતીથી શ્રીમહાપ્રભુજીએ આખા પરિવારને શરણે લીધો, અને ત્યાં એક સપ્તાહ બિરાજી આપે શ્રીમદ્ ભાગવત પારાયણ પણ કર્યું.

આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનો સુંદર સિદ્ધાંત ચરિતાર્થ કરી બતાવ્યો છે. પ્રત્યેક જીવ ભગવદ્‌અંશ છે, તેથી પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી જોઇએ. આખું જગત ભગવાનનું જ આધિભૌતિક સ્વરૂપ છે, તેથી જગતના જડ, ચેતન બધા પદાર્થ ઉપર પ્રેમ અને દયા હોવાં આવશ્યક છે. પ્રેમ અને દયા માનવધર્મ છે. આપણે મનુષ્યનું શરીર ધારણ કર્યું છે, તેથી જેમ શરીરમાં આત્મા રહેલો છે, તેમ શરીર સાથે માનવધર્મ પણ જોડાયેલો છે. શરીર સૌ જોઇ શકે છે, તેમ આપણામાં રહેલો માનવધર્મ પ્રગટ હોવો જોઇએ. આત્માને જોઇ શકાતો નથી. તેવી રીતે આત્મધર્મરૂપી વૈષ્ણવધર્મ છુપાવીને રાખવો જોઇએ, તેનું જાહેરમાં પ્રદર્શન કરવું જોઇએ નહિ, કારણ કે તે આત્માનો - હૃદયનો ધર્મ છે. રામદાસજીએ વૈષ્ણવી વેશ અને માળાતિલક છુપાવી સિપાઇની નોકરી કર્યાનું 'વાર્તાસાહિત્ય'માં ઉદાહરણ મળી આવે છે.

આમ, માનવધર્મ એ દેહનો ધર્મ છે. વૈષ્ણવધર્મ એ આત્માનો ધર્મ છે. જયાં સુધી માનવધર્મ સાહજિક રીતે આપણે આચારમાં ન મૂકીએ ત્યાં સુધી હૃદય કરુણા અને પ્રેમપૂર્ણ બની શકતું નથી. માનવધર્મ એ જીવનનું આખરી લક્ષ્ય નથી. આપણા જીવનનું આખરી લક્ષ્ય તો ભગવદ્‌પ્રાપ્તિ છે. પરંતુ જ્યારે જ્યારે માનવધર્મના આચરણની સહજ રીતે પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ત્યારે તેવું આચરણ અવશ્ય કરવું જોઇએ.

આમ, પ્રત્યેક પ્રાણીમાત્રમાં ભગવદ્ અંશ હોઇ, અને આપણા પરિવારનાં સર્વ મનુષ્યો પણ જો વૈષ્ણવ હોય તો પરિવારનાં સૌ પ્રત્યે માનવધર્મની સાથે સાથે વૈષ્ણવધર્મનું પાલન કરવું, એ પણ આપણા માટે અનિવાર્ય બને છે. કારણ કે 'વૈષ્ણવ' શબ્દમાં પહેલો 'વ' શ્રીવલ્લભનો છે. છેલ્લો 'વ' શ્રીવિઠ્ઠલનો છે અને વચ્ચેનો 'ષ્ણ' શ્રીકૃષ્ણનો છે. તેથી જેના હૃદયમાં શ્રીકૃષ્ણ સહિત શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ બિરાજે છે છે, તે વૈષ્ણવ. માટે દરેક વૈષ્ણવના હૃદયમાં આ ભગવદ્ સ્વરૂપો હમેશાં બિરાજે છે, તેથી વૈષ્ણવો ઉપર કદી ક્રોધ ના કરવો, તેમની કદી નિંદા ન કરવી. તેમના પ્રત્યે હંમેશાં પ્રેમ અને વિવેકપૂર્વકનું વર્તન રાખવું જોઇએ. જો આવું વર્તન ન રાખીએ તો તેનાથી શ્રીમહાપ્રભુજી ભારે અપ્રસન્ન થાય છે, તે વાત રામાનંદ પંડિતની વાર્તામાં પ્રસિદ્ધ છે. માટે વૈષ્ણવોના અપરાધથી બચવું જોઇએ. આટલા માટે ઘરના પ્રત્યેક તરફ વૈષ્ણવી ભાવ રાખવામાં આવે તો ઘરમાં કદી કલેશ કે કંકાસ થાય નહિ. સદા પ્રેમ અને પ્રસન્નતાનું વાતાવરણ બની રહે અને તેથી, જયાં પ્રભુ બિરાજતા હોય,

જ્યાં પ્રભુના લાડીલા વૈષ્ણવો હોય તે ઘર, ઘર ન રહેતાં વ્રજભૂમિ બની જાય છે. ત્યાં વ્રજની અલૌકિક લીલાનો આનંદ પ્રગટ બિરાજે છે. માટે આ પ્રસંગ આપણને શીખવે છે કે, ઘરમાં બાળકોથી માંડીને વૃદ્ધ સુધી-આખા પરિવાર પ્રત્યે પ્રેમ અને પ્રસન્નતાભર્યો વ્યવહાર રાખવો જોઈએ. ઉપરાંત, પ્રાણીમાત્ર પ્રત્યે દયા અને કરુણા - મન, વચન અને કર્મથી દાખવવી જોઈએ. આમ, શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગમાં બ્રાહ્મણ સ્ત્રી-પુરુષને જે આજ્ઞા કરી છે, તે આજ્ઞા આપણે પણ હમેશાં હૃદયમાં ધારણ કરવા જેવી છે.

આવો જ એક પ્રસંગ થોડાં વર્ષો પહેલાં મથુરામાં શ્રીરાજાધિરાજના મંદિરમાં પણ બની ગયો, ત્યાં દરરોજ શયન સમયે બાળકો આવે, મંદિરના વિશાળ ચોકમાં રમે અને આનંદ કરે. દર્શન પછી મેવો વંટાય અને તે લઈને ઘેર જાય. બાળકોની આ ધમાલ અધિકારીજીથી સહન થઈ નહિ. ત્યારે તેમણે મંદિરના ચોકીદારને હુકમ કર્યો કે ચોકમાં કોઈ બાળકને રમવા દેશો નહિ અને મેવો વાંટશો નહિ. તે દિવસે રાત્રે સ્વપ્નમાં તેમને શ્રીદ્વારકાધીશે દર્શન આપી આજ્ઞા કરી કે 'આજે હું તારા ઉપર બહુ અપ્રસન્ન થયો છું, કારણ કે મને અત્યંત પ્રિય એવાં બાળકોને તેં રમવાનું બંધ કરાવ્યું છે. તને શી ખબર પડે કે તે બાળકોની સાથે હું પણ ત્યાં દરરોજ રમું છું? માટે આવતી કાલથી તે બાળકોને યથેચ્છ રમવા દે.' આ પ્રસંગ પણ ઉપરની જ વાતનું સમર્થન કરે છે કે બાળકો પ્રભુને ખૂબ જ પ્રિય છે.

આ પ્રસંગમાંથી આપણને એક બીજો સિદ્ધાંત પણ જાણવા મળે છે. લૌકિક વ્યક્તિ અને વસ્તુમાં ભગવદ્‌ભાવ હમેશાં વિચારવો. જેથી આપણી દૃષ્ટિ અલૌકિક બને અને મન, વચન, કર્મથી પ્રભુની લીલાનું જ રટણ થયા કરે, પરંતુ અલૌકિક વસ્તુ અને લીલાઓમાં કદી લૌકિક બુદ્ધિ કરવી નહિ. તેમ કરવાથી આપણે દોષના અધિકારી બનીએ છીએ. અને અલૌકિક સ્વરૂપ કે લીલાનું સ્ફુરણ કદી થઈ શકતું નથી. જેમ બ્રાહ્મણે પોતાના પુત્રોમાં શ્રીકૃષ્ણચંદ્ર-બલદેવજીનો ભાવ વિચાર્યો તેમ આપણે સર્વત્ર અલૌકિક દૃષ્ટિથી જ જોવું અને વિચારવું જોઈએ.

આવાં તગડીનાં બેઠકજીનાં માહાત્મ્યનું ચિંતન કરી, ત્યાં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, હવે આગળ વધીએ.

૨૬. શ્રી જૂનાગઢનાં બેઠકજી

(બેઠક : ૬૪)



ગિરનાર પર્વતની તળેટીમાં રેવતીકુંડના કિનારે પીપળાના વૃક્ષ નીચે બિરાજેલા શ્રીમહાપ્રભુજી - સામે હાથ જોડીને ઊભેલા, બ્રાહ્મણનું રૂપ ધરીને આવેલા શ્રીરેવતાચળ પર્વત છે અને બેઠેલા યોગેશ્વર આપશ્રીને ભાગવત સંભળાવવા વિનંતી કરી રહ્યા છે. આ યોગેશ્વર ગુરુ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા હતા.



શ્રી જૂનાગઢનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૨૬) શ્રી જૂનાગઢનાં બેઠકજીનું ચરિત્ર: (બેઠક : ૬૪)

તગડીથી સૌરાષ્ટ્રમાં હવે આપણે જૂનાગઢ તરફ જઈએ. તગડીથી ગોંડલ-જેતપુર થઈ જૂનાગઢ જવાય છે. જૂનાગઢ સૌરાષ્ટ્રના સોરઠ વિભાગનું મુખ્ય શહેર છે. રેલવે ટ્રેઈન અને બસ માર્ગે ત્યાં જઇ શકાય છે. શહેરથી પૂર્વ દિશામાં ગિરનાર પર્વતની તળેટીમાં દામોદર કુંડ અને રેવતી કુંડ આવેલો છે. તે બંનેની વચ્ચે, પર્વતની તળેટીમાં બેઠકજી આવેલાં છે. બેઠકજીમાં ઊતરવાની સુંદર સગવડ છે. જૂનાગઢ શહેરમાં પણ વૈષ્ણવોના મુકામ અને પ્રસાદ અંગે બે મંડાણ ચાલે છે, ત્યાં પણ વ્યવસ્થા થઇ શકે છે. ગામમાં શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રીની મોટી હવેલી આવેલી છે.

સૌરાષ્ટ્રમાં આપણાં મંદિરો હવેલીના નામે પ્રસિદ્ધ છે. ‘હવેલી’ શબ્દ આપણાં મંદિરની અલૌકિક ભાવનાને બહુ સુંદર રીતે સ્પષ્ટ કરે છે. કારણે કે સાર્વજનિક દેવાલયોનો પ્રકાર એ પૂજાનો પ્રકાર છે. આપણે ત્યાં સેવાનો પ્રકાર ચાલે છે. સેવા એટલે સ્નેહપૂર્વકનું સેવન. સ્નેહ જાહેરમાં અને સમૂહમાં થઇ શકે નહિ, તે એકાંતમાં બે વ્યક્તિ વચ્ચેનો, પરસ્પરનો આત્મીય સંબંધ છે. માટે સારસ્વત-કલ્પમાં પ્રભુ પ્રગટ બિરાજતા હતા, ત્યારે તેમની સેવા શ્રીનંદરાયજી-યશોદાજીએ નંદાલયમાં કરી અને ગોપીજનોએ ગુપ્ત રીતે પોતપોતાની નિકુંજોમાં કરી, તે જ ભાવથી આજે પણ સેવાનો પ્રકાર ચાલે છે. હવેલીમાં બિરાજતા પ્રભુ નંદાલયની ભાવનાથી બિરાજે છે. તેથી હવેલી એ ગોસ્વામી બાળકોની અંગત માલિકીની હોવી જોઇએ. અને ત્યાં ગોપીજનોના ભાવથી, તેમની આજ્ઞાથી આપણે સેવાદર્શન માટે જઇ શકીએ, જેમ નંદાલયમાં ગોપીજનો જતાં હતાં, પ્રત્યેક વૈષ્ણવના ઘરમાં બિરાજતા પ્રભુ ગોપીજનોની નિકુંજોના ભાવથી બિરાજે છે, માટે વૈષ્ણવોના ઘરની સેવાનો પ્રકાર જાહેર કે સાર્વજનિક સ્વરૂપનો હોઇ શકે નહિ. કુંભનદાસની વાર્તામાંથી આપણે એ સિદ્ધાંત જાણીએ છીએ કે હવેલીમાં બિરાજતા પ્રભુ સર્વ ભક્તોના ભાવ સ્વરૂપ છે, જ્યારે આપણા ઘરમાં બિરાજતા પ્રભુ આપણા પોતાના જ ભાવનું વિશિષ્ટ સ્વરૂપ છે. તેથી શ્રીમહાપ્રભુજીએ ગૃહસેવાનો પ્રકાર જ સર્વશ્રેષ્ઠ માન્યો છે અને તેની જ આજ્ઞા કરી છે.

અહીંની મોટી હવેલીમાં શ્રીમહાપ્રભુજીના નિધિસ્વરૂપ શ્રીદામોદરલાલજી બિરાજે છે, તેમનું પ્રાગટ્ય દામોદર કુંડમાંથી જ થયું હતું, અને તેમની સેવા શ્રીમહાપ્રભુજીનાં સેવક અને પંજાબમાં આવેલા સિંહનંદ ગામનાં વાસી ગોરજા-સમરાઇ નામનાં સાસુવહુએ ખૂબ પ્રેમપૂર્વક કરી હતી. આ હવેલીમાં શ્રીગુસાંઇજીના સેવક દયા ભવૈયાએ સેવેલા શ્રીમદનમોહનજી પણ બિરાજે છે. હવેલી ખૂબ સુંદર ને વિશાળ છે. શહેરની વચમાં પંચહાટડી નામના વિસ્તારમાં આવેલી છે, ત્યાં પૂ. ગો. ૧૦૮ શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી ખૂબ પ્રેમથી સેવા કરે છે. અહીં જામનગરવાળા શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીની અને શ્રીદાનીરાયજીની હવેલી પણ આવેલી છે.

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકો સહિત અહીં પધાર્યા ત્યારે ગિરનાર પર્વતની તળેટીમાં રેવતી કુંડના કિનારે એક પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. ગિરનાર પર્વતનું બીજું નામ રેવતાચલ પર્વત છે. આ પર્વત પોતાનું આધિદૈવિક બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા અને દંડવત પ્રણામ કરી, વિનંતી કરી: ‘કૃપાનાથ, આપશ્રીનું પ્રાગટ્ય સર્વ તીર્થોને સનાથ કરવા માટે છે. તે માટે આપશ્રી પરિશ્રમ લઇને ભારતવર્ષની પરિક્રમા કરો છો, તો મને પણ આપના ચરણારવિંદથી સનાથ કરો.’ આપશ્રીએ મંદ હાસ્ય કરતાં આજ્ઞા કરી કે : ‘હું તમારા માટે જ આવ્યો છું.’ આપશ્રી પર્વતની એક શિલા ઉપર બિરાજ્યા, ત્યારે આપશ્રીના સુખ માટે પર્વતની તે શિલા માખણ જેવી કોમળ બની ગઇ. બ્રાહ્મણ-સ્વરૂપે આવેલ ગિરનાર પર્વતે આપશ્રીનાં ચરણારવિંદ પોતાની શિલા ઉપર ધારણ કરેલાં નિહાળી બહુ આનંદ અનુભવ્યો. પછી આપશ્રી સ્નાન કરી સંધ્યાવંદન કરવા બિરાજ્યા. ત્યાં આપશ્રીની પાસે એક યોગેશ્વર આવ્યા. તેમણે સાષ્ટાંગ પ્રણામ કરી વિનંતી કરી: ‘મહારાજ, ઘણા દિવસોથી મારા હૃદયમાં એક મનોરથ છે. આપશ્રીના મુખારવિંદથી શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવી છે. માટે આપ કૃપા કરીને મારો મનોરથ પૂર્ણ કરો.’ આપશ્રીએ પ્રસન્નતાથી આજ્ઞા કરી: ‘ભલે, આવતીકાલથી કથાનો પ્રારંભ કરીશું.’

બીજા દિવસથી શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ ભાગવત પારાયણનો પ્રારંભ કર્યો. આ યોગેશ્વર દરરોજ કથા સાંભળવા આવતા હતા. કથાની પૂર્ણાહુતિ વખતે તેઓ પ્રસન્નતાથી દંડવત પ્રણામ કરી, પોતાના સ્થાને ગયા, ત્યારે કૃષ્ણદાસ મેઘને વિનંતી કરી: ‘મહારાજ, આ યોગેશ્વર કોણ છે?’ આપે કહ્યું: ‘તેઓ કૌરવ-પાંડવોના ગુરુ દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામા છે. જગતમાં જે પુરુષો સદા ચિરંજીવી છે, તેમાંના તેઓ એક છે. તેઓ આ ગિરનાર પર્વતમાં રહીને તપશ્ચર્યા કરે છે.’ આ સાંભળી

૨૭. શ્રી પ્રભાસપાટણનાં બેઠકજી

(બેઠક : ૬૫)



પ્રભાસક્ષેત્રમાં બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કરી રહેલા શ્રીમહાપ્રભુજી - આ તીર્થના તીર્થપતિ શ્રીસોમનાથ મહાદેવજી સામે બિરાજી કથા શ્રવણ કરી રહેલ છે- મહાદેવજીનો શિષ્ય શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરી પોતાને શરણે લેવા વિનંતી કરી રહેલ છે. આ ક્ષેત્ર શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ તીર્થ તરીકે જાણીતું છે.



શ્રી પ્રભાસપાટણનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

સૌ સેવકો બહુ પ્રસન્ન થયા. આપશ્રીએ અહીં અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. ત્યાંથી આપશ્રી પ્રભાસપાટણ પધાર્યા. આ બેઠકે આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ વધીએ.

(૨૭) શ્રી પ્રભાસપાટણનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૫)

સૌરાષ્ટ્રના સોરઠ પ્રદેશમાં જૂનાગઢ જિલ્લામાં વેરાવળ નામનું રેલ્વે સ્ટેશન આવેલું છે. ત્યાં રેલ્વે અને બસ દ્વારા જઇ શકાય છે. આ શહેરની પૂર્વ દિશામાં બે માઇલ દૂર પ્રભાસપાટણ નામનું ગામ આવેલું છે. ગામથી પૂર્વે એકાદ માઇલ દૂર ત્રિવેણી-સંગમ નામનું પ્રાચીન ધાર્મિક સ્થાન આવેલું છે. ત્યાંથી ઉત્તર દિશામાં એકાદ ફર્લાંગ દૂર હિરણ્યા નામની નદી વહે છે. તેના કાંઠે ભગવાન શ્રીકૃષ્ણે યાદવાસ્થળી પછી પોતાનો ભૌતિક દેહ છોડ્યો હતો. 'દેહોત્સર્ગ' નામનું પ્રાચીન ધાર્મિક તીર્થસ્થાન ત્યાં આવેલું છે. તેની બાજુમાં જ શ્રીમહાપ્રભુજીના બેઠકજી ભોંયરામાં બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. બેઠકજીમાં મુકામની સગવડ પણ ખૂબ સારી છે.

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકો સહિત અહીં શ્રીપ્રભાસ ક્ષેત્રમાં પધાર્યા ત્યારે અહીં આવેલા પીપળાના વૃક્ષ નીચે ગુફામાં આપશ્રી બિરાજ્યા હતા. આપશ્રીએ પોતાના સેવકોને આ સ્થળના માહાત્મ્યનું ચરિત્ર બતાવતાં આજ્ઞા કરી : અહીં પ્રભાસ ક્ષેત્રમાં યાદવાસ્થળી થઇ હતી. યાદવાસ્થળીના અંતે અહીંથી જ શ્રીબળદેવજી પોતાનું મૂળ શેષ-સ્વરૂપ ધારણ કરી ગોલોકધામમાં પધારી ગયા હતા. ભગવાન શ્રીકૃષ્ણે પણ અહીં પોતાનો ભૌતિક દેહ છોડ્યો હતો. માટે આવા સ્થળે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ અવશ્ય કરવું જોઇએ.

આપશ્રીએ અહીં ત્રિવેણી સંગમમાં સ્નાન કરી, નિત્યનિયમથી પરવારી, શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ કર્યો, તેનું શ્રવણ કરવા અહીંના તીર્થપતિ શ્રીસોમનાથ મહાદેવજી સ્વયં પધાર્યા. પોતે દરરોજ એક સ્થાને બિરાજી કથાશ્રવણ કરતા. કથા પૂર્ણ થયા પછી પોતાના મંદિરે પાછા પધારતા.

તેમનો એક કૃપાપાત્ર સેવક હતો. તેને રોજ શ્રીમહાદેવજી પ્રત્યક્ષ દર્શન આપતા. દર્શન કર્યા પછી જ ભોજન કરવાનો તેનો નિયમ હતો. ભાગવત કથાના પ્રથમ દિવસે તેને મંદિરમાં દર્શન ન થતાં તે શ્રીમહાદેવજીની રાહ જોતો ત્રણ પ્રહર સુધી મંદિરમાં બેસી રહ્યો. જ્યારે શ્રીમહાદેવજી પાછા પધાર્યા અને તેને દર્શન થયાં ત્યારે તેણે પૂછ્યું કે: 'આપ ક્યાં પધાર્યા હતા?' શ્રીમહાદેવજીએ કહ્યું:

'શ્રીવલ્લભાચાર્યજી અહીં પધાર્યા છે. તેમની કથા સાંભળવા હું ગયો હતો અને દરરોજ જઇશ.' તે સેવકે કહ્યું: 'મને પણ તેમનાં દર્શન કરાવો.' શ્રીમહાદેવજીએ તેને આજ્ઞા કરી: 'તું દેહોત્સર્ગ તીર્થ ઉપર જા, ત્યાં ગુફામાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. તેમનાં દર્શન કરી તેમને શરણે જજે.' તે ભક્ત શ્રીમહાપ્રભુજી પાસે આવ્યો. દર્શન કરી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી વિનંતી કરી: 'મહારાજ, કૃપા કરી મને શરણે લો.' આપશ્રીએ પૂછ્યું: 'તમે તો મહાદેવજીના કૃપાપાત્ર સેવક છો, પછી મારા શરણે આવવાનું શું પ્રયોજન છે? ત્યારે તેણે કહ્યું: 'મહારાજ, મને શ્રીમહાદેવજીએ જ આપની પાસે મોકલ્યો છે.' તેને દૈવી જીવ જાણી આપે સ્નાન કરી આવવાની આજ્ઞા કરી. તે સ્નાન કરીને આવ્યો ત્યારે તેને નામમંત્ર આપી, તુલસીમાળા આપી વૈષ્ણવ કર્યો. સપ્તાહ પૂર્ણ થયા પછી આપશ્રીએ પ્રભાસક્ષેત્રના પંચતીર્થની પરિક્રમા કરી. અહીં ઘણા જીવો આપના શરણે આવી સેવક થયા. પછી આપશ્રી આગળ પધાર્યા.

વેરાવળમાં આપણી મોટી હવેલી પણ આવેલી છે. તે વેરાવળ અને પ્રભાસપાટણ વચ્ચે આવેલ મંદિરના બગીચામાં છે. ત્યાં શ્રી લાડીલેશજી અને બીજાં ઘણાં નિધિ સ્વરૂપો બિરાજે છે.

અહીં બેઠકજીમાં સગવડ સુંદર હોવાથી વૈષ્ણવોએ અવશ્ય રોકાઇ સેવા-દર્શનનો લાભ લેવા જેવો છે. અહીં આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત પ્રણામ કરી આગળ જઇએ.

(૨૮) શ્રી ગુપ્તપ્રયાગનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૭)

વેરાવળથી દીવ તરફ આગળ જતાં ઉના નામનું મોટું શહેર આવે છે. ઉનાથી દેલવાડા જવાય છે. તલાળાથી રેલવે દ્વારા જતાં દેલવાડા છેલ્લું સ્ટેશન છે. દેલવાડાથી લગભગ દોઢ માઇલ દૂર પશ્ચિમ દિશામાં ગુપ્તપ્રયાગ નામનું તીર્થસ્થાન આવેલું છે. દેલવાડા બસ અને ટ્રેઇન દ્વારા જઇ શકાય છે. ગુપ્તપ્રયાગ તીર્થસ્થાનમાં ત્રિવેણી કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં અતિ ભવ્ય બેઠકજી બિરાજે છે. અહીંના બેઠકજીનું પ્રવેશદ્વાર સૌ બેઠકજીના પ્રવેશદ્વારમાં સૌથી વધારે ભવ્ય છે. કોઇક રાજમહેલના પ્રવેશદ્વારનો આપણને ખ્યાલ આપે તેવું છે. બેઠકજી પણ અતિ વિશાળ અને સુંદર છે. પરંતુ શ્રીમહાપ્રભુજીનું બિરાજવાનું સ્થાન ખૂબ જ નીચું અને મોટા ગોખલા જેવું છે, તેનું કારણ ત્યાંના મુખિયાજી પાસેથી તેવું જાણવા મળેલું કે, જયારે આ સ્થાનનું નવનિર્માણ કરવાની ઉના-દેલવાડા વૈષ્ણવોને ભગવદ્ પ્રેરણા થઇ ત્યારે ચોતરીજીના

૨૮. શ્રી ગુપ્તપ્રયાગનાં બેઠકજી

(બેઠક : ૬૭)



ગુપ્તપ્રયાગમાં પીપળાના વૃક્ષ નીચે બિરાજી, શ્રીમદ્ ભાગવત પારાયણ કરી, દર્શન કરવા આવેલ બ્રાહ્મણને વ્રજલીલાનો અનુભવ તેને ક્યારે અને કેવી રીતે થશે તે જણાવી રહેલા શ્રીમહાપ્રભુજી. આપશ્રીએ ભાગવત સપ્તાહની સમાપ્તિ કરી ત્યારે અહીં સૌને મહા અલૌકિક આનંદ પ્રાપ્ત થયેલો.



શ્રી ગુપ્તપ્રયાગનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

મૂળ સ્થાનને ફરી બનાવવું કે રહેવા દેવું? એ અંગે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા માગવા ચિઠ્ઠી નાખીને ઉપાડવામાં આવી, ત્યારે ત્રણેય વખત એવી આજ્ઞા થઈ કે, મારા નિજસ્થાનને યથાવત્ રહેવા દો. તેથી નિજ સ્થાન યથાવત્ છે. બાકીના સર્વ ભાગનું નવનિર્માણ સુંદર રીતે થયેલું છે. સ્થળ રમણીય છે. ત્રણેય કુંડો પણ હવે જળથી ભરાયેલા રમણીય બન્યા છે. મુકામ અને મહાપ્રસાદની વ્યવસ્થા જાણ કરવાથી થઈ શકે છે.

શ્રીમહાપ્રભુજી ગુપ્તપ્રયાગ તીર્થમાં પધાર્યા ત્યારે અહીં પીપળાના વૃક્ષ નીચે આપ બિરાજ્યા હતા. આપે શ્રીદામોદરદાસને આજ્ઞા કરી કે : 'આ તીર્થનું નામ ગુપ્તપ્રયાગ છે, કારણ કે સારસ્વત-કલ્પમાં મુખ્ય પ્રયાગરાજ તીર્થ અહીં આવેલું હતું. તેથી અહીં ત્રણેય નદીઓના ભાવથી ત્રણ કુંડ છે. જેમાંનો એક કુંડ શ્રીગંગા કુંડ છે. બીજો કુંડ શ્રીયમુના કુંડ છે. ત્રીજો કુંડ શ્રીસરસ્વતી કુંડ છે. ત્રણેય કુંડની રચના એવી છે કે નીચે ત્રણેય કુંડનું જળ એકબીજા કુંડમાં જઈ શકે છે. માટે પ્રયાગરાજના મૂળ પવિત્ર સ્થાનમાં આપણે અવશ્ય શ્રીમદ્ ભાગવત પારાયણ કરીશું.' આપશ્રી આ કુંડમાં સ્નાન કરી બિરાજમાન થયા અને શ્રીમદ્ ભાગવત પારાયણનો પ્રારંભ કરવાની તૈયારી કરતા હતા ત્યારે એક વૃદ્ધ બ્રાહ્મણ આપશ્રીની પાસે આવ્યા અને તેમણે દર્શન કરી, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી વિનંતી કરી: 'મહારાજ, ઘણા દિવસોથી હું આપનું સ્મરણ કરતો હતો, તેના ફળસ્વરૂપે મને આજે આપનાં દર્શન થયાં છે.'

શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું: 'તમારું મૂળ વતન કયું છે?અહીં કેટલા સમયથી આવ્યા છો?' બ્રાહ્મણે કહ્યું: 'મહારાજ, હું પહેલાં પંઢરપુરમાં રહેતો હતો. ઘણાં વર્ષો સુધી મેં સર્વ શાસ્ત્રોમાં મુખ્ય એવા શ્રીમદ્ ભાગવતનો નિત્ય પાઠ કર્યો, તેનાથી શ્રીવિઠ્ઠલનાથજી ભગવાન બહુ પ્રસન્ન થયા. મને આપે દર્શન આપ્યાં અને કંઈક માગવા આજ્ઞા કરી. મેં વિનંતી કરી: 'પ્રભુ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં જે વ્રજલીલાનું ચરિત્ર આવે છે તેનાં મને આ ચર્મચક્ષુથી દર્શન કરાવો.' ત્યારે આપે આજ્ઞા કરી કે: 'તારું આ વચન પરિપૂર્ણ કરવાની શક્તિ ભૂતળ ઉપર મારામાં નથી. પરન્તુ મેં વચન આપ્યું છે, તેથી હું તને આજ્ઞા કરું છું કે, તું પ્રભાસ ક્ષેત્રની પાસે આવેલા [illegible] શ્રી[illegible] વચન [illegible]

બ્રાહ્મણે કહ્યું: 'મેં તેમને પૂછ્યું કે હું કેવી રીતે જાણી શકીશ કે તેઓ પધાર્યા છે? ત્યારે ભગવાને આજ્ઞા કરેલી : 'જે દિવસે તેઓ પધારશે તે દિવસે હું તને જાણ કરીશ. માટે તું ત્યાં જા.' આમ શ્રીવિઠ્ઠલનાથજી ભગવાનની આજ્ઞાથી હું અહીં આવીને રહ્યો છું અને આપનું સ્મરણ કરું છું. કાલે રાત્રે મને શ્રીવિઠ્ઠલનાથજીએ આપના પધારવાની જાણ કરી, તેથી હું આપની પાસે આવ્યો છું. માટે મારી વિનંતી કૃપા કરી સ્વીકારો અને મારો ઉદ્ધાર કરો.' બ્રાહ્મણની વાત સાંભળી આપે આજ્ઞા કરી: 'તમે પ્રયાગ કુંડમાં સ્નાન કરી આવો.' આપશ્રીએ તેને નામમંત્ર આપ્યો અને આજ્ઞા કરી કે: 'તું શ્રીમદ્ ભાગવત સપ્તાહનું શ્રવણ કર. સપ્તાહની પૂર્ણાહુતિ બાદ આઠમે દિવસે તારું મૃત્યુ થશે. પછી શ્રી ગિરિરાજજીની તળેટીમાં તારો બીજો જન્મ થશે. તે વખતે તું ગોપીનાથદાસ ગ્વાલના નામે ઓળખાઈશ. અમારા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) તને સેવક કરશે અને શ્રીગોવર્ધનનાથજીની ગાયોની સેવા આપશે, ત્યારે ગાયોની સેવાના ફળરૂપે શ્રીગોવર્ધનનાથજી તને વ્રજલીલાનો અનુભવ કરાવશે.'

આ સાંભળી તેણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. આપશ્રીએ આ સ્થળમાં શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. તે શ્રવણ કરી પેલો બ્રાહ્મણ પોતાના સ્થાને જવા નીકળ્યો. તેના સ્થાનમાં પહોંચતાં તેનો દેહ છૂટી ગયો. આપશ્રીની આજ્ઞા પ્રમાણે તેનો બીજો જન્મ થયો અને ત્યારે તેને વ્રજલીલાનો અનુભવ થયો.

આ સ્થાને આપશ્રીએ અનેક જીવોને શરણે લીધા. અહીં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી આપણે આગળ વધીએ.

(૨૯) શ્રી માધવપુરનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૬)

વેરાવળથી પોરબંદર જતાં રાજમાર્ગ ઉપર માધવપુર આવેલું છે. તે ઘેડ નામના પ્રદેશમાં હોવાથી માધવપુર ઘેડના નામે જાણીતું છે. દરિયાકિનારે આવેલ હવા ખાવાના ચોરવાડ નામના જાણીતા સ્થળે થઈને આગળ માંગરોળથી માધવપુર જઈ શકાય છે. કેશોદ નામના રેલ્વે સ્ટેશનથી પણ માધવપુર જઈ શકાય છે. ગામથી ઈશાન ખૂણામાં અડધો માઈલ દૂર વનપ્રદેશમાં દરિયાથી થોડે દૂર આ બેઠકજી આવેલાં છે. સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. કુંડ ઉપર અતિ નીચાણવાળા ભાગમાં બેઠકજી બિરાજે છે. ત્યાં વૈષ્ણવોને ઊતરવાની [illegible] સ્થળ ઘણું રમણીય, શાંત અને ભગવદ્ચિંતન યોગ્ય છે.

૨૯. શ્રી માધવપુરનાં બેઠકજી

(બેઠક : ૬૬)



માધવપુર પાસે વનમાં કદંબકુંડ ઉપર બિરાજી શ્રીમહાપ્રભુજી એ કુંડનું માહાત્મ્ય બતાવી રહ્યા છે. અહીં શ્રીમહાપ્રભુજીએ માધવરાયજી ભગવાનનું મંદિર સિદ્ધ કરી, તેમાં આપને પધરાવી સર્વ સેવા પ્રકાર ચાલુ કર્યો હતો. અનેક જીવો અહીં આપશ્રીને શરણે આવ્યા હતા.



શ્રી માધવપુરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે આપે શ્રીદામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરી કે: 'આ એ જ સ્થળ છે, જયાં રુકિમણીહરણ પછી ભગવાન શ્રીકૃષ્ણે શ્રીરુકિમણીજી સાથે લગ્ન કર્યાં હતાં, લગ્ન બાદ આ જ કુંડમાં બંને ભગવદ્-સ્વરૂપોએ સજોડે સ્નાન કર્યું હતું અને તે પવિત્ર બનેલા જળમાં ઉપસ્થિત સર્વ મુનિઓએ પણ સ્નાન કર્યું હતું. માટે આપણે અહીં મુકામ કરીશું અને શ્રીભાગવત પારાયણ કરીશું.'

આપશ્રી ત્યાં બિરાજ્યા ત્યારે શ્રીમાધવરાયજી ભગવાન ત્યાં પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ તેમનાં દર્શન કરી, વિનંતી કરી: 'પ્રભુ, આ સ્થાનમાં આપ કેમ બિરાજ્યા છો?' ત્યારે શ્રીમાધવરાયજીએ આજ્ઞા કરી: 'આ સ્થાનમાં મારો કોઇ સેવા પ્રકાર ચાલતો નથી. એક બ્રાહ્મણ આવીને દરરોજ એક લોટા જળથી મને સ્નાન કરાવી જાય છે. તે મારો ભક્ત છે. પણ તેને સેવાપ્રકાર આવડતો નથી. માટે આપ મારો સેવાપ્રકાર અહીં શરૂ કરો.' શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી: 'આપની આજ્ઞા પ્રમાણે સર્વ કંઇ જરૂર કરીશ.' બીજા દિવસે આપ શ્રીમાધવરાયજીનાં દર્શન કરવા પધાર્યા. ત્યાં પેલો બ્રાહ્મણ પણ આવ્યો. આપે તેને આજ્ઞા કરી: 'શ્રીમાધવરાયજી ભગવાનને સુંદર સ્થાનમાં પધરાવો, સુંદર રીતે સેવાશૃંગાર કરો. તેમની સુંદર સેવા કરવાથી તમારા કુટુંબનો જીવનનિર્વાહ પણ સારી રીતે ચાલશે.' ત્યારે બ્રાહ્મણે હાથ જોડીને વિનંતી કરી: 'મહારાજ, મારાથી કંઇ પણ બની શકે તેવી સ્થિતિ નથી. આપને યોગ્ય લાગે તેમ કરો.'

બ્રાહ્મણની વિનંતી સાંભળી આપશ્રીએ પોતાના સેવકો દ્વારા શ્રી માધવરાયજી ભગવાનનું સુંદર નાનું મંદિર બંધાવ્યું. તેમાં પ્રભુને પાટ પધરાવ્યા. ધોતી-ઉપરણા અને પાગનો શૃંગાર કર્યો. સામગ્રી સિદ્ધ કરીને ભોગ ધર્યો. પછી આપે બ્રાહ્મણને આજ્ઞા કરી: 'આ પ્રમાણે તમે દરરોજ સેવા કરજો. પ્રભુની ઇચ્છાથી જે મળી આવે તેનો ભોગ ધરજો. પ્રભુ સર્વસમર્થ છે, માટે તમે ચિંતા કરશો નહિ.' શ્રીમાધવરાયજીની આજ્ઞા લઇ, આપ બેઠકમાં પધાર્યા અને બીજા દિવસથી શ્રીમદ્ ભાગવત પારાયણનો પ્રારંભ કર્યો. શ્રીમાધવરાયજી પણ દરરોજ શ્રીભાગવત પારાયણ શ્રવણ કરવા પધારતા. અહીં આપશ્રીનું અલૌકિક ચરિત્ર જાણી ઘણા જીવો શરણે આવ્યા.

આજે પણ માધવપુરમાં શ્રીમાધવરાયજીનું સુંદર મંદિર બેઠકજીથી થોડે દૂર દરિયાકિનારે આવેલું છે. સ્વરૂપ ખૂબ સુંદર છે, ચતુર્ભુજ છે. સેવા પ્રકાર સાંપ્રદાયિક પદ્ધતિએ ચાલે છે. શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીના સેવ્ય છે. આ બેઠકજીએ આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી આગળ ચાલીએ.

૩૦. શ્રી પિંડતારકજીનાં બેઠકજી

(બેઠક : ૫૮)



પિંડારા તીર્થસ્થાનમાં છોંકરના વૃક્ષ નીચે બિરાજી શ્રીમહાપ્રભુજી શ્રીમદ્ ભાગવતની કથા કરી રહ્યા છે - કૃષ્ણદાસ મેઘન અને તીર્થરાજ પોતે બ્રાહ્મણના રૂપમાં બેસી કથા શ્રવણ કરી રહ્યા છે. અહીંના પુરોહિતને આપશ્રીએ આશીર્વાદ આપેલા કે તું પીઠિકા ઉપર હાથ ધરીશ કે તરત જ તારા હાથથી પિંડ તરતા રહેશે.



શ્રી પિંડતારકનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૩૦) શ્રી પિંડતારકજીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૮)

સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણે જામનગરથી દ્વારકા જતાં રસ્તામાં ભાટીયા નામનું રેલ્વે સ્ટેશન આવે છે. ત્યાંથી ચૌદ માઇલ દૂર પિંડારા નામનું ગામ આવેલું છે. આ ગામથી એકાદ માઇલ દૂર પિંડતારક નામનું તીર્થસ્થાન આવેલું છે. ત્યાં એકદમ એકાંત સ્થાનમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. મુકામની અને મહાપ્રસાદની વ્યવસ્થા છે.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે એક છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. આપશ્રીએ આ તીર્થક્ષેત્રનું ચરિત્ર પોતાના સેવકોને જણાવ્યું. આપે આજ્ઞા કરીઃ ‘જયારે ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકા નગરી વસાવી ત્યાં મુકામ કર્યો ત્યારે આપનાં દર્શન કરવા માટે બધાં તીર્થક્ષેત્રો પણ દ્વારકાની આજુબાજુ આવીને વસ્યાં હતાં, આ ક્ષેત્રમાં દુર્વાસા ઋષિ આવીને વસ્યા હતા. તેમનો અહીં આશ્રમ હતો, માટે આપણે પણ આ ક્ષેત્રમાં શ્રીભાગવત પારાયણ કરીશું. ત્યારે એક બ્રાહ્મણ દરરોજ કથા સાંભળવા આવતા હતા. એક દિવસે આપે તે બ્રાહ્મણને પૂછ્યુંઃ ‘તમે ક્યાં રહો છો?’ બ્રાહ્મણે કહ્યુંઃ ‘મહારાજ, હું આ તીર્થક્ષેત્રમાં જ રહું છું. ઘણા સમયથી આપની કથા સાંભળવાની મારી ઇચ્છા હતી, તે પૂરી થઇ છે.’ આપશ્રી મંદ હાસ્ય કરી મૌન રહ્યા. કૃષ્ણદાસ મેઘને વિનંતી કરીઃ ‘મહારાજ, આ બ્રાહ્મણ કોણ છે?’ ત્યારે આપે કહ્યુંઃ ‘તમારી રૂબરૂમાં તે બ્રાહ્મણે જવાબ આપ્યો, તેનાથી તમને સ્વરૂપ સમજાયું નહિ? તેમણે કહ્યું કે, હું તીર્થક્ષેત્રમાં રહું છું. તેથી બ્રાહ્મણના સ્વરૂપમાં એ તીર્થરાજ પોતે જ આવે છે. સર્વ તીર્થો સ્વરૂપાત્મક પણ છે.’ સપ્તાહ પૂરી થયા પછી આપશ્રી આ તીર્થક્ષેત્રમાં સ્નાન કરતા હતા ત્યારે એક પુરોહિત ત્યાં આવ્યા અને આપને વિનંતી કરીઃ ‘મહારાજ, મારો ઉદ્ધાર કરો.’ આપે આજ્ઞા કરીઃ ‘તારો ઉદ્ધાર તીર્થરાજ પોતે જ કરશે. તું પીઠિકા ઉપર હાથ ધરીશ કે તરત જ તારા હાથથી પિંડ તરતા રહેશે.’ આપશ્રીએ પુરોહિતનું સન્માન કરી, દક્ષિણા આપી તેને વિદાય કર્યો. આપશ્રીએ અહીં કૃપાકટાક્ષથી ઘણાં પશુ-પંખીઓનો પણ ઉદ્ધાર કર્યો. આ બેઠકજીએ આપણે દંડવત કરી, આગળ વધીએ.

(૩૧) શ્રીદ્વારકાજીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૦)

ભારતની ચાર દિશાનાં ચાર મુખ્ય તીર્થસ્થાનોમાં પશ્ચિમ દિશામાં ઓખામંડળમાં આવેલું દ્વારકા મહાન તીર્થધામ છે. જામનગર, ઓખા રેલવે લાઇન ઉપર દ્વારકા નામનું રેલવે સ્ટેશન આવેલું છે. ત્યાં ટ્રેઇન અને બસ દ્વારા જઇ શકાય છે. દ્વારકા ગોમતી નદીના કિનારે આવેલું છે. આ નદી અહીં સમુદ્રને મળતી હોવાથી

૩૧. શ્રી દ્વારકાનાં બેઠકજી

(બેઠક : ૬૦)



દ્વારકામાં શ્રીદ્વારકાધીશ પ્રભુના સેવા-શૃંગાર કરી રહેલા શ્રીમહાપ્રભુજી અને પીંપળના વૃક્ષ નીચે શ્રીમદ્ ભાગવતજીની કથા કરી રહેલા શ્રીમહાપ્રભુજી. સામે શ્રી દ્વારકાધીશજી બિરાજી કથા શ્રવણ કરી રહ્યા છે.



શ્રી દ્વારકાનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

નદીનું જળ ખારું છે. નદીના કિનારે ગોમતી રોડ નામના રસ્તા ઉપર હરિકુંડ આવેલો છે. તે કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. ઊતરવા માટે શહેરમાં ધર્મશાળાઓની વ્યવસ્થા સારી છે. દ્વારકામાં શ્રીદ્વારકાધીશજીનું અતિ પ્રાચીન મંદિર પણ આવેલું છે. ત્યાં શ્રીગુસાંઇજીનાં બેઠકજી પણ બિરાજે છે. તેમનું ચરિત્ર શ્રીગુસાંઇજીનાં બેઠકચરિત્રમાં જોઇશું.

શ્રીમહાપ્રભુજી પોતાની ત્રણેય પરિક્રમા દરમ્યાન ત્રણેય વખત દ્વારકા પધાર્યા છે. અને પોતાનાં બેઠકજીનાં સ્થાને પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા છે. આપશ્રી અહીં પધાર્યા પછી શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે શ્રીદ્વારકાધીશ પ્રભુ સામે પધાર્યા. બંને સ્વરૂપો ઊભયને મળીને ખૂબ પ્રસન્ન થયાં. શ્રીદ્વારકાધીશ પ્રભુએ આજ્ઞા કરી કે: 'આપ ચાતુર્માસ અહીં જ બિરાજો અને સુંદર કથાનું શ્રવણ કરાવી અમને આનંદ આપો.' આપશ્રી શ્રીદ્વારકાધીશ પ્રભુના નિજમંદિરમાં પધાર્યા. સેવા-શૃંગાર કરી, સામગ્રી સિદ્ધ કરાવી ભોગ ધર્યો. શ્રીદ્વારકાધીશ પ્રભુએ પોતાના સેવક ગોવિંદદાસ બ્રહ્મચારીને દર્શન આપીને આજ્ઞા કરી કે, 'શ્રીમહાપ્રભુજી અહીં બિરાજે ત્યાં સુધી તેઓ જ મને શૃંગાર કરશે.' આમ શ્રીમહાપ્રભુજી શ્રીદ્વારકાધીશ પ્રભુનાં સેવા-શૃંગાર કરી, પ્રભુને પ્રસન્ન કરતા હતા.

એક દિવસ ગોવિંદદાસ બ્રહ્મચારીએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે: 'મહારાજ, આપના મુખારવિંદથી શ્રીભાગવત કથા સાંભળવાની મને બહુ ઇચ્છા છે.' ત્યારે આપશ્રીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ કર્યો. શ્રીદ્વારકાધીશ પ્રભુ પણ નિત્ય કથાશ્રવણ કરવા પધારતા હતા. એક દિવસ શ્રીનાથજી પણ ત્યાં પધાર્યા. જ્યારે કથાનો પ્રારંભ થયો ત્યારે શ્રીનાથજીએ શ્રીદ્વારકાધીશને નેત્રસંકેતથી સૂચના કરી: 'આ ગોવિંદદાસ દ્વારકાલીલાનો જીવ છે. તે જો દશમ સ્કંધની બાલલીલામાં આસક્ત થઇ જશે તો દ્વારકાલીલા ઉપરની આસક્તિ દૂર થશે. તેથી તેનું ચિત્ત આપની સેવામાં લાગશે નહિ. માટે તેની બાલલીલામાં આસક્તિ ના થાય તે માટે આપ તેની સાથે વાતો કરી, કથામાંથી તેનું ચિત્ત દૂર રાખો.' શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીદ્વારકાધીશજી ગોવિંદદાસ સાથે વાતો કરવા લાગ્યા. ગોવિંદદાસના ચિત્તનો કથામાં વિક્ષેપ થયો, તેથી શ્રીમહાપ્રભુજીએ તેમના ઉપર અપ્રસન્ન થઇ, કથા બંધ કરી દીધી. આ કારણે કથા-શ્રવણ કરતા બીજા સેવકોને પણ આપશ્રીનું વચનામૃત મળતું બંધ થયું. તેથી ખેદ પામીને વૈષ્ણવોએ જ્યાં સુધી કથાશ્રવણ ન થાય ત્યાં સુધી ભોજન નહીં કરવાનો નિર્ણય કર્યો.

શ્રીદ્વારકાધીશજીએ શ્રીમહાપ્રભુજીને પૂછ્યું: 'આપે બીજાઓનું કથાશ્રવણ કેમ બંધ કર્યું? તેમાં તેમનો કોઈ અપરાધ નથી. શ્રીનાથજીની આજ્ઞાથી જ મેં ગોવિંદદાસને અન્ય વાર્તાલાપમાં રોકી, કથામાંથી તેનું ધ્યાન દૂર કર્યું હતું. તેમાં ગોવિંદદાસનો પણ કોઈ વાંક નથી. માટે આપ આ વૈષ્ણવોને આપના વચનરૂપી અધરામૃતનું પાન કરાવો.' આ સાંભળી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા અને આપે પુનઃ કથાનો આરંભ કર્યો. આપશ્રીએ શ્રીસુબોધિનીજીના ફળ પ્રકરણની રાસલીલાની કથા શરૂ કરી, ત્યારે સૌ શ્રોતાઓ અલૌકિક આનંદરસમાં તન્મય બની ગયા અને દેહાનુસંધાન ભૂલી ગયા. તે જ સમયે વાદળો ઘેરાઈ આવ્યાં, વરસાદ વરસવા લાગ્યો. આપે વિચાર કર્યો કે અત્યારે કથામાં વિઘ્ન આવે તે ઠીક નથી. આપના મનના અભિપ્રાયને જાણીને શ્રીશેષ ભગવાન ત્યાં પધાર્યા અને પોતાનાં હજાર મસ્તકોથી આખા કથાસ્થાનને ઢાંકી દીધું. દોઢ કલાક સુધી વરસાદ વરસ્યો, પણ કથાસ્થાનમાં બેઠેલાઓ ઉપર એક ટીપું પણ પડ્યું નહિ. જ્યારે કથા પૂર્ણ થઈ ત્યારે આપશ્રીએ સૌને સાવધાન કર્યા. સાવધાન થતાં સૌએ જોયું કે આસપાસ પુષ્કળ વરસાદ વરસ્યો છે, પણ પોતે તદ્દન કોરા છે, ત્યારે દામોદરદાસજીએ વિનંતી કરી: 'મહારાજ, અમારા માટે આપે આટલો બધો પરિશ્રમ કેમ કર્યો?' ત્યારે આપે આજ્ઞા કરી કે: 'કથામાં ભંગ ન થાય માટે આ સેવા તો શ્રીશેષનારાયણે કરી છે.' આ સાંભળી સૌ પ્રસન્ન થયા.

શ્રીમહાપ્રભુજી અહીં ચાતુર્માસ બિરાજ્યા. શ્રીદ્વારકાધીશ પ્રભુની ચાર માસ સુધી સેવા કરી. અન્નકૂટ મહોત્સવ અને પ્રબોધિની એકાદશી પણ અહીં કરી, પછી અનેક જીવોને શરણે લઈ, આપ આગળ પધાર્યા.

આ ચરિત્રમાં આપણને એક બાબત ખૂબ સુંદર રીતે સમજવાની મળે છે. ઘણીવાર આપણે ફરિયાદ કરીએ છીએ કે પ્રભુના જપ, પાઠ કે કથા-શ્રવણમાં પ્રયત્ન કરવા છતાં ય ચિત્ત લાગતું નથી, અને તેનું કારણ પણ સમજાતું નથી. અહીં આ ચરિત્ર તેનું કારણ સમજાવે છે. જે કંઈ બને છે તે ભગવદ્ ઈચ્છાથી જ બને છે. શ્રીમહાપ્રભુજી પણ ષોડશગ્રંથમાં આજ્ઞા કરે છે કે: 'સેવામાં જ્યારે પ્રતિબંધ આવે અને સેવા ન બની શકે ત્યારે સ્મરણ અને કીર્તન કરવું જોઈએ. તે પણ ન બની શકે ત્યારે ભગવદ્ ઈચ્છા માનવી અને તેનો તાપક્લેશ કરવો.' આમ સેવા કે સ્મરણ એ જીવના અધિકારની વસ્તુ નથી, પણ ભગવદ્ કૃપાથી જ પ્રાપ્ત થાય છે. માટે દીનતા રાખી સેવા સ્મરણ બને કે ન બને તો પણ તેનો તાપ રાખવો જોઈએ.

આ બેઠકજીમાં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આપણે આગળ વધીએ.

૩૨. શ્રી બેટ શંખોદ્ધારનાં બેઠકજી

(બેઠક : ૬૨)



શંખોદ્ધાર બેટમાં શ્રી શંખનારાયણ ભગવાન શ્રીમહાપ્રભુજીના મુખેથી વેણુગીતનાં સુબોધિનીજીનું શ્રવણ કરી, અલૌકિક આનંદ પ્રાપ્ત કરી, પ્રશંસા કરતાં કહી રહ્યા છે કે : 'આપ વાક્પતિ છો. આપના સિવાય શ્રીમદ્ ભાગવતનો આવો ગૂઢ રસ કોઈ પ્રગટ કરી શકે નહિ.'



શ્રી બેટ શંખોદ્ધારનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૩૨) શ્રી બેટશંખોદ્ધારનાં બેઠકજીનું ચરિત્રઃ

જામનગર-ઓખા રેલવે લાઇન પર ઓખા નામનું છેલ્લું રેલવે સ્ટેશન આવે છે. ઓખા ગામ દરિયાકિનારે આવેલ બંદર પણ છે. ત્યાંથી નાવમાં બેસીને શંખોદ્ધાર જઇ શકાય છે. શંખોદ્ધાર દરિયામાં આવેલો બેટ છે. બેટમાં શંખોદ્ધાર નામનું નાનું ગામ વસેલું છે. આ ગામથી એકાદ માઇલ દૂર શ્રીશંખનારાયણનું જૂનું મંદિર છે. મંદિર પાસે શંખોદ્ધાર નામનો કુંડ છે. કુંડની સામે બેઠકજી આવેલાં છે. બેઠકજીમાં સેવાનો પ્રકાર વ્યવસ્થિત ચાલે છે. બેઠકજીમાં અને ગામમાં આવેલી ધર્મશાળાઓમાં રહેવાની સારી વ્યવસ્થા છે. આ સ્થળે ઓખા બંદરથી તેમજ દ્વારકાથી ગોપી તળાવ થઇને પણ જઇ શકાય છે.

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકો સાથે શ્રીશંખોદ્ધાર તીર્થમાં પધાર્યા ત્યારે શંખોદ્ધાર કુંડ ઉપર આવેલા એક પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. આપે શ્રીદામોદરદાસ હરસાનીને આ સ્થળનું માહાત્મ્ય સમજાવતાં આજ્ઞા કરી હતી કે: 'અહીં ભગવાન શ્રીકૃષ્ણે શંખાસુર નામના દૈત્યનો વધ કર્યો હતો. તેના શરીરમાંથી શંખ લઇ લીધો હતો. તે શંખ ઘણાં વર્ષો બાદ કુંડમાંથી પ્રગટ થયો હતો. શંખાસુર નામના દૈત્યનો વધ કરીને ભગવાને તેને મોક્ષ આપ્યો હોવાથી, આ સ્થાન શંખોદ્ધાર નામે જાણીતું થયું છે. માટે અહીં બિરાજતા શ્રીઠાકોરજીનું નામ શ્રીશંખનારાયણ છે. તેઓ આ તીર્થના સ્વામી છે. વળી, આ બેટ ઘણો રમણીય હોવાથી, શ્રીદ્વારકાધીશ પ્રભુ પણ હંમેશાં અહીં રમણ કરે છે. અને ભવિષ્યમાં તેઓ અહીં બિરાજમાન પણ થશે.'

આમ કહી, આપશ્રીએ તે કુંડમાં સ્નાન કર્યું. શ્રીશંખનારાયણ ભગવાનનાં દર્શન કરી સેવાશૃંગાર કર્યાં, ભોગ ધરીને આરતી કરી, પોતાના સ્થાન ઉપર પધાર્યા. શ્રીશંખનારાયણ ભગવાન આપશ્રીની પાસે પધાર્યા અને આજ્ઞા કરી કે: 'આપ ભગવાનના મુખારવિંદ સ્વરુપ હોવાથી આપે શ્રીમદ્ ભાગવત ઉપર અદ્વિતીય એવી શ્રી સુબોધિનીજી નામની ટીકા રચી છે. તેમાંથી વેણુગીતનું અમને શ્રવણ કરાવો.' ભગવદ્ આજ્ઞાથી આપશ્રીએ વેણુગીતના પંચમ શ્લોક 'બર્હાપીડમ્'નું વ્યાખ્યાન ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી કર્યું. તેમાં એટલો બધો અલૌકિક આનંદ આવ્યો કે સૌ પોતાના દેહનું ભાન ભૂલી ગયાં. શ્રીશંખનારાયણ ભગવાને આપશ્રીની પ્રશંસા કરતાં કહ્યું કે : 'આપ વાક્પતિ છો. આપના સિવાય આવું વ્યાખ્યાન બીજા કોઇ કરી શકે નહિ. આપે સાચે જ શ્રીમદ્ ભાગવતનું મંથન કરી, ગૂઢ અમૃતરસ પ્રગટ કર્યો છે.

આમ કહી ભગવાન પોતાના મંદિરમાં પધાર્યા, પછી આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. અનેક જીવો આપના શરણે આવ્યા.

શ્રી બેઠકજીના ભવનનું નવનિર્માણ :

જાન્યુઆરી-૨૦૦૧માં આવેલા ભૂકંપમાં આ બેઠકજીમાં રસોઈ, બાલભોગ ઈત્યાદિ સેવાવિભાગનું જીર્ણ મકાન પડી ગયું. શ્રીમહાપ્રભુજીને બિરાજવાનું મૂળ સ્થાન સલામત રહ્યું પરંતુ તે પણ જીર્ણ થયું હોવાથી આખા મકાનની નવનિર્માણની જરૂરિયાત ઊભી થઈ. શ્રીમહાપ્રભુજીને બિરાજવાના સ્થાન ઉપરાંત રસોઈ, બાલભોગ, દૂધઘર, સ્નાનઘર, આચાર્ય ભવન, વૈષ્ણવોના નિવાસ, ઈત્યાદિ માટે ૮૦૦૦ ચો. ફૂટ નવું બાંધકામ કરવા માટે નકશા તૈયાર થયા. શ્રીમહાપ્રભુજીની કૃપા અને પ્રેરણાથી પૂ.ગો. તિલકાયત ૧૦૮ શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (નાથદ્વારા) (જેમના માથે આ બેઠકજી બિરાજે છે.) દ્વારા આ નવનિર્માણ કાર્ય માટે શ્રીહરસાનીજી ટ્રસ્ટને આજ્ઞા અને આશીર્વાદ પ્રદાન કરવામાં આવ્યા. શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ તરફથી પણ સંમતિ પ્રદાન કરવામાં આવી. તૃતીય ગૃહ યુવરાજ પૂ.ગો.૧૦૮ શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી-વડોદરા)ના વરદ હસ્તે તા.૧૫-૪-૨૦૦૧ના રોજ ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ અને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યદિનથી નવનિર્માણ કાર્યની શરૂઆત કરવામાં આવી. રસોઈ, બાલભોગ, દૂધઘર, સ્નાનઘર અને હોલનું બાંધકામ પૂર્ણ થયું છે. બેઠકજીના બાકી રહેલા ભવનનું નવનિર્માણ કાર્ય પણ ઝડપથી ચાલી રહ્યું છે.

આ બેઠકજીએ સેવાની સુંદર સગવડ છે, માટે તેનો અવશ્ય લાભ લેવો. અહીં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૩૩) શ્રી ગોપીતળાવનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૧)

દ્વારકાથી ઉત્તર દિશાએ ચૌદ માઇલ દૂર ગોપી તળાવ નામનું ગામ આવેલું છે. ત્યાં દ્વારકાથી રેલવે અને બસ દ્વારા જઇ શકાય છે. શંખોદ્ધારથી નાવ દ્વારા પણ જઇ શકાય છે. આ ગામમાં આવેલ તળાવનું નામ પણ ગોપી તળાવ છે. આ તળાવના નામ ઉપરથી જ ગામનું નામ પડેલું છે. તળાવના કિનારે બેઠકજી આવેલાં છે. સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. બેઠકજીમાં મુકામની પણ સગવડ છે.

૩૩. શ્રી ગોપીતળાવનાં બેઠકજી

(બેઠક : ૬૧)



ગોપીતળાવને કિનારે શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘનને શ્રીકૃષ્ણની રાસલીલાનાં દર્શન કરાવી રહ્યા છે. આ સ્થળને ગોપીતળાવ અને અહીંની રજને ગોપીચંદન કહેવાય છે તેનું કારણ સમજાવી રહ્યા છે.



શ્રી ગોપીતળાવનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

શ્રીમહાપ્રભુજી જયારે અહીં પધાર્યા ત્યારે એક પીપળના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. કૃષ્ણદાસ મેઘને આપશ્રીને વિનંતી કરી : 'કૃપાનાથ, આ તળાવનું નામ ગોપી તળાવ કેમ હશે? શ્રીગોપીજનો તો વ્રજ છોડીને બીજે કયાંય ગયાં નથી. વળી, અહીં ગોપીચંદન થાય છે, આમ ગોપીજનોનું નામ અહીં કેમ જોડાયેલું હશે, તે સમજાવવાની આપ કૃપા કરો.' આપશ્રીએ આ સ્થળનું માહાત્મ્ય સમજાવતાં આજ્ઞા કરી કે: 'દ્વારકાલીલા વખતે એક સમયે શ્રીદ્વારકાધીશ પ્રભુએ પોતાનાં મુખ્ય પટરાણી શ્રીરુકિમણીજી પાસે પોતાનાં અતિ પ્રિય એવાં ગોપીજનનાં ખૂબ વખાણ કર્યાં, ત્યારે શ્રીરુકિમણીજીએ કહ્યું: 'મહારાજ, હું રાજાની દીકરી અને આપની મુખ્ય પટરાણી હોવા છતાં આપની દાસી બનીને આપની સેવામાં અહર્નિશ હાજર રહું છું, છતાં આપ શ્રીગોપીજનોનાં આટલાં બધાં વખાણ કરો છો, તે બરાબર કહેવાય?' પ્રભુએ મંદમંદ હાસ્ય કરતાં કહ્યું: 'તમારી વાત સાચી હોવા છતાં અમારાં ગોપીજનોની બરોબરી કોઇ કરી શકે તેમ નથી. તમે પણ નહિ, કારણ કે, વ્રજલીલામાં જ્યારે મેં શરણપૂર્ણિમાની રાત્રિએ વેણુનાદ કર્યો હતો ત્યારે તે ગોપીજનો કુટુંબ, ઘર, લોક અને વેદની લાજ છોડીને ત્યાં દોડી આવ્યા હતા. શું તમે તેમ કરી શકો ખરાં?' શ્રીરુકિમણીજીએ કહ્યું: 'મહારાજ, અમને આપના સિવાય બીજા કોઇનો ડર નથી. આપ વેણુનાદ કરશો તો અમે પણ જરૂર આવીશું.' થોડા સમય બાદ એક દિવસ રાત્રિએ શ્રીદ્વારકાધીશ પ્રભુએ અહીં ગોપી તળાવ ઉપર પધારી વેણુનાદ કર્યો, ત્યારે શ્રીરુકિમણીજી આદિ સોળ હજાર આઠ રાણીઓ આભૂષણ પહેરીને બેઠાં હતાં, તે સૌ વેણુનાદની દિશામાં જવા નીકળ્યાં. રાજમંદિરના દ્વાર ઉપર તેમણે ઉગ્રસેન સહિત વડીલ યાદવોને બેઠેલા જોયા, એટલે તેઓ શરમાઇ ગયાં અને લોકલાજથી ડરીને પોતપોતાના મહેલમાં ચાલ્યાં ગયાં. બીજી બાજુ ભગવદ્ ઇચ્છાથી આ વેણુનાદના સૂર હજારો માઇલ દૂર રહેલાં ગોપીજનોનાં કર્ણપટમાં રેલાયા અને ગોપીજનોનાં યૂથોનાં યૂથો પોતાનું સર્વસ્વ છોડી દોડવા લાગ્યાં. ભગવદ્ ઇચ્છાથી તેમને સ્થળકાળનું કશું બંધન નડ્યું નહિ અને તેઓ પ્રભુની સન્મુખ આવી પહોંચ્યાં. પ્રભુએ આ સ્થળે સૌ ગોપીજનો સાથે રાસ કર્યો. માટે આ સ્થળનું નામ ગોપી તળાવ પડ્યું છે અને અહીંની રજ ગોપીચંદન કહેવાય છે.'

શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી આ અદ્‌ભૂત લીલાપ્રસંગનું શ્રવણ કરી સેવકોને ખૂબ આનંદ થયો. કૃષ્ણદાસ મેઘને વિનંતી કરી: 'મહારાજ, કૃપા કરીને અમને પણ આ લીલાનાં દર્શન કરાવો.' ત્યારે શ્રીમહાપ્રભુજીની કૃપાથી સૌને દિવ્ય દષ્ટિ પ્રાપ્ત

થઈ અને ત્યાં અનેક ગોપીજનો સાથે રાસક્રીડા કરતા પ્રભુનાં અલૌકિક દર્શન સૌને થયાં. હૃદયમાં અલૌકિક આનંદ ઊભરાતાં દેહની સૂધબૂધ રહી નહિ. થોડા સમય પછી આપશ્રીએ સૌને સાવધાન કર્યા. પછી અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. ત્યાં અનેક જીવો આપના શરણે આવ્યા.

શ્રી બેઠકજીના ભવનનું નવનિર્માણ :

જાન્યુઆરી-૨૦૦૧માં આવેલા ભૂકંપમાં આ બેઠકજીનું સંપૂર્ણ ભવન ક્ષતિગ્રસ્ત થઈ ગયું. શ્રીમહાપ્રભુજીને બિરાજવાના સ્થાન ઉપરાંત રસોઈ, બાલભોગ, દૂધઘર, સ્નાનઘર, આચાર્ય ભવન, વૈષ્ણવોના નિવાસ, ઈત્યાદિ માટે ૭૦૦૦ ચો. ફૂટ નવું બાંધકામ કરવા માટે નકશા તૈયાર થયા. શ્રીમહાપ્રભુજીની કૃપા અને પ્રેરણાથી પૂ.ગો. તિલકાયત ૧૦૮ શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (નાથદ્વારા) (જેમના માથે આ બેઠકજી બિરાજે છે.) દ્વારા આ નવનિર્માણ કાર્ય માટે શ્રીહરસાનીજી ટ્રસ્ટને આજ્ઞા અને આશીર્વાદ પ્રદાન કરવામાં આવ્યા. શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ તરફથી પણ સંમતિ પ્રદાન કરવામાં આવી. તૃતીય ગૃહ યુવરાજ પૂ.ગો.૧૦૮ શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી-વડોદરા)ના વરદ હસ્તે તા.૧૫-૪-૨૦૦૧ના રોજ ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ અને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યદિનથી નવનિર્માણ કાર્યની શરૂઆત કરવામાં આવી. નિજમંદિર, શૈય્યામંદિર, રસોઈ, બાલભોગ, દૂધઘર, સ્નાનઘર ઈત્યાદિ બાંધકામ પૂર્ણ થયું છે. બેઠકજીના બાકી રહેલા ભવનનું નવનિર્માણ કાર્ય પણ ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે.

અહીં આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ ચાલીએ.

(૩૪) શ્રી મૂળ ગોમતાજીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૯)

દ્વારકા અને ગોપી તળાવની વચ્ચે ભાવડા નામનું નાનું ગામ આવેલું છે. ત્યાં મૂળ ગોમતી નામનું તળાવ છે. તેના કિનારે શ્રી મહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. ત્યાં દ્વારકાથી મોટર બસ દ્વારા જઈ શકાય છે.

૩૪. શ્રી મૂળ ગોમતાજીનાં બેઠકજી
(બેઠક : ૫૯)



મૂળ ગોમતી તળાવના કિનારે પીપળના વૃક્ષ નીચે બિરાજી શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘનને આ સ્થળનું નામ મૂળ ગોમતી હોવાનું કારણ સમજાવી રહ્યા છે - દર્શન કરવા આવેલ સંન્યાસીને આપે અહીં આશીર્વાદ આપેલા કે તારો બીજો જન્મ શ્રીગિરિરાજજીની તળેટીમાં થશે.



શ્રી મૂળ ગોમતાજીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

શ્રીમહાપ્રભુજી અહીં એક પીપળાના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. કૃષ્ણદાસ મેઘને પ્રશ્ન કર્યો કે : 'મહારાજ, આ સ્થળનું નામ મૂળગોમતી કેમ પડયું હશે?' આપશ્રીએ આજ્ઞા કરી કે: 'ભૂતળ ઉપરનાં બધાં તીર્થો આધિદૈવિક સ્વરૂપે વૈકુંઠમાં બિરાજમાન છે. ત્યાંથી સૌ આધિભૌતિક સ્વરૂપે ભૂતળ ઉપર આવ્યાં છે, તેવી રીતે વૈકુંઠમાંથી મૂળગોમતી નદી પણ ભૂતળ પર એક રાજાના ત્યાં કન્યા સ્વરૂપે પ્રગટ થઈ. આ મૂળ ગોમતીએ તેના પિતાને કહ્યું: 'મારો વિવાહ મારી ઇચ્છા પ્રમાણે થવો જોઈએ.' તેને શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે: 'તું મારી પાસે દ્વારકા આવ.' તેથી મૂળ ગોમતીએ પોતાના મૂળ સ્વરૂપનો વિચાર કરી પિતાને કહ્યું: 'હું મારું મૂળ નદી સ્વરૂપ બનીને સમુદ્રમાં ભળી જાઉં છું. જેથી પ્રભુના ચરણારવિંદનો સંબંધ થાય.' આમ કહી આ મૂળ ગોમતીજી જળરૂપ થઈ દ્વારકા ગયાં. આજે પણ ગોમતીજી જળરૂપે દ્વારકામાં બિરાજે છે. માટે આ સ્થળને મૂળગોમતી કહેવામાં આવે છે.' આ સાંભળી સૌ સેવકો પ્રસન્ન થયા.

બીજા દિવસે એક સંન્યાસી આપની પાસે આવ્યા. આપને દંડવત કરી વિનંતી કરી: 'મહારાજ, હું દક્ષિણ પ્રદેશનો વતની છું, અને શ્રીવિષ્ણુસ્વામીનો શિષ્ય છું. મારો સમગ્ર કુટુંબ-પરિવાર મૃત્યુ પામતાં મને સંસાર પ્રત્યે અભાવ થયો, તેથી ગૃહસ્થ મટી હું વૈરાગી બન્યો છું, આત્મ-કલ્યાણ માટે મારે શું કરવુ તેનો વિચાર કરતાં મેં ઘર છોડ્યું અને હું દક્ષિણથી અહીં પશ્ચિમમાં શ્રીદ્વારકા આવ્યો. શ્રીદ્વારકાધીશનાં દર્શન કર્યાં અને એકાંતવાસ કરી, શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવાનો સંકલ્પ કર્યો. અહીં એકાંત સ્થાનમાં ઘણા લાંબા સમયથી વસું છું અને શ્રીમદ્ ભાગવતનો પાઠ કરું છું. મને લેવા માટે ચાર વખત કાળ આવ્યો હતો. પણ ભગવદ્ કૃપાથી મેં ત્યાં જવાનું નકાર્યું છે. અંતે પ્રભુએ પ્રસન્ન થઈ મને દર્શન આપ્યાં અને વરદાન માગવા આજ્ઞા કરી, તેથી મેં વરદાન માગ્યું કે: 'હું શ્રીગિરિરાજજીની તળેટીમાં નિવાસ કરું અને મને હંમેશાં શ્રીકૃષ્ણચંદ્રની બાળલીલાનાં દર્શન થાય.' ત્યારે પ્રભુએ કહ્યું: 'તારા માગેલા વરદાનની પ્રાપ્તિ બહુ કઠિન છે. પરન્તુ મારી કૃપા થઈ છે. તો શ્રીમહાપ્રભુજી જ્યારે અહીં પધારશે ત્યારે તેઓ તારો મનોરથ પૂર્ણ કરશે.' ગઈકાલે સ્વપ્નમાં મને આપના પધાર્યાની ભગવદ્-આજ્ઞા થવાથી હું અત્યારે આપનાં ચરણારવિંદના આશ્રયે બેઠો છું.' આપશ્રીએ આજ્ઞા કરી કે: ' તમે ભગવદ્ આશ્રય છોડી, સાધનનો આશ્રય કર્યો હોવાથી ભગવદ્પ્રાપ્તિમાં તમને આટલો વિલંબ થયો છે. પરંતુ હવે તમે સ્નાન કરી આવો.' સંન્યાસીને શ્રીમહાપ્રભુજીએ સેવક કર્યા અને પછી શ્રીમદ્ ભાગવત પારાયણનું શ્રવણ કરાવ્યું. સપ્તાહની પૂર્ણાહુતિમાં આપે તે સંન્યાસીને આજ્ઞા કરી કે 'આજથી ત્રીજા દિવસે તારું મૃત્યુ થશે અને તારો પુનર્જન્મ શ્રીગિરિરાજજીની તળેટીમાં થશે. ત્યાં તારું નામ હરજી ગ્વાલ પડશે. અમારા પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) તારો ઉદ્ધાર કરશે.' આ વચનો સાંભળી સંન્યાસી દંડવત કરી, પોતાની પર્ણકૂટિ તરફ ગયા. આજે પણ શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલ જતીપુરા ગામ પાસે હરજી ગ્વાલની સ્મૃતિમાં હરજીકુંડ નામે એક કુંડ વિદ્યમાન છે. આપશ્રી અહીંથી આગળ પધાર્યા.

આ પ્રસંગમાં શ્રીમહાપ્રભુજીએ આપણને પુષ્ટિમાર્ગનો એક સુંદર સિદ્ધાંત સમજાવ્યો છે, પ્રભુની પ્રાપ્તિ કેવી રીતે થાય? શાસ્ત્રોમાં પણ સ્પષ્ટ ભગવદ્ આજ્ઞા છે કે હું પ્રવચન કરવાથી, ખૂબ વેદાભ્યાસ કરવાથી મળતો નથી, પરંતુ જેના ઉપર હું કૃપા કરું છું, તેને હું અવશ્ય પ્રાપ્ત થાઉં છું.

એક વખતે અકબરે બિરબલને પ્રશ્ન કરેલો: 'સાહેબ (પરમાત્મા) કેવી રીતે મળે? બિરબલની મૂંઝવણ દૂર કરવા શ્રીગુસાંઈજીએ અકબર બાદશાહને તેનો જવાબ મેળવવા પોતાની પાસે આવવા કહેલું. અકબર આગ્રાથી ગોકુળ આવ્યો અને તેણે ફરી પ્રશ્ન કર્યો: 'સાહેબ (પરમાત્મા) કેવી રીતે મળે?' ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું: 'આનો જવાબ બહુ સરળ છે. જેવી રીતે તમે અમને મળ્યા, તેવી રીતે ભગવાન મળે.' અકબરને આ વાત સમજાઈ નહિ, ત્યારે ખુલાસો કરતાં આપે કહ્યું: ' જેમ કોઈ પ્રજાજન રાજાને મળવા ઇચ્છે તો તે મુલાકાત તાત્કાલિક અને સરળતાથી થઈ શકતી નથી, તેને માટે તે પ્રજાજનને ઘણા પ્રયત્નો કરવા પડે છે, પરંતુ જો રાજા કોઈ પ્રજાજનને મળવા ઇચ્છે તો તેને તરત જ પોતાની સામે બોલાવે છે. તેવી રીતે જીવ ભગવાનને મળવા મથે તો કદાચ હજારો વર્ષો પછી પણ, અનેક વિકટ સાધનો કર્યા પછી પણ જીવને ભગવાનની પ્રાપ્તિ ન પણ હોય! સેંકડો ૠષિમુનિઓના આવા દાખલા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, પરંતુ જ્યારે ભગવાન કોઈ જીવને મળવા ઇચ્છે ત્યારે તે જીવનું કાર્ય, તેના ગુણદોષ, તેનો સ્વભાવ - કશું લક્ષમાં લેતા નથી. અનેક પાપી અને દુષ્ટ જીવોને પણ ભગવદ્પ્રાપ્તિ થયાનાં ઉદાહરણો ખૂબ જાણીતાં છે, માટે આ માર્ગનું નામ પુષ્ટિમાર્ગ છે.'

શ્રીહરિરાયજીએ 'પુષ્ટિમાર્ગ લક્ષણાનિ' નામના ગ્રંથમાં પુષ્ટિમાર્ગનાં લક્ષણો બતાવતાં, સૌથી પ્રથમ તો આ જ બતાવ્યું છે કે 'જે માર્ગમાં કેવળ ભગવદ્ કૃપાથી જ ભગવદ્પ્રાપ્તિ થાય તે પુષ્ટિમાર્ગ. પુષ્ટિનો અર્થ અનુગ્રહ, એટલે કે કૃપા છે. માટે

તેનું નામ પુષ્ટિમાર્ગ છે. આપણા ત્યાં ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં એવા અનેક પ્રસંગો છે કે જ્યાં દીન, હીન, પતિત જીવો ઉપર પણ શ્રીમહાપ્રભુજીની કૃપા થતાં શરણે આવ્યા પહેલાં જ તેમને અલૌકિક ભગવદ્ દર્શન થયાં છે. માટે આ માર્ગ સાધનો વડે સિદ્ધ થતો નથી, પણ કૃપા વડે સિદ્ધ છે. તેથી સાધનોનો આશ્રય ન કરતાં દીનતા અને વિરહ રાખી, ભગવદ્ ચરણારવિંદનો આશ્રય કરવામાં આવે તો જલદી ભગવદ્ પ્રાપ્તિ થાય છે. આ માર્ગનાં સેવા, સ્મરણ વગેરે સર્વ સાધનો જીવના લાભ માટે કે આત્મકલ્યાણ માટે નથી. પરંત પ્રભુના સુખ માટે છે. તેવો ભાવ રાખી, સેવા-સ્મરણ કરવાં જોઈએ. તે કરતાં કરતાં પણ પોતાનાથી કશું બનતું નથી, તેવો વિરહ અને દીનતા રાખવાં અતિ આવશ્યક છે. જ્યાં સાધનનું અભિમાન આવે છે ત્યાં પણ પ્રભુ અપ્રસન્ન થાય છે.' આ સિદ્ધાંત આ બેઠકજીના ચરિત્રમાંથી આપણે બરાબર સમજવા જેવો છે.

શ્રી બેઠકજીના ભવનનું નવનિર્માણ :

જાન્યુઆરી-૨૦૦૧માં આવેલા ભૂકંપમાં આ બેઠકજીનું સંપૂર્ણ ભવન ક્ષતિગ્રસ્ત થઈ ગયું. શ્રીમહાપ્રભુજીને બિરાજવાના સ્થાન ઉપરાંત રસોઈ, બાલભોગ, દૂધઘર, સ્નાનઘર, આચાર્ય ભવન, વૈષ્ણવોના નિવાસ, ઇત્યાદિ માટે ૭૦૦૦ ચો. ફૂટ નવું બાંધકામ કરવા માટે નકશા તૈયાર થયા. શ્રીમહાપ્રભુજીની કૃપા અને પ્રેરણાથી પૂ.ગો. તિલકાયત ૧૦૮ શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (નાથદ્વારા) (જેમના માથે આ બેઠકજી બિરાજે છે.) દ્વારા આ નવનિર્માણ કાર્ય માટે શ્રીહરસાનીજી ટ્રસ્ટને આજ્ઞા અને આશીર્વાદ પ્રદાન કરવામાં આવ્યા. શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ તરફથી પણ સંમતિ પ્રદાન કરવામાં આવી. તૃતીય ગૃહ યુવરાજ પૂ.ગો.૧૦૮ શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી-વડોદરા)ના વરદ હસ્તે તા.૧૫-૪-૨૦૦૧ના રોજ ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ અને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યદિનથી નવનિર્માણ કાર્યની શરૂઆત કરવામાં આવી. નિજમંદિર, શૈય્યામંદિર, દર્શન ચોક, રસોઈ, બાલભોગ, દૂધઘર, સ્નાનઘર ઇત્યાદિ બાંધકામ પૂર્ણ થયું છે. બેઠકજીના બાકી રહેલા ભવનનું નવનિર્માણ કાર્ય પણ ખૂબ ઝડપથી ચાલી રહ્યું છે.

અહીં આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ વધીએ.

---

૩૫. શ્રી જામખંભાળિયાનાં બેઠકજી

(બેઠક : ૫૭)



જામખંભાળિયા ગામની બહાર કુંડ ઉપર છોંકરનાં વૃક્ષ નીચે બિરાજેલા શ્રીમહાપ્રભુજી - કૃષ્ણદાસ મેઘન આમલીના વૃક્ષમાં રહેતા પ્રેત ઉપર આપશ્રીનું ચરણોદક છાંટી રહ્યા છે.



શ્રી જામખંભાળિયાનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૩૫) શ્રી જામખંભાળિયાના બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૭)

દ્વારકાથી જામનગર જતાં રસ્તામાં જામખંભાળિયા નામનું રેલવે સ્ટેશન આવે છે. જામખંભાળિયા ગામે બસ દ્વારા પણ જઇ શકાય છે. ગામથી અડધો માઇલ દૂર બેઠકજી આવેલાં છે. ત્યાં સુંદર કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી બિરાજે છે. બેઠકજીનું સ્થળ ખરેખર ખૂબ જ રમણીય છે. સેવાનો પ્રકાર પણ સુંદર રીતે ચાલે છે. બેઠકજીમાં મુકામની વ્યવસ્થા છે અને ગામમાં મુકામ માટે ઘણી ધર્મશાળાઓ પણ છે.

શ્રીમહાપ્રભુજી આ ખંભાળિયા ગામે પધાર્યા ત્યારે ગામ બહાર આવેલા કુંડ ઉપર છોંકરના વૃક્ષ નીચે બિરાજ્યા હતા. સાંજના સમયે એક બ્રાહ્મણ આપની પાસે આવ્યો અને તેણે દંડવત પ્રણામ કરી, વિનંતી કરીઃ 'મહારાજ, આ સ્થળે રાત્રિ મુકામ કરવો હિતાવહ નથી. બાજુમાં આ આંબલીનું ઘેઘૂર વૃક્ષ આવેલું છે. ત્યાં એક પ્રેત રહે છે. જે રાત્રિએ કોઇને અહીં જીવતો રહેવા દેતો નથી. માટે આપ ગામમાં પધારો.' પરન્તુ આપશ્રી કશું બોલ્યા નહિ, ત્યારે તે બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યો ગયો. રાત્રે નિત્યકર્મથી પરવારી આપ ભગવદ્ વાર્તા કરવા બિરાજ્યા, તે વખતે કૃષ્ણદાસ મેઘન આપશ્રીનાં વસ્ત્રો ધોઇ, સૂકવીને પાછા આવતા હતા. તેમણે પેલા પ્રેતને આવતો જોયો, કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજી પાસે આવીને વિનંતી કરીઃ 'મહારાજ, પેલો પ્રેત આવી રહ્યો છે. તેણે હાથ જોડેલા છે, તે સૂચવે છે કે તે ઉદ્ધાર કરવા વિનંતી કરે છે.' આપશ્રીએ આજ્ઞા કરી કે 'તમે તેની પાસે જઇ મારું ચરણોદક તેની ઉપર છાંટો.' આપશ્રીની આજ્ઞા પ્રમાણે કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીનું ચરણોદક તે પ્રેત ઉપર છાંટતાં તરત જ તેની પ્રેતયોનિ છૂટી ગઇ. તે પોતાનું દૈવી સ્વરૂપ ધારણ કરી વૈકુંઠમાં ગયો, તેનો મોક્ષ થયો. ત્યાં હાજર રહેલા સૌ સેવકોએ આપશ્રીનો જયઘોષ કર્યો. માટે શ્રીગોપાલદાસજી 'શ્રીવલ્લભાખ્યાન'માં ગાય છે કે :

ચરણ ચાખડી વંદે રાણો રાણ, સરસ થયા જે હુતા પ્રેતપાષાણ.
હતિત પતિતનું જુઓ તમે પ્રગટ એંધાણ, શેષ સહસ્ત્ર મુખ ઉચરે જેનાં વખાણ.

બીજા દિવસથી આપશ્રીએ અહીં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું, તેમાં અલૌકિક આનંદ આવ્યો. ત્યાં અનેક જીવો પ્રેત ઉદ્ધારનું આપનું અલૌકિક ચરિત્ર સાંભળી શરણે આવ્યા. પછી આપશ્રી ત્યાંથી આગળ જામનગર તરફ પધાર્યા.

આપણે પણ અહીં દંડવત કરી આગળ વધીએ.

૩૬. શ્રી જામનગરનાં બેઠકજી

(બેઠક : ૫૬)



જામનગરમાં નાગમતી નદીના કિનારે છોંકરના વૃક્ષ નીચે બિરાજેલા શ્રીમહાપ્રભુજીને જામનગરનો રાજા જામતમાચી દંડવત્ પ્રણામ કરી પોતાને શરણે લેવા વિનંતી કરી રહ્યો છે.

શ્રી જામનગરનાં (નવાનગરનાં) બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

(૩૬) શ્રી જામનગરનાં બેઠકજીનું ચરિત્ર : (બેઠક : ૫૬)

રાજકોટ-ઓખા રેલવે લાઇન ઉપર જામનગર નામનું મોટું રેલવે સ્ટેશન આવેલું છે. આ શહેર નાગમતી નામની નદીના કિનારે વસેલું છે. તેના રાજા જામ તમાચીએ તે વસાવેલું હોવાથી તે જામનગરના નામે પ્રસિદ્ધ છે. નાગમતી નદીના કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. ગામમાં ઝંડુ ભટ્ટની શેરીમાં શ્રીગુસાંઇજીનાં બેઠકજી પણ બિરાજે છે. અહીં ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રીની મોટી હવેલી આવેલી છે, જેમાં શ્રીગદાધરદાસના સેવ્ય શ્રીમદનમોહનજી બિરાજે છે. આ સ્વરૂપ વિશિષ્ટ છે. ગદાધરદાસજીને એક સમયે ભોગ ધરવા ઘરમાં કશું ન હોવાથી જળની લોટી આખો દિવસ ધરવી પડેલી. રાત્રે તેનું તેમને પુષ્કળ દુઃખ થયેલું, ત્યારે ભગવદ્ ઇચ્છાથી અનાયાસ તેમના એક યજમાને આવી સોનામહોરો દક્ષિણામાં આપેલી, તરત જ તે સોનામહોરો લઇ બજારમાં મીઠાઇવાળાની દુકાને જઇ, તાજી બનતી સુંદર જલેબી લઇ આવ્યા અને ઠાકોરજીને ભોગ ધર્યો. પ્રભુ પણ તેમના ભાવથી અતિ પ્રસન્ન થઇ બે ભુજાની ચાર ભુજાઓ કરી આરોગેલા. ત્યારથી આ સ્વરૂપ ચતુર્ભુજ સ્વરૂપ છે. શ્રીમદનમોહનજીનું સ્વરૂપ સામાન્ય રીતે દ્વિભુજ સ્વરૂપ હોય છે, પરંતુ આ વિશિષ્ટ લીલાને કારણે આ સ્વરૂપ ચતુર્ભુજ છે. જામનગર શહેરની બહાર કાલાવડ દરવાજેથી એકાદ માઇલ દૂર નદીના કિનારે આ બેઠકજી આવેલાં છે. ત્યાં સેવાનો પ્રકાર સુંદર રીતે ચાલે છે. ગામમાં મુકામ માટે ઘણી ધર્મશાળાઓ અને મંડાણ છે. બેઠકજીમાં પણ મુકામની વ્યવસ્થા છે.

શ્રીમહાપ્રભુજી જ્યારે આ સ્થાને પધાર્યા ત્યારે અહીં મોટું શહેર ન હતું. આપશ્રી નાગમતી નદીના કિનારે રમણીય સ્થળ જોઇ, છોંકરના વૃક્ષ નીચે બિરાજેલા. અહીં આપશ્રીએ શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. આપશ્રીના પધારવાના સમાચાર જાણીને આ પ્રદેશનો રાજા જામ તમાચી આપશ્રીનાં દર્શન કરવા આવ્યો. તેણે દંડવત કરી વિનંતી કરીઃ 'મહારાજ, મારું અહોભાગ્ય છે કે જે સ્વરૂપનું નિરૂપણ વેદ સહસ્ત્ર મુખે કરે છે, તેમનાં મને આજે દર્શન થયાં છે. આપનાં દર્શન માત્રથી મારી બુદ્ધિ નિર્મળ થઇ છે. આપના ચરણના સ્પર્શથી આ ધરતી પવિત્ર થઇ છે. માટે કૃપા કરીને મને શરણે લો.' રાજાને આપશ્રીએ શરણે લીધા. રાજાએ વિનંતી કરીઃ 'મહારાજ, આપના ચરણસ્પર્શથી પવિત્ર બનેલી ધરતી ઉપર એક શહેર વસાવવાની મારી ઇચ્છા છે. આપ આજ્ઞા આપો તો અહીં શહેર વસાવું.' આપે આજ્ઞા કરી : 'શહેર વસાવવા માટેનું ઉત્તમોત્તમ મુહૂર્ત અત્યારે જ છે, માટે તમે વિલંબ કર્યા વિના અત્યારે જ શહેરનું ખાતમુહૂર્ત કરો. તમારું રાજ્ય નિર્ભય બનશે.' આપશ્રીની આજ્ઞા પ્રમાણે તરત જ ત્યાં શહેરનો પાયો ખોદવામાં આવ્યો. તે જ આ જામનગર શહેર. પછી બીજા અનેક જીવોને શરણે લઇ, આપશ્રી ત્યાંથી આગળ પધાર્યા.

આપણે પણ આપશ્રીને પૂર્ણપ્રેમે દંડવત કરી આગળ જઇએ.

(૩૭) શ્રી મોરબીનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૫૫)

સૌરષ્ટ્રમાં ઉત્તર દિશાએ વાંકાનેર અને નવલખી વચ્ચે મોરબી નામનું રેલવે સ્ટેશન આવેલું છે. મોરબી શહેર મચ્છુ નદીના કિનારે આવેલું છે. ત્યાં રેલવે અને બસ દ્વારા જઇ શકાય છે. નદીના સામા કિનારે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી આવેલાં છે. શહેરથી બેઠકજીનું સ્થાન થોડુંક દૂર છે. બેઠકજીમાં ઊતરવા માટે ખૂબ સુંદર વ્યવસ્થા છે. મોરબીના વૈષ્ણવો બેઠકજીની સેવા ખૂબ સુંદર રીતે કરે છે. અગાઉથી જાણ કરવાથી મહાપ્રસાદની વ્યવસ્થા પણ થાય છે.

આ બેઠકજીના પ્રાગટ્યનો પણ ઇતિહાસ છે. વર્ષો પહેલાં જ્યારે મુંબઇથી વિ.સં.૧૮૪૫માં ગો.શ્રી બચ્છા મહારાજ શ્રી રુકિમણિ વહુજી સાથે ગોંડલ પધારેલા ત્યારે પ્રકટ થનાર લાલને સ્વપ્નમાં મોરબી પધારવા આજ્ઞા કરી. મોરબીમાં લાલનનું પ્રાકટ્ય થયું. તેમનું નામ શ્રી જીવણજી. સવા મહિનાના લાલને માતાને રથ જોડવા આજ્ઞા કરી. હાંકનાર રાખ્યા વિના રથ ચાલ્યો. જે સ્થાને રથ અટક્યો ત્યાં આ બેઠકજી પ્રગટ થયેલાં. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીઓ પૈકી કેટલાંક બેઠકજી આપશ્રીના સમયથી જ પ્રસિદ્ધ છે. પરંતુ પાછળથી પ્રગટ થયેલાં બેઠકજીઓ આવી રીતે ભગવદ્ કૃપા અને ભગવદ્ પ્રેરણાથી પ્રાપ્ત થયાં છે. ગોસ્વામી બાળકો અને વૈષ્ણવોને બેઠકજીનાં સ્થળની ચોક્કસ જાણકારી સ્વપ્ન દ્વારા મળી છે. અગર ભગવદ્ પ્રેરણાથી મળી છે. અહીં સેવા ખૂબ જ સુંદર રીતે ચાલે છે.

શ્રીમહાપ્રભુજી જયારે મોરબી પધાર્યા ત્યારે નદી કિનારે આ સુંદર સ્થળ જોઇને બિરાજ્યા હતા. આપશ્રીએ કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરી કેઃ 'આ શહેર અતિ પ્રાચીન સમયમાં મયૂરધ્વજ નામના રાજાએ વસાવ્યું હોવાથી તેના નામ ઉપરથી શહેરનું નામ પડ્યું છે. આ રાજા અતિ સત્યવાદી હતો તેમજ ભગવદ્ ભક્ત પણ હતો. આ સ્થળે ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અર્જુન સહિત પધાર્યા હતા. તેથી આ પવિત્ર સ્થળે આપણે અવશ્ય શ્રીભાગવત સપ્તાહ કરીશું.'

૩૭. શ્રી મોરબીનાં બેઠકજી

(બેઠક : ૫૫)



મોરબીમાં આવેલ મચ્છુ નદીને સામે કાંઠે બિરાજતા શ્રીવલ્લભને બાલા અને બાદા નામના બે બ્રાહ્મણ ભાઈઓ પોતાનો ઉદ્ધાર કરવા વિનંતી કરી રહ્યા છે. શ્રીવલ્લભે બંને ભાઈઓને અહીં સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપેલાં.

શ્રી મોરબીનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

તે ગામમાં બાલા અને બાદા નામના બે ભાઈઓ રહેતા હતા. જ્ઞાતિએ તેઓ પુષ્કરણા બ્રાહ્મણ હતા. શ્રીમહાપ્રભુજીના આગમનના સમાચાર જાણી બંને ભાઈઓ દર્શન કરવા આવ્યા. તેઓ લીલાના દૈવી જીવો હોવાથી તેમને શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપ્યાં. દર્શન પામતાં જ તેમની એકાદશ ઈન્દ્રિયો નિર્મળ થઈ ગઈ. તેમણે હાથ જોડીને વિનંતી કરી: 'મહારાજ, અમે પામર જીવો ઘણા સમયથી આ ભવસાગરમાં ભટકીએ છીએ. આપ કૃપા કરીને અમારો ઉદ્ધાર કરો.' આપે પ્રસન્નતાથી આજ્ઞા કરી: 'તમે સ્નાન કરી આવો.' બંને ભાઈઓ સ્નાન કરીને આવ્યા ત્યારે આપશ્રીએ તેમને નામનિવેદન મંત્ર આપી, સેવક કર્યા. આપશ્રીએ બાલાનું નામ શ્રીબાલકૃષ્ણદાસ પાડ્યું અને બાદાનું નામ બાદરાયણદાસ રાખ્યું. આ બંને ભાઈઓને શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકો થયા. તેમની વાર્તા ૮૪ વૈષ્ણવોની વાર્તામાં જાણીતી છે. બંને ભાઈઓને શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગના સર્વ ગ્રંથો શીખવ્યા. તેમણે આપશ્રીને વિનંતી કરી: 'કૃપા કરી, અમને સેવા પધરાવી આપો.' આપશ્રીએ તેમને શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા પધરાવી આપી. પછી આપશ્રી અહીંથી આગળ પધાર્યા.

આ પ્રસંગ આપણને દૈવી જીવોના સ્વરૂપ વિષે સમજ આપે છે. શ્રીમહાપ્રભુજીથી લઈને અત્યાર સુધીના ગોસ્વામી બાળકોએ અનેક દૈવી જીવોને શરણે લીધા છે. ત્યારે આપણને પ્રશ્ન થાય કે આ બધા જીવો એક જ પ્રકારના હશે કે તેમનામાં ઉત્તમ, મધ્યમ કનિષ્ટના ભેદો પણ હશે? તેનો ખુલાસો પ.ભ.શ્રી લાલુ ભટ્ટજીએ 'સિદ્ધાંત રહસ્ય' ગ્રંથ પરની પોતાની ટીકામાં ખૂબ સુંદર રીતે કર્યો છે. તેમના મંતવ્ય પ્રમાણે શરણે આવેલા દૈવી જીવો ત્રણ પ્રકારના છે. ઉત્તમ, મધ્યમ અને હીન. આ ત્રણેય જીવોનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન'માં સમજાવ્યું છે. જે જીવો પ્રથમ દર્શને જ અલૌકિક સ્વરૂપનાં દર્શન પામ્યા તે ઉત્તમ પ્રકારના દૈવી જીવો. (યૈઃ કૃષ્ણસાત્ કૃતપ્રાણૈઃ।।) જે જીવો શ્રીમહાપ્રભુજી સાથે શાસ્ત્રચર્ચા કરવા આવ્યા અને શાસ્ત્રચર્ચાના જ્ઞાન દ્વારા જેઓ શ્રીમહાપ્રભુજીનાં સ્વરૂપને સમજી શક્યા, અને પછી શરણે આવ્યા તેઓ મધ્યમ પ્રકારના જીવો (જ્ઞાનાત્) અને જે જીવો વંશપરંપરાગતના વૈષ્ણવ સંસ્કારથી કોઈપણ પ્રકારના સ્વરૂપની સમજ વિના ગતાનુગતિક રીતે શરણે આવ્યા તેઓ હીન જીવો (અજ્ઞાનાત્), પરંતુ શ્રી લાલુ ભટ્ટજી કહે છે તેમ આ ત્રણેય પ્રકારના જીવોનો અંગીકાર શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રભુએ કર્યો હોવાથી તેમનો લીલાપ્રવેશ અવશ્ય થશે. અલબત્ત, લીલાપ્રાપ્તિમાં સમયનો વિલંબ તો થાય જ.

ઈ.સ. ૧૯૭૯માં મચ્છુ બંધની મજબૂત દિવલો ભેદીને પ્રલયકારી પાણીનો પ્રવાહ મોરબી અને આસપાસના લગભગ ત્રીસથી ચાલીસ કિલોમિટરના પ્રદેશમાં ફરી વળ્યો. સમગ્ર બેઠકજી ક્ષતિગ્રસ્ત થઈ ગયા. મોરબીનાં આ બેઠકજીના ટ્રસ્ટીઓ અને મોરબી વૈષ્ણવ સમાજની સંમતિથી બેઠકજીના નવનિર્માણની સેવા 'શ્રીવલ્લભ મેમોરીયલ ટ્રસ્ટ' રચિત 'શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંકટ સહાય સમિતિ'ને પ્રાપ્ત થઈ અને પૂ.ગો. બાળકો તથા ગુજરાત-સૌરાષ્ટ્રના વૈષ્ણવો દ્વારા બેઠકજીનું નવનિર્માણ થયું. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની સર્વ સુવિધાઓ સાથેનું નવું ભવન નિર્માણ થયું.

અહીં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આપણે આગળ વધીએ.

(૩૮) શ્રી નારાયણ સરોવરના બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૬૩)

શ્રીમહાપ્રભુજી મોરબીથી કચ્છમાં આવેલ નારાયણ સરોવર પધાર્યા. કચ્છ જિલ્લાના મુખ્ય શહેર ભુજથી પશ્ચિમ દિશામાં સો માઈલ દૂર શ્રીનારાયણ સરોવર આવેલું છે. નવલખી બંદરથી નાવ દ્વારા ગાંધીધામ થઈને ભુજ જઇ શકાય છે. અને ભુજથી મોટર બસ દ્વારા નારાયણ સરોવર જવાય છે. આ ઉપરાંત પાલનપુરથી ટ્રેઇન દ્વારા ગાંધીધામ થઇ ભુજ જવાય છે. તેમજ સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં શહેરોથી પણ બસ દ્વારા ભુજ જઇ શકાય છે. અહીં બેઠકજીનું સુંદર સ્થાન છે. પ.ભ.શ્રી નરહરિ શાસ્ત્રીજીએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. મુકામની વ્યવસ્થા છે.

જ્યારે શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે આપે શ્રીદામોદરદાસ હરસાનીને આજ્ઞા કરી કેઃ 'અહીં શ્રીઆદિનારાયણ પ્રભુ બિરાજે છે. તેઓ આ નારાયણ સરોવરમાંથી પ્રગટ થયા હતા, માટે અહીં શ્રી ભાગવત પારાયણ કરીશું. ' આપશ્રીએ બીજા દિવસે શ્રીમદ્ ભાગવતની કથાનો પ્રારંભ કર્યો, ત્યારે ત્યાં બિરાજતા શ્રી કોટેશ્વર મહાદેવ પધાર્યા. તેમને એક આસન પર પધરાવ્યા. તેઓ નિત્ય કથા સાંભળવા પધારતા. તેમનો એક કૃપાપાત્ર સેવક દરરોજ મહાદેવજીનાં સાક્ષાત્ દર્શન કરીને ભોજન કરતો. તેને સાંજ સુધી દર્શન ન થયાં, એટલે સાંજે મહાદેવજીને પૂછ્યુંઃ 'આપ ક્યાં પધાર્યા હતા?' ત્યારે મહાદેવજીએ સર્વ સમાચાર કહી, તેને સવારમાં વહેલા આવવા આજ્ઞા કરી.

આપશ્રીએ શ્રી ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ કરી, ત્યારે દામોદરદાસ હરસાનીએ વિનંતી કરીઃ 'મહારાજ, આપ સિંધ પ્રાંતમાં પણ પધારશો?' ત્યારે આપે આજ્ઞા કરીઃ 'સિંધ પ્રાંતમાં દૈવી જીવો ઘણા છે, પરન્તુ ત્યાં જવા માટે શ્રી સરસ્વતી નદી ઓળંગવાં પડે. હું વાક્‌પતિ હોવાથી શ્રીસરસ્વતીનું ઉલ્લંઘન નહિ કરું, કારણ

૩૮. શ્રી નારાયણ સરોવરનાં બેઠકજી

(બેઠક : ૬૩)



કચ્છમાં નારાયણ સરોવરના કિનારે બિરાજી શ્રીમદ્ ભાગવત પારાયણ કરી રહેલ શ્રીમહાપ્રભુજી - આપશ્રીની સન્મુખ કથા શ્રવણ કરી રહેલા શ્રી કોટેશ્વર મહાદેવજી. અહીં બિરાજી શ્રીવલ્લભે સિંધ વગેરે પ્રાંતોના દૈવી જીવોનો ચરણારવિંદની રજની સુગંધ દ્વારા ઉદ્ધાર કરેલો.

શ્રી નારાયણ સરોવરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

કે સરસ્વતી નદી એ ભગવાનની વાણીનો જ જળપ્રવાહ છે, તેથી સિંધ પ્રાંતમાં ન જતાં મારા ચરણારવિંદની રજથી જ ત્યાંના અનેક દૈવી જીવોની તામસ યોનિ છૂટી જશે. તેઓનો ભવિષ્યમાં મારાં વંશજો દ્વારા હું અંગીકાર કરીશ.' આવી આજ્ઞા કરી, આપશ્રી ત્યાંથી ગુજરાતમાં આવવા માટે આગળ પધાર્યા.

આપણે પણ શ્રીમહાપ્રભુજીને અહીં પૂર્ણપ્રેમે દંડવત કરી, પાછા ગુજરાતમાં આવીએ.

(૩૯) શ્રી ખેરાળુનાં બેઠકજીનું ચરિત્રઃ (બેઠક : ૭૧)

ઉત્તર ગુજરાતમાં, મહેસાણા જિલ્લામાં, મહેસાણા-તારંગા રેલ્વે લાઈન ઉપર ખેરાળુ નામનું રેલવે સ્ટેશન આવેલું છે, ત્યાં બસ દ્વારા પણ જઇ શકાય છે. સ્ટેશનથી લગભગ અડધો માઈલ દૂર ગામમાં આ બેઠકજી આવેલાં છે. અહીં સેવાનો પ્રકાર ખૂબ સુંદર રીતે ચાલે છે. અહીંનાં બેઠકજી શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક શ્રી નરહરિ જોશી અને શ્રી જગન્નાથ જોશીના ઘરમાં જ આવેલાં છે, અને તેમના વંશજો જ આજે પણ તન, મન, ધનથી સેવા કરે છે. શ્રીમહાપ્રભુજીના સેવકો પૈકી જેમના વંશ આજ સુધી ચાલુ છે, તેમાં શ્રી જગન્નાથ જોશીના વંશનો પણ સમાવેશ થાય છે. બેઠકજી તેમના ઘરમાં બિરાજતાં હોવાથી અહીં માત્ર ગોસ્વામી બાળકોને જ સેવા કરવાનો અધિકાર છે. વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીની અપરસમાં સેવા કરી શકતા નથી. માત્ર દર્શન કરી શકે છે અને બહારની કોરી સેવા કરી શકે છે.

અહીં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીની સાથે શ્રી જગન્નાથ જોશીના સેવ્ય શ્રી બાલકૃષ્ણલાલજી, જેઓ શ્રીમહાપ્રભુજીના નિધિ સ્વરૂપ છે, તે પણ બિરાજે છે. આ સ્વરૂપ જ્યારે શ્રી જગન્નાથ જોશીના ઘરમાં બિરાજતું હતું ત્યારે એક વાર ગરમ ખીર ધરવાથી પ્રભુનો હસ્ત દાઝેલો અને ખીરના છાંટા શ્રીઅંગ ઉપર ઊડતાં શ્રીઅંગ પણ દાઝેલું. તેનાં ચિહ્નો આજે પણ શ્રીઅંગ ઉપર દષ્ટિગોચર થાય છે. મંગળા કે શયનમાં પૃષ્ઠભાગમાં દર્શન કરવાથી આ ચિહ્નોનાં દર્શન થઇ શકે છે.

શ્રીમહાપ્રભુજી અહીં ત્રણેય પરિક્રમા વખતે પધાર્યા હતા. પ્રથમ પરિક્રમા વખતે આપશ્રીએ નરહરિ જોશી અને તેમની માતાને શરણે લીધેલાં અને તેમના ત્યાં પરાપૂર્વથી બિરાજતા શ્રી વિઠ્ઠલનાથજી અને શ્રીમદનમોહનલાલજીને સેવ્ય કરી આપેલા, તેમજ માતાની વિનંતીથી પોતાનાં ઝારીજી પધરાવી આપેલાં. તે ઝારીજી અને આ સ્વરૂપો આજે પણ ત્યાં બિરાજે છે. બીજી પરિક્રમા વખતે પધાર્યા ત્યારે

૩૯. શ્રી ખેરાળુનાં બેઠકજી

(બેઠક : ૭૧)



ખેરાળુમાં જગન્નાથ જોશીના ઘરમાં બિરાજી શ્રીવલ્લભ શ્રીયુગલગીતના એક શ્લોક ઉપર વચનામૃત કરી રહેલ છે. આપશ્રીએ અહીં ત્રણે પરિક્રમા દરમ્યાન પધારી શ્રીમદ્ ભાગવત પારાયણ કરેલું છે. શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપેલું છે.



શ્રી ખેરાળુનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.*

માતાની વિનંતીથી આપશ્રીને વિદ્યાનગરના રાજા કૃષ્ણદેવરાયે ભેટ કરેલ ચમ્મર પધરાવી આપેલાં, જેનો લાકડાનો દંડ આજે પણ ત્યાં બિરાજે છે. ત્રીજી પરિક્રમા વખતે આપશ્રી અહીં પધાર્યા ત્યારે માતાની વિનંતીથી શ્રીબાલકૃષ્ણલાલજી પધરાવી આપેલા, તેઓ પણ અહીં બિરાજે છે. મહેસાણા જિલ્લામાં શ્રીમહાપ્રભુજીનું સેવ્ય આ એક જ નિધિ સ્વરૂપ બિરાજે છે. અહીં શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર અને શ્રીભાગવતજીનાં પોથીજી પણ બિરાજે છે.

અહીં શ્રીમહાપ્રભુજી જ્યારે પધાર્યા ત્યારે ગામથી થોડેક દૂર વૃંદાવન નામનું વનપ્રદેશવાળું સ્થળ આવેલું હતું (આજે પણ છે), ત્યાં બિરાજ્યા હતા. શ્રી જગન્નાથ જોશી અને નરહરિ જોશીનાં માતા ત્યાં જળ ભરવા ગયાં હતાં. તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. માતાએ આપશ્રીને સેવક કરવાની વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેમને અને તેમના બંને પુત્રોને સેવક કર્યાં. તેમની વિનંતીથી પ્રસન્ન થઇ, આપશ્રી તેમના ઘેર પધાર્યા. પોતે સ્વહસ્તે સામગ્રી સિદ્ધ કરી, ભોગ ધરી આરોગ્યા. આપશ્રીએ અહીં બિરાજી ત્રણેય પરિક્રમા દરમ્યાન શ્રીમદ્ ભાગવત પારાયણ કર્યું. તે ઉપરાંત શ્રી જગન્નાથ જોશીની વિનંતીથી આપશ્રીએ 'યુગલગીત'ના એક શ્લોક ઉપર એક પ્રહર સુધી વચનામૃત કરી રસવર્ષા વરસાવી. આપશ્રી દરરોજ શ્રીસુબોધિનીજીની કથા પણ સંભાળવતા હતા. આપશ્રીનાં વચનામૃત શ્રવણ કરી અહીં સર્વ ખૂબ પ્રસન્ન થયાં. પછી આપશ્રી અહીંથી આગળ પધાર્યા. આપણે પણ અહીં શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી આગળ વધીએ.

ત્યાંથી શ્રીમહાપ્રભુજી સિદ્ધપુર પધાર્યા. સિદ્ધપુર આવતા વૈષ્ણવોએ અવશ્ય ખેરાળુ બેઠકજીએ દર્શન અને દંડવત કરવા જવું જોઇએ. કારણ કે, મહેસાણા જિલ્લામાં આ બે જ બેઠકજીઓ આવેલાં છે. સિદ્ધપુર સવારે સેવામાં પહોંચી, મહાપ્રસાદ લઇ બપોર પછી ત્યાંથી બસ દ્વારા ખેરાળુ જઇ શકાય છે, જેથી સાંજે ખેરાળુ દર્શન કરી બસ દ્વારા કે ટ્રેઇન દ્વારા પોતાના સ્થાને સરળતાથી જઇ શકાય છે. માટે એક જ દિવસે આ બંને બેઠકજીઓનો અવશ્ય લાભ લેવો જોઇએ.

(૪૦) શ્રી સિદ્ધપુરનાં બેઠકજીનું ચરિત્ર : (બેઠક : ૭૨)

મહેસાણા જિલ્લામાં, મહેસાણા-દિલ્હી રેલવે માર્ગ ઉપર સિદ્ધપુર નામનું રેલવે સ્ટેશન આવેલું છે. ત્યાં બસ દ્વારા પણ જઇ શકાય છે. સિદ્ધપુર શહેર અતિ પ્રાચીન છે. તે સિદ્ધક્ષેત્રના નામે અતિ પ્રાચીન સમયમાં પ્રસિદ્ધ હતું. અહીં સરસ્વતી નદીના

૪૦. શ્રી સિદ્ધપુરનાં બેઠકજી

(બેઠક : ૭૨)



બિંદુ સરોવર ઉપર કર્દમ ઋષિના આશ્રમમાં બિરાજતા શ્રીવલ્લભ - માયાવાદી પંડિતો સાથે શાસ્ત્રાર્થ - શાસ્ત્રાર્થમાં વિજય અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન - અહીં આપશ્રીએ આ સ્થાનનું અલૌકિક ચરિત્ર સેવકોને સમજાવેલું.

શ્રી સિદ્ધપુરનાં બેઠકજીમાં બિરાજતા શ્રીવલ્લભને આપણા પૂર્ણપ્રેમે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પહોંચે.

કિનારે અનેક મહાન ઋષિમુનિઓના આશ્રમો આવેલા હતા. બ્રહ્માજીના પુત્ર કર્દમ ઋષિનો આશ્રમ પણ અહીં આવેલો હતો. શ્રી કર્દમઋષિનાં પત્ની દેવહુતિજીને તેમના પુત્ર ભગવાન કપિલદેવજીએ આ જ સ્થળે આત્મજ્ઞાન આપી, મોક્ષપ્રાપ્તિ કરાવી હતી. તેમનો આશ્રમ બિંદુ સરોવરના કિનારે હતો. એમ કહેવાય છે કે ભગવાનનાં નેત્રોમાંથી ટપકેલાં હર્ષાશ્રુમાંથી આ બિંદુ સરોવર પ્રગટ થયું હતું. પ્રાચીન બિંદુ સરોવરનું સ્થાન આજે જયાં બેઠકજી આવ્યાં છે, તેના પાછળના ભાગમાં હોવાનું મનાય છે. કારણ કે, બેઠકજીનું સ્થાન એ જ શ્રીકર્દમ ઋષિના આશ્રમનું પણ સ્થાન છે. વળી, શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીમાં આપશ્રીનું મુખારવિંદ પ્રાચીન બિંદુ સરોવરના સ્થાનની સામે છે. જો અત્યારનું બિંદુ સરોવર પ્રાચીન હોય, તો શ્રીમહાપ્રભુજી તેને પીઠ કરીને કદાપિ બિરાજે નહિ. આ જ બિંદુ સરોવરમાંથી કાંકરોલીમાં બિરાજતા શ્રીદ્વારકાધીશ પ્રભુનું પ્રાગટ્ય થયું હતું અને આ જ આશ્રમમાં શ્રી કર્દમ ઋષિ વગેરેએ તેમની સેવા કરી હતી. અહીં, સ્ટેશનથી રેલવેના પાટે બિંદુ સરોવર જતાં બિલકુલ નજીકમાં બેઠકજી આવેલાં છે.

બેઠકજીના સ્થળનો ભગવદ્ કૃપાથી સં.૨૦૩૫માં જીર્ણોદ્ધાર થયો હતો. શ્રીમહાપ્રભુજી પોતાના અંતરંગ જીવો ઉપર કેવી કૃપા કરે છે અને સેવા અંગીકાર કરે છે, તેનું ઉત્તમ ઉદાહરણ આ બેઠકજીના નવનિર્માણ કાર્યમાં જણાઇ આવ્યું. આપશ્રીના મુખારવિંદની સ્પષ્ટ આજ્ઞા આપશ્રીના એક કૃપાપાત્ર સેવકને સંભળાઇ કે 'મને અહીં ગમતું નથી.' તે વખતે નિજમંદિર અને શય્યા મંદિર બહુ જ સાંકડાં અને જીર્ણ થયેલાં હતાં. તે વૈષ્ણવને ખૂબ જ દુઃખ થયું કે 'આપશ્રીની પ્રસન્નતા માટે શું કરવું?' આપશ્રીએ સ્વપ્ન દ્વારા પુનઃ આજ્ઞા કરી કે 'સર્વ વૈષ્ણવોને સેવા કરવા માટે વિનંતી કરો અને પ્રેમથી જે સેવા આવે તે અંગીકાર કરાવો.' ગોસ્વામીશ્રી શ્યામમનોહરજી (મુંબઇ) અને ગોસ્વામીશ્રી ઇન્દિરા બેટીજી (વડોદરા)એ પણ પ્રસન્નતાથી આ નવનિર્માણની સેવામાં આશીર્વાદ આપ્યા, માર્ગદર્શન આપ્યું અને તેના પરિણામે વૈષ્ણવોના રૂપિયા પચાસ હજારના દૈવી દ્રવ્યનો શ્રીમહાપ્રભુજીની સેવામાં વિનિયોગ થયો. સૌરાષ્ટ્રના સુથાર અને કડિયા વૈષ્ણવ કારીગરોની તનુજા સેવા પણ શ્રીમહાપ્રભુજીએ બેઠકજીના જીર્ણોદ્ધારમાં અંગીકાર કરી. આ જીર્ણોદ્ધારના કાર્યમાં એન્જિનિયરીંગથી માંડી મજૂરી સુધીની સર્વ તનુજા સેવા વૈષ્ણવોની જ શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરી. પરિણામે, સુંદર વિશાળ નિજ-મંદિર અને નિકુંજરમણ માટે ઉત્તમ એવું કાચનું શય્યામંદિર સિદ્ધ થયું. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી આ કાર્ય બની શક્યું.

સં.૨૦૩૫માં થયેલ જીર્ણોદ્ધાર બાદ ફરીવાર સં.૨૦૫૨માં નવનિર્માણની આવશ્યકતા ઊભી થઈ. બેઠકજીનું ભવન ૨૫૦ વર્ષ જૂનું હોવાથી અતિ જીર્ણ થયેલ હતું. વળી બેઠકજી નજીકથી પસાર થતો હાઈવે ઊંચો થતા વરસાદનું બધું જળ નીચાણમાં રહેલ બેઠકજીમાં નિજમંદિર સુધી આવી જતાં શ્રીમહાપ્રભુજીને ત્યારે પરિશ્રમ થતો. નવનિર્માણ માટે 'શ્રીવલ્લભ સેવા નિધિ ટ્રસ્ટ'ની રચના થઈ અને સમગ્ર બેઠકજીનું ભૂમિતળ ત્રણ ફૂટ ઊંચું ઉઠાવીને પાયામાંથી નવનિર્માણ કરવાનું નક્કી થયું.

પૂ.ગો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી)ના વરદ હસ્તે ઓક્ટોબર-૧૯૯૫માં ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત થયું. સમસ્ત વૈષ્ણવ સમાજને સેવા માટે અનુરોધ કરવામાં આવ્યો. દેશ-વિદેશના વૈષ્ણવો તરફથી રૂા.૫૨ લાખ જેટલી માતબાર દ્રવ્યસહાય પ્રાપ્ત થઈ. આ દૈવી દ્રવ્યનો વિનિયોગ બેઠકજીના નવનિર્માણ કાર્યમાં કરવામાં આવ્યો. વિશાળ નિજમંદિર, આરસનું અને કાચનું એમ બે શય્યામંદિર, સખડીઘર, બાલભોગ, દૂધઘર, ફૂલ-પાનઘર, પ્રસાદીભંડાર, મથનીકોઠો, વૈષ્ણવોને સામગ્રી સિદ્ધ કરવાનું સ્થાન, તોસાખાનું, ગોવર્ધનચોક, કુંડ, ફુવારા, અપરસ કરવા માટેની સગવડ, ભવ્ય સત્સંગ હોલ, પૂ.ગો. બાળકોના ઉતારા માટે એપાર્ટમેન્ટ, વૈષ્ણવોના મુકામ માટેના એપાર્ટમેન્ટ વગેરે સુંદર સુવિધાઓ સાથેનું નૂતન ભવન નિર્માણ પામ્યું. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવોના સુખ માટે તમામ વ્યવસ્થા ઊભી કરવામાં આવી. વૈષ્ણવોને રહેવાની અને પ્રસાદ લેવાની સુંદર સગવડ અહીં થઈ છે. આ બેઠકજી શ્રીતિલકાયત મહારાજશ્રીને માથે બિરાજે છે. શ્રીનાથદ્વારા ટેમ્પલ બોર્ડ તેનો વહીવટ કરે છે.

શ્રીમહાપ્રભુજી જ્યારે આ સ્થાન પર પધાર્યા ત્યારે આપે દામોદરદાસ હરસાનીજીને આ સ્થાનનું અલૌકિક ચરિત્ર સંભળાવ્યું અને આજ્ઞા કરી કેઃ 'આ સ્થાને કર્દમ ઋષિનો આશ્રમ હતો. અહીં જ કપિલદેવજી ભગવાને માતા દેવહુતિજીને સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કર્યો હતો. પછી દેવહુતિજી જળસ્વરૂપ થઈ આ બિંદુ સરોવરમાં પધારી ગયાં હતાં.' આમ આજ્ઞા કરી આપશ્રીએ બિંદુ સરોવરમાં સ્નાન કર્યું અને પછી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કર્યું હતું. તે વખતે અહીંના

માયાવાદી પંડિતો આપશ્રીના આગમનના સમાચાર સાંભળી ત્યાં આવ્યા. તેમણે સૌએ આપશ્રીની સાથે શાસ્ત્રાર્થ કર્યો. તેઓ શાસ્ત્રાર્થમાં નિરુત્તર થઇ જતાં આપશ્રીએ અહીં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરી, અનેક જીવોને શરણે લીધા. પછી આપશ્રી અહીંથી પાટણ પધાર્યા.

આપશ્રીની નગરયાત્રા પાટણમાં ખૂબ ભવ્યતાથી નીકળી. તે વખતે જૈન ધર્માનુયાયીઓ વધારે શક્તિશાળી હતા. આપશ્રીએ પાટણમાં સહસ્ત્રલિંગ તળાવના કિનારે મુકામે કર્યો. આપશ્રી સાથે શાસ્ત્રાર્થ કરવા આવેલા જૈન આચાર્યોને આપશ્રીના સેવકોએ જ શાસ્ત્રચર્ચામાં નિરુત્તર કરી દીધા, તેથી પાટણ શહેરના હિંદુ અને જૈન અનેક જીવો આપશ્રીને શરણે આવ્યા. આપશ્રીનો પાટણમાં ખૂબ જયજયકાર થયો.

અહીંથી શ્રીમહાપ્રભુજી બહુચરાજી પધારેલા, ત્યારે શાક્ત ઉપાસકોએ આપશ્રીનો વિરોધ કરી રંજાડવાનો પ્રયત્ન કરતાં, આપશ્રીએ પોતાનું અગ્નિ સ્વરૂપ પ્રગટ કરી, તેમને ડરાવી ભગાડેલા. ત્યાંથી આપશ્રી વિસનગર થઇ, સિદ્ધપુરના માર્ગેથી પુષ્કર જવા માટે આગળ પધાર્યા. આવાં શ્રી સિદ્ધપુરનાં બેઠકજીએ આપણે શ્રીમહાપ્રભુજીને પૂર્ણપ્રેમે દંડવત કરી, આગળ વધીએ.

■

બાકી રહેલાં બેઠકજીઓનાં ચરિત્રો માટે જુઓ 'શ્રી બેઠક ચરિત્ર પ્રકાશ' ભાગ-૨ ('વૈષ્ણવ પરિવાર'ના વર્ષ ૨૦૦૨-૨૦૦૩નું ભેટપુસ્તક)